'ફુરસદ'ના

પટેટી અંકની ભેટ.

મોહબત મોહતાજ

લેખક:—

[illegible]તરક હોઝીયરી વર્કસ.'

મોહબતે મોહતાજ.

—:૦:—

પારસી સંસારી એક રસીક વાર્તા.

લખનાર તથા પ્રગટ કરનારઃ
કેકી રતનજી ભાયા.

૧૯૨૭.

આ પુસ્તક યુનિયન પ્રેસ, નં૦ ૪૧૩, કાલબાદેવી રોડ, મુંબઈમાં પીરોજશાહ ખરશેદજીએ છાપ્યું છે, અને મી૦ કેકી ર. ભાયાએ વીમબ્રીજ હાઉસ, સ્લેટર રોડ, ગ્રાંટરોડ મુંબઈમાં પ્રગટ કીધું છે.

અર્પણપત્રિકા.

—— :o: ——

માહરા

વહાલા પેદર,

તમે કદી બી મને

મોહબતે મોહતાજ રાખ્યો નથી;

તમારાં ઉત્તેજન, માયા, અને દિલસોજીનેજ

માહરી આજની આ કારકીર્દિ આભારી છે.

અને તેથી

આજનું આ માહરૂં સઉથી પહેલું પુસ્તક

સદાની શાંતિમાં સુતેલા માહરા પિતાજી,

તમારી નેક અને અશો યાદને

હજારો હેશાન સાથ

હું અર્પણ કરૂં

છું.

———

વાંચકોને એક ખુલ્લો કાગળ.

મહેરબાન વાંચકો,

જત—કયા કમબખત કલાકે કોણ જાણે કાગળ કલમ મેં હાથમાં ધર્યાં હશે, કે શરૂ કર્યાં બાદે કાંઇ કાંઇ અડચણો, માંદગી અને વિઘ્નો નડ્યાંજ કીધાં; અને આખરે પણ મને અતિ ઉતાવળેજ આ મારૂં પહેલું પુસ્તક "**મોહબતે મોહતાજ**" આખર કરવું પડયું.

એમ હોવાથી, કેથે કેથે કલમડી બાઇ લગાર લપસી હોય, કોઇ કોઇ ઠેકાણે કાંઇ કાચુંપોચું પિરસાયું હોય, તો તે બધાં ઉપર જરા નાખતીની નજરથી જોઇ, આ મારાં પહેલાં પુસ્તકને તેના નામ પ્રમાણે તારી મોહબતે મોહતાજ નહિ રાખવા તને વિનંતી કરૂં છું.

હું તો ખરેખર માનું છું કે આ વાર્તા પુરી થતાં "તદન નકામી," યા "દમ વગરની," એ ઉદ્‌ગારો તારાં મોઢાંમાંથી બાહેર પડશે નહિ. જો આ મારી માન્યતા મુજબનીજ તારીબી આંકણી ઉતરશે, તો ઇનશા અલ્લા! ટુંક વખતમાં વળી કાંઇ નવુંજ વળું તારી ખીદમતમાં હાજર કરીશ. પણ સબર! પ્રિય મહેરબાનો, જો તમો આશા રાખતાં હોવો કે દર સાલ આ પ્રમાણે એક આખી ચોપડીની ભેટ તમને મળતી રહેશે, તો થાપ ખાશો. નાજી; એવી લાલચે ઘરાક ખેંચવાની 'ફુરસદ'ને જરૂર નથી; 'ફુરસદ' એમ કરનાર નથી. આ સાલજ એમ કીધું છે. દર વખત વાણયો ગોળ ન આપે, હો!

હવે મારા ગુરૂજી, મી૦ કેકોબાદ મરઝબાને લખેલા આ પુસ્તકના રીવ્યૂ બાબે એક બે બોલ લખીશ.

હું નાનો મસતાન ચૅકુસ હતો ત્યારથી તે આજ તુલીક મારી મુશ્કેલીમાં કે મજાહમાં, મારી આશા—ઉમેદમાં કે નાસિપાસી—નિરાશામાં મને સદા સાચ્ચી સલ્લાહ, મદદ ને ઉત્તેજન આપતા રહેલા મારા માનવંત પ્રીનસીપલ, અને ખરૂં કહું તો મને એક ધર્મપિતાનાજ લાડ ને વહાલથી ચાહતા આવેલા મારા પૂજ્ય વડીલ, **મી૦ કેકોબાદ બેહરામજી મરઝબાન,** બી. એ. નો હું હજારો હેશાન માનું છું કે પોતાની અનેક રોકાણો છતાં, મારા જેવા એક અદના લેખકની નૉવેલનો રીવ્યૂ લેવાની તકલીફ એવણે ઉઠાવી.

જરા કાંઇ વધુ ઓછું કામકાજ આવી પડતાં, "ઓ, હું હવરે તો ઘણોજ રોકાયલો રહુંછ;" "અરે, મને એક ઘડીની બી જંપ કે ફુરસદ નથી;" વિગેરે ડોળ ઘાલતા આજના ચીબાવલા શહેરીઓને આ મારા શિક્ષકાન શિક્ષક કેકોબાદે એક અચ્છી લપડાક લગાવી છે. **મી૦ કેકોબાદ મરઝબાન** હિંદુસ્તાનની સૌથી પ્રસિદ્ધ તેટલી આગેવાન સ્કૂલના એકલા માલેક ને પ્રિન્સિપલ છે; એવણ સ્કૂલ લીવીંગ એક્ષામીનેશન બૉર્ડના પ્રૅસીડંટના માનવંત ઓદ્ધાની જોખમદારીઓ ઉપાડે છે; ઇન્ટર સ્કૂલ ઍથ્લેટીક સ્પૉર્ટસના ચૅરમેન તરીકે હજારો ખટપટ કરી રહયા છે; છોકરા તેમજ છોકરીઓ બેઉની ઑારફનેજની મેનેજીંગ કમિટિના એક ઍકટીવ મૅમબર અને ટ્રસ્ટી તરીકે કામ બજાવે છે; અને એ ઉપરાંત ડજનથી પણ વધુ સંસ્થાનોના સુકાન એવણના કાબેલ કસાયલા હાથમાં સોંપાયલાં સચવાયલાં છે. તે છતાં મારી એકજ ખાહેશ—કહો કે મારી અભિલાષ—પાર પાડવા આ મારા પૂજ્ય વડીલે કબુલ્યું તે માટે હું ઉપકારી છું,—મને ભાગ્યશાળી ગણું છું,—ખરાં મનથી મગરૂર છું.

મને એજ હોંશ હતી, અભખરો હતો, કે મારાં પહેલાં પુસ્તકનો

રીવ્યૂ, મારામાં સાહિત્યનો શોખ ઉત્પન્ન કરવામાં મારા મહુમ વહાલા પેદ-રની સાથ આગેવાનીભર્યો ભાગ ભજવનાર આ મારા લાડકા શિક્ષકાન શિક્ષક ને ધર્મપિતા, પ્રિન્સિપલ મરઝબાન લખે. અને તેના મને બીજાં બી કારણો હતાં.

એવણમાં પોતામાં મરઝબાન ખાનદાનની મીઠી કલમનો જોશ જોવાયો છે; એવણ પોતે સાહિત્યના સાચ્ચા સેવક ને સમજદાર છે; અને તે ઉપરાંત કોઇનો બી સરોપરો રાખ્યા વગર સારૂં—ખાૈરૂં જે હોય તે તડ ને ફડ કહી દેવાનો ઉત્તમ સદગુણ સદા એવણમાં જોવાયો છે. અને તેથીજ એવણની અનેક રોકાણો છતાં '**મોહબતે મોહતાજ**'નો રીવ્યૂ લેવા મેં એવણને મનાવ્યા.

પણ આ વાર હું નાસિપાસ થયો છું. આ મારા પૂજ્ય વડીલે મારી ખોડખાપણો જો હજી જયાદા બતાવી હતે તો તે મને વધુ પસંદ આવતે; બલકે તેથી મને કાંઇક શિખવાનું સુધરવાનું મળતે. પણ એવણે તો સહેજ જેવી ભુલો દાખવી, મને ઘણો સરખો મસકોજ લગાડયો છે.

એવણ પોતાના રીવ્યૂમાં બૅરોનેટસી બાબે જે સમજણ આપે છે તે તદન બરહક છે. પણ એક ખ્યાલ એવણની નજરમાંથી નિકળી ગયલો દીસે છે. ઝઇફ પેશોતન મોદીને છેક સાઠમેં વર્ષે બૅરોનેટસી મળે છે, કે જ્યારે બી તેવણ તો કાચ્ચા કુમારાજ હતા. એટલે બૅરોનેટસી મળી તે વખતેજ લોહીનો વારેસ કોઇ ન હોવાથી, તેમજ તેવો કાંઇ સંભવ બી નહિ હોવાથી, અદી માટેની કલમ નખાવી હોવીજ જોઇએ એ કુદરતી હતું. આમ હોવાથી અદીને સર મોદી કરવામાં મેં કાંઇ કચુબર કરી નથી એમ સહેજે સમજી શકાશે.

મારા શિષ્ટ ગુરૂને આ વાર્તા પસંદ પડી છે; એવણુ ધારેછ કે મારામાં કાંઇ મીઠું છે. તો પછી મને ઉમેદ રાખવાને ધરખમ કારણુ મળે છે કે '**મોહબ્બતે મોહતાજ**' નું વહાલા વાંચકની પણુ પસંદગી પામશેજ. આજે તો એજ આશામાં હું હરખાઇ રહયો છું. તેટલાં પાછાં કોઇ વાર મલ્યે તે પહેલાંની ખુદા હાફેઝ કબુલ રાખજે.

વીમબ્લીજ હાઉસ,
સ્લેટર રોડ, ગ્રાંટરોડ,
મુંબઇ, તા૦ ૨૦—૨—૨૭.

કેકી ર. ભાયા.

બે બોલ.

કોઇ કોઇ વેળાએ આપણને કમબખ્તીએ ઘેરેલા હોય છે ત્યારે સારૂં સુઝતું નથી, અને વગર વિચારે, તાત્કાલિક આવેશને આધીન થઇ કાંઇ કામ માથે ઉઠાવી લઇએ છીએ. મારા બાબમાં પણ તેમજ બન્યું. તેમ ન હોત તો મારી કમફુરસદ, કમલાયકાત વિગેરેનો વિચાર કર્યા વિના **મોહબતે મોહતાજનો** દિબાચો લખવાનું હું કબુલ કરતે વારૂં ?

બાબદ આમ છે. એક દિવસ હું મારા ઓરડામાં કામે વળગેલો હતો તેટલાં હસતા હસતા આવી ચઢયા આપણા મીસ્ટર કેકી ભાયા. એઓની હંમેશની કુનેહથી મારી પાસે એક મહેરબાની માંગી. પેલી કમબખ્તીએ મને ઘેર્યો હશે તેથી મેં તુરત આ માંગણી કબુલ કરી દીધી. ભાઇએ તો લાગલી પોતાની નાની ચોપડી મારા હાથમાં મૂકી દઇ તે માટે દિબાચારૂપી બે બોલ લખી આપવાની અરજ કીધી. હું ફસ્યો. મને તુરત લાગ્યું કે હું સાફ ફસ્યો છું, પણ લાચાર. આપેલી કબુલાત ઉપર કાંઇ પાણી ફેરવાએ ?

કેકી ભાયા મારા શિષ્ય થાય છે. ઘણાં વર્ષ ઉપર મારી સ્કુલમાં આવતા હતા. તે વેળાએ બડા તુફાની બારકસ હતા. જાતજાતની ભલાઇઓ કરતા. ભાતભાતની ફર્યાદો એમની સામે થતી અને વારેવાર એ નગિનાને મારી આગળ લાવવામાં આવતા. પણ પેલા ઇંગ્રેજો કહે તેમ એમનું હૈયું તેની બરાબર જગાએ સાબુત ગોઠવાયલું હતું; જરા મગજનો કીડો જ મસ્તી કરી રહયો હતો. શિક્ષકો ચીરડાતા, પણ બીરાદર ભાયા ઉપર ચાહ રાખતા અને એમની નેકનામીઓ ઉપર માહોમાહે હસતા હતા. ત્યાર પછી એઓએ જીંદગીમાં ઝીપલાવ્યું. તરેહવાર ધંધાના ધણી થયા. જેપાન, ચીન, રશીઆ વટીકને પોતાનાં પનોતાં પગલાંથી પાવન કર્યાં. થોડો વખત પેલો નામચીન ધંધો જેમાં ફત્તેહ માટે હોશિયારી કરતાં નસીબ

ઉપર વધારે આધાર રાખવો પડે છે તેમાં પણ ઝોકાવ્યું. અને સાહિત્યનાં મેદાનમાં કુદી પડયા છે. આ નવું મેદાન એમને અનુકુળ થઇ પડશે એવું મારૂં માનવું છે; અને તેમાં એમની આમદ આવકારદાયક અને આશાજનક છે. પરવરદેગાર તારી પનાહ ! ઇશ્વર તારો આશરો !

મોહબ્બતે મોહતાજ વાર્ત્તાનું વણું રસિક છે અને અતિ આકર્ષક છે. આ નાનકડી વાર્ત્તા પૂરી કર્યાં પહેલાં છોડવા ગમતી નથી. ખરૂં છે કે તેમાં ઘણું અસંભવિત છે, પણ તદન અશકય તો કાંઇજ નહિ. તેમ વળી આ પણ ખરૂં છે કે એક વાર્ત્તાના પ્લોટ સંબંધમાં બે જાતના મત હોય છે. કેટલાંકો વાર્ત્તામાં કાંઇ પણ અસંભવિત ચીઝ આવે તેથી સુગાઇ ઉઠે છે; ત્યારે બીજાંઓનું કહેવું આમ છે કે જો દરરોજ બનતા સાધારણ બનાવોજ વાર્ત્તામાં આવે તો વાર્ત્તા વાંચવાની જરૂરજ શી છે ? દુનિયાંમાં અને સંસારમાં કયાં એવા બનાવો કમતી છે કે વળી વાર્ત્તા વાંચવાની વેઠ કરીએ ? આ બીજા વર્ગનાં વાંચનારાંઓને આપણી આ વાર્ત્તા ઘણી ગમશે એમ વગર આંચકીએ કહી શકાય.

મી૦ કૈકી ભાયા આગળ જતાં ગુજરાતી સાહિત્યમાં બહુ અચ્છું નામ કાઢવાની આશા આપનાર લેખક છે. એમની ભાષામાં ઝમક અને જોશ ભારે છે. કોઇ કોઇ વાર તો તે અલંકારની હદ ઉપર વધી જાય છે. પાત્રોનાં મોઢાંમાં તેમને લાયકની ભાષા મૂકાઇ છે, જોકે કોઇ કોઇવાર આપણને આમ લાગે છે કે કોઇક પાત્રનાં મ્હોંમાં મૂકેલી ભાષા એક પારસી કવચીતજ વાપરે.

વાર્ત્તાનાં પાત્રો ચિતરવામાં લેખકે ઘણી સારી કુશળતા અને કળા વાપરી છે, અને એમની ઉમરના માણુસ માટે વક્કી રાખીએ તે કરતાં કાંઇ વિશેષ અનુભવનો ભાસ આપ્યો છે. મુખ્ય પાત્ર કેટી કામદીન છે. આ દુકતીએ દેખાડી છે એટલી ક્રૂરતા અને કસરેવણી અલબત પારસી

સંસારમાં કોઇ પણ વેળાએ આપણે અનુભવ્યાં નથી. વેરના આવેશમાં ખુન કરવા જેટલી હદ સુધી ઉતરી પડેલી પારસી સ્ત્રી વિષે આપણે સાંભળ્યું પણ નથી. પણ આટલું તો ખરૂં છે કે પોતાની પાપી મતલબ પાર પાડવા માટે તરેહવાર કરતૂકો ચલાવતાં પુરૂષો વિષે તો આપણે ઘણું સાંભળ્યું છે, ઘણું અનુભવ્યું છે. મીઠુ પદમજી—પાછળથી મીઠુ મોદી—નું પાત્ર ખરેજ મીઠું છે. અતિ સંતોષ લેવા જેવી વાત આ છે કે પારસી સંસાર આવી મીઠી મીઠુઓથી બાકાત નથી. અદી મોદી અને રૂસી તાલ્યારખાન જેવા ગબરૂ, મોટાં દિલના મર્દબચ્ચાઓ પણ મેં ઘણા જોયા છે, ઘણા જાણ્યા છે, ઘણા કેળવ્યા છે. પેલા તમારા સર પેશોતન મોદીઓ તો આપણા સંસારની દ્રષ્ટિમર્યાદા ઉપર વારેવાર દેખાય છે.

આ બધું મજાહનું છે, તારીફલાયક છે, સારૂં છે; પણ તેમ આ વાર્ત્તામાં કાંઇક ખારૂં પણ છે. બધુંજ મીઠું ન પીરસવાનો, ખોડો અને ખામીઓ ખોલ્લે મોંઢે બતાવી આપવાનો આપણા ભાયા શેઠે મને ખાસ આગ્રહ કર્યો છે, તો લ્યો.

પહેલાં તો ખુદ વાર્ત્તાનું નામજ મને ભૂલભર્યું લાગે છે. ફારસી ભાષાના કાયદા પ્રમાણે **મોહતાજે મોહબત** નામ વધારે વાજબી થતે, કેમકે તેનો અર્થ એમ થાત કે મોહબત માટેની તલબગાર ઓરત. હાલનાં **મોહબતે મોહતાજ**નો કાંઇ પણ અર્થ થતો હોય એમ મને તો લાગતું નથી.

સર પેશોતનના ગુજરવા પછી તેમના ભત્રીજાને "સર અદી મોદી"ના એલકાબથી ઓળખાવવામાં આપણા લેખકે એક છબરડો કર્યો છે. એક બેરોનેટના દોલતનો વારસ કાંઇ તેની બેરોનેટસીનો પણ વારસ થતો નથી. જે માણસને અસલ ખેતાબ એનાયત થયો હોય તેના શરીરનાજ વારસોમાં ખેતાબ જાય છે. એવો જો વારસ ન હોય તો ખેતાબ

નાબુદ થાય છે. હા, ખરૂં છે કે નામદાર શેહેનશાહ તરફથી મળેલાં letters patent માં પેહેલે ઘરથીજ જો કાંઇ કલમ ખાસ નખાવી હોય તો સિલસિલાબન્દ ઉતરી આવેલા વારસોના રોહમાં કાંઇ પણ ફેરફાર કરાવી શકાય છે. પણ આપણી વાર્ત્તામાં તેવું કાંઇ કરાવવામાં આવ્યું નથી—એવું કાંઇ કરાવવાનો વખતજ મળ્યો નથી. ધરડા પેશોતન તો નવું વીલ કરી થોડા કલાકમાં ગુજરી ગયા—બનવાજોગ છે કે હદબાહેરની નિરાશા અને ક્રોધનો ભોગ થઇ ચાલ્યા ગયા—તો પોતાનો લાગવગ ચલાવી letters patent માં પાછળથી પણ કાંઇ બી કલમ મૂકાવવાનો એમને વખતજ કયાં મળ્યો ?

વાર્ત્તાંની વચમાં કોઇ પણ ઠેકાણે જાહેરખબરો ઠેસવી દેવાની રૂઢી સામે મને મજબુત વાંધો છે. તમે કોઇ પણ સારી ઇંગ્રેજી નોવેલમાં આમ થયલું જોશો નહિ. ખરૂં છે કે પાંચ પૈસાનું મોંઢું જોવાની આ રીત હશે; ખરૂં છે કે આ રીત અખત્યાર કરવાની આ કડાકડીના વખતમાં ગોયા કાંઇક ફરજ પણ પડતી હશે; પણ એ મોટું ન્યુસન્સ છે એમાં તો ફેર નહિ. ચાલુ વાર્ત્તાંઓ લખનારા સારા લેખકોએ કાંઇક ભોગે પણ આ નબળાઇને શરણુ થવાને ના પાડવું જોઇએ એવું મારૂં માનવું છે. પાને પાને "કે. વાડીયા, હીરાના વેપારી, ગ્રાંટરોડ," ને ઘુસી આવતા જોઇ મારાથી જરા મનમાં ને મનમાં બબડાઇ ગયું હોય તો તે માટે હું આ ભલા વેપારીની માફી માગું છું. પણ એમાં દોષ મારો નથી.

આવા આપણા કેકી ભાયા છે. આવું એમનું **મોહબતે મોહતાજ** છે.

કેકોબાદ બેહેરામજી મરઝબાન.

મુંબઇ, તા૦ ૧૩મી ફેબ્રુઆરી ૧૯૨૭.

અનુક્રમણિકા.

મોહબતે મોહતાજ.

પારસી સંસારી એક મોટી સંપુર્ણ વાર્તા.

પ્રકરણ ૧ લું.

અંગત પિછાન.

"કોણ કહેછ, કોણ કહેછ કે ખુદા ઇનસાફી છે?"

કેટલા દુખિયારા અસંતોષી જીવોના જીગરમાંથી આ કિસમની ફરિયાદનો પુકાર તે કિરતારને બાર હરરોજ પહોંચતો હશે? દોરંગી આ દુનિયામાં કમસંજોગ વચ્ચે જનમેલા અનેક કમનસીબો જ્યારે એક આખા જન્મભર પોતાને ચગડાવા ને હીણવાજ સરજાયલાં જુએ, ત્યારે ખુદાને બાર ઇનસાફ મળવાનો તેઓ ઇનકાર કરે, એમાં ઝાઝી અચરતી નથીજ.

"કોણ કહેછ, કોણ કહેછ કે ખુદા ઇનસાફી છે?" એ લગરીક કડોર શબ્દો હાલે એ નાજુક હોઠો ઉપર ફફડી રહયા છે. કોમળ એક યુવતિ જે હજી અઢાર ઉનાળાની હુંફમાં ખીલી રહી હતી, તે આજે ઉપલો કરડો આક્ષેપ બિન આંચકી કરવે, તે રહેમી બાપ ઉપર ચઢાવી રહી હતી.

આલીશાંન એક ડ્રોઇંગ રૂમની ઉંચાડી બારી આગળ કેટી કામદીન બારી પર ટાંગેલા ઉજળા ફુલ જેવા લેસના પદડાની પછવાડેથી નિરાશાના

છુપ્યા આંસુમાં ડગમગતી આંખ્યોએ બાગના ગેટને અઢેલીને ઉભેલી જીવતાં પીકચર જેવી બીજી એક કુમારીકાને જોઇ, ઉપર કહ્યું તેમ ઇનસાફી ખુદાના અપક્ષપાતપણા ઉપર સવાલ ઉઠાવી રહી હતી.

તે ગેબી કળાકારની હુન્નરમંદીને વખાણતી આંખ્યોએ ડાચું વકાસીને જોનાર જોતાંજ ઉભો રહી જાય એવી એક દિલજીત દિલરૂબા બાગના નાના ગેટને અઢેલીને ઉભી હતી; જ્યારે તેણીની આજુબાજુ પંથરાયલી એ નાના બાગની—ફુલવાડી ગોયા એ જીવતાં પીકચર સારૂં એક અનુપમ બૅક ગ્રાઉન્ડ બની ગઇ હતી.

પણ કેટી કામદીનનો પરીયારો એ મીઠુ પદમજીની આકર્ષિક ખુબસુરતી માટે હતો નહિ. ફુરસદના વખતમાં કાળજીભરી કારસાજીથી એ ખાકી પુતળું ઘડવા વાસતેની એકલી ફ્રિયાદના કારણેજ તે એમ ખુદાથી નાઉમેદ અને નાસબર નજ બની હતી. અરે એટલાથીજ કયાં કેટીની કમનશીબી પુરી થતી હતી. દિલજીત પીકચર જેવી મધુરી મીઠુના બંને હાથો પર સુરખરૂ ને આઝાદ ચહેરાના બે જવાન તેણીને હસી હસીને વાતો કરાવતા ઉભા હતા, અને એ ખુશ ટાયલાંમાં ઉલટથી વાદવિવાદ કરતી મીઠુની સમકલા હોઠોની દાબડી નીચે પડતો એક ઝીણો ઉંડો ખાડો તે બે જવાનોને કયુપીડના માળાની જાણે યાદ કરાવતો હતો.

ખુશ મિજાજી એ ત્રણેની ત્રગડીને એમ એકલાંજ મઝા ઉરાડતા જોવાનું કેટી કામદીનની અદેખી આંખ્યોને અસહય થઇ પડયું હતું. પણ બળીને બે પડ થઇ જતું તેણીનું ભિત્તર વાંચવાને પેલાં ભાનભુલાં ત્રણેને તો આંખ્યોજ કયાં હતી?

દમામદાર દેખાવ, અને મન આકર્ષિક કલ્લાનો, ઘટમારો, ને ગ્રહસ્થ આવભાવનો અદી મોદી, મધુરી મીઠુ અને તેણીની માતા ઉપરાંત 'મીઠુ

મેનોર'માં કેટી કામદીન પણ વસતી હતી એમ ભાગ્યેજ યાદ રાખતો. તો પછી તેણી તરફની તેની ઠંડી વર્તણુકનું તો કહેવુંજ શું?

જ્યારે, કરચલીવાળા ભૂરા બાલના ભરાવદાર છત્તર નીચે એક કવિનું મનોબળ અને કલ્પિત આંખ્યો ધરાવતા નાજુક કદના રૂશી તાલ્યારખાનને માટે તો આ ભૂમી પર પરમેશ્વરે જોવા, જાણવા, તેમજ ચાહવાજોગ એકજ હુરી ઉતારી હતી.

તે મોટા હોલની એક સાઇડે એક આસાન કોચ ઉપર ગુલબાઇ પદમજી, મીઠુની માતા, અલેટાયલી હતી. તે તબિયતની નરીધરી કદી રહેતીજ નહિ. આજે પણ આંગ ભરાઇ આવેલું હોવાની ફરિયાદ કરતીજ તે ઉઠી હતી. પોતાના ઓરડામાં ચેન નહિ પડવાથી, દિવાનખાનામાં આવીને તેણી અલેટાઇ હતી, જ્યાં 'ફુરસદ'માંથી 'કાંઇ નવી જુની' પોતા આગળ વાંચવાને તેણીએ કેટીને બેસાડી ને રોકી.

ગુલબાઇની અત્યારે જરા આંખ લાગી હતી. રાત કોરા ઉજાગરાની કાઢ્યા પછી, દીસના જ્યાર ત્યાર અને જ્યાં ત્યાં એમ આંખ લગાડવાની તેણીની તએહજ થઇ રહી હતી; અને તે એમ સુતેલી હોય તેટલાં કેટીને છુટ્ટી મળતી. તો પછી બારીના પદડામાંથી પેલાં ત્રણની ત્રગડીને જોઇને બળવામાં ને ખાખ રાખ થવામાં સાર કે હાંસલ વગર તેણીએ કાં તપવું ને બળવું? નહિજ. નશીબની લગામ પોતાના હાથમાં લઇને, કફોડા સંજોગો કુદાવીને, મીઠુ પદમજીને જીવનની સરતમાં હરાવી, સંસાર સુખનું સોનેરી કપ જીતી જવાનો તેણીએ કમર કરી ઠરાવ કર્યો.

ભાનભૂલી પેલી ત્રણની ત્રગડીએ તેણીને વિસારી આપી હતી; પણ એ ત્રગડીની ત્રેવડ ઉંધી વાળી દઇને ત્રગડીને તોડી, ચોપાઇ ગોઠવી કાઢવા કેટીના પગ કયાં ધોબીને ધોવા આપ્યા હતા વારૂ?

તેણી ગઇ. ખેજાલત અને ખસિયાણું ખીસામાં મુકી, મિત્રતાભરી મોહબ્બતથી હસતી કેટી કામદીન તે ત્રગડીને તોડવા ગઇ.

"આ લેવ, કેટીબી આવી," તેણીને આવતી જોઇ મીઠુએ હસીને કહ્યું; અને કેટી તરફ જોઇને વધાર્યું, "સારૂં થયું કેટી તું આવી તો! આય બન્ને કયારના મને છગાવીને છાપરે ચહાવેછ, ને એકલી હતી તે બહુજ પજવેછ."

તે બે ડગલાં પાછળ હઠી,—કેટી કામદીનને પોતાની બાજુમાં જગ્યા આપવાની મકસદે,—પણ મીઠુની આસપાસ ચોકી કરતા પેલા બે બોડી-ગાર્ડસ તેજ વખતે બે કદમ આગળ વધ્યા, ને પોતાના પોસ્ટ પરથી હઠી, તેણી માટે જગ્યા કરવાના તેઓએ સરિયામ અખાડા કીધા.

એ કરમની લખાયલી ગેરઇનસાફી નહિ તો બીજું શું? કેટી,—કામદીનની કેટી—ઓછી ખુબસુરત કે કમી ભોલીદરાજ કયાં હતી? પણ પેલા બે જવાન્યા તો તેણીને કુતરાએ કરડી હોય તેમ તેણીથી બે કદમ આઘાજ જઇ, મીઠુના પાંસામાં વધારે ઘુસતા હતા.

હા—બનવાજોગ હતું કે જવાનીના જોશમાં ઉછળતી, દોસ્તી, દિલસોજી, અને મોહબ્બતની તલબગાર તે બાળાને જવાનીના પોષણરૂપ એ ઉત્તમ ખોરાકના છેકજ સુકમણા સોસવાની સરજત થતે નહિ તો, આ કરૂણારસ કિસ્સાની કહાણી શરૂ થતેજ નહિ. મગર કિસમતમાં ન્યારૂંજ લખાયું હતું, અને લખાયલા કિસમતના એ લોખંડી પાના ફેરવી નાખવાની તદબીર કે તાકાત, વખતના ચક્કર વિના બીજા કોણની ચાલી શકે?

કેટીને સાહેબજીની શરૂઆતમાં તપલી ઝાર્યા પછી, 'અટેનશન' નો કમાન્ડ બજાવતા બોય સ્કાઉટસ બની, પેલા બે તો સકમબકમ થઇ ઉભા

હતા, પણ તેઓ વચ્ચે આંખ્યોના પલકારાથી પેગામની મોકલ ચાકલ ચાલી રહી હતી.

"એઇ રૂશી, આય તો બહુજ ગોજું ને નઠારૂં લાગેછ અં?" અદી મોદીએ મેસેજ મોકલ્યો.

"તું સભ્યતાનું સુપડું હોય તો જોઉંછ વારૂં ખસી જા, ને એ કામદીનવારીની જગા કર;" રૂશી તાલ્યારખાનના નેત્રોએ જવાબ વાળ્યો.

સેહારી કેટી કામદીન માટે એ મામલો જોઇ લેવાનું જેમ સહેલું હતું, તેમ અપમાનનો આ ઘુક ગળી જઇ મોં કોરડું રાખવાનું પણ તેટલુંજ અઘરૂં થયું. પણ મીઠુ પદમજીનું દયાળુ દિલ દિલસોજીથી દાઝી ઉઠયું, અને આ મુસ્કેલીનો તોડ શોધી શકયું.

"ચાલ કેટી," મીઠુએ કેટીની પાંખડી પકડી પેલા બન્ને જવાનોની પહેલાં ગેટમાંથી બહાર નિકળતાં કહ્યું, "રૂશી તાલ્યારખાને આપણા બંગલાથી થોડેજ દૂર એક 'બ્યુટી નુક' શોધી કાઢયુંછ, ને અદી તે સ્પોટનો ફોટો લેવાના છે. આપણે બી જઇએ, જરા ગમત થશે."

"હું આવું મી૦ તાલ્યારખાન? એ તમારા બ્યુટી સ્પોટની શોભા માહરી હાજરીથી બગડે તો નહિ?" કેટીએ પેટના બળ્યાં ગામ બાળવાને પુછ્યું.

"ઓ વાય, તુંબી કોટક પાડતી!" મીઠુએ ભલાઇ ભરી ભોળાઇથી કહ્યું.

રૂશી પોતે તો ચૂપજ હતો; તે અમથો હસતો ઉભો.

કેટીએ વાત ફેરવી તોળી. ગુલબાઇ એકલાંજ હતાં, ને આજે તેણીને પોતાને પણ કાંઇ ખાસ જીવને મજાહનું લાગતું હતું નહિ એમ કહી, તેઓને એકલાંજ જવા દઇ, પોતે ઘર તરફનો રસ્તો લીધો.

તે કોણ હતી?

'મીઠુ મૅનોર'માં ગુલબાઈ અને મીઠુ પદમજી સાથ એકજ પંક્તિ ઉપર, અને એક કુટુંબી મેમ્બર તરીકેજ રહેલી અને ઉછરેલી આ નાજનીન ઉપર કહ્યું તેમ હજી તો અઢાર ઉનાળા જોયલી એક ખીલતી કળી હતી.

ફ્રેટીના પિતા, ગુસ્તાદ કામદીન, અને મીઠુના બાવા, ખરશેદજી પદમજી બન્ને ભાગિયા હતા; અને આ બે ભાગિયા વચ્ચે ભાઈભાઈનુંજ નાતું હતું. તેમની ધીકતી પેઢીનો વેપાર રશીયા સાથ જામેલો હતો; એટલે ફ્રેટીના પિતા, ગુસ્તાદ કામદીનનો વસવાટ ત્યાંજ પેત્રોગાડ'માં જાથુકનો થયો. વર્ષોના ત્યાંના વસવાટ પછી, તે ત્યાંજ એક રશીયન લેડી સાથ પરણીને બચ્ચાં છોકરાંવાળો થયો હતો. પણ તેના બચ્ચાંઓમાં તો આ ફ્રેટીજ મોટી થવા પામી; બાકીનાં બીજાંઓએ તો દુધમળ વયેજ સ્વર્ગવાસ શોધ્યો હતો.

વર્ષોની વાત ઉપર ગુસ્તાદજીના તાકીદના તેડાંને માન આપીને ખરશેદજીને પણ રશીયા ધંધા અર્થે જવું પડયું. તે કોણ જાણે કઇ ખરેજ અબ્વર ઘડીએ જવા ઉપડયો હશે, કે ઠેઠ હિંદુસ્તાનથી નિકળીને રશીયા પોતાના ભાગિયાને જાણે દફનાવવાજ જઇ ચઢયો. બન્ને ભાગિયા એક દિવસ બોટની સહેલગાહે જવા નિકળ્યા, અને વારંવાર એમ પીક-નીકે નિકળેલી પારટીઓ જેમ પાયદસ્તની મિજલસમાં ફેરવઇ જાય છે, તેમ હસીખુશીથી નિકળેલા તેઓ રંજીસ ને હાડમાર થયલા ઘરે આવ્યા. તોફાનમાં તેઓનું હોડકું ગોલાતી ખાઇ ગયું; અને ખરેખર તો મીઠુનો પિતા, તેને તરતાં આવડતું નહિ હતું કરી તે સાગરની ઠંડી તળેટીમાં કબરવાસ થયો હતે, પણ ગુસ્તાદ કામદીને મોજાઓ સામે સખત ટક્કર ઝીલી, ને કલાકો સુધી પોતાના ભાગિયા સાથ પાણીની સપાટી ઉપર

ટક્યા રહયો. આખરે બર વખતે એક હોડકું મદદમાં આવી ચઢ્યું; અને થાકથી આખર થઇ ગયલા તે બન્ને મિત્રોને સલામત બચાવી લેવામાં આવ્યા.

પણ મિત્રને બચાવવાની ભારે રંજ ને શક્તિ ખેંચતા ગુસ્તાદની છાતીને 'ચીલ' લાગી ગઇ, અને ન્યુમોનીઆની બિમારીથી થોડા દિવસની માંદગી ભોગવી તે ભલો મિત્ર સ્વર્ગવાસ પામ્યો. મરતા દમે તે પિતાએ કેટીનું પાંખડું ખરશેદજીને પકડાવ્યું. ત્યારે કેટી માત્ર સાત વર્ષની હતી.

તેનો આ ભલો ભાગિયો તેને બચાવવા જતાં પોતે મુવો એમ ખરશેદજી કદી વિસરી શકયા નહિ; અને તેથી તેવણે પોતાની દિલની મોટાઇથી કેટીને મીઠુથી આલે નહિ, તો ઓછી કદી ગણી કે જાણી નહિ; અને પોતાની મોતની પથારી ઉપર બી ગુલબાઇને પણ મીઠાં તથા કેટી એઉને બહેનો ગણવાની ફરજ આપ્યા પછીજ તેવણે પોતાનો પ્રાણ છોડયો.

ગુલબાઇ, અને ખસુસ કરી મીઠાં તો કેટીને બહેનજ ગણતી હતી; પણ કેટી કામદીનનું નાકનું ટીંચકું લગાર ઉંચું હતું. કયાણી લોહી ઉપરાંત કેટી કામદીનમાં માતા તરફનું રશીયન રૂધિર વહેતું હતું; અને તેથી જોકે સારે નશીબે તેણી બસ્તેકુસતીયાન બની હતી, છતાં ધણાઓ એ બધ્યાંની હાજરીથી મોઢું મરડતાં હતાં.

એવી મુંગી હડધુતની હીણપસતીમાં વસવું સહેલ હોતું નથી. બચપણથીજ એ બધું જોતી ને હૈયે ઓગાળતી, તે હવે દહાડેવારેની થઇ હતી; અને તેથી તેણીનું કોમળ હૈયું ગોયા પત્થર બનતું ગયું; નસોમાં વહેતાં દબલ લોહીની અંદર ક્રોધ ને અદેખાઇનો પ્રવાહ આમેજ થતો ગયો; અને તે બન્નેના ચાલુ ઘસારાને સબબે આજે તેમાંથી કિનાના ચમકારા નિકળતા આપણે જોઇ રહયાં છીએ.

"એકલું 'બ્લુ બ્લડ' જ ધરાવતી હું કાંઇ તમારા જેવી એકાદ નાજુક બાયલી નથી; માહરામાં રશીયન ખમીર છે. તો આવી જાવ; આવી જાવ તમે કયાની કરાકરીઓ; અને આજથી માહરા કિના માટે તૈયાર થાવો!" દાંત પીસી કેટી કામદીન શત્રુવટભર્યાં આ સોગંદ ખુદાની દરગાહમાં નોંધાવતી સમજાઇ.

દ્વૂષનો ડંસ લેનાર તેમજ દેનાર માટે કાતિલ રહે છે, ને કિનાની કટારી બેધારી કહેવાય છે, એમ અત્યારે કેટી કામદીનને કોણ કહે, કોણ ચેતાવે ?

પ્રકરણ ૨ જું.

વન વહેવાઇઓ.

લક્ષાધિપતિ વાંદરાવાસી સર પેશોતનનું નામ શું જાત કે પરજાતમાં એક સરીખું જાણીતું હતું. પોણું વાંદરા બાપીકું કરી બેઠેલો મુંબઇનો સૌથી ચીકાસદાર એ બેરોનેટ સ્વભાવે એટલો દાધાબળ્યો હતો કે, તેની દોલત જેમ જનસમુહની જીભ ઉપર હતી, તેમ એ દાધાબળ્યા બેરોનેટનો સ્વભાવ પણ સારી મુંબઇમાં મશ્હુર થયો હતો.

આજથી વીસ વરસ ઉપર તે લક્ષાધિપતિ કહેવાતો હતો, અને દોલત દોલતને વધારે એ જગમશહુર સિદ્ધાંત અનુસાર, સર પેશોતનની તિજોરી આજે પુનમની ભરતી માફક ઉરપુર ભરાયલી હોય એ નહિ બનવાજોગ હતું નહિ.

એકલડોકલ જીવે જીવતો એ ડોસો ખાઇખાઇને તે કેટલુંક ખાય ? લોનના ચીથરાં, એસ્ટેટોનાં ઓચરિયાં, તેમજ મોરગેજોનાં ખતપત્તર દર

માસે એમની તિજોરીમાં પાણીના રેલા માફક ધસડાઇ આવતાં વધ્યાંજ જતાં હતાં. પણ ૭ દાયકા કુદાવી ગયલો એ ડોકરો હજી વરસો વેર જીવવાનું હોય, અને ખાધાખરચી ખુટી જવાની ફિકર હોય, ને જાણે નાણું જમાવવાજ જનમ લીધેલો હોય, એટલી ચીવટાઇથી આવતી અરધી આ જવા દીધા વગર દ્રવ્ય સિંચ્યોજ જતો.

અને આ વીસમી સદીમાં જેને જરનું જોર તેને એકાદ પુછડું મેળવવાનું બિકટ ક્યાં થાય છે? મરહુમ શહેનશાહ એડવર્ડ સાતમાની સરકારે, જેનો એક પગ ઘોરમાં હતો, અને જેની પીડે કે પુંઠે ન બાળ હતું કે બચ્ચું તેને—પેશોતન મોદીને—સરનો ખેતાબ એનાયત કર્યાંનું માનઅકરામનાં લીસ્ટમાં જાહેર થયું, ત્યારે મુંબઇ નગરીનાં શેહરીઓ વિસ્મયતાથી ખળભળી ઉઠ્યાં.

લોકને તો સૌની વાતમાં માથું મારવુંજ જોઇએ ની? પોણા સદામાં ડોકાવી રહેલા પેસોતન મોદીને બેરોનેટસી! લોકને મન એ એક ઉકળવા જેવું ઉખ્યાણું થઇ પડયું. શું સેતાન સાથ સોદો કરીને તેણે સદી બે સદીનું જીવતદાન માંગી લીધું હતું? કે આગરી ચસ્કેલ એ શેઠ્યો ઘોરમાં જવા પહેલાં જાતે જવા, અને એકાદ બાળબચ્ચું રમાડવાની કાંઇ યુક્તિ યોજી રહયો હતો? પેપરવાળા અને પરવારતાઓને તો એવી કોઇ શેહાદીની ગોઠવણનાં સુંધારાં પણ આવવા માંડ્યા. અને તેથી બી આગળ વધેલા થોડાક સાહસિક સપુતોએ સર પેશોતનની ખાટીમીઠી નજરનું ઘર શોધી કાઢીને તે પર પોતાના છાપા મારી પણ દીધા.

એ મુજબ મમબઇવાસીઓ અને વાંદરાવાસીઓ પોતપોતાની નોંધો સરખાવી, એ નવા પારસી બેરોનેટની મતલબ ને મકસદ શોધી કાઢવાને ભેજું ઘસી નાખતાં હતાં, ત્યારે સર પેસોતન પોતાના 'દરિયા માહલ'ની લાયબ્રેરી રૂમમાં એક પોખાલ ઇઝીચેર પર અલેતાયલા હતા. સાદી

બાંહેના સફેદ બદીઆનમાં પરોવેલાં સોનાનાં બટનની આરપાર બદીઆનનાં બેઉ ગજાંને પોંહચેલી દોરડાં રોકી સોનેરી સાંકળીમાંથી કાંદાના ઝુરા માફક લટકતા સોનાના સીક્કા અને ચાર્મ્સ સાથ, પોતાનાં જાડાં આંગળાંઓએ રમત કરી રહયા હતા. અને પોતાની સાજવારીનાં મોઘમ બેસારાવાળું પેપર તુરતનુંજ વાંચીને બાજુમાં નાખેલું હોવાથી, તેમની બાગાની દાઢી જેવી ધોળી મુછોની પાછળ ઠઠ્ઠાનું હાસ્ય નાસોગોસો રમવા છુપાયું હોય, તેમ ડોકયું કરતું દીસી આવતું.

તે શું વિચાર કરતો હતો—સાઠ વર્ષે સર થયલો એ શેઠયો ?

'સાઠી તેની બુદ્ધી નાઠી,' એ કેહતી બેવજુદ હોય, મગર 'દરિયા માહલ'ના વૃદ્ધ માલેકના મનમાં ઘોળાતા વિચાર જાણ્યા પછી, એકમતીનું પાનછેરૂં હિલાવીને તમને પણ કબુલ કરવું પડશે કે, સર પેસોતન હજી સાવ ચકરમ નહિ થયો હોય, પણ તે ચકરમોની સીમભણી તો જરૂર આવી લાગ્યો હતો. તે શું વિચારમાં વિંટલાયલો હતો—દરિયા માહલનો એ નાવારેસ માલેક ? લોક કહેતું હતું તેમ, તે કોઇ નાજુક નાજનીનનો શું ખ્યાલ કરીને મલકાઇ રહયો હતો ? હા, માર્યાંઠાર ! ત્યારે ઉડી રહેલી એ બુમ બેવજુદ હતી નહિ. ઘાંખરાજીએ લગ્નબ્યાહની લવરી ખરીજ ખરી ? નહિ.

તે એક નાજનીનનો વિચાર કરતો હતો ખરો; પણ તેણી જોડે પરણવાના ઇરાદાએ નહિ. નાઇઝામ સરકારમાં માનચાંદ પામીને નામના તથા નાણું મેળવી આવેલા નવાબજંગ ફરામરોઝ, નાઇઝામ સલતનતમાંથી જાયુકની ઉઠાંગરી કરીને, હવે મુંબઇમાં ઘરબાર વસાવીને રહ્યા હતા; અને વાંદરાનું ખુશનુમાં પરૂં તેમને પણ ભાવી આવેલું હોવાથી, એ નીઝામવાસી પણ પોતાની રોકડ દોલતને એસ્ટેટમાં રોકવા મંડયો હતો.

સર પેસોતનના એસ્ટેટોની લગોલગ નવાબજંગ ફરામરોઝના પોતાના માહલ ને મેનોર, કેસ્ટલસ ને ટાવરસ ઠોકબંધ ઉગી નિકળ્યાં હતાં. અજબ જેવું તો એ હતું કે એમ છતાં, એક નાના પરાંમાં વસતા આ બે તાલેવંતો વચ્ચે હુંપણાની હરીફાઇ બરપા થઇ કે જનમ પામી નહિ. સામું નવાબજંગ વાંદરામાં ઠરીઠામ થવાને આવ્યાની સાથ, સર પેસોતનની જુરપંજુર જીંદગીના પહેલ વહેલા મિત્રનું સ્થાન તેણે મેળવ્યું; અને પછી એ બે બુઢ્ઢાઓનાં મન મલી જતાં ઝાઝો વિલંબ લાગ્યો નહિ.

તેની એકની એક દીકરી હતી—ઍલીસ! જીણા જીણા ઘાટનું મારબલમાંથી કોતરી કાઢયું હોય તેવું તે એક સફેદ પુતલું હતુ. નવાબજંગ જાણે એ દીકરીનો પડયો બોલ ઉંચકવાજ જીવતો હતો; અને ઍલીસના આગ્રહથી લાચાર બનીને તે પિતા ઇંગલીશ કેળવણી લેવાની તેણીની હોંસને પુરી પાડવા મનાયો હતો. પૅરીસના એક સારાં ફેમીલીમાં તેણીને રાખવાની બંદોબસ્તી જાતે કરી આવી, તે પોતે તો વાંદરા ખાતે આવીને ઠરૂ પડયો હતો.

તેઓ બેઉ તેથી હાલ એકલા હતા; બન્ને તાલેવંત હતા, એટલે નાણાંની વ્યવસ્થા, વ્યાજ વટાંદરની ફેરવ ફારવ, એસ્ટેટોની લેવડ, ને મોરગેજીસની પટાવટની સામાન્ય ટોપીક પર એ બે ગજવે ગપ્પરના કલાકો અને દહાડાઓ આસાનીથી ગબડતા ગયા. નવાબજંગની દોલત અને એસ્ટેટની જેમ વધતી જાણ સર પેસોતનને થતી રહી, તેમ એ સરનાઇટનું ભેજું ચકડોલે ચઢયું. નવાબજંગની અને પોતાની દોલત તથા મીલકત કોઇબી સુરતે એક કરી નાખીને, ઇન્ડયાનો રોથસચાઇલ્ડ બનવાનો ધખારો સર પેસોતનનાં ભેજાંમાં ભરાયો. બસ! એજ ખ્યાલ સાથ તે હવે તો બિછાને જતો; ઉઠતાં બરાબર પણ, એ ખ્યાલ ખુદાનું ગોયા નામ હોય તેમ જબાનપર લઇનેજ ઉઠતો; અને મરવા પહેલાં તે ઉમેદ પાર

પડેલી જોવાનો સર પેસોતન મોદીનો એકલો અરમાન હતો. ત્યારે પોતાનો એ અરમાન, એ અભખરો તરી પાર કેમ ઉતારવો? "તારે ત્યાં એક વારસ હતેની," નવાબજંગ ફરામરોઝે એક દિવસ પોતાના મિત્રના મનમાં ઘોળાતા તે વિચારોનો પડઘો કર્યો, "તો આપણે બેઉ કરારે વેહવઇ થતે; ને આપણા બચ્ચાંને બિસ્યાર ધનના ધણી બનાવતે!"

એ તે એજ. નવાબજંગની દીકરી ઍલીસ સાથ પરણાવવા સર પેસોતન એક વારસને વરે ખભરખોધામાં પડયા. આ ઉમ્મરે પરણવાનું પણ પહેલાં તો તેણે મન ઉંચકયું; પણ પછી તે વિચાર તેણે પડતો નાખ્યો. તે પરણે, ને ખુદાની નવાજેસથી તેને એક ફરઝંદ બી થાય, પણ સર પેસોતને ગણત્રી કીધી કે તે બચ્ચું મોટું થાય કયારે, ને નવાબજંગની દીકરી ઍલીસને પરણે કયારે? ઠાલી પોતાનીજ દોલતનો વારસ બનાવવા ખાતર લગ્નની ને પોર્યાંની જેહમત ને જંજાલ? છટ. સર પેસોતન મોદીને તો એક એવો વારસ જોઇતો હતો, કે જે નવાબજંગની દીકરી ઍલીસને પરણે, અને બાપ-સસરાની ભેગી પુંજીના પ્રતાપે, ભારતખંડનો એક પારસી રોથસચાઇલ્ડ કહેવાએ. અને ત્યારે?

ત્યારે?—સર પેસોતને આંખે બાંધેલા પોટાવટના પાટા છોડયા, અને તેમ કરતાં સ્વાર્થના સ્નાયુ ઢીલા થયાં ત્યારે, ગરીબીમાં સબડતા પોતાના ભત્રીજા અને ભાણજાને પોતાની બાથમાં લેવાને તે વડીલે પોતાના 'દરિઆ મહેલ' માં તેડાવી મંગાવ્યા.

પોતે જોયલી બાસઠ દિવાળી દરમ્યાન, સંગદિલ એ સરના દિલમાં કોઇ માટે પણ પ્રેમની લાગણી થઇ હોય, તો તે પોતાની એક પુરી નાની બહેન, ભીખુ માટે હતી. નાની વયમાંજ પરણીને ફક્ત અઢાર મહીનાની પરણી જીંદગીનું સુખ ભોગવી તે સ્વર્ગવાસ સીધારી, ત્યારે સર પેસોતને

તેણીનાં અકાળ મરણ પર ઘણો ગમ કર્યો; પણ જે બાળક બેટાનો જનમ આપતાં તે બિચારી આખર થઇ હતી, તે ભાણજા તરફ તાલેવંત એ મામાએ હૃદયના દ્વાર આજ લગી બંધ રાખ્યાં હતાં. ભાઇ સાથ તો સર પેસોતનને બચપણથીજ બારમાં ચંદરમાં હતા. તે કયાં વસ્યો, કોણને વર્યો, કે શાએ મર્યો, તે જાણવાની પેસોતન મોદીએ કદી પરવાહ કરી નહિ. તે ભાઇભોજાઇ એક મહીનાને આંતરે એકમેકની પછવાડે ગુજરવાની ખબર તેને મળી, ત્યારે એમ તો ત્રણ દિનની પહેરેછ પાળીને સર પેસોતને ફરજનું કરજ અદા કર્યું. પણ તેમના અદી નામના બેટાને કોઇ રીતે મદદ થવા કે તેડાવી લેવાને, સગાંવાહલાંઓએ કરેલી અરજીને તે કાકાએ મચક આપ્યુંતું નહિ. છતાં હવે આ બે દાવાદારમાંથી જે એક ઍલીસ નવાબ-જંગને પરણવા હા પાડે, અને એ હા પાડનારને ઍલીસ નવાબજંગ પસંદ કરે, તેને પોતાનો વારસ કરી હિંદનો રોથસચાઇલ્ડ બનાવવાનું તે વડીલે મનમાં ધારી મૂકયું.

એ બધી તો નવાબજંગની બેટી વિલાયતી કેળવણી લઇને હિંદ પાછી પધારે પછીની વાત હતી; એટલે સર પેસોતને એ કાજ વસ-તારાંની ગોઠવણથી પોતાના ભાણજા ભત્રીજાને અત્યારથી વાકેફ કરવાનું નવાબજંગ સાથ મસલત કરીને મોકુફ રાખ્યું.

"જોવો બા, માહરી દોલતના હું બે સરખા ભાગ કરી જવશ એવી કોઇ ગણત્રીએ તમે મનમાં ખાંડ ખાતા ના હો. નારે—એવી ઘેલછા હું હરગેઝ કરૂં નહિ. કંઇ વાત છે?" દરિયા મહેલના માલીક રવારોકરૂં પરખાવતાં પેલા દાવાદારોને કહ્યું હતું. "એમાંથી એકને હું માહરૂં દોહયેં દોહયું આપી જવશ;—હા, પૈએ પૈ; દમરીએ દમરી." દમરીથી નીચે ગબડાય તેમ તો હતું નહિ, એટલે સર પેસોતન મોંહ મટમટાવતા થોભ્યા. "તમારા બેમાંથી કોઇ એકની પસંદગી મેં હજી

કીધી નથી. નહિ! પણ જે માહરી મરજીને માન આપીને તાબેદારીથી રહેશે, ડાહયો થઇને માહરો બધો સખુન રાખશે, તે સઘળું પામશે; ને બીજાંને તો જેવો સુકકો તાટ આવ્યોછ, તેવું સુકકું તાટજ જવું પડશે." અને એ નસિહતની ચીમકી સાથ તેણે તે દાવાદારોને પોતાની હાજરીમાંથી રૂખસદ આપી.

'દરિઆ માહલ'ની લાવણ્યત ભરેલી લાયબ્રેરીમાંથી તે બે હરીફો બાહર પડયા ત્યારે તેમની આંખોમાં હરીફાઇની ધગશ, કે હારની ફીકર જરાએ હતી નહિ.

"આએ બધું જો માહરૂં થાય તો," રૂસી તાલ્યારખાને મામાના દીકરા અદી મોદીને કહ્યું; "બધાં ઍસ્ટેટો તુંજ મેનેજ કરજે અદી; એ વેપારી વાણયો માહરાથી તો થવાવાનું નથી."

"ને એ બધું જો મારૂં થાય તો," અદીએ પુછના રૂસીને કહ્યું, "એ એસ્ટેટમાં બ્યુટી નુક શોધી કાઢવા, ને તેને જ્યાદા આર્ટીસ્ટીક બનાવવાની સુચના ને સમજ આપવા તું માહરી પડખેજ રહેશે ની?"

આ રવેસે આ બે હરીફોએ ડોસાજી ચાહે તેને વારેસ બનાવે તોપણ બંનેએ એકમેકની પડખે રહેવાના ઇરાદાથી હમશરીકીમાં હાથ મીલાવ્યા.

દિવસો એમ ગબડી જતા હતા.

'દરિયા માહલ'ની ડૅક સરખી કુશાદે વરંડાપર આર્મચેરમાં લેહર કરતા પેલા બે વૃદ્ધ મિત્રોની દુન્યા સુખી હતી. દુ:ખનો ઓળો કે શંકાનો પડછાયો પણ તેમની નજરે કદી પડયો નહિ. કયાંથીજ પડે? તેમના પગ આગળ ભરતીના મોજાઓ ધસી આવીને જેમ ગેલ કરતા હતા, તેમ ઉમેદના મોજાઓની છોલ તેઓના હૃદયમાં ગેલ કરી રહી

હતી. બસ; પોતાનાં પોર્યાંઓને મનમાંજ અદરાવી પરણાવીને તે દિલોજાન દોસ્તો વહેવાઇ બની ગયા હતા. હવે બાકી શું રહ્યું ?

બીજી બાજુ, અદી ને રૂસીના સુખની સીમાજ ન હતી. મીઠુ પદમજીની મોહીની એ મામાફુઇનાને 'મીઠુ મૅનોર'માં રોજ ખેંચી જતી હતી; અને તેણીની સાથે ગુજારેલા ખુશ કલાકો પછી રીહાઇ પામેલા ને રીઝાયલા તે બેઉ 'દરિયા માહલ'માં પાછા ફરતા ત્યારે તેઓ મીઠુનીજ વાત કરતા, મીઠુનેજ દીસકસ કરતા હતા. વડીલના વારસ તરીકે જેમ તેઓની સરજત હરીફ બનવાની થઇ હતી, તેમ મીઠુના મોહબતને માટે તેમને કોઇ દીન હરીફ થવું પડશે, એવો સુબેહ કે શક તે બેમાંથી એકને પણ થયો નહિ. હજી તો મોહબતની તે કથાની શરૂઆત હતી. સુખી સ્વપ્ના ને હેત પ્રીતની હમાજોરનો તે અધ્યાય હતો; અશાંતી ને તોફાનનાં વા વીજોડાંમાં વિંટલાવાનો વખત હજી દૂર હતો; ખસ્તેખુહારી અને ખુનામરકીના છેડા પહેલાનો આ તો આશાવંત સુખી સમો હતો. અને જોકે એક બીજાની જીંદગીમાં અજબ ભાગ ભજવવાની તેમની સરજત નોંધાયલી હતી; છતાં પણ ભવિષ્યના ભિત્તરમાં ભરાયલા ભેદને ભાખ્યા વગર, હાલ તો બેખબર, નભરવસ, અને નફિકરા તેઓ પોતાને બુલંદતાલે ને સુખી સમજતા હતા.

પ્રકરણ ત્રીજું.

વિલાયતી વાજું.

વખત આસાન વહયો જતો હતો.

સર પેસોતનનું હઠીલું હાલકહુલક હેયું હેમક હરખ ને હર્ષની હુંફમાં હચમચી રહ્યું હતું; જવાનીથી જમાવેલી જીકર–જેહમતને જશ-

ફીમાં જશ જડવાનો હતો; અને અંતઃકરણમાં આરંભેલી એકલી આશા ઉમેદ આયંદે બર આવનાર હતી; તો પછી એકબી અંદેસ કે ખતરા વગર એમ માની બેઠેલા તે બેરોનેટની દુનિયા આજકાલ સુખીજ સુખી કેમ ન હોય ?

બીજા હાથપર એ બુઢ્ઢાજીએ તેમના ઉપર બાંધેલી મદાર ને કીધેલા ઠરાવથી બેખબર પેલા મામાફુઇના મીઠુ પદમજીના પ્રેમ પાછળ પછાડામાં પડયા હતા. તેઓમાંથી એકને બી એવી શંકા કે સંદેહ થઇજ નહિ, કે આ પ્યારનો માર્ગ જે સદા બિકટ નડતરથી ભરપુર કહેવાય છે તે તેમને કાજ અપવાદરૂપી સુગમને સરળ કેમ થશે ?

સો જ્યારે એમ પોતપોતાની ગણત્રીમાં ગુંટાયલાં હતાં, ત્યારે ‘નીઝામી મૅનોર’ની લાડકવાઇ લાડલી, ઍલીસ વિલાયતથી ઉપડી ચૂકવાના સમાચાર આવ્યા. ફરામરોજ નવાબજંગ અને સર પેસોતનની આંખો ઉત્સાહથી ચમકી રહી; અને દરિયા માહલના માલેક ને એ વધાઇ જાતે આપવા આવેલા નવાબજંગે તે ખુશબખ્તિની ખબરમાં શરાબના જામ ઉડાવ્યાં ને નોશ કર્યાં.

ફરવા ગયલા પેલા બન્ને પોર્યાંઓ પાછા ફરે ત્યાંસુધી ઍલીસની એ આમદનો આનંદ પેટમાં રાખતાં બુલંદતાલે તે બેરોનેટને ભારે બેતાબી થઇ. તે તો વરંડાપરજ લટાર મારતો ખોટી ઉભો. અને જેવા તે બેઉ દરવાજામાં દાખલ થયા ન થયા, કે સર પેસોતને તેમને પગલાં ઉપાડી વહેલા આવવાની સીગનલ ઉપર સીગનલ આપી.

તે તપ્પો નાનો સુનો હતો નહિ. એ ગેટથી માહલની સીડીઓ સુધી પુગવાનો. અને અદી રૂસી જેમ જેમ નજીક આવતા જતા હતા તેમ સર પેસોતનનો સફેદ રૂમાલ વધતા જોસથી તેમને તાકીદનું તેડું આપતો રહયો.

તેઓ આવ્યા. સીડીપર ચઢ્યા ન ચઢ્યા કે મામાએ નવાબજંગની વિલાયતી વીરાંગનીની પધરામણીનો પેગામ ઉછલાતી છાતીએ આપ્યો. તેની એવી ઉસ્કેરાયલી સ્થિતિ ને હરખ જોઇને અદી રૂસીએ અવલમાં તો ભલતોજ અર્થ કર્યો. સર પેસોતનની સાજ્વારીનો તે કોઇ વિલાયતી શિકાર હતો એમ સમજીને તેઓ મૂછમાં હસતા હતા, ત્યારે ઍલીસના વારસાનો વિસ્તાર ને વખાણનાં બાંકા ફુકયા પછી તે મામાએ કહ્યું, "જોજો રૂસી અદી એ છોકરીપર સારો છાપ બેસાડવાનું ચુકતા ના, હં;" ડોસાજીએ નસિયત દીધી. "સદ્દર બીલ્લુ છે, ને વળી જીતી જવા લાયકની છોકરી છે. તાલીમ બધી વિલાયતમાં લીધેલી છે, એટલે જે વધુ લાયકાત બતાવશે તે ખાટશે."

તેણે ગણત્રીથીજ કામ લેવું હતું. આજકાલના બચ્ચાંઓ એકલાં મલતાં ભેટતાં આપમેળે બેમાંથી એક તે પોરીના પંજામાં પકડાવા બાબે તેવણને શક હતોજ નહિ; માત્ર તેવણે ઇચ્છયું કે તે સપડાનાર તેઓનો લાડકો ભાણજો રૂસી હોય.

અને એજ વખતે તે બે જવાન્યાઓના ખ્યાલ શું હતા ? તેઓ બંનેનું ચાહવું એજ હતું કે પેલો બીજો મીઠુની પ્રિતથી મોકળો હોય, ને ઍલીસ નવાબજંગને જીતવાની જેહમતમાં તેને જશ મળે.

જ્યારે ઍલીસ નવાબજંગ? તેણીના વિચારો અને વળાણ શું હતાં? નવાબજંગ ખાનદાનની એ નબીરી સાથ વાહલાં વાંચનારાંઓની ઓળખ અમો આજે કરાવ્યે છીએ ત્યારે તેણી મીઠુ કોટેજમાં મળવા આવેલી છે. અને એ વિલાયતી વાજાંની પરિક્ષા તેણીની વાતચીત ઉપરથીજ કરાવી લેવાનું વધતું સુગમ ધારીને, વાંચનારને મીઠુ કાટેજના દિવાનખાનામાં તેણી દાખલ થાય છે, ત્યાંજ અમો તેડી જઇશું.

એજ સહવારે હાથોહાથના એક રૂક્કાથી તેણીએ પોતે સાંજના મળવા આવવાનું કહેવડાવ્યું હતું. ગુલબાઇની નાદરૂસ્ત તબિયતને લીધે તેઓથી બહાર જવાતું અવાતું હતું નહિ એમ જાણીને રીતભાતનો તરીકો બાજુ મુકી પોતેજ તેઓને મળવા આવશે એમ તેણી લખતી હતી.

અને તેણીના લખવા મુજબ પોતાની નાની શેઠાણી સાથ નવાબ-જંગની જોરીની ગાડીના તેજી રક્ષો 'મીઠુ મૅનોર'ના નાના લાકડાંના ગેટ આગળ આવી ઉભા. ગાડીમાંથી ઉતરતો તે આકાર પહેલી નજરે એક સ્વરૂપવાન સુંદરતાની શ્રેષ્ટ નકલ હોય એવો ખ્યાલ આપતી. પણ જેમ તે આકાર નજીક આવતો ગયો, તેમ ફાશીનની ફીસ્યારીનાં તરેહવાર ખેણકાતકોની એકાદ ખેંચાણકારક જાહેર ખબરનુંજ તે પુતલું હતું, યા છાલકાં મગજની તે એક છેલછબીલી હતી એમ એક લેહજામાં જોઇ લેવાતું.

"જોઓવ ગુલબાઇ—છે માહરામાં કાંઇ મોટે ઘેરની મોટઇ?" વિલાયતી ઉચ્ચારે તે વિલાયતી વાજું આવતા સાથ વાજવા માંડયું. પણ વાંચનારની સવળતા ખાતર અમો એ વિલાયતી ઉચ્ચારની વાતચીત સાદીસુતરી રીતેજ છાપી લઇશું. "ખરી રીતે તો તમેજ 'ફ્રસ્ટ કૉલ' આપવો જોઇએ. પણ એક તો તમારો ગાડીઘોડો નહિ, ને તમે સીક, એટલે હુંઉંજ આવી. મને કંઇ કોઇની કેની માનએકરામ માંગવાનું પસંદ નહિ."

"મરે કોઇ મેડહાઉસ મુવેલી છે;" મીઠુએ વમાસ્યું.

"મેહરબાની થઇ દીકરા, આવી તે;" ગુલબાઇએ લાયકી બતાવી. "મારાથી તો કોણ જાણે કયારેબી નીકળાતે કે નહિ. તુંજ અમુને ગરીબને ચાહીને આવી તેથી અમે ખુશી થયાં."

"નોનસનસ; ગરીબ શું ને તવંગર શું? મારી પાસ હીરા મોતી

છે, તો તમારી પાસ કંઇ સુનું રૂપું તો હશેની. ગાડીઘોડા નથી પણ પગ તો ખોદાએ આપ્યાછની ?" વિલાયતી વાજુંં ભુકયું.

તેઓ ખામોશ રહયાં. ફિલસુફીની એ ફેંકાસીતી ચુપકીદીમાં સમજ્યા સિવાય તેઓ બીજું શું કરે ?

"ખરા જો, પપા કહેછે ઘણાજ એરીસ્તોક્રેટીક બે જવાન હમણા વાંદરાવાસી થયાછ ને તેમાંનો એક તો કહેછે 'પોએત' છે ?" વિલાયતી વાંજાએજ વાત ચલાવી. "મેં તો પપાને કહ્યું કે એ 'પોએત' માહરે વરે તો ન્યુસનસ થઇ પડશે. એ લોક તો બ્યુટીનાં પરસ્તાર પડયા—ને એ પારસી 'પોએત'ને કોઇ પારસી બ્યુટી અમ્મર કરવાની હોય તો તેને મારા વતરોગ બીજી કોઇ મલે બી ?"

"મરેરે, એ ઘેલું વંદોરૂં કયારે પટશે;" મીઠુ બડબડી.

"તમારા પપાએ કહેલા કવી જો મી૰ તાલ્યારખાન હોય તો એવણ તો એટલા ઓછા બોલુ ને શરમાળ છે કે બસ નહિ;" કેટીએ કહ્યું.

"બિચારો ઘણોજ ખમીરે અમીર છે; નારે માય, નકામું કોઇની પછવાડે જુઠું બોલવું;" કેટીની પડખે ગુલબાઇએ બોલવાની હિંમત કીધી.

"ત્યારે તો સારૂં," ચાવી ખલાસ થતી હોય તેમ નાસીપાસીનું કાંસીકરાંજીને ઍલીસ બોલી. "માટીડાઓ એટલા કાંઇ 'એબસરડ' રહેછ, કે જરા મારાં જેવું સોહામણું બઇરૂં જોયું, કે તે લોકનો પીછો છોડતાજ નથી. એજ આપદાને ખાતર ઓળખપીછાણ પાડવા અગાઉ તેહકીક કરવાની મેં તબેહ રાખીછ."

"તુંને જણાવાની આવતી મરેરે," ગુલબાઇ તે વિચીત્ર વંદોરાની

વાતથી વિસમય પામીને બબડયાં; પછી મોટેથી ઉમેર્યું, "હાસ્તો માય, અસ્તરી જાતને તો નરતું જરતું રહેવામાં શોભા."

"તેથીજ તો. પપા કહેજે સર પેસોતનનો જીવ બધો એ 'પોએત' ભાણુજા પર છે. પોએતસ પર હુંબી બચગીથીજ ફીદા ને તેઓની સારી 'પોએતરી' એટલી 'એડમાયર' કરૂં—"

"રૂસી બી કહેજે ઘણી મજાની પોએતરી લખેછ. ભલાં આદમી ગુજરાતીમાં લખતો હોયની;" ગુલબાઇ બિચારાંએ કાંઇ બોલવું જોઇએ કરીને ટાહુકો પુર્યો.

ઍલીસ નવાબજંગે તે વિચાર છટ નોનસનસ કરી નાંખ્યો. વાત સામાન્ય થતાં, મીઠુ અને કેટીએ પણ પોતપોતાના વિચાર દર્શાવ્યા. અને વાતનું વણું એમ સામાન્ય બાબદ પરજ ગબડતે, પણ વિલાયતી વાજું મુંગુ ગગડે તોની ?

"આઇ સે મીઠુ," તેણીએ જરા વારે પુછયું; "એ બેઉ મામાફુઇનાની 'પરસનાલીતી' તદન જુદીજ છેની? યુ સી, હું પેલા પોએતને 'કૅચ' કરવા માગુંછ; ને એ બેઉ તો કેહજે ફરેહરે તે નરા જોરયા ભાઇ !"

"નાહિરે મરે, તે કોણે કહ્યું ? જોરયા ભાઇની કાની બેઉ છુટા પડતા નથી એ વાત ખરી; પણ પરસનાલીતી તો બેઉની તદનજ જુદી;" કેટીએ જવાબ કર્યો. મીઠુને તો આજે ખભેજ આવ્યું હતું, ને તે ખાઇપીને નવાબજંગની ઍલીસ તરફનો અણગમો જાણે બતાવી આપવાનુંજ કરતી હતી.

"હાઉ સ્વીત ઓફ યુ કેટી," તેણીએ હવે મીઠુને પડતી મુકતાં કહ્યું. "આપણે બેઉ જરૂર ફ્રેન્ડસ થઇ જઇશું. ડોન્ટ યુ થીંક સો? મને

પેલો પોએત બરાબર ડીસક્રાઇબ કર ડીઅર. યુ સી હું પેલા એના કઝીન મી૦ નોબદીને એવોઇડ કરવા માગું છ. એ રૂસીજ મામાનો વારેસ થશે એતો શ્યોર છેની ?"

રૂસી તાલ્યારખાન મામાનો માનીતો હતો એટલું આનાકાનીથી કેટીએ અંક કર્યાં પછી, વિલાયતી વાજું "ચીયરો"ના ચીબાતથી ચીમવાતું ગાડીમાં ગોઠવાયું ને ગયું.

"એના સકાર સાંતેરે એના," ગુંટી રાખેલો ખીજવાટ ગુલબાઇએ ખાલી કર્યો. "બોલે તે તો જાને ચાવી આપેલો ફોનોગ્રાફ. ફોળવઇને વેલાતથી આવતી વાંકી વરેરે !"

ગુલબાઇના એ વિચારોથી જુદાં પડીને નવાબજંગની ઍલીસના અવાજ અને ઉચ્ચારની નકલ કરવાની પછીથી ફેશન કાઢનાર નકલ્યાંઓ ઘણા થયાં એમ જાણી, અમારાં વાંચનારાંઓને અજાયબીનો આંચકો લાગશે ખરો ?

નવાબજંગ ખાનદાનની એ નબીરીની પધરામણીની ખુશાલીમાં વાંદરા ખાતેના તેમના 'નીઝામી મહાલ'માં અપાયલી પારટીમાં લેટેસ્ટ ફેશનની તે પૂતળી ફેશનેબલ સરકલની લીડર થઇ પડી એમ લખવામાં અમો લેશમાત્ર સરાહગાત કરતા નથી.

ખભાંપર માત્ર પાટલી રીબનસના સ્ત્રેપસથી સચવાયલું એક સીલ-વર ગ્રે બીડસનું બ્લાઉઝ તેણીનાં સોહામણા શરીરને લજવાવતું હતું. લેસના આરકાં, સીફીનની ફ્રીલ્સ, અને રીબનના બોઝ સાથનો એક એસ્કી સ્કર્ટ શો વીન્ડોમાં મૂકયો હોય તેમ સ્પાઇડર વેબ વણાતની પેરીસ સીફીનની એક બારીક સારીમાંથી ડોકયાં કાઢતો હતો; અને સારી સાથ મેચ થતાં સ્તોકીંગ અને બુટમાં પૈડાંપર ચાલતી તે પૂતળી

'આવરજી' 'આવરજી' કરીને વિલાયતી અવાજ અને એકસન્ટસ સાથ આદરભાવ આપવા પિતાની બગલમાં હાથ લઇને ઉભી હતી.

એ તે વાંદરાવાસી થયલું વિલાયતી વાજુ હતું, જેને સેકહેન્ડમાં પોતાનો હાથ આપતાં રૂસી તાલ્યારખાનના દિલમાં દેડકા દોડતા થયા.

પ્રકરણ ૪ થું.

મોતનો ઘંટ.

"મને તેર્યો, મામાજી?" મામાનાં તેડાંની ઇજત કરીને લાયબ્રેરી રૂમમાં દાખલ થતાં સાથ રૂસીએ પૂછ્યું.

સહવારને પોહર તે વહેલો ઉઠવાવાળો હતો. અને ઘરનાં બીજાંઓ ઉઠે તે પહેલાં એકાદ લટાર મારી આવવાની તેની તબેહ હતી. અત્યારે પણ એ મોરનીંગ વૉકની સુરખી તેના ગાલો ઉપર ચઢી હતી. અને તેના અવાજમાં પણ નાજુક કાયનાત છતે ટંકોરાબંધ તબિયતને જવાબ કરતો નાદ વાગી રહેલો જોવાતો.

"સહવારને પોહર બી કયાં રખડવા ગયલો, રૂસી? જરા તો પગ ચેરમાં ઠેડવ," મામાએ આવકારમાં હસીને કહ્યું. "બેસ; અહીં આજે તારી સાથ મને એક જરૂરની વાત કરવાની છે."

તે મામા ભાણેજ એમ જરૂરી વાત કરવા સામસામા ગોઠવાયા. બાગના લોન અને ઝાડો ઉગતા સુર્યના નરમ કિરણોમાં પ્રફુલીત થતાં હતાં. જુલાઇ મહીનાની ભીનાશવાળી બામદાદની લેહકી હઝારો ફુલોનો મઘમઘાટ તે આરાસ્તે લાયબ્રેરીમાં ખેંચી લાવતી હતી. ખુશ નાઝો-અદાએ મેલમાં આવેલી બાહરની કુદરત આનંદમાં હિંડોળતી હતી. ત્યારે સર

પેસોતનની લાયબ્રેરીમાં થોડાક હસ્તા શબ્દોની શરૂઆત સાથ એક કરૂણારસ કિસ્સાનું મંડાણ થતું હતું.

"રૂસી," ગંભીર અવાજે માતબર મામાએ શરૂ કર્યું. "લોક ધારેછ તેથી જ્યાદા–બેશક બેસુમાર જ્યાદા—ધન મેં જમાવેલું છે. ધન જમાવવા કાજ મેં જીંદગી ઘસી નાખી; ને આજે હિંદના ગણત્રીના કરોડપતીઓમાંનો એક ગણાવાનો મને સંતોષ છે."

"હું સમજીને ઘણો ખુશી છેવું મામાજી," તેની તરફના જવાબની વક્કીમાં તે મુરબ્બીને થોભેલો જોઇને અકળાયલા રૂસીએ ઓરંગો માર્યો.

"માહરૂં વીલ સહીસાખ થયલું તૈયાર છે, તું સમજ્યોની? ને જે ઘડીએ માહરી આંખ વિંચઇ, તે ઘડીએ તું માહરો ભાણજો એક માતબર મામાનો જરદાર વારેસ થશે. જો," હયાં સર પેસોતન થોભ્યા; વધુ ટટાર બેઠા; અને ખંખારથી ગળું ખુલ્લું કરી આગળ ચલાવ્યું. "હવે ધ્યાનથી સમજ, રૂસી; આગળ જે મેં કહ્યું, તે બધાનો આધાર 'જો' ની પાછળ આવેછ."

બચ્ચાં જેવી નિર્દોષ અજાયબીમાં રૂસીની પ્યાલી આંખો ડગમગી રહી. "એવું તે એ 'જો' પછી શું એક આવવાનું છે, મુરબ્બી?" તેણે પૂછ્યું.

"નજીવું, વાતમાં તો છેકજ નજીવું;" સર પેસોતને જવાબ વાળ્યો. "વાતબી છે તાહરા લાભની."

પણ રૂસીના લાભની અને એ નજીવી વાત કહેતાં મામાને ભિત્તરે થતી વ્યાકુલતા તેવણના ચેહરાપર પ્રગટ જણાતી હતી.

"મામાનો એટલો સખુન રાખશેની, રૂસી?" મુદ્દા પર ન આવતાં

પેસોતને અસતો પટામણભરી પ્રસ્તાવના શરૂ કીધી. "મારી આશા ઉમેદનો બધો આધાર તારી 'હા' ને 'ના' પર છે જો!"

"મારાથી બને તેવું હશે તો બજાવવા હું ના કહુંબી?" રૂસીએ મામાને હિંમત આપી. "પણ તમે શું કરાવવા માંગોછ તેજ હજી કહેતા નથી?"

"કરવાનું તો કંઇજ નથી, ને વાતબી ખુશીખુરમીની છે;" ડોસાજીએ ફરીને તેજ કુઠલો પાછો કહયો. "લેની કહી દેવું.—તું મારો વારસ થવા ચાહતો હોય તો ઍલીસ નવાબજંગને તારી ઔયર બનાવવી પડશે."

તે ભાણજાના ચહેરા ઉપરની સુરખી અને આંખોમાંની મસતી અલોપ થઇ ગયાં.

"તમારી દોલતનો વારેસ ત્યારે બીજો કોઇ શોધી લેવ, મામાજી;" તે જવાને જવાબ વાળ્યો. "એ ઍલીસ નવાબજંગ મારા તેસ્ટની નથી."

"તારા તેસ્ટની?" માતબર મામાએ વિસ્મય પામી પુછ્યું. "ઔરી તે કંઇ મીઠાઇની માટલી છે જે તેસ્ટ કરીને પણવાની? ને એનામાં ખામી શું પડી જરા હુંતો જાણું?"

"ખામી એક નહિ, મુરબ્બી, એકસો ને એક છે;" રૂસીએ ઉત્તર આપ્યો. "તુંડ, તુમાખી, ઉછાછલી, મૂર્ખ—નહિ, નહિ; સો વર્ષેબી એ ઓરતને હું ચાહી શકું નહિ."

"ગાંડા એને ચાહવા તુંને કહ્યું કોણે?" મામાએ દલીલ કીધી. "ચાહવાની હયાં વાત કે તકરાર છેજ નહિ. મારા વારસે ઍલીસ સાથ પણવું એજ મારો સવાલ છે."

રૂસી તાલ્યારખાને કરાજીનું ડોકું હલાવ્યું.

"બૈરીને બદલે એવી એક બેડી હાથમાં નાખવા તમારી તો શું, પણ દુનિયાની પાદશાહત ખાતર બી હું કબુલ થાવું નહિ."

"શુંઉંઉંઉં?" સર પેસોતને જીવ જીકાત્યો. "મારા કરોડો તારે મન કાંકરા છે? ને પૈસા વગર પછી ખાશે કોણને, પ્યારનો કોઇ પાહનકો ઉંચકી લાવશે તેને?" હયાં તે તપેલો માતબર કાંઇક ઠંડો પડયો. પછી ધીમેથી ઉમેર્યું, "અવિચારી જવાબ ઉતાવળે આપવાનું કંઇ કામ નથી; ધીરે સાસ્તે વિચાર કરી પછી મને જવાબ આપજે, સમજ્યો?"

"મામાજી 'ના' નો મારો જવાબ આખીરજ જાણો; હું બીજો કોઇ જવાબ આપી શકવાનો નથી;" રૂસીએ ઠરાવથી કહ્યું.

"રૂસી, મારા જીવતા જીવને મેં તારામાં ભર્યો તેનો આએ નતીજો?" બેરોનેટે ગગડાત કર્યો; જોકે તે ગર્જનામાં રહેમ દ્રષ્ટીનાં છાંટા છેકજ સુકઇ ગયા ન હતા. "હું મિજાજનો ફેરાવન માણસ છું. તારો 'ના' જ જવાબ હોય તો આજ ને આજ મારે નવું વીલ બનાવવુંછ. બોલ હવે તારો જવાબ હા કે ના?"

"ના;" સ્પષ્ટ જવાબ આવ્યો.

"રૂસી, સમજ; મારી મીલકત ને દોલતમાં નવાબજંગની અસકયામત એક કરવા ખાતર એ જોડાણની જરૂર છે. એ ઉમેદ મારી જઇફીની લાકડી, મારા બુઢાપાનો ખોરાક છે;" આશાના તારો તુટી ગયલો તે અવાજ ફાટાં ઢોલ જેવો ખોખરો વાગતો હતો. "એક પુરૂં બચ્ચું પર્યું, તે જરાતરા ઉછાછળું ને તુમાખા હોય, તેથી શું? પૈસા સો એબનું ઢાંકણ છે, ને ઍલીસ નવાબજંગના કરોડો—"

"મને નથી જોઇતા મુરબ્બી," રૂસીએ હવે કંઇક ખીજવાત બતાવ્યો. "અદીને પુછી જોવ એને કદાચ એ પતંગીયું પસંદ પડે બી."

કેવું સુખી છેવટ જો અદી હા પાડે તો? મીઠુ પદમજીના પ્યારના ક્ષેત્રમાંથી એક બળવાન હરીફ હઠી જાય તો કેટલી નચિંતાઇ? કેવી આસાનીથી તે મીઠુને પોતાની કરી શકે.

"અદીને પુછ્છું નહિ પુછ્છું તે મારી મરજીનો સોદો છે," મામાએ મિજાજથી કહ્યું. "ખોટા ખ્યાલને ખાતર દોલતના ડુંગરને ઠોકરે મારનાર ખ્યાલીઓ સારા નશીબે એક કુટુંબમાં બે એકી વારે જનમે એ બનતું માહલ છે. બોલ હવે, તારો છેવટનો જવાબ 'ના' નોજ છે?"

"બીજો શું હોય, મુરબ્બી?"

"અચ્છું ત્યારે," તીખા તપેલા અવાજે 'દરિઆ મહાલ'ના માલેકે કહ્યું. "આજેજ હું નવું વીલ કરૂંછ. ને ઓ નાફરમાન દુકતા, તું મારી એક દમરીબી જોવા પામશે નહિ."

"તમારી દોલતની મને રેજ માત્ર પરવાહ નથી. બસ એટલું કહો મુરબ્બી, કે તમારી મેહર માયા તમે મારા પર ચાલુ રાખશો; તો પછી—"

માયાળુ એ મીન્નતગુજારીના જવાબમાં સર પેસોતને પોતાનું ધ્રુજતું આંગળું બારણા ભણી લંબાવ્યું.

"નિકળ," ધીમા દબાયલા અવાજે તેવણે તકાજો કીધો. "મારી આગળથી જા-દફે થા."

ઉદાસ ચહેરે અને ભારી પગલે મામાનો તે લાડકો ભાણજો લાયબ્રેરી રૂમમાંથી બાહર પડયો, જ્યાં તે નફિકરા જીવે અને ખુશાલ મને થોડીક મિનિટો પહેલાં દાખલ થયો હતો. તે મામાની દોલત ખોહવા માટે

નહિ, પણ તેને કહેલાં કડણ વેણથી તે હૃદયવાન જવાનને ભારે દુઃખ પહોંચ્યું.

તે મામાભાણુજાની એ તોડછોડ પછીના થોડા કલાકમાં પોતાના લક્ષાધીસ કુળનું તાકીદનું કહેણ માથે ચઢાવીને સર મોદીના કુટુંબી સોલીસીટર વાચ્છા એન્ડ વાલેસના વડા ભાગ્યા મી૰ વાચ્છા શ્રી વાંદરા ખાતે આવી ઉભા? મોટેરાંઓને થોડુંજ ખર્ચના ખ્યાલથી ડરીને બેસી રહેવું પડે છે? દામ કરે કામ, તો દરિઆ માહલના માલેકનું એ નવું વસિયત થોડા કલાકમાં તૈયાર થઇ જાય તેમાં નવાઇ હતી નહિ.

એ છેલ્લાં વસિયતનામાને સહીસાખથી કાયદાપુર્વક કરવા પહેલાં, નવાબજંગની ઍલીસનો હાથ શાદીમાં કબુલવાનો કબાલો કરવાને, સર પેસોતને હવે અદીને તેડી મંગાવ્યો. નશીબવાન અદી! પોતાના જરૂરી કામસર તે સહવારની ફાસ્ટમાં મુંબઇ નિકળી ગયો હતો; અને રાતના મોડેથી આવવાનું કહી ગયલો હતો, એટલે કાકા સાથના કબાલાના સકંજામાં સપડાવાની તેની વારી આવી નહી.

અદીની ગેરહાજરીનું બહાનું બતાવીને તે અવિચારી ઉતાવળ્યાં વીલપર સહીસાખ નહિ કરવાને વાચ્છા વકીલે શેઠને સમજાવવા ને થોભાવવાનું ઘણું ઘણું કહ્યું; પણ ઉશ્કેરાયલું તે મોટેરૂં મન નરમી કે ઠંડઇનું અસલવારેથી વેરસી હતું; એટલે સર પેસોતન તે વીલ સહીસાખથી કાયદાપુર્વક કરવાને બજીદ થયા.

"અદી ઍલીસનો હાથ ના પાડવાનોજ નથી," તે બેરોનેટ બજીદ થઇને બરાડતો. "કરોડોને ઠોકરે મારનારા ગધેડા બધાજ હોતા નથી. અને કદાપી કાલે અદીએ ના કહ્યું તો મુન્જાકો શું? બીજું વીલ બનાવતાં તેને કોણ

અટકાવનાર કે પૂછનાર હતું?" એ તો ચડશે ચઢેલા ચીડયલની દલીલ હતી, અને તેણે આયંદા પોતાનોજ કક્કો ખરો કરાવ્યો.

કુદરતે એજ નિર્માણ કરેલું તે મીટ કયાંથી? અદીની 'હા' 'ના' પૂછવા બીજી સહવારના ઉગતા સુર્ય સાથ તે ઉઠનાર ન હતો, એમ તે કયાંથી જાણે?

દયાહિણ મોત પોતાનું દાતરડું ઉગામી તેની પડખેજ ઉભું હતું, જયારે કે સત્તાની ગુમાનીમાં બીજું વીલ બનાવતાં તેને કોઇ અટકાવનાર હતું નહિ એમ ગર્વથી તે કહેતો હતો; અને ઉતાવળે કરેલું તે અવિચારી વીલ ધારેથી ફેરવે તે પહેલાં મોતે સીતમભરી સીતાબીથી તેને પોતાને શરણે લીધો. મોતે કરેલી ખરાબીથી બેખબર તે માહલમાં તો બાહરવણની બામદાદે રાબેતાની ધધુખર ચાલી રહી હતી. સરેસ્તાનો વખત થઇ ગયા છતાં માહલના માલેકનાં ઓરડામાં હીલચાલનાં કશાંજ ચિન્હ જણાયાં નહિ ત્યારે, શેઠનો માનીતો મુનીમ મનચેર ખંખાર મારતો ઓરડામાં ગયો. અને ત્યારે?

તે મોટેરી કાયા પોતાના પાદશાહી પલંગપર જીવ વિનાની પડેલી હતી. ડાકટરોની દોડાદોડ તુરત પ્હોંચાડવામાં આવી. પણ કલાકો અગાઉનો તે જીવ ખાનદાની ખોલ્યામાંથી ઉડી ગયલો, એટલે પૈસા કે વિહવા તેને પાછાં લાવી શકયાં નહિ.

એ રવેસે બુલંદતાલે તે બેરોનેટ માલેકનાં ઓચિંતા અને અકાળ મરણની ખબરથી દરિઆ માહલ શોક અને ગમીમાં ગીરફતાર ગયો. અદી જે તે રાતના પણ પાછો ફરી શકયો ન હતો, તેને બરી ફજરના ફોનથી એ દુઃખભરી ખબર સમજી, અને તેની પુઠેજ એ માતબર મુરબ્બીનાં

સગાંસ્નેહી તેમજ મિત્રમંડળના ધારેધારાં દરિયા માહલમાં તીડનાં ટોળેટોળાં પેરે તુટી પડયાં. તે માતબર મોતને માન આપવા કરતાં એવી મીજલસમાં હમશરીક થવાનું માન ખાટવાવાળાંઓની સંખ્યા તેથી ત્યાં વિશેષ એકઠી થઇ હતી.

ચાહરમની સાંજે ચાર વાગે મેસરસ વાચ્છા અને વોલેસ સોલીસીટરસ મરનાર સર પેસોતનનું છેલ્લું વસિયતનામું વાંચવાને હાજર થયા ત્યારે માહલનું ભવ્ય દિવાનખાનું આશામંદ જીગરો અને જીજ્ઞાસુ જીવોથી ભરચક ભરાયલું હતું.

તે એક સાદું અને ટુંકું ખત હતું. જરૂરી થોડીક લીગેસીની ટીપ આપ્યા પછી, સર પેસોતન મોદીની સ્થાવર તેમજ રોકડ મીલકતના એકલા વારેસ તરીકે પોતાના ભત્રિજા અદી મોદીને તેવણે સઘળું વિના સરતે સ્વાધિન કર્યું હતું.

તે વિચીત્ર વીલ વંચાયું ત્યારે સૌ વિસ્મય પામ્યાં. તે મામાને ભાણજો માનીતો હતો. તેજ તેનો વારેસ થશે એ સૌ કોઇ નક્કીપણે માનતું હતું. એટલે અદી મોદીએ કંઇક કાળુંધોળું કરીને રૂસીને અન્યાય કરાવ્યો હતો એમ ઘણાક ડહાપણડોળુઓનું ત્યાં મત પડયું. વળી અદી આવો ગેરઇનસાફ ચુપચુપ ખમી લેવાનો નથી, અને રૂસી તાલ્યારખાન તે વીલ ખોટું ઠરાવવા કોર્ટને અરજ કરનાર છે, એવી ગપ પણ વગર વિલંબે બાહર પડી.

પણ દરિયા માહલના દાવાદારો અદાલતની દેવડીએ ચઢવા બદલ અગાઉ મિસાલ ગુજસુજથીજ રહેલા હતા એમ જાણ થઇ, ત્યારે ઘણાકોને નિરાશી ઉપજી. એક મ્યાનમાં બે તલવાર માયબી ખરી? પણ દરિયા માહલમાં એ મોજેજો બનતો હતો. અને રૂસી તાલ્યારખાનના કવેત જીગરને રૂચે તેવી રીતે માહલની એક વીંગ નવેસરથી બાંધવા ને વધારવા

વાસ્તે હુસ્યાર ઇજનેરોનાં મત અને એસ્ટીમેટ મહાલનો નવો માલેક સર અદી મોદી લેવરાવતો હતો એમ સત્તાવાર ખબર બાહેર આવી, ત્યારે ઘણાકોને કળજુગ પુરો થઇ કયામત આવતી હતી એમ લાગ્યું.

સર અદી મોદી પોતાના વિલક્ષણીત કાકાના વિચીત્ર સ્વભાવથી માહીતગાર હતો. છતાં મરવાની થોડા કલાક પહેલાં તે કાકાએ તેની તરફેણનાં કરેલા વીલે તેને ભારે અચરતી ઉપજાવી. મરનારે પોતાનો રૂસી તરફનો પક્ષપાત અદીથી કદી છુપાવ્યો હતો નહિ. અને ત્યારે અંતની ઘડીએ કયા ધખારાના ધ્યાનમાં મરનારે પોતાનું સર્વ તેને હસ્તક ને હવાલે કર્યું તે અદીને ગુંચવનારો સવાલ થઇ પડયો.

એ ગેરઇનસાફી વીલનું મુળ અને મતલબ અદીને ન જણાવવાને રૂસીએ તે સોલીસીટર કનેથી માંગી લીધું; અને તેણે પોતે પણ એ બાબે ચુપકીજ અખત્યાર કરી. ત્યારે આખર તે વિચીત્ર વીલની અદીની અજાયબી વિસારે પડી ને વિસરાતી ગઇ.

પ્રકરણ ૫ મું.

કિસમતની કિશ્તી ખરાબીના ખડકે.

'દરિયા મહાલ' ના લોખંડી દરવાજા મહીનાઓ બાદ આજે ફરીને ખુલ્લા મુકાયા હતા. મર્હુમ સર પેસોતનની ઍસ્ટેટોના વહીવટની વ્યવસ્થા કરવા અર્થે જુદે જુદે ઠેકાણે જવા નિકળી પડેલા તે કઝીનોમાંથી કોર્ટના એકાદ તાકીદના કામ વાસ્તે રૂસી તાલ્યારખાન આજે વાંદરા ખાતે પાછો ફર્યો હતો.

શોકની ગંભીરતા મોતને ઘટારત છે. જેઓ દુન્યવી માયાની મોજ-મજાહમાં મોતની યાદ ને ગમીની ગંભીરતા વિસારી શકે છે, યા જેઓ હમદીનની હમદર્દીમાં હમશરીક થઇ જાણતાં નથી, તેઓ ભાઇબંધીની હિસ્સેદારીના ચોર ગણાયાં છે. 'દરિયા મહાલ' નો યુવાન માલીક, સર અદી મોદી, એવી નાની બદીઓને કદી વશ થતો નહિ; અને તેથી મરનાર તરફનું માન કે મોતમાં જાળવાવી જોઇતી ગંભીરતા ભુલી જવા જેવો તે ભાનભુલો થયો નહિ. દિલસોજી અને દિલાસાથી મુલાકાત આપવા આવનારાંઓનો ધસારો 'દરિયા મહાલ' માં તેઓ હતા ત્યાંસુધી ચાલુજ રહયો. તે અરસામાં ઍલીસ નવાબજંગ ને ફરામરોઝજંગ પોતે અનેકવાર તેઓ આગળ અને ખાસ કરી સર અદી આગળ આવી જતા; ગુલબાઇ પદમજી પણ મીઠુ તથા કેટી સાથ દિલાસાની તે વીઝીટે આવી ગયાં હતાં. પણ અદી તથા રૂસીએ કેથેબી જવાનું માંડીજ વાલ્યું હતું. નતો નવાબજંગના અનેકવારના ઇજનો તેઓએ સ્વીકાર્યાં, નતો 'મીઠુ મૅનોર' ની રોજીંદી મુલાકાતને એ અરસામાં ચાલુ રાખી. એવી કોઇબી મુલાકાત માટે તે મોકો હતોજ નહિ, એમ તે સભ્ય જવાનોએ પોતાના મનથી માની લીધું હતું. ઉપર જણાવેલા સબબસર તેથી વાંદરા ખાતેથી તેઓ વિદાય થયા ત્યારે પણ, યથાવિધિ તેઓ વિદાયગીરીની સલામ ઇચ્છવાને 'મીઠુ મૅનોર' માં ગયા તો ખરા; પણ આગલી ખુશ ગુફતેગોને બદલે એ દિવસે તેઓ ગંભીરજ રહ્યા, અને ગમગીનીમાંજ છુટા પડ્યા. નવાબજંગને ત્યાંબી ઉભા ઉભાજ તેઓ સભ્યતા ખાતર જઇ આવ્યા.

તેઓને ઘણું કરવાનું, અને પુષ્કળ રખડવાનું હતું. નામદાર નાઇ-ઝામ સરકારના હૈદરાબાદ તરફની બે મોટી મીલોમાં સર પેસોતને હઝારો રોકેલા હતા. ગ્વાલીઅરના માહરાજાને હસ્તકની હદમાંની એક સોનાની

ખાણમાં તેવણની ભાગીદારી નિભતી હતી. ગાયકવાડ સરકારના મુલકમાં હુન્નર ઉદ્યોગમાં પણ મહુમે પોતાની થાપણ રોકેલી હતી. એટલે એ બધે ઠેકાણે હાજર થઇ, ત્યાં જુદા જુદા પ્રોબેટ ને પાવરની ખટપટમાં મહીનાઓ નિકળી જવા છતાં, હજી ઘણું આટોપવાનું બાકી હતું. તેટલાં મુંબઇની એક કૉટન મીલની એજન્સીમાં તેમનો ભાગ હતો ત્યાંના એક ભાગ્યા, મી૦ હયુમનો તાકીદનો તાર આવ્યાથી રૂસીને ખાસ મુંબઇ ઉપડી આવવું પડયું હતું. અદી તો હજી ગ્વાલીઅરમાંજ રોકાયો હતો.

મુંબઇ આવ્યા પછીના ત્રીજા દિવસે, રૂસીએ પોતાનાં અધીરાં પગલાં 'મીઠુ મૅનોર' તરફ લંબાવ્યાં. બહારવાસના મહીનાઓ દરમિયાન તેઓ વચ્ચે એમ તો કાગળ પત્રનો વહેવાર ચાલુ રહયો હતો. 'ફ્રેન્ડલી લૅટરઝ' કે જેમાં તેઓ અરસપરસની લાગણી અને દોસ્તીની તેમજ ખબરઅંતરની આપ લે કરતાં રહયાં હતાં. પણ આજે 'મીઠુ મૅનોર' તરફ રૂસી અમુક ધારણા સાથે જતો હતો—ધારણા જે તેને ધિરજીથી પોતાના દિલમાં દબાવી રાખી હતી. છતાં આજે તે ખુશાલ કરતાં ધ્રુજરે જ્યાદા દેખાતો હતો. જે વિચારો તેના મનમાં મહીનાઓથી ઉથલાતા હતા તે આજે એક મીઠી માહબુબને જાહેર કરવા વાસ્તે, તે કવિ પાઠ બોલવા ઉભેલો એકાદ શરમાળ સ્કુલબૉય હોય તેમ પાણીપાણી થઇ જતો હતો.

મીઠુને તે કેમ મળશે, શું કહેશે, કયાં લઇ જશે, અને પ્યારનો એકરાર કેવી કિસમે જાહેર કરશે, તે બધું તે મનમાં ગોખતો ચાલતો હતો. પણ સંજોગ જ્યારે સંગત થવાના હોય છે ત્યારે આપણી ધારણાને પેશ પડતો સ્ટેજ આપોઆપ ગોઠવાઇ જાય છે. આજે રૂસી દહી ખાઇને નિકળ્યો હશે, કારણ 'મીઠુ મૅનોર'માં તેને જોઇતુંજ જડયું, અને માંગ્યું તેવુંજ મળી ગયું. ગુલબાઇ પદમજીની કાલ રાતની દાઢ ઘણી દુઃખ

આપતી હતી, એટલે કેટીને લઇને તેઓ દાંતના ડાકટરને ત્યાં મુંબઇ ગયલાં હતાં, એટલે મીઠુ વરંદા ઉપર કાંઇ ભરતકામ લઇ એકલીજ બેઠેલી હતી.

અરસપરસની ખેરઆફ્યત પછી, બીજાંઓની ખબરઅંતર પુછતાં રૂસીએ જ્યારે મીઠુ એકલીજ હતી એમ જાણ્યું, ત્યારે તેણે હિમ્મત એકઠી કીધી. મીઠુના નાના હાથો પોતાના હાથમાં લઇ, પ્રિતમાં તરતી આંખ્યો સાથ ઓશક અને હર્ષથી હોંગલોક બનેલા ચહેરાએ તેને પોતાનો પ્યાર જાહેર કર્યો.

મીઠી મીઠુના પરવાલા જેવા હોઠો અજાયબીમાં હસતા હતા. તેણીની નરમ આંખ્યોમાં પ્રશંસા જોવાતી હતી. તેણીના કાનો પ્યારના એ મીઠા શબ્દોની સુંદરતા તરફ ખેંચાયલા હતા; પણ તેણીના કોમળ જીગરમાં તે બોલોથી નતો કાંઇ પ્રેમના ઉછાળા ઉઠયા, કે નતો તે શબ્દોના પડઘા તેણીના જીગરમાંથી પાછા આવ્યા.

"મારા સ્વપના, મારા વિચારો, મારી આશા ને અભિલાષ બધું તારામાંજ મેં ભરેલું છે. દોલત અને દરજ્જો આજે મારાં નથી; પણ તું જો મારી પડખે રહેશે તો એ બધું હું સહેલથી મેળવશ, ને તારા પગ પાસે ધરશ."

પ્યારના એ શબ્દો બોલતાં રૂસીના પ્રાણ કંડે હતા, ત્યારે મીઠી મીઠુ એક નિર્દોષ બચ્ચાંની અદાએ આ નવીન નવાઇનો પહેલો અનુભવ શાંતિમાં ગ્રહણ કરતી બેઠી હતી. પ્રિતની પ્રેરણા, કે 'લવ'ની લેહ વગર તે તો શાંતિ સાગર પર સહેલ કરતી હતી.

"તમુને હું એટલી બધી ગમું છ એ શું અજાયબી નથી, રૂસી?"

ભોલો ભાલો તે સવાલ રૂસીને બીચકાવવા પુરતો થવો જોઇતો હતો; અને અમો કહીશું કે 'પ્રેમ આંધળો છે' એમ જે કહેવાયું છે તે જો ખોટું હતે, તો મીઠુએ જે હદબાહરની શાંતિથી તેના પ્યારના શબ્દો સમજ્યા, તે શાંતિજ રૂસીના જીગરમાં નિરાશાનું તોફાન ઉઠાવતે. પણ તે પ્યાર આંધળા આશકને તેવો કાંઇ સંદેહ થયો નહિ.

"એમાં અજાયબી શું હોય, ડારલીંગ? કોણ મારી મીઠી મીઠુને જોય, જાણે, ને નહિ ચાહે? પણ ડીયરેસ્ટ કહે કે તું મને થોડોબી વળતો ચાહેછની?"

તે નિર્દોષ આંખ્યો વિચારવંત ઢપે રૂસી તરફ ફરી.

"તેજ હું મારાં મનને ત્યારની સવાલ કરૂંછ; પણ મને તેનો ખાત્રીથી જવાબ મળતો નથી."

સાચ્ચા ને સુદ્ધા આ જવાબ ઉપર રૂસીએ ગંભીર થવું હતું; પણ તે તો ખુશમિજાજી હસ્યો. "એમ?" તેણે હસતાં પુછ્યું. "તેની ફિકર નહિ, ડીયર; થોડા સવાલો પુછી હુંજ તને તે જવાબ શોધી આપશ. પહેલે તો મને એજ કહેની કે મારી સાથની વાતચીતમાં તુંને મોજ મળેછ કે?"

"ઘણીજ; તમારી વાતચીત ને વિચારો મને ઘણાજ ગમેછ."

"ગુડ. ને હવે બીજો સવાલ—મારા આવ્યાથી તુંને ખુશાલી ને જવાથી દિલગીરી જેવું કાંઇ લાગેછ વારૂ?"

"હા—હમેશ!" મીઠુ ભોલાઇથી જવાબ આપતી રહી.

"અને ત્યારે હવે એકજ સવાલ વધુ મીઠુ માઇન;" તે ઉમંગી

બની, મોંહ મલકાવી, વધુ હોંશથી પુછવા લાગ્યો. "મારાં સુખમાં સુખી ને દુ:ખમાં દુ:ખી થઇ, તું મારો મદદગાર ફરેસ્તો બનવા ખુશી થાએ કે?"

મીઠુ વિચાર કરતી એક પળ થોભી.

"હા—હું ધારૂંછ;" ડગમગતો જવાબ તે મીઠા મુખમાંથી બાહેર પડયો.

"તું ધારેછ? એટલે તું 'સ્યૉર' નથી;" રૂસીને પહેલીજ વાર સ્યાણ આવી. "તારાં વળતાં વહાલ વગર દુનિયાને હું કશાંજ ખપનો થઇ શકું તેમ નથી, વહાલી. અત્યારે મંદ પડેલી મારી પ્રેરણાઓને જગાડવાનું તારા હાથમાં છે. મારી જિંદગીનો આધાર, મારી ચઢતી યા પડતી તારા જવાબ ઉપર આધાર રાખેછ. તો કહે, મારી મીઠી મીઠુ, કહે કે મારી મદદે આવવા, મારા સુખદુ:ખની ભાગ્યણ બનવા તું વિહલી પડશે?"

"હા, રૂસી, તમને મદદ થવા તો મને ઘણુંજ ગમશે;" ને લુખી, જીગર વગરની એ કબુલાત ઉપર તાલ્યારખાનના રૂસીએ તે કબાલો પોતાની પહેલી પ્યારભરી કીસથી સીલ કીધો.

"ત્યારે તો તું મનેજ ચાહેછ, પ્યારી, મારા જીગરની રાણી. તારો પ્યાર હજી જાગ્યો નથી, તેથી તું તેને સમજી શકતી નથી, મારી ઇનોસંટ ડારલીંગ; પણ તું મનેજ ચાહેછ તેમાં તો હવે શક નથી;" રૂસીએ મીઠુને ખાત્રીથી કહ્યું. "ત્યારે હવે તું મારી થવા પ્રોમીસ થશેની, સ્વીટ?"

પ્રિતની સાહેલી તો શું, મગર પ્યારના પજરણ વગરના ઠંડા ગારમાંથી ધીમો જવાબ મળ્યો, "હા રૂસી."

થઇ ચુકયું! કોણ કહેછ કે લગ્ન અવલ ખુદાને બાર નોંધાતાં નથી? જુઓ—હયાં નથી જોરજબરીનું જોડાણ, કે નથી વર કન્યાનું વેચાણ;

નથી હયાં સુખસગવડનો સોદો, કે નથી બાળલગ્નનો વરઘોડો. ઉઘાડી આંખોએ અંધારામાં ભુસકો મારવાને ત્યારે આ એને કોઇ અણદીઠ હાથ શું હડસેલતા નથી ? કંઇ પ્રૌઢ પ્રેરણાને વશ થયલાં તેઓ પોતાનેજ હાથે પોતાનું સુખ લુટાવે છે.

"મારા જીગર, મારી રાણી, તારેજ ખાતર હવે હું ઇચ્છુંછ કે મારા મામાની દોલત ને એલકાબ આજે તારા પગ પાસે મુકવા મારાં હતે !"

"એ ગુમાયલા ગંજ માટે મારે ખાતર તો દિલગીર થતાજ ના, રૂસી;" મીઠુએ મીઠાશથી કહ્યું. "પણ એ વીલથી તમારે વરે હું ઘણીજ દિલગીર થઇ; તમે બી ઘણું 'ફીલ' કીધેલું કે, રૂસી ?"

"જરાબી નહિ, ડીયર;" રૂસીએ તુરતજ જવાબ વાળ્યો. "એકજ રાત અગાઉ મામાજીએ પોતાનું અસલ વીલ ફેરવી અદીના નામ ઉપર નવું વીલ કીધું તે તો હું જાણતો હતો."

"એમ ? બધાં તો તમુનેજ વારસ માનતાં હતાં."

"ને મીઠુ ડીયર, હુંજ તે વારસ થતે, પણ—પણ મને ને મામાજીને એક વાતમાં વાંધો ઉઠયો—"

"વાંધો ?" મીઠુએ અચરત થતી હોય તેમ પુછ્યું. "શું વાત ઉપર તમે જુદા પડયા, રૂસી ?"

"એમ બાઇ માણસોની જીજ્ઞાસાને અમો ઉત્તેજન આપતા નથી;" રૂસીએ હસીને સવાલ ઉડાવતાં કહ્યું.

"પણ અમે બી માટીડાની જુઠી જીદ ચલાવી લેતાં નથી તે તમે જાણોછ કેની ?" મીઠુએ વળતો જવાબ વાળ્યો; અને અંતે તેણીજ ફાવી.

મીઠી પટપટની તે મધુરીની તજવીજ આગળ રૂસી હાર્યો; અને જરાક આનાકાની સાથ તેને લાયબ્રેરીમાંની તે વિતક વાત માંડીને કહેવી પડી.

"ઓ રૂસી, મારે લીધે તમે કાં એવો ભોગ આપ્યો? આજે તો તમો એ દોલત ને દરજ્જાની જાહોજલાલી ભોગવતા થતે!" ખરાં મનથી વટવટતાં મીઠુ બોલી.

"હા, જીગર; પણ તે બધું તારા પ્યાર વગર શું ખપમાં મને આવતે? કાહરૂનના ખજાના સાથબી તારા વિના હું તો મને મુફલીસજ માનું;" તેને યાદ દેવાડી.

"પણ ત્યારે એવણે અદીને—સર અદી મોદીને બધી દોલત આપી ત્યારે એવી કશી પઠણ કેમ કીધી નહિ?" મીઠુએ અજબ થતાં પુછ્યું.

"અદી તે વખતે મુંબઇ હતો નહિ, ને મામાજીને ખાત્રી હતી કે અદી એવણની મરજીને માન જરૂરજ આપશે તેથી ડીયર;" રૂસીએ વળતો જવાબ કીધો.

"અને તેમ ખાત્રી રાખવાનો કાંઇ સબબ?"

"માણસાઇ ખવાસનો અનુભવ ડીયર, બીજું શું?" રૂસીએ હસીને કહ્યું. "એમ તો મારી નજર બી જો એક મીઠી મીઠુ પર હતે નહિ તો કદાચ અવિચારે ઍલીસ નવાબજંગને પસંદે કરદમ કરી લેતે. અદીના બાબમાં એવી કશી આડ તો હતીજ નહિ, એટલે એ હા કહેતે એ તદન બનવાજોગ હતું."

આ સમજી નાસીપાસીનો એક ઝટકો મીઠુના બદનમાંથી પસાર થઇ ગયો. વિના કારણે કાંઇ ગુપ્ત ગમગીની તેણી ઉપર ગાલેબ આવતી હતી;

પણ આ અણજાણી કોઇ લાગણીનો બાયસ તેણી શોધી શકી નહિ; અને ગુંચવણની તે પળો એમજ પસાર થઇ ગઇ.

અને બીજા અડધા કલાક પછી ગુલબાઇ ને કેટી આવી પુગતાં, તે ભલી ને ભોલી માતાની પસંદગી ને આશીશ મેળવતાં તેઓ બેઉ ઉભાં.

તે માતાના મન ઉપરથી એક મોટી ચિંતા ઉંચકાઇ ગઇ હતી. તે બંને—રૂસી અને અદી—ચાહવા લાયક ગબરૂ જવાનો હતા; અને રખે નિર્દોષ ભોલાઇમાં મીઠુ પોતાના અંતઃકરણને વાંચવાની ભુલ કરી ખોટી પસંદગી કરે, એ તે માતાની મુજવણ હતી. પણ આજે જ્યારે મીઠુએ દોલત કે દરજ્જા વગરના તે વારસે-ના-કબુલને પસંદ કીધો, ત્યારે પોતાના બચ્ચાંના ભવિષ બાબે વહાલથી વીહલી પડતી તે માતા નિરાંત પામી. પ્યાર વગર એ પસંદગી મીઠુ કરીજ કેમ શકે એ તેણીનો સધિયારો હતો.

હા—એમ સર્વોપરી પ્યારની શ્રેષ્ટતા સ્વિકારનારાં તેઓ ત્રણે, ગાફેલ ગફલતીમાં જયારે ગોતાં ખાતાં હતાં, ત્યારે નાના કયુપીડની આંખ્યો બાળમસ્તીમાં ચમકી રહી હતી.

પ્રકરણ ૬ ઠું.

પ્યાર સાથ અસુરી પિછાન.

હા—જીવ હેઠો પડયો; કેટી કામદીનનો જીવ હેઠો પડયો. મીઠુ સાથ તાલ્યારખાનના રૂસીના અદરાવાની ખબર સમજીને રશીયન રૂધિર ધરાવતી એ જરથોસ્તનના કોહી રાખ થઇ જતાં જીગરને રેફ્રેજીટરમાં

મુકયું હોય તેવી ઠંડક પડી. તે અદી ઉપર મરી ફીટતી હતી; અને મીઠુએ રૂસીને પસંદ કરી, સર મોદીને આપેલી લટકથી કેટીના દિલને કાંઇક સધિયારો મળ્યો.

ત્યારે ગુલબાઇ પદમજી અને રૂસી તાલ્યારખાનને વાસ્તે તો આ દુનિયા ગોયા બેહેસ્તમાંજ બદલાઇ ગઇ હતી. પરસપર હેત અને માન આ બેઉ સાસુ જમાઇને ઘણુંજ હતું. તેમ વળી બંનેની કાળજી ને કદરનું મધ્યબીંદુ મીઠુજ હતી, એટલે મીઠુના સુખકાજની ભવિષ્યની ગુજસુજમાં આ સાસુજમાઇ અરસપરસ સલાહ પુછ્યા વગર એક ડગલું પણ ભરતાં નહિ.

અને તેણીના સુખકાજ તેઓ આમ અટવાઇ પછડાઇ જતાં હતાં તે જાણીને, બાપડી મીઠુ હસતું મોઢું રાખવાની એક ભારે કોશીશ કરી રહી હતી. રૂસી જેવો ભરથાર મેળવવા માટે તેણી પોતાને ભાગ્યશાળી ગણતી; તેની કાળજી તેમજ પોતાનો પડયો બોલ ઉઠાવવાની રૂસીની દરેક તલબ જોઇ તેણી તેની કદર કરતી; પણ તે બધાં છતાં બી તેણીના જીગરમાં કોણ જાણે કાંય પણ ખુશાલી જરા બરપા થઇ નહિ; મનને કશું મજાહનું લાગ્યું નહિ; દિલમાં ઉત્સાહ કે ઉલટ લેશમાત્ર બી આવીજ નહિ. એમ થવાનું કારણ શું હતું તે તેણી જાણી કે સમજી શકી નહિ. પ્યાર મોહબતની લેહ ને ખુશાલી, યા તલબ ને મોજ તેણીએ જેવી ધારી યા માની હતી, તેવું જિંદગીમાં કશુંજ હતું નહિ—તે બધું માત્ર નાટક તખતા ઉપર, યા કથાની ચોપડીઓમાં આવતું હશે તેજ. અને તેથી મીઠુને લાગ્યું કે ધારણા કરતાં મોહબતની મોજ કમી નિવડવાથીજ તેણીનું જીગર એમ ઠંડુ રહેતું હશે. મોહબતના મધથી જિંદગીમાં નવોજ મીઠાશ આમેજ થવાની વકકી ખ્યાલી સહરાગતભરી પુરવાર થઇ હતી. જીગરના ઉછાળા ને આતુરતાના ઉભરા, ઉંઘ વિનાની રાત્રીઓ અને ભુખ વિનાના

ભોજનો એ સઘળું કવિઓની કલ્પના, ને લેખકોની લફાઝત હતી એમ હવે તેણીને થતો અનુભવ, એજ પોતાની નિરાશા ને બેચેનીનું કારણ તેણીએ માની લીધું. અજ્ઞાનતા એ આશીશ છે એવી ફીલસુફી જગતમાં જાએજ છે. પરંતુ મીઠુનો અનુભવ જુદીજ ચીજ આપણી આંખ્યો સામે રજુ કરી રહી છે. પસંદગી ને પ્રિત એ બે વચ્ચેના તફાવતની અજ્ઞાનતામાં ભલી તે બાપડી ભારજા થવા હા કહે છે; જ્યારે અજ્ઞાનતામાં ભરેલાં આ પગલાંનો દંડ કુદરત તો અત્યારથીજ વસુલવા મંડી છે.

ઓકટોબરની ગરમી પુરી થઇ, મુંબઇનો નરમ શિઆળાથી શરૂ થતો નવેમ્બર બી વિતી, નાતાલની ધધુખરનો ડીસેમ્બર ચાલી રહયો છે. શરૂ થતાં અંગ્રેજી નવાં વર્ષ સાથ કશી બી ધામધુમ વગર, ચાર ચોખા છાંટી આપવાની વાત ચરવાઇ રહી છે; પણ તે બાબદમાંબી મીઠુના દિલમાં તો બેદાદ બેકરારીજ વ્યાપી છે.

"મને એ થાએછ તેબી તે શું?" વૉક પછી થાકેલી મીઠુ દરિયા કિનારાપરના એકાદ પત્થર પર વિમાસો લેવા બેસતાં પોતાના મનને પુછતી હતી. "લાઇફ એટલી સુની ને ખાલી કાંય મને લાગતી હશે? પરવરે સેજમાત્ર પણ સુખ મારૂં ખુંચવી લીધું નથી, તો પછી એમ કાંય થાએછ?"

અને જાણે તેણીના મનની આ મુઝવણ ગુંચવણનો ગાંઠ છોડવાને હોય; તેમ એક મરદાની અવાજ તુરતજ તેણીએ સમજ્યો.

"હલ્લો મીઠુ, તું હયાં? કેમ શું વિચારમાં બેઠીછ?"

એક પળ પહેલાં તેણીને જે બધું સુનું ને ખાલી લાગતું હતું, તે સુનકાર ત્યારે કોણ હાથોએ હડાવી દીધો હતો? ખાલી ને ખ્યાલી લાગતી જિંદગી કયા અવાજે આશા ને ઉલટથી ભરી દીધી હતી? હા, હવે

અજ્ઞાનતાની મીઠુ માટે જરૂર હતી; જ્ઞાનનો ઉજાશ તેણીની નિર્દોષ આંખ્યો જોવા પામે તેના કરતાં તો અજ્ઞાનતાનો અંધકારજ બહેતર હતો. તે અવાજ સાંભળતાંજ મીઠુનું ઠંડુ પડી ગયલું જીગર કાંઇક રવેશે બિદાર થઇ, ઉછાળા મારતું થયું હતું; સામે ઉભેલા તે બોલનારને જોતાંજ તે ભોલી આંખ્યોએ તમ્મર આવવા લાગ્યા. આવકારથી હસવાને બદલે, તેણી શરમ અને ઉશ્કેરણીથી ધ્રુજતી હતી. સર અદી મોદીની પ્રેમાલ આંખ્યો તે હોથોની મુંગી ભાષા જોઇ, કાંઇ બીજોજ અર્થ ઉઠાવતી થઇ.

હા, તે આવનાર સર અદી મોદી હતો. ઉલટભર આવી, મીઠુના બે નાજુક કરો પોતાના રાંકોડી હાથોમાં કબજે રાખ્યા ત્યારે તે નાજુક કરો કોઇ બીજાને હવાલે થઇ ચુકયા હતા એમ જાણથી અજ્ઞાન, તે તો પોતાના માની લીધેલાં બેહેસ્તમાં પુગી ગયલો પોતાને જાણતો હતો. શું સિતમગાર સરજતની આવી સતામણીઓ સારૂંજ સૃષ્ટિ સરજાઇ હશે?

"કાંય મીઠુ, આટલા વખતે પાછા ફરેલા અદી માટે આવકારનો એક બોલબી ફાજલ નથી?" નમી ગયલું તેણીનું મુખ પોતાના બંને હાથોમાં હેતથી ઉંચું ધરીને અદીએ પુછ્યું. તે કયાંથી જાણે કે મીઠુને ગળે જ્ઞાનની કાચકી બાઝી હતી. તે શું જાણે કે તેણી અજ્ઞાનતાના અંધાપા ઉપર અફસોસ કરતી ચૂપ બેઠી હતી? સરજત, સરજત! રૂસીએ જો તેના અદરાવાની ખબર તે વહાલા કઝીનને પુગાડી હતે, તો આ કથાનું વણું કાંઇ જુદુંજ ફેરવાતે. પણ લખીને જણાવવા કરતાં, ડીસેમ્બરની આખેરીએ તે આવનાર હતો ત્યારેજ તેને પોતાને મોઢે તે વધામણી જણાવી અજાએબીમાં ગરકાવ કરવાની હોંશભરી ઉમેદમાં તેને તે વિશે કશુંજ અદી ઉપર લખ્યું નહિ. તે હોંશભરી ઉમેદનો આ અંજામ આવશે એમ તે કયાંથીજ જાણે? અદી આ રીતે અજાએબીમાં ગરકાવ થશે એમ તે બાપડાને સુદ્ધ કે ફામજ કયાં હોય?

"તમે કયારે આવ્યા અદી; તમે એટલા જલદી આવવાના છેઓ એમબી અમને તો ખબર પડી નહિ;" આવકારમાં મીઠુ એટલુંજ બોલી શકી.

"લે; મને પોતાને હું કયારે ઉપડયો ને આવ્યો તે ખબર પડી નહિ તો તમુને કયાંથી ચેતાઉં?" તે હસીને બોલ્યો. "બસ એકાએક એક દિન ભેજાંમાં આવ્યું કે હવે વધુ નહિ રહેવાતું, ઉપડી જાઉં; ને તુરત ટ્રેનમાં ચઢી બેઠો. જોઉંછ તો 'ગૅસ' કર, એ મારાં મનનાં વહારાંનું મૂળ?"

"મને 'ગૅસ' કરતાં આવડતુંજ નથી, અદી!" મીઠુએ જીગરના ઉંડાણવેરથી નિકળતો એક નિસાસો દાબી દેતાં કહ્યું. અરે? રૂસીએ પુછેલા સવાલ તેણીએ કેવા ખોટા ઉકલાવ્યા હતા, તેની હવેજ તેણીને યાદ થઇ.

"વારૂ ચાલ, ત્યારે તે ખુલાસો બી અમેજ તમુને આપશું;—પણ મૅડમ હજી અમને આવકાર તો તમે આપ્યોજ નથી;" તેને હસીને કાંઇક રૂસાયલા અવાજે કહ્યું. "મીઠુ એટલું તો બોલ કે તમે નહિ હતા તે મને નહિ ગમતુંતું; આજે ઘણે મહીને તમુને જોઇને ખુશી થઇછ, એમ તો કહે!"

"ખરેખરજ હું ખુશી થઇછ, અદી; એ સવાલજ કેવો?" બેધ્યાન આવેશમાં, આ શબ્દો મીઠુ બોલતી હતી કે તેણીનો આત્મા?

"હા; હવે મને લાગેછ કે મીઠુ અદીને ભુલી ગઇ નથી;" ઉત્સાહના આવેશમાં આવી અદીએ કહ્યું. મીઠુની આંખમાં પ્રિતના ઝમકારા એક પળ ઝમકી રહયા હતા; જે જોઇ અદીની ખુશાલી માઇ સમાઇ નહિ. "સાચ્ચુંજ કહુંછ મીઠુ, એક પળ અગાઉ તો મને ફાર પડી આવી કે 'નજરથી દુર તે કદરથી દુર' તેમ તું મને વિસરી ગઇ હતી; ને જાણે

તું મારી સામે નહિ પણ હજી માઇલો દુર હોય ને હું એકલોજ હોઉં તેમ મને તો બા લાગ્યું !"

ધીર ધર; સબર કર, અદી! દુઝતા ઘા ઉપર બિનઅનુભવી હાથોમાં ધરેલાં હથિયાર માફકના તારા શબ્દોથી તે જખમી જીગરને કયાં સુધી વધુ જખમી કરશે ? અરે, તારી અજ્ઞાનતાના એ આશિશ તનેબી કયાં સુધી પહોંચશે ? ભોલી બાપડી મીઠુ ! તેણીએ તેને વધુ બોલતો અટકાવવાને ઘણુંબી ચાહયું, બલકે તેને જીવતોડ કોશીશ બી પણ કીધી, છતાં વાચા કે વેણ મદદે આવ્યાં નહિ; તેણી બીજાને બંધાયલી હતી એમ તેને વાકેફ કરી દેવા ધાર્યું, પણ જીભ કે જીગરમાં તાકાત જણાઇ નહિ.

"મીઠી મીઠુ, એ શું ઓશક છે કે જેના ભારથી તારૂં નાનું માથું આજે એમ નમી પડેછ ?" આશાભર અદી આ સવાલ તેને કરતો હતો, ત્યારે મીઠાંના આખા બદનમાં વહાલની વિજળીઓ તે બાળાને કાંઇ નવુંજ ચેતન આપી રહી હતી. નશીબના નાંજે નખરાં તે એ ! ઉલટ ને ઉમેદ, આશા ને હોંશની આવી ગંજાવર ભરતી પછી આવતું વા વિજોડું ને ચિકાર ઓટ ખમવાને ખુદા તે બંનેને તાકાત બક્ષો. "મીઠુ, મારૂં સ્વર્ગ હું તારી આંખ્યોમાંથી તો જોવા માંગુંછ, ત્યારે તે આજે જમીનને જોતી કાં થઇછ ?" તે જવાન બેરોનેટે એક સેકન્ડ થોભી બીજો વળતો સવાલ કીધો.

અરે—અરે ! થોડાજ દિવસ પહેલાં એજ તેના શબ્દો તેણીને આકાશી ગાયનના શરોદ જેવા લાગ્યા હતે; પણ આજે ? ભલુંજ થતે જો તે આવ્યોજ નહિ હતે; યા આવ્યો તો તે ખબર જાણીનેજ આવ્યો હતે, કે જે ખબર કહેવા મીઠુ મથતી હતી, જીવ ઉપર જોરાવરી ને જબરી કરતી હતી, પણ જબાન ને જીક્કર જતાં રહયાં હતાં. પ્યારનો

પ્રકાશ, મોહબ્બતની મોજ, લાગણીની લેહ, એ બધું આજે તેણી અદીના બોલોથી અનુભવતી થઇ, ત્યારે—અરે ત્યારેજ તે બાળા સમજી કે રૂસી વખતે તેણીનું જીગર કાં મંદ રહયું હતું, જીંદગી ખાલી ને લુખી કાં લાગી હતી. પણ ઓ ! તે જો તેણીએ નહિજ જાણ્યું હતે તો હજી બહેતર હતું. આ તો દબલ દુઃખ તેણીને હવે ખમવાનું હતું. સેતારાની ચાલ ને સરજતની સાંકળમાં નહિ માનનારાં હજી બી કોઇ હશે ખરાં કે ?

"મીઠુ ડીયરેસ્ટ, મનથી તો આજે મહીનાઓથીજ નહિ પણ વર્ષ ઉપરથી તું મારી છે; અને હું કાંઇ કવિ નથી કે કાંઇ શબ્દોથી એ મારો પ્યાર તુંને વર્ણવી શકું;" અને એટલું બોલતાંજ તેની મીઠુને પોતાની ગોદમાં તેણી તેનીજ હોય તેમ દાબી દીધી. "ચુપકી એ મંજુરીઆતની નિશાની છે, ને તું વહાલીની ચુપકી તુંને મારો હાથ ને પ્યાર કબુલ છે એમ પુરવારી આપેછ. તું મને ચાહી શકશેની, મીઠાં ?"

મીઠુ શું જવાબ દે ? જીગરમાં વ્યાપી રહેલો દિવસોનો સુનકાર મટી જઇ, આજે દિલમાં પ્રિતના નાળાં ગણગણતાં હતાં; પ્યારના થોકાએ મીઠુનાં મંદ પડેલાં જીગરને અંતે જગાડયું હતું; હા, આજેજ તેણીએ મોહબ્બતની મોહીનીનો મીઠાશ કેવો હોય તે જાણ્યું પિછાન્યું હતું; પણ—પણ તેનો સ્વિકાર ને સતકાર કરવા કાજ, ઓ ખોદા, તે કેટલો મોડો આવ્યો હતો !

પ્રકરણ ૭ મું.

વચનને બાવફા.

તે દિને મીઠુએ મૌન ધારણ કર્યું હોય કે ચૂપકીનું વરદાન લીધું હોય, તેટલી તેણી ચુપ હતી. ત્યારે ગુંચવણ ને ગમગીની, હરખ ને

અફસોસની વિરૂધ લાગણીઓથી ઝુમી પડેલો તેણીનો નાજુક ચહેરો મોજથી નિહાળતો અદીબી ચૂપ ઉભો. તે તો બિચારો એમજ સમજતો હતો કે મીઠુની જિંદગી તે મોહબતથી મીઠી કરનાર હતો; ત્યારે મીઠુનો જીવજ જાણુતો હતો કે ખતાનો ખારાશ, ને કમનસીબીનો કડવાસ તેણીની જિંદગીમાં આ અગાઉ સદા માટે આમેજ થઇ ચુકો હતો. સ્ત્રીજાતીની સંભવિક ઓશકથી તેણી ધ્રુજતી હતી એમ ધારીને, તે મીઠી મતાને પોતાની માલેકીની કરવાનું મુરત મોહબતની એક કીસથી આરંભવાને અદી વાંકો વળ્યો; અને હજી તો તેના હોઠો તે સુંદર કપાલને લાગે, તેટલાં સાંપે તેણીને ડંખી હોય તેમ મીઠુ હૃદયભેદક એક ચીસ સમેત બે ડગલાં પાછળ હઠી. તેણી એટલી તો ઓચીંતી એમ પાછળ હઠી, કે જરૂર પછવાડે પડેલા એક મોટા પત્થરની ઠોકર ખાઇ તે ઉથલાઇ ગઇ હોત, જો અનહદ અચરત થતા અદીએ આગળ ધસીને તેણીને પોતાના પ્યારા હાથોમાં સાચવી લીધી હોતે નહિ તો !

"શું છે, મીઠુ; શું છે, ડીયરૅસ્ટ ?" અકળાયલા અદીએ પુછ્યુ.

"મને બચાવજો, અદી;" મીઠુ હબકાયલી ને હાંફતી હતી, અને જેમ તેમ બોલતી ગઇ. "મને હિમ્મત હારવા દેતા ના; મને ફરજ બજાવતી કરજો !"

અદીના હોંશકોશ ઉડી ગયા. શું કોઇ દિવાન્યત મીઠી મીઠુ ઉપર ગાલેબ આવતી હતી ?

"એમ શું કરેછ, મારા જીવ, મારા જાન, મારી ડારલીંગ ?" તેને ખરેખર ગભરાતાં કહ્યું.

"અદી, હું તમુને ત્યારની કહેવા કરૂંછ કે હું—હું ફસીને કોલથી બંધાયલી છું; એની થઇ ચૂકી છું !"

અદીના પગ પાસે બંબગોળો ફાટયો હતે તોણી તે વધુ નહિ ચોંકતે.

"મારી મીઠુ તું શું બકેછ, શું ઘેલાં કાહડેછ ? તારી આંખો, તારો ચહેરો તારા શબ્દોને જુઠા પાડેછ મારા જીવ, કહે કે તું મને ચાહેછ—"

"તે કહેવા ને કબુલવામાં હાંસલ શું થવાનું છે, અદી ?" મીઠુએ મિન્નતજારીથી માંગી લીધું. "પ્રિત ને દયા, પ્યાર ને દિલસોજી એ બધા વચ્ચેનો તફાવત જાણ્યા વગર હું એની થઇ ચુકીછ. માટે અદી હવે પ્યારની નહિ, મારી ફરજની મને યાદ આપ !"

"મારી મીઠી ભોલી મીઠાં, નાહેક ના મુન્જા !" અદીએ તનોબદનમાં ડરી ગયલી મીઠુને ધીરજ આપી, ને એક પત્થર ઉપર બેસાડી. પછી તેણીને હિમ્મત આપવા તે પોતે બી પાસે ગોઠવાયો. "રૂસી તરફના હેતને તું પ્યાર સમજી અને તેમ છેતરાઇ તેં તેને કબુલ કીધો એ ભુલ તો થઇ—ઘણી ગંભીર ભુલ થઇ. પણ તોબી—"

"હા, મેં તેજ વખતે રૂસીને કહ્યું કે મારા પ્યાર માટે હુંજ પોતે ગુંચવણમાં હતી—"

"ને તેં એમ કહ્યું તોબી—"

"રૂસીએ હું તેને ચાહુંછ કે કેમ તેની 'ટૅસ્ટ' લીધી, મને સવાલો પુછ્યા, ને તેના આપેલા જવાબો ઉપરથી રૂસીની ખાત્રી થઇ કે હું એનેજ ચાહુંછ, ને મેં તે માન્યું."

અદી હસ્યો—નામુરાદીનું એક ફીકું હસવું કે જેથી તે નવધાર આંસુ ખેડવી રહયો હતે તેના કરતાં બી તે સોહામણો ચહેરો દયામણો દેખાયો.

"આપુને એ ભુલ સુધારી દેવી પડશે;" અદીએ ઠરાવથી કહ્યું.

"હું રૂસીને ઘણીજ સારી રીતે ઓળખું છું; ને સત માનજે કે અંતઃકરણની વિરૂધના તારા વચનની વાત જાણતાં એ પોતેજ તુંને રાજીખુશીથી મોકળી કરશે; એ મારો મીઠો કઝીન પોતાના દુઃખની પરવા વગર, એક પળનીબી વિલંબ લગાડયા વગર જરૂરજ તારા વચનથી તુંને છોડશે."

"હું પોતે બી તે જાણુંછ, માનુંછ; પણ મરતાંબી હું એ ઘોંટાળાની જાણ એને થવા દેનાર નથી!" મીઠુએ વળતા ઠરાવથી કહ્યું.

"એ તું શું કરવા બેઠીછ, મીઠુ?" અદી ગભરાઇને બોલી પડયો. "શું એકને પ્યાર આપી, તું લગ્નથી બીજાંની થશે? જીગર મારે માટે ધબકે, ને હાથ રૂસીનો ધરશે? પ્યારને પિછાન્યા પછીબી શું ઉઘાડી આંખે ખાડામાં પડશે?"

"હા, હા, ને હા!" તેટલીજ બહાદુરીથી મીઠાંએ કહ્યું. "અદી મારે ખાતર એને શું ગુમાવ્યુંછ, શું ખમ્યુંછ તે તમે નથી જાણતા કરીજ તમે એમ કહોછ; નહિ તો તમેબી મારી ફરજ બજાવવાજ મને કહો."

"એટલે? એ આજે તું બધું શું બકેછ, કાંઇ સમજ પાડશે, મીઠાં?" વધુ ગુંચવણમાં પડી અદીએ પુછયું. "ફરજ શું બળીછ? ફરજ એજ છે કે થયલી ભુલ સુધારવી; નહિકે ભુલ કર્યાં પછી વધુ ભુલભુલામણીમાં ગબડવું!"

"સર પેસોતનની મરજી પ્રમાણે જો રૂસી ઍલીસ નવાબજંગને પરણવા કબુલતે તો બધી દોલત ને 'દરિયા મહાલ' એનો થતે; તમારો નહિ. પૈસા વગરનો લુખ્ખો 'સર' નો ટાઇટલજ તમુને મળતે!"

"એ તો વળી નવીજ વાત હું આજે સમજુંછ;" તેને વધુ અજાએબીમાં કહ્યું. "મારી ફૈવરના કાકાજીના વીલથી હું અજબ થયો

તો ખરો; પણ તેનો ભરમ તો મને કોઇએ કહયોજ નહિ; રૂસી કે સોલીસીટર બી તેથી તો અણજાણુજ હતા."

"હા; તેજ રૂસીના ભલાં મનની ગવાહી છે. કેવા સંજોગો વચ્ચે આ દોલત તમુને મળી હતી તેની જાણ એને કોઇનેજ થવા દીધી નહિ—તમુને વટીક તે કહ્યું નહિ. ઓ અદી, એ મને ચાહતો હતો તેથીજ તો એને સર પેસોતનની મરજી રાખવા ના પાડી; ને આવો મોટો ભોગ બી પણ આપ્યો!"

"હું રૂસીની એ 'ગુડ પોઇંટ' ના પાડતો નથી; પણ મીઠાં ડીયરેસ્ટ, તેથી શું થયું? જો કાકાજીએ મને બી પુછ્યું હતે તો હુંબી તેટલીજ મકકમતાથી તે બધુ છોડી દેવા હજાર વખત ખુશી થતે."

"તે હું માનુંછ અદી; પણ વચનથી હું રૂસીની થઇ ચૂકીછ;" તેણીએ ગળાંમાંથી ઉભરાતો નિસાસો દાબી દેતાં ધીમા સાદે નીચી ડોક કહ્યું.

"વચનથી રૂસીની થઇછ, પણ પ્યારથી તું મારી છે; એટલે હજી બી મારીજ થશે. જો તુંને એમજ લાગતું હોય તો લે; હું રૂસી સાથ તારે બદલ દોલત બદલવા તૈયાર છું. પછી તો બસની? કહે મીઠુ કે એમ થાએ તોતો પછી તુંને નિરાંત વળશેની? ફરજ માટેનો તારો 'ફની આઇડયા' પછી તો ભેજાંમાંથી નિકળી જશેની?"

"નહિ, અદી, નહિ; હવે એ વાત કદી બનેજ નહિ;" શોકાતુર અવાજે મીઠાંએ બજીદાઇથી કહ્યું. "મારે લીધે એને દોલત ખોહી દીધીછ ને તે દોલત તેથી તમારી થઇછ; તો હવે ઇનસાફ ને ફરજની રાહે એજ બહેતર છે કે મારો હાથ એને મળવો જોઇએ, મારો પ્યાર તમારે ખોહવો જોઇએ!"

"મીઠાં મારી, પ્યાર એમ મોંહ બદલ લેવાતો યા ખોહવાતો નથી;" અદીએ સમજાવટ ચાલુ રાખતાં કહ્યું. "ફરજનું એ કરજ અદા કરવા તો તું માંગેછ, પણ તે કરજ અદા કરતાં જીગર જખમાઇ, દિન ઉગત કડકા ભુકલા વધુ ને વધુ થતા રહેશે; કલેજું કપાઇ ચીરાનો ચચરાટ દરેક ઉગતા સુરજ સાથ વધતો જશે. તું એ ફરજ નથી બજાવતી; પણ પાપ કરેછ; રૂસી તરફ તું ભલાઇ નથી દાખવતી, તેને છેતરી ગેરઇનસાફ કરેછ."

"મને ના ડગમગાવ અદી; ના લલચાવ! ખુદાજ જાણેછ કે હું શું ને કેટલું ખમુંછ; કેવો ભોગ શું કિમતે આપુંછ;" મીઠાંએ કગળી પડતાં કહ્યું. "હું રૂસીને છેતરતી નથી, રૂસીને ગેરઇનસાફ કરતી નથી; મારી ફરજ, એક ભારજા તરીકેની દરેક ફરજ હું ખુશીથી ઉપાડી લેવશ; મારા સુખના ભોગે બી એને ખુશી કરશ; ને એના બાળને બી ખબર પડવા નહિ દેવશ કે એને આપેલા ભોગના બદલામાંજ એ બધું તે મેળવતો થયોછ. પછી તેમાં પાપ કયાં આવ્યું? અદી, એ ફરજ આપુને કઉવત બક્ષશે; એ ફરજ બજાવશું તોજ આપણું હૈયું સાફ ને નિર્મળ રહેશે. પૂછો, અદી, તમારા અંતઃકરણને પૂછો, કે ફરજ વિસારીને શું એક પળનું બી સુખ આપણે સંપાદન કરી શકશું? ખુશીનો એક દિવસબી નિરાંતે ભોગવી શકશું એમ?"

"યાદ રાખ, મીઠાં, ફક્ત ફરજ ખાતરજ જીવવું એ જીવતું મોત પુરવાર થશે;" અદીએ બાથ ભીડવી ચાલુ રાખી.

"પણ તે મોત છતાંબી અંતઃકરણને સંતોષ રહેશે કે વફાઇ પરજ જીવી, વફાઇમાંજ મરીએછ; અને અંતઃકરણના ડંખથી રોજ દાઝવા કરતાં તે મોત ચાર ગણું બહેતરજ ગણાશે!"

"ત્યારે તું મને ચાહતીજ નથી!"

"અદી, મારા અદી, મને લાલચમાં નહિ ઘસેડવા મેં પહેલેથીજ તારી પાસ માંગી લીધુંછ;" નમ્ર ધીમા સાદે કગળી પડતાં મીઠાંએ માંગી લીધું. તે સોહામણા ચહેરા ઉપરથી લોહીનો છાંટે છાંટો ઉડી ગયો હતો; ગમગીની જાથુકનો વસવાટ કરવા ચાહતી હોય તેમ મીઠાની સુંદર નાની બ્લુ આંખ્યોનાં ઉંડાણવેર તે ઉતરી ગઇ હતી.

"તો મીઠાં માન મારૂં, ને રૂસીને પોતાની પસંદગી કરી લેવા દે!"

"અદી, તમે કેમ જોઇ શકતા નથી કે સરજતે એ બાબે આપણા કોઇના હાથ છુટા રાખ્યાજ નથી. આપણા સૌ માટેની પસંદગી સરજતે પોતે મુકરર કરી દીધીછ."

"એને સરજત ના કહે, મીઠુ. સરજત નહિ, પણ તારી હઠ ને હઠીલાઇથી આપણું સુખ તું તારા હાથોએ ઉઠલાવેછ."

"ખુદાજ જાણેછ અદી, કે આ હાથ ને હોઠો તુંને મારો કહેવા ને કરવા કેટલા તરસેછ, કેવા તવલેછ;" મીઠુથી બોલાઇ જવાયું. "ઓ અદી, ખુદા ખાતર, હવે સિધાર; મારી ફરજમાં ને હિમ્મતમાં સાવધ છું તેટલાં માંગી લેઉંછ કે તું સિધાર. ખુદા તુંને મને ભુલવામાં મદદ કરો!"

"તુંને ભુલું?" તે ખ્યાલેજ તેને દિવાનો કીધો હોય તેમ અદી હસ્યો. દિવાનીજ અદાથી તેને તેણીને પાંસામાં લીધી, ને હેતથી તેણીના ફીક્કા હોઠો ઉપર એક આખર સલામનું ચુંબન કરી તેને કહ્યું, "મારી મીઠુ, તું હજીબી મારી થશે એજ ઉમેદ સાથ તુંને હાલ તો હું મુકી જાઉંછ, એ ભુલતી ના." અને એક બોલ વધુ બોલ્યા વગર તે ત્યાંથી ચાલતો થયો.

ગરીબ બિચારો અદી! મહીનાઓ પછી બાપીકા મકાનમાં ભર

ઉમેદ સાથ તે આવવા ઉપડયો હતો; કોઇનેબી જણાવ્યા વગર હોંશભર તે આવી ઉભો; વાંદરાના સ્ટેશન ઉપર ઉતરતાંજ, તે પોતાને બંગલેબી જવા પહેલાં મીઠાંને મળવાનીજ મકસદથી ' મીઠુ મૅનોર 'માં પહેલે જવા તે નિકળ્યો. મીઠાં દરિયે કિનારેજ મળી જવાથી તે પોતાની સરજતને ભાગ્યશાળી માની લઇ, હરખભર પોતાની દાબી રાખેલી લાગણી જાહેર કરવા ધસ્યો ગયો; પણ અફસોસ ! તે આ શું બધુ સમજી, જાણી તેણીને છોડી ગયો હતો ? જો રૂસીએ તેના અદરાવાની વાત હરખ ને હોંશમાં આવી તેનેથી છુપાવી નહિ હતે, જો મીઠાંને મળવા પહેલાં, અદી વાંદરે ઉતરેલો સીધો 'દરિયા મહાલ'માંજ ગયો હતે, તો—

" તું હજી બી કોઇ દિન મારીજ થશે " એવા સરજત સામે સરકશી કરનારા અદીના આ શબ્દો ભવિષ્યમાં તેનીજ વિરૂદ્ધના સાક્ષી તરીકે ઉભા કરીને, સરજતની એ શાહી સરકાર તેને કેમ દંડનાર હતી તે આજે અદી કયાંથી જાણે ?

પ્રકરણ ૮ મું.

લગનના ઢોલી ને ખુદા બેલી.

આજે તો શાદી સાજવારીનો શુભ દિવસ હતો. સુર્યરાજ પુર બ્હારમાં પોતાના આસન ઉપર બિરાજ્યા હતા. સહવેના સાથ ' મીઠુ મૅનોર'ના નાના કમપાઉન્ડમાં ઢોલ, પીપોરી, અને સરણાઇ લઇ આવેલા ઢોલીઓ શાદીની શુભ વધાઇની યાદ મોહલ્લામાં બાપુકાર આપી રહ્યા હતા. બિચારાં ગુલબાઇ હરખ ને હોંશભર દીકરીને માટે સારા સગન માંગી રહયાં હતાં, ત્યારે 'મીઠુ મૅનોર'ની મીઠાં જીવ ઉપર શું જોરાવરી ખેડી રહી હતી તેનો એક સંસારો વટીક તેણીએ કોઇને જાણવા દીધો નહિ.

તેણીની મુંગી આંતરડી ઉઠતાં સાથ એકજ બંદગી ખુદા પાસ કરતી રહી હતી કે તે દાદાર તેણીને પોતાની ફરજ ઉપર સદા મુસતકીમ રાખે ને હર હંમેશ હિમ્મત આપતો રહે. અંતઃકરણનો અવાજ 'અદી' 'અદી'નો પોકાર ઉઠાવી તેણીના જીગરને વિંધી નાખતો હતો; પણ અંદરખાને થતાં દરેક દુઃખ છતાંબી બાહેરથી હસતો દેખાવ રાખી તે સ્વભોગ આપતી સુંદરી કશામાં હોયજ નહિ તેમ ફરતી રહી.

ઢોલીઓના ઢોલતાસા કાનના બેહર ફાડી નાંખતા હતા; અને જાણે કામકાજ કરવાનુંબી સુજ પાડવા દેતા નહિ. એટલે કેટી કામદીનનો મિજાજ જરા ગયો.

"તમુનેબી આજે એ ફરમાસુ મ્યુઝીક શું ભાવી આવ્યું, માયજી;" કેટીએ કાને હાથ દઇ કહયું. "બિચારાં આડોશીપાડોશીઓના ભેજાનું દહી થઇ જતું હશે!"

"ઓ વાય, કેટી, લગ્ન જેવે દહાડે કાંઇ ઢોલી વગર ચાલે?" તુરતજ ગુલબાઇએ દલીલ રજુ કીધી.

પોતાના એકના એક બચ્ચાંને સાસરે વળાવતી તે માવતરને આજે કશા વગર ચલાવી લેવા કહેવાનો દહાડોજ કયાં હતો? એક બી વિધિ કે તીરથના સગન બાકી ન રાખવાને સૌના જીવ તેવણ ખણી ખાતાં; અને ન પોતે જંપતાં કે ન બીજાને જંપવા દેતાં; એટલે સાથે સાથે 'મીઠુ મૅનોર'નો નાનો હૉલ ભાગ્યશાળી સોહવાસણોના રંગરાગથી ગાજતો થયો તે જુદો. અને જયારે એમ ખુશાલીના ગીતો 'મીઠુ મૅનોર'માં બાહેરથી ગવાઇ રહયાં હતાં, ત્યારે મીઠાં પોતે તો ભિત્તરે લોહીનાં આંસુ રડી રહી હતી. રંગરાગની એ હસ-બોલમાં તેણીના હોઠો ભાગ લેતા હતા, પણ તેણીનું હૈયું તો રડી રડી તે બાપને બેલી થવાનીજ અરજ કરી રહયું હતું.

દિવસ એમ ગબડી ગયો, ને સાંજ આવી ઉભી. સેસ સોપારાના સગન સાથ વેળાસર તેમને અગિયારીમાં વિદાય કરવાને ગુલબાઇના ગોધ્યારાં ને ધધુખર જારી થયાં. ગીતના શરોદ અને હેતવંતી તે માતાના આશિષ વચ્ચે, મીઠુ લગ્નનો વાગો સજીને ફરજને વરવા 'મીઠુ મૅનોર' માંથી બાહેર પડી. કેટીએ સેસ ઉંચકી હતી; જ્યારે નવાબજંગની ઍલીસે ઘણાં ખેનકોતકના બેમાન પછી વરબેહેરાંની તામડી હાથમાં ધરી.

વાંદરાની અગિયારીમાંજ લગ્ન ખાસ ધામધુમ વગર થનાર હતાં; અને વર રાજા સાથ તેનો કઝીન સર અદી મોદી બેરોનેટ પણ સાજનમાં બિરાજ્યો હતો. તેની ભખાયલી આંખો ને ઉતરી ગયલો ચહેરો જોઇ, ઘણાંએ તેની તબિયત માટે કાળજીથી પરપુછ કીધી. તેઓ શું જાણે તેના મનની બિમારીની વાત? કરોડોની દોલત ને ખેતાબના તે માલેકને હવે કશાંની હજી ખુટ હતી એમ તેઓ માનેજ શાના?

તેણે અવલ તો મીઠાંને બીજાની થતી જોવાનો આ દિવસ આવે તે પહેલાં કામનું બહાણું આપીને ચાલીજ જવાનું કીધું; પણ અદીની આ મક્કમ 'ના'થી રૂસી ગુંચવાયો.

"કાંઇબી છે, અદી;" રૂસીએ કહ્યું. "તું ના કહે તો શું થયું. હું તુંને અજબ પ્રકારે બદલાઇ ગયલો જોઉંછ."

અદીને ત્યારે પોતાનું દુઃખ ખંખેરીને એક બિનસ્વાર્થી મિત્રની ગરજ સારવાની ફરજ થઇ પડી. તેની મીઠુ જ્યારે ફરજને ખાતર આવો આટલો ભોગ—સ્ત્રી હોવા છતાં—આપતી હતી, તો શું તે મરદ બચ્ચો કાંઇજ ભોગ ન આપે?

"હા, રૂસી, હું ફેરવાઇ ગયોછ તે ખરૂં; કારણ તું મારેથી જુદાઇ ગણેછ; તો પછી હવે મારે લગ્નને દિવસે રહેવુંબી કાં જોઇએ?"

"પણ હું શું જુદાઇ ગણુંછ તે મને કહેશે?" રૂસી અજબ થયો.

"વળી શું જુદાઇ? તારા લગ્નનો સર્વ ખર્ચ મારે કરવોજ ઘટે; પણ તેં કેટલી બજીદાઇથી તે લેવા ના પાડી? આપણી સાથની શરત શું હતી, કે જે ગમે તે વારસ થાએ, આપણે તો એકજ થઇ રહીશું. તો પછી મારૂં તે તારૂંજ નથી?"

"મને હવે દરેક પગલે મીઠુનો વિચાર કરવાનો છે, અદી ડીયર;" રૂસીએ તેને સમજાવ્યો. "હું એમ તારી ઉદારતા ઉપર જીવું તો એ મારે વરે શું ધારે, તુંજ કહેની? મારી જગ્યાએ તું હોય તો તું શું કરે?"

એક જબુન ચમટો આ વાકય સમજતાંજ અદીના જીગરમાં ટુટો. અરે ખુદા! રૂસી સાથ જગ્યા બદલવા તે શું નહિ કરે?

"જેમ તારી ને મીઠુની મરજી, રૂસી!" અદીએ જેમ તેમ કહ્યું.

રૂસી તે ઉતરી ગયલા કાહેલી ચહેરાને એ પળ ટીકી રહયો.

"અદી, જા બા, એમ શું કરેછ! જો એટલાજ વાસ્તે તું એમ રંજીદા ને દુઃખી થતો હોય તો," રૂસીએ માયાથી કહ્યું, "ચાલ હું તારી પાસ ખરચ લેવશ. હવે બસ?"

અદીએ રાજી થવાનો દેખાવ કર્યો; અને લગ્નવેર રહી જવાને તેને ન છુટકે હા પાડી. પરીણામમાં આજે તે સાજનની મિજલસમાં હાજર હતો.

તે આવ્યો ત્યારે મીઠુ તુરતનીજ નાહાન નાહીને આવેલી એક પતિવ્રત પુતલાં જેવી ઉંબર ઉપર ઉભી હતી; અને ગુલબાઇની વરદી મુજબ કેટી નાળીયેર ઈંડાની કુરબાનીથી તેણીને આછુંમીછું કરી લેતી હતી. એ ક્રિયા હસીને નિહાળતી તે નાની મિજલસમાં અદીજ જાણતો

હતો કે મીઠુને વધાવવા તેઓ એ નિર્જીવ કુરબાની કરતાં હતાં, ત્યારે તે પરણતી કન્યાના જીગરમાં ફરજને વધાવવા પ્યારની કુરબાની થઇ રહી હતી.

ક્રિયા પૂરી થઇ; મિજલસ વિખેરાઇ ગઇ. પરણી ઉઠેલાં જોડાંને મુબારકબાદી અપાવાની શરૂ થઇ. તો પછી, સર્વનું ધ્યાન ખેંચ્યા વગર અદી કેમ એ ફરજમાંથી છટકી જઇ શકે? એટલે તે તો પહેલેજ ઉઠયો.

રૂસીને ઘણાજ વહાલથી શેકહેન્ડ કરી, મુબારકબાદીનું તે કાંઇ બબડયો; અને હાથમાં એક નાનું પૅકેટ સેરવી દીધું. એક લાખ રૂપ્યાની લોન તેમાં હતી જે રૂસીને તે મુબારક દિનની પોતા તરફની પહેરામણી તરીકે તેને આપી હતી. પછી તે મીઠુ તરફ ફર્યો.

"મીઠુ—મીસીસ તાલ્યારખાન, તમુને અંતઃકરણથી હું દરેક સુખ ઇચ્છુંછ;" એટલું કહી તેણીના હાથમાં એક બોક્ષ તેને મુકયો. મીઠુના હોઠ બી જવાબમાં હીલ્યા; પણ તેણી શું બોલી તે કોઇએ સમજ્યું નહિ.

મીઠુના બોક્ષમાં ઝગઝગતા હીરાનો આખો સૅટ હતો—હીરાનો હાર, તેવુંજ પૅનદંત, તેવાંજ ઍરીંગ; અને હાથની બાંગડી. તે સાથ એક કાર્ડ હતો જેમાં અદીએ એકજ લાઇન લખી હતી.

"હમેશના તારા ફ્રેન્ડ,
સર અદી મોદી ની
દરેક ભલી દુઆ સાથે."

એ ઠીકજ હતું કે તેજ રાત્રે તેઓ છેલ્લી પુનાની ગાડીમાં હનીમુન કરવા પુને ઉપડી જનાર હતાં. દુર—દુખિયારી તે યાદોથી દુર—દુખિયારા તે વહાલાના ચહેરાથી દુર—ગઇગુજરીની યાદોવાળી તે જગ્યાથી દુર!

લગ્નની પાંત મંડાઇ. સર અદી મોદીને તે પાંતમાં જમવા ને સલામતી નોશ કરવા બેસવાનું હતું. લોક ગણત્રીનું હતું, એટલે સ્ત્રીપુરૂષોની એક ભેગીજ ટેબલપર સૌ કોઇ ગોઠવાઇ બેઠાં. ખાણું ખવાઇ રહયું; સલામતીઓ નોશ થઇ રહી; અને પરણતું જોડું હીપ હીપ હુર્રરેના પોકારો વચ્ચે ગાડીમાં ગોઠવાઇ સ્ટેશન તરફ ઉપડી ગયું.

નવાબજંગની ઍલીસ એકલી હોવાથી, સર અદીએ સભ્યતા ખાતર તેણીને મકાને મુકી આવવાની ઓફર કીધી. બસ થઇ ચુકયું. લેડી મોદી બનવા કાજ હવે ઍલીસ માટે બાકી શું હતું? અદીનો ડોળો તેણીમાં ખોબાયો હતો એની એથી સરસ પુરવારી બીજી શું જોઇએ? તેના વિચારોની વળાણ તેણી તરફ હતી એ સ્પષ્ટ કરવાને વળી અદી મોદીની ડ્રાઇવ દરમિયાન તેની અસ્વસ્થ અદા કાંઇ ઓછી હતી?

સરજનહારે સંસારી નાટકમાં સુખની રોશની ને દુઃખનો પજરાત કેમ સિફતથી ગુંથી લીધાં છે એ આ પ્રકરણથી જોઇ શકાય છે. શાદી રામશનીના ખુશ હિંગામમાં આંસુ ને ગમી હાજર છે; પણ હૃદય—દુઃખિયારાં એ બેની લાગણી ખંખોદખોરી આંખ્યો માટે નથી એમ દેખાડી, આ પ્રકરણ અત્રેજ બંધ કરવાનું અમે મુનાસબ ધાર્યું છે.

પ્રકરણ ૯ મું.

"બસ, એ તે એજ. જીવડા, જીવપર ખેડ!"

પ્યારની દરખાસ્ત એક પુરૂષજ રજુ કરી શકે, એ પ્રથાનું મૂળ ચાહે તે હોવો; કાળ, સ્થળ, ને રંગભેદના બંધન વગર આ રિવાજ સઘળે જુના કાળથી જાએજ છે, તેજ એની લોકમાન્યતા દર્શાવે છે. પણ 'બોલે

તો ડોસી જાય, ને ન બોલવે ગથરી જતી હોય,' ત્યારે મૌન ધારણ કરવો કે રિવાજ સાચવવો, એ સૌ કોઇથી થતું નથી. લગ્નની બહારવણે સવારના પરોઢ્યામાં સર મોદી બહારગામ ઉપડી જવાનો હતો, અને તેનું પાછા ફરવાનું કાંઇજ ચોકસ હતું નહિ; તો પછી કામદીનની કેટીને પોતાના પ્યારની આગમાં મુંગે મોઢે જળતું બેસવાનું પાલવે કેમ ? અદીને તેણીનો પ્યાર જોવાની આંખ્યો હતી નહિ; એટલે તે પ્યાર તેને કહી સમજાવવાનો કેટીએ ઠરાવ કર્યો; ને લગ્નની બહારવણે સવારે પોતાનો એ ઠરાવ અમલમાં મુકવાને તેણી વહેલી ઘરેથી બહાર પડી.

અદીની આદતથી કેટી માહિતગાર હતી. આ જવાન બૅરોનેટને ચાલવાનો અત્યંત શોખ હતો એમ તેણી જાણતી હતી. અને આજે બી અદી સ્ટેશન વેર ચાલતોજ જશે એમ તેની ખાત્રી હતી. લગેજ ભલેને મંચી કારભારી ગાડીમાં લઇ જાય, પણ શેઠ તો પગે ચાલતોજ જવાનો એમ કેટીને હૈયે નેહ હોવાથી, તેણી 'દરિયા મહાલ'થી થોડેક દુર, અદીને તેણીની નજીકથી જવું પડે તેવી એક વળાણ ઘેરીને સમુદ્ર તીરે સવારની લેહકી ધોરતી બેઠી.

ટુંક મુદતમાં અદી આવતો જણાયો. તેના જીવનમાંથી હર્ષ ને હોંશ ઉડી ગયાં હતાં. તેનું જીગર સદાબરૂ ચોરાઇ ગયું હતું. તેને મન તો દુનિયાજ ડુબી ગઇ હતી. તો હવા ધોરવા બેઠેલી કેટી ઉપર તેની નજર ન પડે તેમાં અચરતી શું હોય ?

"અરે મોટા લોક, જરા ગરીબ પર નિધા તો રખો;" અર્જમંદ અવાજે કેટીએ તેને થોભાવતાં કહ્યું.

"કોણ, કેટી ?" અદી થમ થઇ ગયો. "કેમ કેટી, તું હયાં ? મને મળવા તો નહિજ હોય ?" રખે કોઇ સીક હોય એવી તેને ફિકર થઇ;

ગુલબાઇનો તેને વિચાર આવ્યો. સરેસ્તાના નિયમથી ઉલટો આજે અદી ફિકરને મારે કેટી તરફ કાળજીથી ફર્યો; અને શેકહેન્ડમાં લંબાવેલા તેણીના હાથો વસવસાની એધ્યાનીમાં તેને જોઇએ તે કરતાં જાસ્તી એખલાસથી હલાવી નાખ્યા.

"હા, સર અદી, અત્યારે હું તમુનેજ મળવા ખાસ આવીછ;" કેટીએ કહ્યું. "તમુને અડચણ નહિ હોય તો એક બે મિનિટ—"

"જરૂર, જરૂર, કેટી;" અદીએ તેણી પાસ જગા લેતાં કહ્યું. "મને પહેલે કહેની કે બધાં સારી પેઠે તો છેની?"

"હા, છે. પણ આજે હું તો મારી કમનસીબી તમુને કહેવા આવીછ;" તેણીએ નીચી ડોકે સલાંગરી મુકતાં કહ્યું.

"કમનસીબી?" અદીએ અચરતીથી પુછ્યું. "શું છે દીકરા, મને કહે; મારી મદદ તું ફોકટમાં માંગશે નહિજ."

"જોવ અદી, એ બોલો યાદ રાખજો;" કેટીએ તેને બાંધી લેવાની મકસદે કહ્યું. "મારી એ કમનસીબી કહેવાનું મારે વરે કાંઇ સહેલું નથી; ને તે જાણ્યા પછી મને મદદ થવા વાસ્તે જરાબી આનાકાની લાગતી હોય, તો—"

"તુંને દુ:ખી જોવા ને જાણવા પછી હું મદદ આપવા આનાકાની કરૂં, એમ તું માનીજ કેમ શકેછ?" પોતાની યથાશક્તિથી તેણીના દુ:ખમાં મદદ થવાની ખાતરી સાથ અદીએ તુરતજ ઉત્તર વાળ્યો. "બેફિકર રહે; ને તારી મુસ્કેલીમાં હું તારોજ છું એમ ગણી લે!"

'હું તારોજ છું' એ શબ્દોએ કેટીના દિલમાં નવું જીવન પ્રફુલ્યું.

"બસ, એ તે એજ જીવડા, હવે તો જીવપર ખેડ;" તેણીએ મનથી નક્કી કીધું.

"તમે—તમે કેમ જોઇ શકતા નથી અદી કે હું તમને ચાહુંછ; અથાગ વહાલથી ચાહુંછ?" તેણીએ કરગરીને કહ્યું.

અદી તો ફાટીજ ગયો; હબતાઇ લાકડુંજ થઇ ઉભો. સ્ત્રીજાતીનો તે એક વિચિત્ર સૅમપલ હતો; અને અદીને લાગ્યું કે આ કઢંગા તેણીના એકરારથી તેની સ્થિતિ અત્યંત કફોડી બની હતી. એમ છતાં તે લાયક જવાન દયા ને દિલસોજીથી ખાલી હતો નહિ. તેને પોતે એવોજ એક ગમ અનુભવ્યો હતો; તે ઘડીએબી તેવાંજ દુ:ખથી તેનું જીગર જળતું હતું. એટલે નાદાન તે અબળાનું ફુલસુંગણું જાળવી લેવાને તેણે એક મરદાની કોશીશ કીધી.

"કેટી, હું એ સમજી દિલગીર છું; પણ અજબ નથી;" તેણે કહ્યું. "પ્યાર એવીજ ચીજ છે, બહેન. તે અણધારી, નમાંગી આવેછ; ને આવતાં સાથજ આપણી શાંતી ને સમતોલપણુંબી ખુંચવતીજ જાય છે. એ ચીજથી પુરૂષ જો ગાભરો ને આજેજ બને, તો તું જેવી અબળાના શું આશરા?"

"અદી, એ પ્યારની ફિલસુફી કે તમારી દિલસોજી સમજવા હું આવી નથી; મને તેની જરૂર પણ નથી;" ફીકા હોંઠોએ પોતાનું નાક પોતાને હાથેજ કાપવાની કેટીએ મમત કીધી. "મને તો તમારા વળતાં વહાલનો એકરાર જોઇએછ."

અદી હવે શું કરે?

"બહેન મારી, પ્યાર કાંઇ માંગ્યો મળતો નથી;" અદીએ પોતાના ઉદાસ વિચારોના પડઘા પાડતાં કહ્યું. "કેટી, સમાલજે, પ્યાર જેમ

આત્માનો ઉગારનાર છે, તેમ તે તેનો વિનાશકબી બને છે. ઉઠ, બહેન, ઉઠ. એ તારો પ્યાર તું વહેલીજ ભુલે એ મારી પ્રાર્થના છે."

"શું?" કેટી કામદીને હવે નેણ જમાવતાં કહયું. "અદી, અદી, તમે જાણતા નથી કે તમે શું બકોછ, શું બોલોછ! મારા પ્યારનો એકરાર મારી પાસ કરાવી, મને હીણપસતી લગાડી, શું હવે તમે તેને ઠોકરે મારશો, એમ?"

"બહેન, શાંત થા!" અદીએ હજી બી ધીરજથી તે ઉછાછળી નાદાન અબળાને સમજાવી લેવાની કોશીશ કરતાં કહ્યું. "જો મારો પ્યાર ને મારૂં જીગર આપવાનું મારા હાથમાં હોત, તો તે હું તને આપત. પણ મારૂં જીગર આ અગાઉ મેં બીજીને ચરણે ધરેલું છે; અને જોકે અમો એઉ મિત્ર સિવાય કાંઇજ વધુ કદી બની શકયે તેમ નથી, છતાં મારો પ્યાર તો સદા તેનોજ રહેશે."

"ત્યારે શું મારૂં દિલ તોડીનેજ, મારો પ્યાર હરકાતીનેજ તમે જશો, એમ?"

"મારી વહાલી બહેન, મારો ઇલાજ નથી. ખુદાજ જાણેછ કે હું તેમ કરવા માટે દિલગીર છું, પણ સરજત આગળ લાચાર છું;" અદીએ અંતઃકરણથી તેણી માટે અતવત કરતાં કહ્યું. "મને ભુલી જા. કોઇ વધુ લાયક જવાન જલદીજ તું જીતી જશે."

"તો સમજી લેવો અદી, કે મારી નસેનસમાં કયાની 'બ્લુ બ્લડ' આથ રશીયન રૂધિર બી દોડતું રહયુંછ; ને તમારી સામે ઉભેલી કેટી કામદીન આજે તમને મોઢાં ઉપર કહેછ કે તેનો પ્યાર આ રીતે તુચ્છકારવા માટે, તમે ધારોછ તેવી હું નાતવાન અબળા છું છતાં, મારો કિન્નો લેવશ;

The Verdict of the Public શું છે?

——:o:——

એટલુંજ કે

ડયુક ઍન્ડ સન્સના ગ્રાંટરોડ ને પરેલના બે જંગી કારખાનામાં બનતો માલ જેવો કે સોડા, લૅમન, ઓરેંજ, વિગેરે

સૌથી શ્રેષ્ટ ગણાય છે.

જર કે જેહમતની ડયુક કદીબી કાંઇજ કચાશજ રાખતા નથી.

લગનસરા, નવજોત તથા બીજા સરઅવસર માટેની વરદીઓ 'ડયુક'નેજ મળતી જોશો.

અને આ VERDICT નું કારણ ખુલ્લું છે.

ઉત્તમ મૅનેજમેંટ, germ-proof ફીલટરઝ, માલેકની જાતી દેખરેખ, ઉંચામાં ઉંચા ઍસન્સો એટલે માલ AI હોએજ તો.

૪૦ વર્ષની પ્રૅસટીજ જેવી ને તેવીજ છે.

બધી કોમમાં જાણીતા ને માનીતા થયા છે.

ડયુક ઍન્ડ સન્સ

ગ્રાંટરોડ અને પરેલ.

મારૂં વેર વાળશ !" દાંતો વચ્ચે નીચેનો હોઠ કચડી ભચડી નાંખતાં તે ફેરાવન છોકરીએ પોતાના દિલનો મેળ જાહેર કીધો.

"આ બોલો તુંને છાજતા નથી, કેટી."

"તો મારા જબુન પ્યારને આ રીતે ઠોકરે મારવાનું તમને બી લાજમ નથી; અને એ વેર હું વાળીશ નહિ ત્યાં સુધી જંપીને બેસનારબી નથી."

એક ફીકુ હસવું અદી હસ્યો; તે અબળા ઉશ્કેરાટમાં આ બધું બકતી બબડતી હતી; તે નાજુક નાર તેણી ઉપર વેર ને કિન્નો શું લે ? અદીના મનમાં એ મુસતાકી હતી; પણ ભવિષ્યના ભિંતરમાં શું ભરાયલું હતું તે ભોલો ભલો અદી કયાંથીજ આજે ભાખી શકે ?

આ તેઓની રકઝક વધુ લંબાઇ હતે; પણ તેટલાં મારતી મોટરમાં મનચુ કારભારી ત્યાં હાંફતો હુંફતો આવી લાગ્યો. સ્ટેશન ઉપર શેઠની રાહ જોઇ જોઇ, તે અંતે રસ્તામાં શેઠ મળે તો બેસાડી દેવા મોટરમાં નિકળી પડયો હતો, કારણ ટ્રેનને બારજ મિનિટ બાકી હતી. તેને તો વખત બિલકુલ નહિ હોવાની અદીને જોતાંજ બુમાબુમ કરી મુકી.

"હજી બી તું મને ભુલવા પામે ને જલદીજ સુખી સંસાર ભોગવતી બને એજ મારી દુઆ છે, કેટી. સાહેબજી;" તેને શેકહેન્ડ માટે હાથ લંબાવી મોટરમાં ચઢવા જતાં કહયું.

કેટીએ તે હાથનો સ્વિકાર વટીક કીધો નહી. "ઠીક છે; જોઇ લઇશું !" તેણી એટલું બોલી ત્યાંનાં પત્થર ઉપર બેસી ગઇ; ને અદી ઉપડી ગયો.

દરેક કલાકે તેમની વચ્ચેના માઇલોનું છેટું વધતું જતું હતું; ત્યારે શરમભરી રીતે તેની નજરમાં હલકી થયલી કેટીના જીગરમાં ક્રોધ ને વેર પણ વધતાંજ રહયાં.

પ્રકરણ ૧૦ મું.

એક ફેરતી નજર.

વખત કોઇ માટે થોભતો નથી. આ ગરૂડની પાંખોને પળ, વિપળ, ને મિનિટ હિસાબમાંજ નથી. દહાડાઓ ને મહીનાઓની ડુંગરીઓ ઓળંગી, વર્ષનો કિનારો પોતાની પીઠ ઉપર લઇને તે આપણને આસાન નાંખી દે છે; અને એજ વેગે તે સાજવારીને બે વર્ષ વહી ગયાં.

રૂસી માટે તે પરણી જીંદગી દુઃખના એક પણ ઓળા વગરની પુરવાર થઇ હતી. તેના સુખી આકાશમાં એક નાની વાદળી વટીક ચઢી હતી નહિ. તે વહાલી પરણેતરને કોઇ દિન રૂસીએ પોતાની મરજી યા ખાહેશથી કોઇ ઉલટી મોજશોખ માટે આરજુ કરતી જોઇ હતી નહિ. પણ સામી, તેની દરેક જરૂરીઆત ઉપરજ પોતાનું લક્ષ ને વખત રોકી, મીઠુ તેનેજ ડેરવવા દરેક બનતું કરતી તેને જાણી હતી. મીઠુ એક ખરી નમુનેદાર ધણિયાણી નિવડી હતી એમ બધાંને કહેતાં રૂસી કદી થાકયો નહિ.

આ બે વર્ષના અરસામાં તે પોતે કવિ તરીકેની મશ્હુરતા મેળવી શકયો હતો. તેની ઉમદા કાવ્ય શક્તિની પ્રશંસા જગેજગથી થતી રહી હતી. હિન્દુસ્તાનમાંજ નહિ, પણ ઇંગ્લંડ અને અમેરીકામાં પણ તેના કાવ્યો વંચાયાં ને વખણાયાં હતાં. તે છતાં એકબી કવિતા રૂસીએ એવી તો લખી હતીજ નહિ, કે જે તેને મીઠુના મત ને પસંદગી મેળવ્યા પહેલાં, જનસમુહ સનમુખ ધરી હોય.

'જમાઇ ને જમ' એ વડાંઓના અનુભવથી કહેવાયલી કહેતી છે. પણ રૂસી તો સાસુ સાથ કાંઇ અજબ લેહણાદેવી લખાવી લાવ્યો હતો. ગુલબાઇની ઘણી આનાકાની છતાં રૂસીએ 'મીઠુ મૅનોર' કોઇને ભાડે

આપી, બહોંસાંબહોંસ કરી તેવણને તથા કેટીને 'કાઝી કૉટેજ' માંજ લાવી રાખ્યાં હતાં; અને ગરવાં તેટલાંજ સહનશીલ ગુલબાઇ, તે હેતવંતા જમાઇને ઉઠતાં ને બેસતાં જી માંગવાજ જાણે જીવતાં હતાં. 'કાઝી કૉટેજ' માં આવ્યા પછી તેવણની તબિયતબી જરા સુધરી હતી; અને હવે સહેજ ફરહરબી તેવણ કરી શકતાં હતાં. જે હેતાળુ વહાલથી ગુલબાઇ તેની ઉપર એક દીકરાના પ્યારે વીહલાં પડતાં ને ઓવરાઇ જતાં, તે જોઇ આ કવેત જીગરના જમાઇનું હૃદય પણ તેવણ તરફ માવીતરના નિખાલેસ પ્યારની અસરથીજ ઉછળતું રહ્યું હતું.

'કાઝી કૉટેજ'ના કવાએતમાં કેટી કામદીનમાંબી કુદરતની કરામતથી કાંઇ ફેરફાર થયો હતો ખરો. નાઉમેદીમાં પાળેલું ને કપટી બનેલું તે જવાન જીગર ને અરધ રશીયન રૂધિર વખતના વહેવા સાથ કાંઇક હેઠું પડયું હતું; બલકે નરમ બન્યું હતું. અદીને તો તેણી જીગરના જોશભેર સાથ હજીબી ચાહતીજ રહી હતી; પણ દેશવટો ભોગવતો તે વહાલો હજી કુંવારોજ હતો; તેનું જીગરબી જખમાયલું હોવાથી તે કોઇ સાથ લગ્ન કરી પરવારી જાએ તેમ હતું નહિ; એટલે કિનો ને કપટ દબાઇ ગયાં, અને તેની જગ્યા આશા ને ઉમેદે લીધી. અદી પાછો ફરતાં જરૂરજ તેનો થશે, કશા ખાતર નહિ તો તે માયાળુ જવાન દયા ખાતર તેનો હાથ કબુલશે, એમ હૈયે નેહ રાખી તેણી હાલ તો નિરાંતમાં બેઠી હતી.

પણ પેલાં વિલાયતી વાજાં, ઍલીસ નવાબજંગના જીગરમાં તો વખતે જુદો ને ઉલટોજ છાપ બેસાડયો હતો. રૂસીએ આપેલી કડક પછી, તેણી બધી મદાર અદી ઉપર બાંધી ઉફનાતી હતી. પણ અદી બી તેને આડી નજરે બી વખાણ્યા કે ચાહયા વગર ચાલતો થયો હતો; અને તેથી ખસિયાણું પડેલું તે ઇત્તર તીચાક હાલ્લું, સુધરવાને બદલે સામું પુરૂંજ બહેકી ગયું. સર પેસોતનનો જાની મિત્ર અને ધારી રાખેલો

વહેવાઇ, બાપડા સર પેસોતનની કાનીજ પોતાના કરોડો છતાં, જીગરની તે એકલી મુરાદથી નામુરાંદ રહેલોજ સ્વર્ગે બી સીધાર્યો હતો. એટલુંજ નહિ, પણ ઍકૉમપ્લીશ્ડ ઍલીસ તો કુમારીજ રહી હતી. પોતાનો અંત નજીક આવતો જાણીને નવાબજંગે પોતાના કાકાની દીકરી સુનામાયને ઍલીસ પાસ રહેવા બોલાવી હતી; અને એ સીપલાં સુનામાએ હાલ તો ઍલીસને સાચવવા નીઝામી મહેલમાં આવી રહયાં હતાં. ઍલીસનો સ્વભાવ દિન ઉગત વધુ ને વધુ ચીરડાઉ ને ગુસ્સાબાજ બનતો ગયો; અને જેમ જેમ દિવસો ગબડતા ગયા, તેમ તેમ પરણવા લાયક પોત્તાઓ તે લાખોની વારસ; વેલાયતી વાજાંથી તો સામા વધુ અળગ થતા ગયા. પરિણામમાં ખેજાલતથી ખીજવાયલી તેણી, આજ પાંચ છ માસ થયા તો ખાઉં કરડું જેવા મુડમાંજ ફરતી હતી.

એક ગમ આશા ને ઉમેદ ઉપર જીવતી કેટી, બીજી ગમ નાસબર બનેલી પેલી ઍલીસ, ને તે બેની વચ્ચે રહી હવે પ્યાર ઉપર ફરજને હર હંમેશ સર્વોપણું આપતી આપણી મીઠાં ! પણ એ સર્વોપણું આપતાં જીવ સાથ શું લડત તેણીને લડવી પડતી હતી, જીગરમાં જળતી આગ કલેજામાં કેમ સોળા ઉઠાવતી હતી, તે ફકત તે નિર્દોષ બાળા ને તેનો બેલી ખુદાજ જાણતાં હતાં. રોજ બરોજ પ્યારને મારી હઠાવવાની જીવતોડ કોશીશ, એ તે જવાન જીંદગીનું જીવતું જહાનમ હતું. પણ ધર્મ ને નેકીનો માર્ગ સદા અઘરો ને અણગમતો શરૂઆતમાં હોય છે એમ કહી, મીઠુ પોતાના મનને સદા મનાવી લેતી. અદીનો પ્યાર, અદીના શબ્દો, અને છેલ્લે અદીનો શોકાતુર નિરાશ ચહેરો, એ સઘળી યાદો

સતાવણીભરી લાલચોની હારમાળા હતી. પણ જે એ લાલચોને વશ થાય, તે સતીજ શાની ? અદીના ગમે એવા વિચારોમાં પણ, રૂસીની પોતા ઉપરની ફિદાગીરી, રૂસીનો હક, તથા રૂસી તરફની ફરજને મીઠુના મનમાં સદા અવલ સ્થાન મળતું હતું. વહાલથી નહિ તો વફાદારીથી, વચન અને વર્તનમાંજ નહિ, પણ વિચારમાં વટીક પોતાના ખાવિંદને બાવફા રહેવા થકી ઉડતાં મનને વારવા ને મારવાના તેણીના પ્રયત્નો દયાવંત દાદારની દરગાહમાં તેણીને માટે સોનેરી હરફે જમે થતાં હતાં.

બે આખાં વર્ષનો આ ચો તરફનો હિંગામ હતો.

* * * *

આજે મીઠાં ને રૂસીની સાજવારીને બે આખાં વર્ષ પુરાં થઇ, ત્રીજા વરસની વારોવાર હતી. મીઠાં સવારને પહોર તુરતના તોડેલાં ફુલની બાસકેત પગ આગળ મુકી, બહારની સીડી પરજ વિચારમાં ગુંટાયલી બેઠી હતી.

તે તેઓનોજ વિચાર કરતી હતી.—તે બે ચાહક જવાનો, જે બન્ને તેણીને ઉંડી ફિદાગીરીથી ચાહતા હતા. તેણી આજેબી હંમેશ માફક પોતાના મનને મારવાને જીગરના જુસ્સા સાથ એક મજબુત લડત લડતી હતી.

“નહિ અદી, આજે મારા વિચારોની એક પળબી તારી હું થવા દેવાની નથી. આજે ફક્ત રૂસીના મારા જોગા અથાગ પ્યારની યાદમાંજ મારા વિચારો પરોવવા જોઇશે;” તેણી પોતાના મનસે બોલવા લાગી.

મનના વિચારો સાથ, અને જીગરમાં ઉભરાતા પ્યારના ડોકાઓ સાથ એમ લડત લડવી કેટલી કઠણ હતી, તે તેજ જાણે કે જેને એવી લડત

૫

લડવી પડી હોય. રોજ બરોજ આજ તેણીનો અવતાર હતો; જીંદગી એમજ તેણીને જન્મભર ગુજારવાની હતી.

"ઓ ખુદાવંદતાળા બે વર્ષ જે હિમ્મત તેં મને બક્ષીછ, તેવીજ હિમ્મત મને સદા તું આપતો રહેજે; જીવતાં આ જહાનમમાં સદા મને મદદગાર થજે!" તેણીએ આંખ મિચી, તે દયાવંત દાદારની દરગામાં દુઆ ગુજારતાં કહ્યું. "મારા વર્તન ને વિચારમાં આજવેર હું રૂસીને વફાદાર રહીછ તેમ સદા વફાદાર, સદા સાચ્ચીજ હું રહું એટલું કરજે!"

રૂસી સવારને પહોર મીઠુને ફુરસદે એમ બાગની સીડી ઉપર બેઠેલી જોઇ અજબ થયો, ને પોતાના રૂમમાંથી તેબી ત્યાં ઉતરી પડયો.

"શું વિચારમાં છે, ડીયરૅસ્ટ?" તેણે હેતથી પુછ્યું. "મારા હિસ્સા વગરના તારા વિચારોનો બી હું તો અદેખો બનીશ જો!"

"મારા હમણાના વિચારમાં તમારો હિસ્સો હતોજ,—હિસ્સો ને તે બી મોટો ને પહેલો!" મીઠુએ તુરતજ સચ્ચાઇપુર્વક જવાબ વાળ્યો; જે સાંભળી તે હેતવંતા ભરથારથી હરખાઇ જવાયું, અને તે શબ્દો ઉચ્ચારતા વહાલા હોઠો ઉપર તેને પ્યારથી એક કીસ આપી.

"મીઠુ ડીયર, આજે આપણા લગ્નનો પવિત્ર તેટલોજ ખુશબખ્તીભર્યો દિવસ છે. તું મારી સાથ અગિયારી આવશે? આપણે તે બરહકતાળાનો તેની અનહદ માયા માટે આભાર માની આવ્યે."

રૂસીની 'હા' માં 'હા' મેળાવવી એ તો આજ બે વર્ષ થયાં મીઠુનો ધર્મજ થઇ પડયો હતો; પ્યારથી નહિ તો ફરજથી તેણી તેમ કરવા પોતાને બંધાયલી માનતી આવી હતી. એટલે એક બોલે તેણી કબુલ થઇ, અને તેઓ તૈયાર થવા ઉઠયાં.

ઘરથી બહાર પડવા અગાઉ, રૂસીએ તે વહાલી મહેરદારને પોતાના "સ્તડી રૂમ"માં બોલાવી, અને એક ફાંકડાં બાઇન્ડીંગમાં બાંધેલી સુંદર ચોપડી તે નાજુક હાથોમાં મુકી.

"સીઝરનો સેવક જે સીઝરનું છે તે સીઝરને વહાલથી અર્પણ કરેછ;" અને બાઇબલના તે મશહુર શબ્દો સાથ તેણે પોતાની પ્યારી પરણેતરને એક અમીરજાદો પોતાની શહેનશાહબાનુના પગ પાસે કાંઇ નજરાણું ધરે તેમ, વારોવારનું એ નજરાણું હવાલે કીધું.

મોરક્કો લેધરની ઉત્તમ બાઇન્ડીંગનું, સોનેરી ગીલ્ટથી મઢેલું તેના કાવ્ય સંગ્રહનું તે એક પુસ્તક હતું; અને એ શુભ દિવસે પોતાની પરણેતરને ભેટ આપવા ખાતર તે પુસ્તક જાહેરાતમાં પ્રગટ થાય તે પહેલાં તેણે ખાસ તાકીદથી બંધાવી મંગાવ્યું હતું.

મીઠાંની આંખમાં આભારના આંસુ ઉભરી આવ્યાં. તે માયાળુ ભરથાર તેણી ઉપર કેટલો ફિદા હતો; અફસોસ, કે તેણી તેને વળતું વહાલ આપી શકતી નહિ. વિચારની વફાઇમાં ને દિલની સફાઇમાં તેણી તેનીજ હતી,—જીગરમાં નહિ.

મીઠાંએ તે વહાલાનું વોલ્યુમ ખોલ્યું, ને પહેલાંજ પાના ઉપરનો નાનો અર્પણ પત્રિકા નીચે મુજબે વાંચ્યો.

"હયાં સચવાયલા આ વિચારો અને વચનોની પ્રેરનાર,
મારી જીંદગીના રાહનુમાઇ ફરેસ્તા,
મારી વહાલી, પ્યારી પરણેતર મીઠુને,
હજારાન હજાર હેતથી, હું આ ચોપડી અર્પણ કરૂં છું!"

"રૂસી ડીયર, સાચ્ચુંજ કહુંછ હું આવાં અર્પણપત્રિકાને લાયક નથી!" તેણીએ ખરાં જીગરના ઉંડા પસ્તાવા સાથ કહ્યું. તેના આવા લાગણીભર્યાં વહાલથી તે નાજુક જીગર ઉપર એટલી તો અસર થઇ હતી, કે તેણીની પરણી જીંદગીમાં પહેલીજ વાર, તેણીએ તે ભરથારનું માથું વહાલથી પસવારી, તેના સુંવાળા કપાળ ઉપર કીસ લઇ, પોતાના નાજુક કરો તેની ગરદન આસપાસ વિંટાળ્યા; અને પ્યારની તો નહિજ, પણ હજારો હેસાનથી ઉભરાતી એક ગરમ કીસ તેના હોઠો ઉપર બિનમાંગવે બક્ષી.

ખુશબખ્તીભર્યાં આ શુભ દિને રૂસીનું જીગર ખુશાલ તો હતુંજ; તેનું પહેલું પુસ્તક બાહેર પડેલું જોઇ તે મગન તો થતો હતોજ, તેમાં કદી નહિ અનુભવેલું આવું અથાગ વહાલ મીઠાં તરફથી મેળવતાં રૂસીનો જીવ બેહેસ્તમાંજ ગયો.

પ્રકરણ ૧૧ મું.

બે આંખ: ધૂળ ને રાખ!

તે દિને અણધારી શરદ રૂતુ નિકળી આવી હતી; ખસુસ કરીને જે સાંજને વાસતે અમો લખ્યે છીએ તે સાંજે સખત પવનનો ફુંકારો થઇ રહયો હતો; અને વાદળ પણ અજબ રીતે ઘેરાઇ આવ્યું હતું.

'ક્રાઝી કૉટેજ'ના પોતાના રૂમમાં ગુલબાઇ પદમજી સાલ દોસાલાં વિંટાળીને બંધ બારીના કાચમાંથી ગેટ તરફ ડોકાવી રહયાં હતાં. કાંઇ

કેસની ખટપટને અર્થે રૂસી સવારનો થાણાની કોર્ટમાં રોકાયલો હતો; અને તેથી મીઠુબી ચઢી ગયલી અનેક વીઝીટો પુરી કરી નાંખવા બપોરથી મુંબાઈ ગઇ હતી. હજી એ બેઉ વહાલાંઓ પાછાં ફરેલાં નહિ, એટલે તે કાળજીવંત માદરના ડોળા અમોએ ઉપર કહ્યું તેમ બાહર તણાઇ રહયા હતા.

નીઝામી મહાલની ઍલીસ નવાબજંગ આજે તેઓને મળવા આવી હતી. અવારનવાર તેણી આવતી હતી, તેમ આજેબી આવી હતી ખરી; પણ રૂસીને બાહર ગયલો જાણી તેણીની મુલાકાતની ઉલટ કાંઇ સમી ગઇ. ફેશન ને ફિસિયારી, પફ ને પાઉડર, ઇતરાત ને એસ્કાત ઉપર મરી ફીતતું તે વિલાયતી વાજું રૂસીને પોતાની 'ટૅલન્ટ' બતાવતી; અને તે પોતાના ઘરમાં જેટલો 'ઍપરીશીયેટ' થતો નહિ, તેટલી તેણી તેની કવિતાઓ ઉપર ફિદા છે એમ બતાવી કોઇબી રવેશે મીઠુને હલકી પાડવા, અને પોતાને ના કહી મીઠુને પરણવામાં તેણે ભૂલ કીધી હતી એમ બતાવવાનાજ પછાડા, આવતી ત્યારથી તે જતી ત્યાંસુધી, તેણી મારતી હતી. આજે રૂસી હતો નહિ, એટલે તેણી વાતબી કોણ સાથ કરે?

એમ તો કેટી સાથ સાધારણ રીતે તો ઍલીસને સહિમીતાં સારાં હતાં; પણ આજે સવારથીજ કેટીની બી દાળ કાંઇ બરેલી હતી; રૂસી નહિ એટલે ઍલીસની ઉલટબી મરી ગઇ હતી; એટલે ગુલબાઇના ઓરડામાં ભેગાં મલેલાં આ ત્રણ વચ્ચે હાલ તો વાતચીતબી ડમી જઇને ચુપકીદી શરૂ થઇ હતી. સઉ પોત પોતાના વિચારમાંજ બેઠાં હતાં.

ગુલબાઇના ડોળા તો ગેટ ગમીજ ચોંટી રહયા હતા; જ્યારે તે ઓરડાનું બારણું એક ઝટાકા સમેત ઉઘાડી નાખી, મીઠુ ફિકરથી ધ્રુજતી, ને ઉજળી પુની જેવી ઓરડામાં આવી, અને એક ખુરસી ઉપર ફસડાઇ પડી.

"જી રે બધા મારા," હેબતાયલાં ગુલબાઇ બોલ્યાં; "શું છે મારી માય?"

ફ્રેટી ને ઍલીસ પણ ગભરાયલાં તેણીની આસપાસ ફરી વળ્યાં. મીઠુ બોલવા ચાહતી હતી, પણ ફિકરને મારે અવાજ બહાર આવવાને બદલે તેણીના હોઠો ઉડી જતા હતા.

"આવીબી કાંહથી? મારી તો નજર ગેટ પરની ગેટ પરજ હતી;" ગુલબાઇએ અટવટ કીધી.

"પવન ઘણો હતો તે હું દરિયા સાઇડેથી નહિ આવી;" મીઠુએ હવે કાંઇ જીવ હેઠો પાડી ખુલાસો આપ્યો. "ને ચાલતીજ આવવા નિકળી કે જરા આંગમાં ગરમી આવે; તો કોઇ દહાડો નહિ ને આજે બસ કોઇ પૂઠેજ પડયું!"

"વહીરે માય! કોઇ મુવો પઠાણ હોશે; એ મુવાઓ હવે બધેજ એમ ભમેછ;" ગુલબાઇએ અટકળ બાંધી.

"કોણ જાણે! મને તો બસ બે આંખ દેખાય. જાણે મારી પરથી ડોળા ખસાડેજ નહિ;" અને મીઠુના આંગમાંથી ફરી ફિકરની કંપારી પસાર થઇ.

"બે આંખ?" ગુલબાઇ ચમકયાં; ને તેવણુબી ફીકાં મારી ગયાં. ફ્રેટીબી કાંઇ ઓછી ગભરાયલી તો દીસીજ નહિ. એક ઍલીસજ નભરવસ જણાઇ.

"અરે, જૅવ જૅવ! શું વાત કેરોછ? બે આંખ: ધુળ ને રાખજ તો!" ઍલીસે તે વાત નહિ માનતાં કહયું.

એજ વખતે રૂસીના પગલાં સમજાયાં. તે અમથો ફિકર નહિ કરે, કરી મીઠુ એક ફીકુ હસી, ને વાત પડતી નાંખવાની તેણીએ કોશીશ કીધી. પણ ગુલબાઇ કાંઇ થોભે? તેવણે તો મીઠુ કેમ ધ્રુજતી આવી હતી ને મીઠુના હોઠ કેમ ઉડી જતા હતા, તે બધું વર્ણવ્યા પછી, પેલી બે આંખોની કહાણી કહી.

રૂસી વિચારવંત દેખાયો. મીઠુની ફિકર દુર કરવાને તેણેબી વાત હસી કાઢવાની કોશેશ તો કીધી, પણ તે મનમાં તો ઘણોજ મુંઝાયો; ને એક પળની બી ફિકર મીઠાંને થઇ તે તેને ગમ્યું નહિ. સારા નસીબે ઍલીસ નવાબજંગ બોલવાના પુર બહારમાં આવી, એટલે ત્યાં વાતચીતનું વળું બદલાતાં વાર કેટલી? એક અડધો કલાક એમ તેઓ એલારપેલારના ટાહેલાં ચલાવતાં બેઠાં, ત્યારે મીઠુ પોતાની બીક ભુલી ગઇ હતી; ગુલબાઇનો જીવ હેઠો પડયો હતો; અને કેટી તો તે ઓરડામાં હતીજ નહિ.

ઍલીસ હવે જવા ઉઠી. તેઓ બધાં તેણીને વરંદા સુધી વળાવવા બહાર નિકળ્યાં; જ્યારે ભલો રૂસી સભ્યતાનો તરીકો જાળવી, થાકેલો છતાં, ઍલીસને બહારના દરવાજા વેર ગાડીમાં બેસાડી આવવા ગયો. માંગેલી તક હાથ આવી હતી; આજનો ફેરો તદન ફોકટ જાય તે કરતાં થોડોક વખત બી બને તેટલી ખુબી કરી લેવાની હતી; એટલે ઍલીસે કોટેજની સીડી ઉતરી રહેતાંજ શરૂ કીધું.

"તમને કોઇબીઇ 'ઇનટૅલીજન્ટ' કમપની વગઅર ગેરમાં ગનું 'ડ્રીઅરી' લેગતું હશે;" મડમની તે માએ મરડાટમાં કહ્યું.

"જરા બી નહિ. સામું મારાં અંગત વહાલાંઓ પછી બીજી કમપનીની ખુટ મને તો જણાતીજ નથી;" રૂસીએ રોકડું પરખાવ્યું.

"તે તો ખરૂંજ;" ઍલીસે કબુલ્યું. "તમારા જેવા 'કલચરડ સોલ્સ' પોતઆના સંજોગો સબુરીથી ખમી શકેછ !"

"જરરા બી નહિ;" રૂસીએ ભાર મુકી સ્પષ્ટ કરતાં કહ્યું. "મારા સંજોગો ને મારા સાથી તો મેં માંગ્યા તેજ પરવરે મને આપ્યાછ. આખી શહેનશાહાત સારૂં બી મારૂં આજનું સુખ હું અદલબદલ કરવા કદી ખુશી થાઉં નહિ."

પણ આ ચીમકીનો ચચરાત તે ખરવસતર ચામડી ઉપર સહેજજ થયો.

"ગુઉસ્સો ના કરતા, પણ મને તો તમઆરી બીહુ ઘણ્ઇઇજ 'ડલ સોલ' લાગેછ !"

"હોશે; પણ એ મારો રાહનુમાઇ ફરેસ્તો બીજાંને અનુકુળ થવા સરજાયોજ નથી;" કવિ ભરથારે હિસાબ ચુકવી આપ્યો. "યુ સી, એને પરવરે મારે એકલાનેજ સારૂં સરજીછ !"

આવી ઍલીસ નવાબજંગની રૂઢી હતી; આ તેણીની જીંદગી હતી. દરેક પરણેલો માટીડો તેણીને પિછાનતાં સમેત પોતે કુંવારો હોત એમ ઇચ્છેછ, અને દરેક કુંવારો તેણીની મહેરબાની ને કુરબાનીનો તલબગાર હોએછ, એમ તે ભરૂસાથી માનતી હતી. અને જોકે તેમાં તેણીને ઘણીક છક્કર મળતી રહી હતી, છતાં આ ઉંઘતી ખુબસુરતી પોતાને જગાડવા એકાદ શાહજાદો પ્યારની કીસ સાથ આવી લાગવાની માન્યતામાં સહેજે ડગમગતી નહિ.

બાગના દરવાજા ઉપર આવી પુગતાં, શેકહેન્ડ કરી, રૂસીએ તેણીને હાથ આપી ગાડીમાં બેસાડી; ને આ વિલાયતી વાજું વિદાય થયું.

પેલી બે આંખ્યોની વાત નતો મીઠુ, નતો કોઝી કૅટેજના કોઇ વિસારી શકયાં; જોકે દરેક બીજાને ભુલાવવાની વ્યર્થ કોશીશ કરતાં રહયાં. આપણે ઉપર કહ્યું તેમ તે સાંજે અણધાર્યો સખત પવન ફુંકી રહયો હતો; પણ બહારવણની સવાર ખુશનુમાં લહેકી ને તરોતાજગીભરી શરૂ થઇ હતી. એવી એક ખુશનુમાં સવાર ખુદરતને ચાહતાં જીગરોમાં તો ખુશનુદીનીજ ખબર પોકારે છે; પણ એ સવારે કાંઇક મોડો ઉઠેલો રૂસી પોતાની સરેસતાની લહેરમાં હતો નહિ. મીઠુ તો કાલની દેહેસ્ત ને ફિકર લગભગ ભુલીને ઉઠી હતી; ત્યારે રૂસીના ક્વેત ચહેરા ઉપર આજે કોઇ આવતી આફતની છાયા છવાયલી જણાઇ.

"શું છે, રૂસી, તમારા જીવને સારૂં નથી?" મીઠુએ ઇંતેજારીથી પુછ્યું.

"હા, દીકરા, આજે તું કાંઇ મુંગોમંતર કેમ છે?" ગુલબાઇએ પણ ફિકર બતાવી.

"ખાસ છે તો કાંઇજ નહિ; છતાં જરા જરા વારે દિલમાંથી ઠંડીની કંપારી પાસ થાયછ;" ને રૂસીના અવાજમાં પણ કંપારીની ધ્રુજાણી પેસી ગયલી સમજાઇ. "કાંઇ બુરૂં બનવાનું હોએછ તેની અગમચેતીથી જેમ કુતરૂં રડે, તેમ દિલમાંથી પસાર થતી આ કંપારી મને મોતના ઠંડા પંજાનીજ યાદ કરાવેછ!"

"રૂસી??" હબતાયલી મીઠુ એટલુંજ બોલી શકી.

"ઓવાયું આપણા ઘર પરથી મોતને!" ગુલબાઇએ ઘડો પખોડતાં કહ્યું; અને તુરતજ એ આફત તાળવા તેવણે પોતાના પગમાંની સપાટ

અદલબદલ કીધી. એમ કરવે ઘરનો ઘરો તે ઘરમાંથી બદલાઇ જવાની તે વહાલી માવીતરની માન્યતા હતી. "આજે તારા હિસાબ કીતાબ કે લખવા પોતવાનું ચીથરૂં હાથમાં લીધુંછ તો તુંને મારા સમ છે;" ગુલબાઇએ હેતભર્યુ 'અલતીમેતમ' આપતાં ઉમેર્યું. "આ તરેહની જંજાળ કરે, પછી તબિઅત બગડે ને કંપારી થાય તેમાં નવાઇ?"

"હા, રૂસી, આજે રૅસતજ લેજો;" મીઠુએ ફિકરમંદ અવાજે અરજ ગુજારી. "કામ હાથમાં હોએછ ત્યારે જરા થરતાજ નહિ."

આજે રૂસીની પોતાની કામ કરવાની ઉલટ ને ગતી મરી ગયાં હતાં. એટલે તે દિવસ કામથી ફરાગી લઇ ઘરમાંજ ગુજારવાને તે કબુલ થયો.

બાગના ખુલ્લાં તડકામાં તે ખુશનુમાં સવારે એક બે કલાક ગુજારવાના વિચારે ઝાડના છાયાં હેઠળ મીઠુએ બે ચૅરઝ મુકાવી; અને તે મીઠી રાહબરના હાથમાં હાથ લઇ તે વહાલો ભરથાર પોતાની પ્રિયા સાથ ત્યાં જઇ બેઠો. મીઠાં સાથ તરેહવાર વાતચીતમાં પડતાં તે પોતાની કંપારી સદંતર ભુલીજ ગયો; અને તડકો માથે ચઢતાં જ્યારે તેઓ અંદર પાછાં ફર્યાં, ત્યારે એ સુખી કલાકોની સુરખી તેના ચહેરાપર જોઇને બધાં ખુશી થયાં.

આ રવેસે જોકે રૂસીએ તે આખો દિન આસાએશમાં ગાળ્યો, છતાં રાતના તેને અડધો કલાક વહેલુંજ ભોનું કઢાવવાની તાકીદ કીધી. પારલી હીલને છેક પેલે છેડે આવેલી સર મોદીની ઍસટેટમાં કેટલાક દિવસથી ચોરની બુમ પડયા કરતી હતી; તેટલા વાસ્તે છુપી પોલીસના માણસોને આજે ત્યાં તહેકીક ને તકેદારી અર્થે ગોઠવવાનાં હતાં. પોલીસ સુપ્રીનટૅનડંટ પોતે રાત્રે નવ વાગે ત્યાં આવનાર હતો, માટે મી૰ તાલ્યારખાનને પણ હાજર રહેવાનું તેને માંગી લીધું હતું.

"મને હવે કાંઇ નથી, મમા; મને શું ધાર ખાએછ, ડીયરૅસ્ત ? મીઠુ તેમજ ગુલબાઇએ તેને જતો વાળવા ચાહયો એટલે રૂસીએ તેમ હસી કાઢતાં કહ્યું. "ઇનસ્પૅકટરને શું લખી મોકલું કે અમેરા અમ્મા જોરૂ અમેરેકુ આવવા નથી દેતા છે તે માફ કરો ! તમે લોક તો મ બાયલો બનાવવા બેઠાંછ, બાયલો !" તેને લાડથી મીઠુનો ગાલ પસવાર ઉમેયું.

"ઘણું મોડું તો નહિ થશેની, રૂસી ?" મીઠુએ સધિયારા થક સવાલ કીધો.

"તે તો કેમ કહેવાએ, ડારલીંગ," રૂસીએ વહાલથી ઉત્તર વાળ્યો "જરા ટાહેલું ચલાવતા જઇ, એકાદ બે પૅગ નાંખ્યા વગર, કે સીગાર ફુંકયા વગર એ પોલીસવાળાઓ કાંઇ સસરવાના છે ? પણ દશ સ દશથી મોડું તો નહિજ થશે."

"ત્યારે તો, દીકરા, જરા ગાડીજ જોતરાવી હોતે !" ગુલબા વટવટયાં. "ત્યાંવેર ચાલવાનો ટપ્પો કાંઇ થોડો છે ?"

"આખો દિવસ આજે અરડાઇને કાઢયોછ, તેથી ખાસ ગાડી ન જોતરાવી કે જરા વૅાક મળે."

"લે ત્યારે વહેલાજ સિધારો રૂસી, કે વહેલા પાછા આવો;" દયાળુ દિલબરે દયા ખાતાં કહ્યું. "ને જરા ગળું લપેટીને સિધારો. પા ફરતાં છેક રાત પડશે, ને શરદી બરદી લાગી જશે તો આબદા."

રૂસી નફિકરાઇનું હસી, ગુલબાઇના કૉચ ઉપર વાંકો વળ્યો. "ગુ નાઇટ, મમા; તમુને તો હમણાજ કીસ કરી લેઉં. હું આવશ તેટલાં ત તો પહોરી ગયાં હશો;" સાસુને મળી લેતાં તે હેતવંતા જમાઇએ કહ્

ને તે હેતાળુ સાસુજીએ બી તે લાડકવાયા જમાઇને વહાલથી પાસાંમાં દાબ્યો. "જેવો સૌને ઠેરવેછ, તેવો તું સદા ઠરેલો રહેજે, મારા દીકરા;" હેતથી હરખાતાં હૈયાંએ તેવણે કહ્યું. અને કોણ જાણે કાંય, પણ ફરી ફરીને આજે ગુલબાઇએ તેને પ્યારથી આલીંગન કર્યું.

તે ચાલી જવા કરતો હતો, તેટલાં મીઠુ સોફા ઉપર પડેલો પોતાનો કેશમીરી સ્કાર્ફ લઇને સામે આવી ઉભી. "મારે ખાતર એટલો સ્કાર્ફ બાંધીને જાવો, રૂસી," તેણીએ માંગી લીધું.

"આજે એમ કાંય ચેડાં કાઢેછ, મીઠુ?" તેને વળતાં વહાલથી હસીને કહ્યું. "પોલીસ બી વિચારમાં પડશે કે એ કૅશમીરી સ્કાર્ફનું મુછાલું બઇરૂં કોણ નિકળી આવ્યું?"

તે હસ્યો, પણ થોભ્યો. અને મીઠુના નાજુક હાથો આગળ તે ભલા ભરથારે પોતાની ડોક નમાવી. તેણીના ગોરા ઘટમારા હાથો તેના ગળાં આસપાસ તે લાંબો સ્કાર્ફ વિંટાળતાં ચકરી ફરવા લાગ્યા.

"એક કીસ—" રૂસીએ પ્યારથી તે પનોતી ડોક ઉંચકતાં કહ્યું. "તારી કાળજી ને કદરનું ઇનામ!"

"જરા થોભો, રૂસી;" મીઠુએ પોતાના બ્લાઉઝમાંથી એક હીરા-જડીત પીન કાઢી, તે સ્કાર્ફના લાંબા છેડા તેથી પીન કરી લેતાં કહ્યું. "હવે બસ; નહિ તો આ છેડાઓ તમને વૉકમાં ડીસટર્બ કર્યાં કરતે."

"તેને શું છે? ફરજમાં દિલાવર રહેનારી મારી એક મીઠી દિલબર છે એમ મને તે છેડાઓ મારા વૉકમાં યાદ કરાવ્યા કરતે;" તે કવિ ભરથારે કહ્યું.

By special appointment to:—

H. E. H. The Nizam of Hyderabad

H. H. The Mahraja of Mysore.

H. H. The Nawab of Rampur.

તે ઉપરાંત

જડજો, સીવીલ્યનો, સરકારી ઓહ્યેદારો વિગેરે સેંકડો જણની સરટીફીકેટો મોજુદ છે.

તે ઉપરાંત અમારે ત્યાં

રૈયલ મુરફીલ્ડ ઑસપીટલના એક

કુશલ અનુભવી સરજયન

તમારી આંખ તદન મુફતમાં તપાસી લાગુ પડતા ચશમા આપે છે.

લેટેસ્ટ રૂઢી —:o:— કુશલ અનુભવ	વળી જુદી જુદી વેલાતની અનેક ઇસ્પીટાલોમાં રહી ચશમાને લગતું **લેટેસ્ટ ને અપ-ટુ-ડેટ** કામ અમારી કુમ્પનીના **મી. નોશર દસ્તુર** F.S.M.C., F.I.O., F.N.A.O. શિખી આવ્યા છે.	વાજબીજ દામ —:o:— ધરખમ કામ

દસ્તુર નામની બીજી કોઇબી દુકાન સાથ અમને સંબંધ નથી.

પધારો

દીનશાહ એમ. દસ્તુર

ઓમ્બે કલબની સામે, કરન્સી બેંક પાસે, એસપ્લેનેડ રોડ, કોટ.

ને એક વધુ કીસ લઇ, તેઓ છુટાં પડયાં.

તેઓની જાણ મુજબ તો તેઓ માત્ર બે કલાક માટેજ છુટાં પડતાં હતાં. અફસોસ! રૂસીએ ન જાણ્યું કે ફરજની દિલાવર દિલબરનાં વાસ્તવિક ઉપનામથી તે આ છેલ્લીજ વાર પોતાની પરણેતરને બોલાવતો હતો. મીઠાં બી બેખબર હતી કે દિલબર તરીકેની દિલોજાન ફરજ તે આજ રાત્રે છેલ્લીજ વાર બજાવતી હતી. તે કમબખ્ત રાત્રે નધાર્યું શું બનનાર હતું, તેની તે ત્રણે વહાલાંઓને સ્વપને બી ખબર થઇ નહિ.

પ્રકરણ ૧૨ મું.

દશના ટકોરા, ને મોતના હથોડા!

ગયા પ્રકરણમાં આપણે વાંચ્યું તેમ, 'દરિયા મહાલ'ની તે નાની વીંગ—કોઝી કૅાટેજ—માં તે દિવસે જલદીજ ખાણું ખાઇ, રૂસી પારલી હીલ પર જવા નિકળ્યા પછી, તે માદીકરી પણ થોડીક વાતચીત પછી પોતપોતાને કામે વળ્યાં.

ગુલબાઇ સરોશ યસ્ત ભણી લેવાની તૈયારી કરવા પડયાં; જ્યારે મીઠુ પણ બીજી સવારે પ્રૅસમાં મોકલવા રૂસીના પ્રુફ્સ તપાસવાનાં લઇને તેજ ઓરડામાં આવી બેઠી.

એમ તે મા દીકરી પોતપોતાનાં કામ ઉપર ગોઠવાતાં હતાં, તેટલાં કેટી ઓરડામાં આવી. તેણીએ ઘરનીજ સાડીને સોડ કરી લીધી હતી; અને ઘરનાંજ સ્લીપર સાથ મોજાં પહેરી લઇ બહાર લટાર મારવા જવાની હોય તેમ તૈયાર થયલી હતી.

"માયજી, હું જરા સોપારીવાળાનાં સુનાબાઇ આગળ જઇ આવુંછ, હાં?" તેણીએ આવતાં સાથ ગુલબાઇ પાસ રજા ચાહી. "હમણાંજ ઓરડામાં ન્યુસ લઇને બેઠી તો સીંગાપોરનો મેલ કાલેજ બંધ થાએછ. બિચારાં સુનાબાઇએ સવારનું કહેવાડેલું કે મેલ જવાનો છે તે જરા કાગળ લખવા આવી જજે, તે હું તો તદન ભુલીજ ગઇ; તે જરા જઇ આઉં?"

"જરા જલદી આવી હતે તો રૂસીજ તુંને મુકતા જતે ને પાછા લેતાબી આવતે;" મીઠાંએ કદર ખાતાં કહ્યું.

"રૂસી હમણાજ ગયાછ ની?" કેટીએ પૂછ્યું. "હું દોડી પુગીને એવણને પકડી લેવશ, તમે ફિકર ના કરતાં, માયજી;" અને હજી તો ગુલબાઇ કે મીઠુ કાંઇ પણ વાંધો ઉઠાવે, તે આગમજ તેણી ઓરડામાંથી બહાર નિકળી ગઇ.

"જો એની હુલડાઇ!" ગુલબાઇ બખાળ્યા વગર રહી શકયાં નહિ. "રાત અવાર એકલી ગઇછ. કોઇ દેખે તેબી નામ ધરે!"

"માળીને હાથ બત્તી આપીને સાથે મોકલતે, પણ એ કોઇનું સમજે યા માને ત્યારે કેની?" મીઠાંએ ટેકો આપ્યો.

અને એમ કરાજ થયલાં તે મા દીકરી ફરીથી એકલાં પડયાં. ગુલબાઇના ભણવાના અવાજનો મધુર ગણગણાટ, તેમજ ઘડિયાળની નિયમિત ટીકટીક સિવાય તે નાના ઓરડામાં તમામ ચૂપકી પ્રસરી રહી.

"જરા દીવો ઓસક, મીઠાં;" ગુલબાઇએ ભણતાં ભણતાં બાજ-માંજ કહ્યું. "પોણા દશબી થયા, ને બેઉનું ઠેકાણું મળે નહિ. ભણવામાં બી જાણે જીવ લાગતો નહિ."

"બેઉ સાથેજ હવે આવશે, મમા. નાહેક જીવ ઉચર કરવાનું કાંઇ કામ!"

પણ ગુલબાઇના પેટમાં આજે કાંઇક ખબરખોધા ચાલતા હતા. અવાચી ખાતાં તેવણે તનદુરસ્તી ભણવાની પુરી કીધી; અને તે વહાલી માદરનો ઉદાશ જીવ જોઇ હવે મીઠાંએ મુક્ તપાસવાના બંધ કીધાં. પણ તેટલાં લથડતે પગલે, ને ઉજળા સપ ચહેરાએ કેટી સાઇડના બારણામાંથી તે ઓરડામાં દાખલ થઇ.

"એ આજે તુંને શું થયુંછ, કેટી?" મીઠુ તેણીનો આવો ફીકકો ચહેરો જોઇ ગભરાઇ ગઇ. "મરે કાંઇ ભુતબુત મળ્યો કે? રૂસીની સાથે નહિ આવી?"

"રાત પડી એમ એકલાં બહાર જવાનું તે કાંઇ બાઇ મનીખનું કામ છે!" ગુલબાઇએ રોહશો કીધો. "આજકાલનીઓ તો સૌમાંજ માટીડા થવા જાય, પછી એમજ તો!"

"પણ થયું તેબી તો શું, કાંઇ બોલની? રૂસી સાથ જવાની હતી તેમ નહિ ગઇ શું?" મીઠુએ પૂછ્યું.

તે રાત્રે સિંહણ કેટી ગોયા બકરૂં બની ગઇ હતી. ફિકરને મારે કે સધ્યારાને ખાતર પણ તેણી મીઠાંની ગોદમાં ભરાઇ ગઇ. તેણીના અવાજમાં હુંપણાનું બંડ કે અલગપણાનો આંતરો નહિ, પણ આજે તો નરમી ને કાકલુદી સમજતાં હતાં; જે સમજવા કે પારખવા જેટલાં તે ભોલાં મા દીકરી સાવધાન હતાં નહિ.

"નહિ; હું જાણું રૂસી મળી જશે, પણ એવણ તો મળ્યાજ નહિ. જતી વખતે તો કાંઇ લાગ્યું નહિ, પણ પાછી ફરતાં મારાં પગલાં ને મારા ઓળાએ હુંજ બીધી; ને ચમકતી ચમકતી મરવા પડી;" કેટીએ

તનબદનમાં હજી બી કાંપતાં કહ્યું. "ખોદા, ખોદા કરીને આખો રસ્તો કાપ્યો !"

"એક કપ ચા કાફી કાંઇ કરાવીને એને પા, માય મીઠાં;" ગુલબાઇએ કદર કરીને કહ્યું. "હજી હોઠ તો ફીક્કા ફ્ચ ને હાથ બી જાણે આઇસ છે."

અને એ રીતે બીહતી ધ્રુજતી આવેલી કેટીની ગોરસીમાં દશના ટકોરા ઠોકાયા; દશના ટકોરા—જે અભાગી તે મા દીકરીને મોતના હથોડા જેવા ભાસવા જોઇતા હતા, પણ ભવિષ્યની બેખબરીમાં તેઓએ તો રૂસી વહેલોજ હવે આવી પુગશેની ખુશ વધાઇજ એ ડોકાઓમાં માની લીધી.

સાડા દશ !

"ઓ વહીરે માય, હજી કયાં રહયો હશે;" હવે ગુલબાઇએ રૂસીની ફિકર કરવી શરૂ કીધી.

"મમા ડીયર, જરા રોકાઇ ગયા હોશે;" મીઠુએ શાંત રહીને કહ્યું. "તમે હવે પોઢો, નહિ તો વળી સવારના તમે માથું પકડીનેજ ઉઠશો."

ને તે કાહેલી માતા તુરતજ કબુલ થઇ. રાતનો ઉજાગરો તેણીને સાડતો હતો નહિ; અને આજે તો તેણીનો જીવ વધુજ નાખ નાખ થતો હતો; એટલે મીઠુને અને કેટીને બધું બરાબર બંધબસ કરવાની વરદી આપીને ગુલબાઇ પોતાના ઓરડામાં ગયાં.

અગિયારનાં ટકોરાબી ઠોકાયા !

કેટી તો હજીબી પોતાની ખુરસીમાં લોથપોથ બેખ્યાન જેવી બેઠેલી હતી. મીઠુએ તેણીને ધંધેરીને ઉઠાડી.

"કેટી ઉઠની તો; અગિયાર વાગા—રૂસી એટલું મોડું તો કરે નહિ;" મીઠુએ ધબકતી છાતીઓને હિમ્મતનો હાથ આપતાં કહ્યું. કેટી એકાદ સ્વપનવત સ્થિતિમાંથી જાગૃત થઇ હોય તેમ ફાટેલા ડોળે ખુરસીમાં ખડી થઇ.

"મોડું તો થયુંછ, મીઠાં," કેટીએ જેમ તેમ કહ્યું, "પણ ખોટી થતાં બેસવા સિવાય બીજું શું કરશું?"

"કેટી, ફાણુસ લઇને આપણે સામે જઇએ?" મીઠુએ ઇસારો કીધો.

પણ કેટી તો સામે જવાના ખ્યાલથીજ ધ્રુજી ઉઠી; ને તે જોઇ મીઠુએજ ઉમેર્યું:

"તારી તબિયત આજે ઠીક નથી; તુંબી પોઢી જા; હું એકલીજ જવશ."

"મીઠુ, તું શું એમ ધારેછ કે રૂસીની ચિંતા સાથ હું સુઇ જઇ શકશ?" કેટીએ મનમાં કાંઇ માઠું લાગ્યું હોય તેવા અવાજે કહ્યું. "પણ તું અમથી ફિકર ના કર! ઓય કરતા એવણ આવતાજ હોશે; છતાં તુંને ધીરજ નહિજ આવતી હોય, તો ચાલ; મને વાંધો નથી."

"શું કર્યે? નહિ તો માણુસોને ઉઠાડી, બધે દોડાવ્યે?" મીઠુએ બીજો ઉપાય બતાવતાં કહ્યું.

ને તેઓ બંને, હાથમાં લૅમ્પ લઇ, માણસોનાં કોઠરાં તરફ જવા નિકળ્યાં. પણ લૅતીસ વર્કની એક બંધ્યાર લાંબી પૅસેજ વટાવી, તે ઉંઘમાં પડેલા નાના રસાલાને જગાડી, હજી તો તેઓ હુકમ આપે છે, તેટલાં તો કમપાઉન્ડના બહારના ગેટ ઉપર કોઇના પગલાંનો અવાજ, સાદ સમજવા તોવાઇ રહેલા મીઠુના કાન ઉપર પડયો. અને જલદીજ બીજાંઓએ પણ તે સમજ્યો—એકસરખાં ધીમાં પગલાંનો સાદ, અને રાતની શાંતિમાં સ્પષ્ટ સમજાતો માણસોનો ધીમી વાતચીતનો અવાજ!

મીઠુએ હાથમાંનું ફાણુસ ઉંચું ધર્યું; અને બીજા ધ્રુજતા હાથોએ કેટીનો ટેકો લીધો.

"રૂસી એકલા નથી; બીજાં કોઇ માણસો બી સાથે છે;" મીઠુએ કાંઇ અજાયબીથી કહયું. "ખુદા મારો નેગેહબાન થાઓ; રખે કાંઇ આફ્ત હોય!" અને એ રવેશે તે બિકટ પળોમાં મીઠુ શાંતિ ને હિમ્મત એકઠી કરતી થઇ.

સરઘસના આકારમાં, એક સરખાં પગલાંએ ચાલતાં તે ટોળાંમાંથી એક પોલીસ કૉનસ્તેબલ ઝડપી પગલે આગળ આવ્યો; અને મીઠુ ને કેટી જ્યાં ઉભાં હતાં, ત્યાં આવી પુગતાં તે ઠમી ગયો. તે ગોરાએ પોતાની ટોપી માનથી ઉતારી, અને પછી વાત કેમ શરૂ કરવી તે બાબે ગુંચવાતો ઉભો.

"ઘરમેં કોઇ મરદ નહિ હય, મૅમ સાહેબ?" તેણે પુછ્યું.

"નહિ; મગર જો કુછ કહેના હો સો મુઝે કીજ્યે;" મીઠુએ બી ગભરાયલી અદાએ, ધક વગર હિંદુસ્તાનીમાંજ જવાબ વાળ્યો; અને પછી અધીરા જીવે ઇંગ્લીશમાં ઉમેર્યું, "દયા કરો, ને જેબી કાંઇ થયું હોય તે બોલી દેવ. પ્લીઝ, સ્પીક આઉટ!"

"મારાં માણસો મી. તાલ્યારખાનને લઇ આવેછ, મૅડમ; પણ કહેવાને દિલગીર છું કે એ ભલા ગ્રહસ્થ કલાકોના હક થયાછ."

કેટીના ફીક્કા હોઠોમાંથી દુઃખની એક ચીસ નિકળી પડી; પણ પુતલાં પેરે સ્તંભ ઉભેલી મીઠુ પોતા ઉપર પડેલી આફત ગૃહણ કરી શકી નહિ, એમ તે અનુભવી ઈંગ્રેજ ગ્રહસ્થને જોઇ લેવાનું સહેલું હતું.

"કલાકોના હક થયાછ? મારા રૂસી — હ, હ, હક થયાછ?" તે એફામ જેવી કૉનસ્તેબલના શબ્દો ઈંગ્રેજીમાંજ પાછી ને પાછી બબડવા લાગી.

"હા, મૅડમ; એ દિલગીરભરી ખબર આપવાની મારી કમનસીબ ફરજ થઇ પડેછ; પણ એથી બદતર બુરૂં તો એ છે કે ભલા મી. તાલ્યારખાનનું કોઇ બદમાસે ખુન કીધુંછ."

"શું ઉં ઉં ઉં? ખ-ખ-ખુ ઉ ઉ ઉ ન?" તે ફીક્કા હોઠો ફફડયા.

"હા, મૅડમ, હું રાતનો મારો રાઉન્ડ લેતો હતો ત્યારે મેં મી. તાલ્યારખાનને ઉંધે મસ્તક જમીનપર પડેલા જોયા. પારલી હીલ ઉતરી આવી, એવણ બહેરામજી રોડની પાળ ઉપર આસાએશ લેતા બેઠેલા હશે, તેટલાં પછવાડેથી કોઇ બદમાશે ગોળી મારેલી હોવી જોઇએ."

"દુનિયાભરમાં એવણનો દુશ્મન એક હતો નહિ, તો મારા રૂસીનું ખુન કોણ કરે?" જેમ તેમ કગરતા સાદે કહયું.

"જેબી હોય તે ખુનીને આપણે જલદીજ શોધી કાઢશું, મૅડમ;" તે કૉનસ્તેબલે હિમ્મત આપી. "અમારા હાથમાંથી એ મુજી કદી છટકવાનો નથી."

પણ તે ભલા ગોરાના આ શબ્દો બહેરા કાન ઉપર પડતા હતા. કુડીબંદ ખુનીઓ રૂસીના ખુન માટે ફાંસીને લાકડે ચઢે તોએ શું? તે

અમીરી ખવાસના અમીરજાદાની ખુટ કોણ પુરી શકનાર હતું? મોતે કે કમોતે રૂસી તાલ્યારખાન આ જહાનથી ઉડી ગયો હતો; અને ફરજની તે દેવીના હાથો હવે તેની તરફની મીઠી ફરજોથી મુક્ત રહેનાર હતા, એજ તે ગરવી પરશુતરને માટે પુરતી આફ્ત હતી. પગે ચાલીને ગયલો રૂસી પરાયા પગો ઉપર ઉંચકાઇ આવ્યો હતો. હસતો હસાવતો ગયલો, તે કોઝી કૉટેજનો દિલજાન મુરબ્બી મોતની ગોદમાં જડ થયલો પાછો ફર્યો હતો. તેઓએ એ કમકમાટભર્યા દેખાવથી મીઠુને દુર રાખવા ચાહી; પણ મીઠુની એકલી ટગર તે ઉમરાવી ભરથારનો મમતાળુ ચહેરો જોવા, ને ગોદમાં દબાવાની હતી.

“મને લઇ જાઓ, મને મારા રૂસીને મળવા દેઓ; મને એવણને જોવા દેઓ;” મીઠુએ હવે એનો એજ ટવળાટ કર્યા કીધો.

તેણીને ટેકો આપી, લથડતી પથડતી તે આલીશાન ડાઇનીંગ રૂમમાં લઇ ગયાં, જ્યાં રૂસીની અમીરી કાયા અચેત પડેલી હતી; તે કાયા, કે જે પોતાના આખેરી દમ સુધી તેણીપર અણહદ પ્યાર નિસાર કરવાજ ગોયા જીવતી હતી! મોતના સિહા ઓળામાં પણ તે અમીરી ચહેરાની શાંતિ ને નુરાની સચવાઇ રહી હતી. બારી આગળના સોફા ઉપર માનથી મુકેલી તે લાસને ટીકતી ઉભેલી મીઠુની આંખ્યો આંસુ વિનાની સુક્કી તસ હતી; માત્ર દુ:ખની એક તીણી કળતર તેણીના જીગરને અચૂક વિંધતી હતી, કે જે કળતર જો તેણીએ પોતાના ભરથારને વળતા તેવા પ્યાર સાથ ચાહયો હોત તો તેણી ભાગ્યેજ ભોગવતે!

મીઠુ તે સબ આગળ ઘુંટણે પડી દુઃખથી આજેજ થયેલી, પ્રશ્ચાતાપથી પટકાયલી તે પોતાના સરતાજના સબ આગળ ઘુંટણે પડી; અને તેના સ્થિર ઠંડા હોઠો ઉપર પોતાના ફીક્કા હોઠો દાબ્યા.

"રૂસી, મારા રૂસી," તે ધીમા દબાતા સાદે જેમ તેમ બોલી, "તમુને જીવાડવા હું મારો જાન વટીક ખુશીથી સદકે કરતે! ઓ રૂસી, તમે આ શું કીધું?"

તેણી તરફનું એકાદ અણમાંગ્યું વહાલ કે લાડ મેળવતાં તે અમીરી ચહેરો કેવા આનંદમાં પ્રફુલ્લિત થતો હતો! અને આજે? તેણીના ટવળાટ છતાં શાંત પડેલી તે સ્થિર કાયાએ મીઠુને રૂસીના મરણનો ખરો ખ્યાલ આપ્યો.

એવામાં મોતની ગમગીન ગમખ્વારીમાં ગમઘોર ઉભેલાં સઘળાં અદબથી એક મેર થયાં; અને તે મોતના ઓરડામાં પંથરાયલી ચૂપકી-દીને તોડતાં ગુલબાઇના હૃદયભેદક રૂદન અને કકળાટભર્યા કલપાંતથી તે આલીશાન ઓરડાની અસલ દિવાલો પણ ધ્રુજી રહી.

રૂદન, કાકલુદી, ને કલાપિત, વાક્તાચુરી ને શબ્દચાતુરી જો મોતને ફુસલાવી શકવાને સમર્થ હોત તો, તે માતાનું આ રૂદન તે ચાહતા બેટાના અચેત પડેલાં ખાકી બદનમાં ખચ્ચીત ચેતન લાવત!

"બાવા, જરા તો બોલ! કોણ મુજીના હાથોએ તુંને માર્યો તે તો મને કહે, રૂસી દીકરા!"

રૂસીનો પવિત્ર આત્મા શું બી સદેશો આપી રહયો હોય તે સાહેબ જાણે; પણ તેના ખાકી હોઠો તો આ ખલકત માટે સદાના

ચુપ થયા હતા; અને ગુલબાઇનું તહેલખું કે મીઠુનો ટવળાટ કશોજ જવાબ મેળવી શકયા નહિ.

પ્રકરણ ૧૩ મું.

મરતી માદરનો સખુન.

વાંદરાવાસી રૂસી તાલ્યારખાનના કમનસીબ મોતના સમાચારથી સાવ વાંદરાજ નહિ, પણ તમામ મુંબઇ નગરી ખળભળી ઉઠી. તે ભેદી ખુનની તપસીલવાર વિગતો અને બહાર આવતી અનેક ગપો મુંબઇના હરેક છાપામાં રોજની ચરચાતી દહાડાઓ સુધી ચાલુ રહી.

વળી થોડા વખત ઉપરજ છપાઇ બહાર પડેલી તેની કવિતા સંગ્રહની ચોપડીના તે બધાં પેપરો રીવ્યુ લેતા, અને તેમાં ઉત્તમ આશા આપતા, આ ઉગતા પારસી કવિનું તેની ઝળકતી કારકિર્દીની શરૂઆતમાંજ કોઇ મુજી હાથોએ ખુન કીધું હતું, તે માટે શોક પ્રદર્શીત કરનારાં લખાણો અપાતાં રહયાં.

રૂસીના ખુન કે ખુનીનો પત્તો મેળવી આપનારને ભારે ઇનામની લાલચો જાહેર કરવામાં આવી, જે લોભને વશ, કેટલાક કાબેલ ડીટેકટીવોએ વાંદરે આવી ઘટતી જાુસતેજો ચલાવી. પણ રૂસીનો ભેદી ખુની ગોયા પાતાળમાંજ ગરક થઇ ગયો હોય તેમ તેની હસતીની કશીજ ભાળ હાથ આવી નહિ.

પહેલી માહેતમના ગુંચવાડામાં રૂસી તાલ્યારખાનના કોટનાં ગજવાં માંહેલી અનામત સલામત જોઇને એ ખુન લુંટ માટે થયું નહિજ હોય

એમ લાગવાથી તે વધતું ભેદી દીસ્યું. પણ મગજ શાંત થતાં, ડીટેકટીવોની પુછપરછમાં મીઠુએ જ્યારે પોતે હેતથી વિંટાળેલો કેશમીરી સ્કાર્ફ અને હીરાજડીત પીન ગુમ થયલી હોવાનું કહયું, ત્યારે લુંટને માટેજ ખુન થયલું હોવાનો સંકેત ખરો ઠર્યો, અને વધુ ઝડતી લઇ તે બદમાશ વધારે કાંઇ લુટી શકે તે અગાઉ કોઇનાં આવતાં પગલાં સમજી નાઠેલો હોવાનું મનાવા લાગ્યું. અને આયંદા, મુંબઇમાં વધી પડેલા પઠાણ ત્રાસનેજ આ અમીરી જવાનનું મોત પણ આભારી લેખાયું.

સર અદી મોદીને આ તેના મસીઆઇ ભાઇના અકાળ તેટલાંજ કમોતની ખબરના તારો તો પહોંચ્યા; પણ મોઢું જોવા તે પામેજ કયાંથી? વખત કે સાધનજ તેવાં હતાં નહિ; તે તો છેક ઉઠમણાંની સાંજે દરિયા મહાલમાં આવી ચઢયો. તેની આમદ તે દુખિયારાં મા–દીકરી માટે ઘણીજ હિમ્મત આપનારી થઇ પડી. આવતાં સાથજ તે ગમખ્વાર મોત પાછળની ક્રિયાકામની અને બીજી અનેક મુઝવણો, જે માટીડા વગરના તેઓના ઘરમાં સંતાપજનક થઇ પડી હતી, તે સઘળું આટોપવાનું બીન કહેવે અદીએ પોતાને શીર લઇ લીધું.

દિલસોજીથી દોડેલાં મુલાકાત્યાંઓની ભીડ સવાર ને સાંજ એક સરખી ચાલુ હતી—હતુંજ તે એવું ગમખ્વાર મોત કે કોણ તે એ દુખિયારી નારોના દુઃખમાં હમશરીક ન થાય? પઠાણોની જાત ઉપર, અને એ કમજાતોના ત્રાસ ઉપર રોજની અનેક મુજહામતો સાથ દિવસો ગબડતા રહયા.

અદી પુરતી ગંભીરતા અને સાવધાનીથી કામ લેતો હતો. મીઠુને તેમજ ગુલબાઇને દિલસોજીના શબ્દો તેને સાથે સાથેજ કહી સમજાવ્યા હતા; તે ઉપરાંત તે ગમખ્વાર ચહેરાની દુખિયારી વિધવાનું દુઃખ ચુપકીદીમાં નિહાળવા સિવાય તેને માટે બીજો સુધો માર્ગ હતોજ કયાં?

બમસી વિતી ગઇ. અદી એક દિન સવારે જરૂરી કામ સર દરિયા મહાલની રૂસીવાળી વીંગ—કોઝી કૉટેજ—માં આવ્યો; પણ તે દિવસે રાબેતાની પોતાની જગ્યાએ સોડ કરીને બેઠેલાં દુખિયારાં ગુલબાઇ ત્યાં જણાયાં નહિ. ગમગીન ચહેરે, ઉંડા વિચારમાં પડી ગયલી મીઠુ એકલી ત્યાં હતી; અને ત્યારે તેણીની પોતાથી અણજાણ મોતી મિસાલ ગરમ આંસુઓ તેણીના ચહેરા ઉપરથી સરી પડતાં હતાં. અદી ધીમે પગલે તેણીની આગળ જઇ ઉભો. તે દુખિયારા, વહાલા જીગરનું દુઃખ રોજ બરોજ જોવું, ને તે ચુપકીમાં તામોશ કરવું તેને માટે કેટલું અઘરૂં હતું?

"મીઠુ, રૂસીના મોત કરતાં તારૂં આ દુઃખ જોઇ હું વધતો દુખિયારો ને દિવાનો બનુંછ;" લાગણીભર્યાં ગંભીર અવાજે અદીએ કહયું. "એ તો એક ઉત્તમ આત્મા હતો—બચ્ચાં જેવો નિર્દોષ ને પાકીજેહ રૂસી તે બહેતર દુનિયામાં સુખીજ હશે. આ દુનિયાની મોહીની એના જેવા જીવને પેલી જહાનમાં દુઃખી નહિજ કરતી હોય, કે જેવો ગમ ને શોક તું હયાં ધરી બેઠીછ."

મીઠુએ પોતાની રડમસ આંખો પહેલીજ વાર તે ચાહતા જવાનની આંખોસે મેળવી.

"મેં એને ચાહયો નહિ, એ પાપ રાત ને દિવસ મારૂં જીગર કોરી ખાએછ;" ગમખ્વાર અવાજે મીઠુએ જવાબ વાળ્યો.

"પણ શું રૂસી તે જાણુતો હતો? તું એને ચાહતી નથી એવો કોઇ શક વટીક શું કદી તેં એને આવવા દીધો હતો?" અદીએ ઉતાવળે પુછ્યું.

"નહિ; શંકા તો શું, પણ એવો એક ખ્યાલ વટીક બી મારા નિખાલસ રૂસીના મનમાં આવ્યાનું કદી મેં જાણ્યું નથી;" મીઠુએ ભોળાં દિલે સ્વીકાર્યું.

"તેજ બતાવેછ, મીઠુ, કે પરણેતર તરીકેની તારી ફરજમાં તેં લેશ માત્ર બી કચાશ આવવા દીધી નથી;" અદીએ સધિયારો આપતાં કહ્યું. "ને જ્યારે, રૂસી તારા પ્યારની ખાત્રીમાં સુખી સિધાર્યોછ, ત્યારે—"

"ત્યારેજ તો મારી ઠગાઇ મને વધતી સંતાપેછ ની, અદી!"

એ પછી તેઓ બન્ને પોત પોતાના ખ્યાલોમાં ચૂપ બેઠાં. એ ગમખ્વાર ગઇ ગુજરી બાબે ત્યાર પછી કોઇવાર કશીજ વાતચીત તેઓ વચ્ચે થઇ નહિ.

"મીઠુ," જરાવારની ચુપકી પછી અદીએ પુછ્યું, "કોઇબી માણુસની જિંદગી કાંઇને કાંઇ ખાનગી બનાવથી ખાલી હોતી નથી. રૂસીની જિંદગીની એવી કોઇબી હકીકત તું યાદ કરી શકેછ, કે જેથી એના મોતનો ભેદ, કે તે સાથનો કાંઇ સંબંધ શોધી શકાય?"

"એક ચીજ નહિ!" મીઠુએ ભાર મેલીને કહ્યું. "બીલોર જેવું સાફ હૈયું, જબાનમાં બધાંજ માટે મિઠાશ, ને એ વેર કોણ સાથ વસાવે? એ અસીલનું દુશ્મન તો શું, પણ કોઇ ભુરૂં બોલનારબી મારી તો જાણુમાં નથી."

"ત્યારે લુંટને ખાતરજ એનું કમોતનું મોત આવ્યું, એજ ઠરાવ ઉપર આપુને સંતોષ પકડવા સિવાય ઇલાજ નથી, એમ?"

"સૌ એમજ કહેછે ને ધારેછે;—ને મારૂં તો મગજ હાલ વિચાર કરવાની હાલતમાંજ નથી."

"મને તો એ ખુનમાં કાંઇ ભેદ લાગેછે;" અદીએ ભવાં જમાવી કહ્યું. અને થોડા વાર પછી તે જવા ઉઠયો ત્યારે, તેના પહોળાં કપાળ ઉપર ચિંતાનો વિચારવંત ચીલ્લો ચઢેલો જોવાતો હતો.

એ વાતચીત પછી થોડાજ દિવસમાં પદમજીના ગુલબાઇની લથડતી તબિયત વધતી બગડતી ગઇ. સોવાસણ સાજ ઉતારીને, સીહા પોશાકમાં સજ થયલી મીઠુને જોવાનું તે હેતવંતી માદર માટે એક જાલીમ જફા હતી. દીકરા પેરેજ ચાહેલા જમાઇનું મોત તેણી ખમી શકી નહિ. જોકે આગળો ટવળાત ને તખળાત તેવણે તજયાં હતાં, પણ મુંગી કાકલુદીમાં ડગમગતી તેમની આંખ્યો ને ચહેરાની ગાફેલ્યત બતાવતાં હતાં, કે એ હેતવંતો જમાઇ તેવણથી વિસરાતો હતો નહિ. દિન ઉગત આજુબાજુનાઓને જોવાનું ને સમજી લેવાનું સહેલ થયું, કે કમનસીબ મીઠુને આ હેતવંતી માદરનો મીઠો છાંયો વહેલોજ ગુમાવવાની કમનસીબી સહેવવાની હતી.

એ ઈતેજારીભર્યાં દિવસોમાં સર મોદીને 'કોઝી કૉટેજ'માં વધતું આવવું જવું પડતું. પણ એ અરસો તેમનો આગળો અણુહદ પ્યાર કે હાલનું અસહ્ય દુઃખ રડવાનો હતોજ નહિ. ગુલબાઇની માંદગીની નવી આફતમાં એ સઘળું જાણે વિસારે પડયું હતું. માદરની સેવામાંજ મીઠુ મન પરોવીને બેઠી હતી; જયારે તેણીની મુંજવણ ને મુશ્કેલીઓ બને તેટલી ઓછી કરવાપરજ સર મોદીનું ચિત્ત ચોંટયું હતું.

એમ ત્રણ માસ ચિંતાના પસાર થઇ ગયા; અને હવે ગુલબાઇનો અંત નજીક આવેલો હોવાની વાતથી મીઠુ ચેતેલી તેટલીજ વધતી ઉદાસ વૃત્તિની બનતી ગઇ.

એક રાત્રે ઓરડામાંથી બધાં બહાર વગેસગે થયા પછી, મીઠુ તે વહાલી માદરનું બિછાનું સાચવતી એકલી બેઠી હતી, ત્યારે ગુલબાઇએ તેણીને પોતાની પાસે તેડી, અને પોતાનાં પાંસામાં બેસાડી.

"મીઠુ," ગુલબાઇએ ધીમે અવાજે બોલવું શરૂ કીધું, "મારા દાહડા તો હવે ભરાઇ ચુકાછ, દીકરી; મરવા ભાગી હું બીહતી નથી, પણ આ અવતારે તું દુનિયામાં એકલી પડશે એ ખ્યાલે મારા આત્માને નિરાંત હોતે નહિ, છતાં એક ગેબી કોઇ વિચારે આજે મને કાંઇ શાંતિ મળીછ."

મીઠુએ પોતાની માતા ગમ ગુંચવાડાની ગુંચવાયલી આંખ્યોએ જોયું.

"મીઠુ, આજનું મારૂં કહેવાનું, ને મારા વિચાર જોકે હાલ તો તુંને અભતાનક લાગશે; પણ મારી દીકરી, આખી જુવાની કાંઇ તારેથી ગમમાં ને જુરાપામાં કઢાવાની નથી. મને લાગેછ કે અદીનો તારી પર જીવ છે, ને આસ્તે ધીરે એ તારા હાથની માંગણી કરશે."

"માય, માય, અત્યારે એ વાત કરવાનો વખત નથી. રૂસીને એટલો જલદી તમો વિસારી આપો એ ખ્યાલજ હું કરી શકતી નથી."

"મુવાં સાથ કોઇથી મરાયું નથી, દીકરી;" ગુલબાઇએ જહેમતથી બોલતાં કહ્યું. "મારૂં મોત નજીક નહિ હતે, તો એ ખ્યાલો મનેબી થતે શાના? મીઠુ, જો હું સુખે મરૂં એમ તું ચાહતી હોય, તો મને વચન

આપ કે જે દહાડે હોય ત્યારે અદીની માંગણી તું નામંજુર કરશે નહિ."

"મારે મન હાલ દુનિયા અકારી છે, માય," મીઠુએ દુ:ખી અવાજે કહ્યું. "આ કાંઇ પરણવા અદરાવાની વાત કરવાનો વખત નથી; મોતની માનભરી યાદ જાળવવાનોજ આ તો મોકકો છે, તે ભુલો ના !"

"મને નાચારીએ કવખતે વાત કરવાની ફરજજ પડેછ, દીકરી. મોત કાંઇ ત્યાંવેર થોભવાનું છે? એટલી નિરાંતે મને મરવા દે, મીઠુ; મારો એટલો છેલ્લો સખુન પાછો ના ફેરવ, દીકરી;" ગુલબાઇ કગળી પડયાં. તેવણની જીભ પણ હવે તો લથડવા લાગી. મીઠુ તો અદીના આગલા પ્યારને ગુનાહ સમજી, રૂસીની પવિત્ર યાદમાંજ જીવવાનો મનસુબો મનથી કરી રહી હતી; અને એ કાંઇ ન બનવાજોગ નથી કે અદીને તેણી પાસ "હા" બોલાવવાનું કામ સહેલ થાત નહિ; પણ ગુલબાઇ કંઇક અગમચેતીથી આગ્રહી થયલાં તે રાત્રે થર ઘાલીને બેઠાંજ નહિ.

"મરતી માયને ના ટવલાવ, દીકરી; જો તું હા બોલશે નહિ, તો મને બહેસ્તમાં બી ઉચ્ચકચેરા થશે."

આવી મિનતજારી પછી મીઠુ તે મરતી માતાને કયાં વેર ટવળાવે? તેણીનું હેતાળ જીગર એ ટવળાટ તામોશ કરી શકયુ નહિ.

"અદી મને પુછશે તો હું એવણની માંગણી કબુલ રાખીશ, માયલાં, બસ? હવે તો જરા નિરાંત કરીને પોઢો."

ગુલબાઇનો ગરવો, નમાનો ચહેરો તાસવીસના તખલાતથી હવે કાંઇક મુક્ત થઇને શાંતિભરેલો થયો.

"હવે મોત ગમે ત્યારે આવે, મીઠુ," તેવણે કરારથી કહ્યું, "હવે હું સુખેથી મરીશ. તું અદીના હાથમાં સુખી સલામત છે એમ જાણી અમે બધાં ત્યાં બી ખુશી થઇશું ને ત્યાંથી તમારી નિગેહબાની કરશું."

અને એ પછી નાતવાનીથી આજેજ થયલાં ગુલબાઇએ થોડોક વાર શાંત સુઇ રહયા પછી પાછી આંખ્યો ખોલી.

"ખરા જો, મીઠુ! કેટીની મને કાંઇ સમજ પડતી નથી. મને તો લાગેછ કે એના મગજ ઉપર કાંઇ ચિંતા છે. મેં તારા બહેસ્તી બાપનો બોલ પાળ્યો, તેમ તું બી પાળજે, ને દીકરા એની બહેનજ થઇને રહેજે. તારા સિવાય હવે એનું બી આખી ખલકમાં કોઇજ નથી જો!"

"કેટી મારી બહેનજ છે, મમા. એને વરે તો તમે જરાબી ફિકર ના કરો; એને કશાંથી બી હું મોહતાજ રાખીશ નહિજ."

મીઠુ બિચારી કયાંથી જાણે કે અદીનો પ્યાર પોતે જીતી લઇને તેણીએ તેને "**મોહબતે મોહતાજ**" કરી નાંખી હતી. તે શું જાણે કે મોહતાજ મુફલસીના ડંખ ને દબાણ નીચે એકલવાઇ કેટી સરબસર કચડાતી જતી હતી.

પ્રકરણ ૧૪ મું.

'કોઝી કૉટેજ' ફરી એકવાર મોતની માહતમ ને ગમગીનીમાં ગીરફતાર ગયું. ગયા પ્રકરણમાં જણાવેલી રાત્રે ગુલબાઇ કાંઇક અગમ-

ચેતીથી આગ્રહી બની, અદી કદી મીઠુના હાથની માંગણી કરે તો તે મંજુર કરવા પોતાની બેટીને સમજાવતાં આપણે વાંચી આવ્યાં છીએ; અને તે માતાનો મરતી વખતનો તવળાત તામોશ ન કરી શકવાથી મીઠુએ કાંઇક ડગમગતા દિલે ગુલબાઇનો સખુન આયંદા કબુલ રાખ્યો ત્યારેજ તે માતા કાંઇ નિરાંત પામેલી જણાઇ. એ બાદ થોડીક તાસવીસ ને તાણુતોડ પછી ગુલબાઇ ઉંઘમાં પડયાં હોય એમ મીઠુને લાગ્યું. અજ્ઞાન મીઠુએ પછીથીજ જાણ્યું કે તે હમેશગીની ઉંઘ હતી, કે જેમાંથી બીજી સવારનો ઉગતો આફતાબ ગુલબાઇ જોવા ઉઠયાં નહિ.

જવાન જમાઇના અકાળ મરણનો ગમ, ગરવાં ગુલબાઇ હૈયે ઓગાળી, છ મહિના તેની પછવાડે થયાં. ચાલુ નબળી તબિયત છતાં પણ ગુલબાઇ હજી બચ્ચાંઓનાં સુખમાં ટગુમગુ ટકી રહયાં હતે, પણ રૂસીનું કરપીણ ખુન અને અણધાર્યાં મોતનો ફટકો તે નબળી દેહ માટે જબુન થઇ પડયો. લોકમત મુજબ ગુલબાઇના મરણની બદનામી પણ તેજ કરપીણ શીરને સર ચોંટી હતી, જેને જવાન રૂસીનું ખુન કીધું હતું.

આફત ને અંદેસામાં ઘેરાયલી મીઠુ તે મીઠી માવતરના મોતથી ગોયા આજેજ બની ગઇ હતી. અને તે ગમગીન સુંદરીપર પડેલી આ ઉપરાસાપરી આફતમાં વાંદરામાં વસતાં દરેક પારસી કુટુંબે દુઃખથી દાઝીને તેણીને દિલાસો ને દિલસોજી દાખવવામાં કશીજ તંગદસ્તી કરી નહિ. એજ પારસીઓનું કોમી ખમીર છે, કે જે સુખ, શાંતિ, ને મોજ મજાહમાં મંદ ને બેદરકાર રહેલું જોવાય છે, પણ ગમી કે આફતમાં દયા ને દિલસોજી વાસ્તે કદી બેદાદ જણાયું નથી.

પણ એ અરસામાં અદીની સ્થિતિ ખરેજ કફોડી હતી. હજારો

નજીવી સેવાઓ સરો ચસ્મથી ઉઠાવી, મુંગું બેસવા સિવાય તેને માટે બીજો ઇલાજ હતો નહિ. મીઠુનાં ભલાં નામની જાળવણી, અને તેણીની તીવ્ર બનેલી લાગણીનો આદર કરીને નતો તે એક માયાકુલ શબ્દ ઉચારી શકતો, કે નતો એક દિલસોજ નજરથી વિધવાના સિહા પોષાકમાં સજાયલી તે પાકજાદ પુતલીના ગમમાં હમશરીક થઇ શકતો. મીઠુનાં તે દુ:ખમાં જ્યારે દુરના વટીક તેની નજીક થયાં ને રહયાં હતાં, ત્યારે નજીક છતે તે તેણીના વિચાર અને જીગરથી દુર અને અળગો બન્યો હતો.

ત્યારે નીઝામી મહાલની ઍલીસ નવાબજંગની બેકરારી ને સુસ્તી એજ વખતે ઉમંગ ને ઉલટમાં બદલાઇ ગઇ. સર અદી મોદી 'દરિયા મહાલ'માં જાથુકનો વસવાટ કરવા આવેલો જાણ્યા પછી, લેડી મોદી બનવાની તેણીની ઉમેદ ફરીને સજીવન થઇ. ગમે તેવી છેકલ છતાં ઍલીસ નરમ દિલની તો હતીજ. રૂસી તાલ્યારખાને પોતાને નહિ પણ મીઠુને પસંદ કીધી હતી, તેના બદલામાં તે કવિ મીઠુથી નિરાશ થયલો બને તે જોવા જોકે તેની હૈયાતી દરમિયાન ઍલીસ આતુર હતી, છતાં રૂસીના અકાળ મરણ ઉપર તે છાલકાં જીગરના ઉંડાણમાંથી દહાડાઓ સુધી ગરમ આંસુઓ ટપકતાં થયાં હતાં. અદી મોદીના વાંદરાવાસી થયા પછી તે જીગરમાં નવી ઉમેદ ને નવો જોશ જોવાતો થયો. પોતાની ખુબ-સુરતી ઉપર ઍલીસને એટલો તો વિશ્વાસ હતો, પોતાની દોલતની કુમક ઉપર તેણી એટલી તો નચિંત હતી, કે આખર ને અવલે સર અદી મોદીને લેડી મોદી માટે તેણીને પસંદ કર્યાં વગર બીજો છુટકોજ નથી એમ તે ખરે મને માનતી થઇ; જે માન્યતાની તેણીની ઉંઘમાંથી સીપલાં સુનાબાઇએ તેણીને જગાડી.

"આવી જુવાન, આવી ખુબસુરત એ મીઠુ તાલ્યારખાન કાંઇ

લાંબો વખત વિધવા રહે નહિ. જોજેની તારી અગાઉ એજ લેડી મોદી નહિ થાય તો !"

સુનાબાઇ સંતાકના આ શબ્દોથી ઍલીસ નવાબજંગની વમાસન વધી. સર અદી બીજી વખત મળે ત્યારે તેનો ગર લેવાનો તેથી ઍલીસે મક્કમ વિચાર કીધો.

"મારાં સુનાબાઇ તો કહેજે સોવાસણના સુંદર શણગાર કરતાં ગમીના કાળાં ચિથરાંમાં મીઠુ વધુ ખુબસુરત લાગેછ—તમે શું ધારોછ વારૂ ?" એક દિન સર અદી મળી જતાં વાત ઉપરથી વાત કાઢી ઍલીસે પુછ્યું.

"એમ કહેવામાં સુનાબાઇ ખાસ ખોટાં તો નથી;" ટુંકો ને ટચ જવાબ મળ્યો.

"ત્યારે તમે ધારોછ કે એ પાછી પરણવા નિકળે ?" તુરતજ ઍલીસે ગર લેવાની ઉલટમાં વળતો સવાલ મુકયો.

જે ગુસ્સાનો રતાશ અદીના મુખપર ફરી વળ્યો તે જો ઍલીસ નવાબજંગે જોયો હોત, તો કદાચ તેણીની નફ્ટ હિમ્મતની પણ ઓટ થતે.

"એવી રીતની કોઇની જીજ્ઞાસા તૃપ્ત કરવાનો મીસ નવાબજંગ મારો ધારોજ નથી તે તમે જાણુતાં નહિ હશો;" અદીએ મોધમ જવાબ વાળ્યો. પણ પત્થર ઉપર પાણી જેવીજ તેની અસર ઍલીસ ઉપર થઇ.

"વિધવાઓ, ખસુસ કરીને ખુબસુરત વિધવાઓ સોસાયટીને એક ન્યુસન્સ છે;" તેણીએ ટીચકું ચઢાવી બખાલતાં કહ્યું. "હું તો એઓના કાળાં કફનમાં જરા માનતી નથી."

અદી હવે ગંભીરતા તથા ગુસ્સો છાંડી મોટેથી હસી પડયો. તે છાલકાં મગજ સાથ તકરાર કરવી, કે મોઘમ તાણાથી શુદ્ધ ઠેકાણે લાવવાની કોશીશ કરવી વ્યર્થ હતી. એક પતંગ્યાં તરફથી ડહાપણની આશા તે કયાંથીજ રાખી શકાય? છાલકાં ઘડાયલા જીવની એવી તુચ્છ ખાસિયતો હસી કાઢવા સિવાય છુટકો બીજો હોય શું?

પણ ઍલીસ જયારે ગર લેવા આ પ્રમાણે ખુલ્લા સવાલ જવાબ કરતી હતી, ત્યારે બે અદેખી આંખ્યો સર અદી મોદીની બારીકેબારીક હિલચાલ ઉપર છુપી તકેદારી રાખી રહી હતી. કોઇક વખતે કેટી કામદીનના અદેખાં દિલમાં મીઠુની ખુબસુરતી વસવસો પેદા કરતી, કે રખે અદી તેનો શિકાર બને. એમ હોવાથી, ગુલબાઇના ગુજરવા પછી દિવસો સુધી કેટીની આ ચાલુ ફિકર થઇ પડી હતી. પણ ગમે એવી એદખી આંખ્યો છતાં કેટીને આયંદા કબુલ કર્યાં વગર ચાલ્યું નહિ, કે અદીના વર્તનમાં કે તેના નેત્રમાં પ્રેમના ચિન્હો લેશ માત્રબી જણાતાં હતાં નહિ. એટલે કેટીએ હરીફોની ટીપમાંથી મીઠુનું નામ છુટકારા સાથ કાઢી નાંખ્યું.

પણ અદી સાથના પોતાના ચાલુ રોજના મેળાપથી તે પ્રેમઘેલી અબળાના જીગરમાં પ્યારનું પજરણ પાછું પડી ચુકું હતું. કિનો કપટ વિસારી, કેટી ફરી એકવાર તેનો પ્યાર જીતવા કે મરવા તૈયાર થઇ ગઇ હતી, ત્યારે ભોળો જવાન અદી સીરફ બેખબરીમાં કેટીની ઉછાછળી નાદાનિયત ભુલી જવાનું કરતો હતો; અને કેટીબી તેની આગળી ઘેલચ્છા

માટે શરમાઇ, અદી ગઇગુજરી ભુલી જાય એમ ચાહતી હશે એમ માની લઇને તે કશો અંતર કે એોશક જાળવ્યા વગરજ કેટી સાથ વર્તવા લાગ્યો. આ તેનું નફિકરૂં નભરવસપણું કેટલું કાતિલ પરીણામ લાવનાર હતું તેથી બેખબર તે તો ભાઇના હેતથી તેણીને ચાહતો ને નવાજતો રહયો. જ્યારે એ તેના હેત ને એખલાસનો જુદોજ માયનો ઉઠાવી, કેટી તો પ્યારની રોહમાં ખુશાલ તએહ તણાતી રહી. આ પ્રમાણે ભુલભુલામરી-ભરી ભીંતો વચ્ચે ગોતાં ખાતાં તેઓ કિસમતની કિસ્તિમાં કયાં જઇ અથડનાર હતાં?

* * * *

આખર તે દિવસ આવ્યો.

જે દિવસ માટે સર મોદી ધીરજ ને ધૈર્ય ધરી, ખુદા ઉપર સબુરી ઇતિબાર ને ઇમાન રાખી થોભ્યો હતો, તે દિવસ અંતે આવ્યો. કસોટીના તે દિવસોમાં અવિચારી કે ઉછાછળાં કોઇબી પગલાંથી જિંદગીની બરબાદી ને માન મરતબાની ધુળધાણી કરવાનું કેટલાક ઉછાછળા અધીરા જીવો માટે આસાન થઇ પડયું હોત; પણ સર મોદી જુદાંજ ખમીરનો બનેલો હતો. આ બધા દિવસો તેને સબુરી પકડી હતી, એટલે આજે ફત્તેહ શીરોજીએ ચઢવાનો દહાડો જોવાની શુભ નસીબી તેને થતી હતી.

અદીએ મીઠુ ઉપર એક કાગળ પોસ્ટમાં રવાના કર્યો, જેમાં તેને અગત્યના અને ખાનગી કામસર મીઠુને મળવા માંગ્યું હતું.

"ખાનગી અગત્યના કામસર મારે તુંને મળવું છે," તે આ કાગળમાં લખતો હતો, "માટે ખુદાને ખાતર જે દહાડો ને ટાઇમ આપે તે એવો ના લેતી કે જ્યારે કેટી કે બીજાં કોઇ ઘરમાં હોય. મારે તુંને એકલુંજ

મળવું છે. જરૂર એટલું કરજે, નહિ તો અધીરતાથી તું મને હવે ત
જરૂરજ દિવાનો બનાવશે."

અને તે કાગળ પોસ્ટ કર્યાં પછી, કાગને ડોળે મીઠુના જવાબની રા
જોતો, પોસ્ટની ડીલીવરીના વખતે 'દરિયા મહાલ'ના ગેટ ઉપર, ને ગેટ
બહાર અદી લટારો મારવા લાગ્યો.

અંતે તેના કાગળનો જવાબ આવ્યો—ટુંકો ને ટચ! તેની માંગણ
અનુસારનો મુલાકાતનો દિવસ ને ટાઇમ મીઠુએ તેમાં લખી વાળ્યો હતે

રૂસીનીજ નહિ, પણ ગુલબાઇની વરસી પણ વિતી ગઇ હત
એટલે મીઠુ હવે તેની થવા કબુલશેજ એવી ખાત્રી સાથ નક્કી કીધે
દિવસે અદી તેણીને મળવા ગયો. તેઓએ કેવી જાલમ જુદાઇ ખ
હતી! પણ આજ પછી તે સઘળી દુ:ખભરી યાદો સાથ તેઓને કામ
શું હતું? મીઠુ આજે વચનથીજ નહિ, પણ જીગરથી તેની થનાર હતી.

નરમ કુશનવાળી એક કૅન ચૅરમાં બારીઓથી દુર તેને મળવા
મીઠુ તૈયાર બેઠી હતી. પોતાના પોષાકમાં તેણીએ કશોજ ફરક થવા દીં
નહિ. રૂસી તરફની તેની ફરજ ખાતર એટલું તો ખાસ હજી જરૂરનું
હતું. પણ અદીના આવવાની પળો નજીક આવતાં, તે જવાન જીગર
જે ફેરફાર થઇ રહયા તે મીઠુ અટકાવી શકી નહિ.

તે આવ્યો. હલકાં, ઉત્સાહી તેના પગલાં કોઝી કૉટેજની સીડીએ
ચઢતાં મીઠુએ સમજ્યાં; અને તે સમજી પોતાની લાગણીઓ ઉપર કાં
કાબુ તેણી મેળવી લે, તે પહેલાં તો અદીના આતુર હાથોમાં તેણી વિં
લાઇ ગઇ.

"મારી, આખરે મારી!" ખુશાલી ને ઈંતેજારીથી ધ્રુજતો અદી બોલ્યો. "સઘળી બાધ ને નડતર દૂર થઇછે, મીઠુ;—હવે સદા માટે તું મારી છે."

શરમથી લાલ થયલો તેણીનો ચહેરો ઉદાસ અદાએ જમીન તરફ ઝુમી ગયો હતો. પ્રેમના પ્રકાશ પાડતી અદીની આંખ્યો સામું જોવાને મીઠુમાં કૌવત હતું નહિ.

"અડવાડિયાંઓ થયાં તુંને રૂબરૂ મળવા ને મારી થવા સમજાવવા હું ટલપતો હતો; પણ તારેજ ખાતર મેં હવરે તક ખામોશી અખત્યાર કીધી;" અદીએ તેણીને હેતથી બેસાડતાં કહ્યું. "જે અભાગી સરજતે આપણને છુટાં કીધાં તેનો વિચાર હવે ના કર, મીઠુ મારી. સુખી ભવિષ આપણે માટે હવે ખુલ્લું થયું છે. જરા તો બોલ ડીયરૅસ્ટ! કહે વહાલી, કે તું મને આગલાજ પ્યારે હજી પણ ચાહેછ ની?"

"આજનો મારો પ્યાર તારી તરફના આગલા પ્યારથી વધુ છે, અદી;" તેણીએ સાદાઇથી ખરી હકીકત કહી—ભોલાઇભરી સાદાઇ એજ તેણીની વાતચીતનું ખેંચાણ હતું. "અનેક કસોટીમાંથી કસાયલો પ્યાર ઘડાઇને વધુ બળવાન બને એમાં અજાયબી નથી. એ પ્યારને ખાતર આટલાં આટલાં વર્ષો આપણે કાંઇ થોડું ખમ્યું નથી."

ગમગીન અવાજે ગઇ ગુજરીની દેવાડેલી તે યાદથી અદીના જીગરમાંથી ઠંડીની એક કંપારી પસાર થઇ ગઇ.

"મીઠુ ડીયર, તે બધું હવે યાદ કરવાનું ફોકટ છે;" અદીએ તે છતાં સમજાવતાં કહ્યું. "એ બધું વિસારી દઇને, તું હવે આજે મારી થવા કબુલ થાએછ ની, મારા જીવ?"

"એટલું જલદી નહિ, અદી; એટલું જલદી નહિ;" મીઠુએ કરગરીને કહ્યું. "એક બીજા ૭ મહીના ધીરજ રાખો અદી; જોકે તોબી રૂસીના મોતને ઘટતું માન આપેલું તો ગણાશે નહિજ."

"તારી નિર્દોષતામાં તારી આવી ગમી ને શોકથી તું મને કેટલો દુ:ખી કરેછ તેનો તુંને ખ્યાલ આવવાનો નથી;" અદીના અવાજમાં નિરાશા પ્રગટી રહી હતી. "ખેર, વહાલી. તારી મરજી એમ છે તો એમ. તું મને કબુલ રાખેછ, પણ વધુ ૭ મહીના મારે થોભવું, એમજ કની?"

"હા, એમજ અદી;" મીઠુએ નીચી નજરે કહ્યું. "આપણા ભવિષના સુખના ખ્યાલે પણ હું ધ્રુજુંછ. કારણ મને એજ ખટકો થયા કરેછ કે રૂસીના મોતથી આપણે આપણું સુખ ખરીદયુંછ."

મીઠુની આવી તકરાર પછી જ્યાદા દબાણ અદી કરેજ શું? "હા" માં મળેલા જવાબ ઉપર સંતોષ પકડીને, ઉલટમંદ આવેલા અદીએ જીવ ઉપર જબરીના એ ૭ માસ ખેંચી કાઢવાનું કબુલ રાખ્યું.

દાહેકા ને સદીઓના જ્યાં હિસાબ રહેતા નથી, ત્યાં ૭ મહીના ધીકે પાપે ગબડી જાય તેમાં નવાઇ શી? એ ૭ માસનું કૅલન્ડર છુટકારાના દમ સાથ ફેરવતો, સર અદી મોદી મીઠુએ માંગેલી મેહતલ પુરી થઇ, તેજ દિવસે સાંજના કશીબી ચેતવણી વગર, કોઝી કૉટેજમાં જઇ ઉભો.

"તારી મહેતલનો વખતબી હવે પુરો થયોછ. હવેબી મારી મીઠી મીઠુ કદરવંતી થશે, ને મને સુખી કરવા 'હા' પાડશે, કે હજી નહિ?"

મીઠુએ જવાબમાં પોતાના નાજુક હાથ તેના લંબાવેલા હાથોમાં મુકયા; અને જમાનાભરના તે કાતિલ વિયોગ પછી, સુખદુઃખના આંસુ મેળવતાં બેઠેલાં તે વહાલાંઓ માટે કલાકો પાણીના રેલા માફક ગબડી ગયા; જે અરસામાં કાંઇક સમજાવત પછી મહીના દિવસમાં ગુપચુપ લગ્ન કરવાને અદી મીઠુને આયંદા મનાવી શકયો.

"ઓ વહાલા, પણ લોક શું કહેશે?" મીઠુ શંકાશીલ બની; પણ અદીએ તેણીની તે બીક હસી કાઢી.

"એ બધા તારા ઉદાસ ને ગમગીન ધખારાઓને ખોદા ખાતર હવે તો પાણીચું આપી દે, મીઠુ ડારલીંગ," અદી હસ્યો; "ને હવે મારી ધીરજની કદર કરતી થા."

એમ તેઓ વાતમાં રોકાયલાં હતાં, તેટલાં કેટી ધસારામાર તે ઓરડામાં આવી. તે ફરવા ગયલી ત્યાંથી મીઠુને એકલી જોવાની આશામાં, અને અદીની પધરામણીથી બેખબર, યાહોમ તે તો અંદર વગર પુછવે ચાલી આવી. પણ જે દેખાવ દાખલ થતાં કેટીની નજરે પડયો, તેની તેણીએ સ્વપને પણ વક્કો રાખી ન હોય.

"એમ—વાત એમ છે કેથી!" કેટીના મનમાંથી તુરત વિચાર પસાર થયો. "હું કેમ છેકજ આંધળી થઇ? ત્યારે કોઇ સ્ત્રીને ચાહતો હોવાનું જે એ કહેતો હતો, તે તું—મીંઢી મસકલી મીઠુ, તું—?" અને પછી મનના વિચારોને અટકાવી તેણીએ મોટેથી કહ્યું.

"માફ કરજો—મને ખબર નહિ—હું જાણું કે મીઠુ એકલીજ છે—" તેણીએ દરગુજર ચાહી.

"હા, કેટી, મીઠુ એની જીંદગીના જોડીદાર સાથ એકલીજ છે;" અદીએ કહ્યું. "મારો પ્યાર આખરે મીઠુએ મંજુર કીધોછ એમ જાણી તું બી ખુશીજ થશે."

પોતાના મનનું સમતોળપણું જાળવવાને કેટીને જબરી જહેમત પડી. સુખના પડઘા પાડતો અદીનો તે અવાજ, એક ઝેરની 'સીરમ' ગોયા તેણીના લોહીમાં આમેજ કરતો હતો. જીગર તુટી જતું હોય ત્યારે મોંહ હસતું રાખવું એ કાંઇ ખાવાના ખેલ નથી. છતાં માઝનદરાન કેટીના ભિત્તરમાં ઉકલાતો 'ગેશીયર' પેલાં બેઉ જોઇ કે જાણી વટીક શકયાં નહિ.

"હું ખુશી, મારો ખોદા ખુશી!" ફીક્કા હોઠોએ કડવું હસતાં કેટીએ કહ્યું. "પણ સાચ્ચું પુછો તો એ ખબરથી હું જેટલી ખુશી છેઉં, તે કરતાં જ્યાદા અજબ થઇછ."

"ખરેખર?" અદીએ અણુજાણ ભોળાપામાં અજાયબી બતાવી. "શું મીઠુ તરફના મારા પ્યારનો તુંને શક ગયલોજ નહિ?"

"રૂસી સાથના મીઠુના આવા અથંગ પ્યારના લગ્ન પછી મને એવો ખ્યાલ થાએજ કયાંથી?" કેટીએ કડવાસથી તાણો માર્યો. પણ પછી પોતાના અકેક હાથ તેઓ બન્ને તરફ લંબાવ્યા.

"તમો લોકને ઘટારત હોય તેટલું દરેક સુખ જોવા ખુદા તમને લાંબી જીંદગી બક્ષો!" કેટીએ દુઆ દેતાં કહ્યું. પણ આ દુઆ હતી, યા કદુઆ?

તે પછી તેઓને વધુ ડીસતર્બ નહિ કરવાનું કાંઇ બોલી, ગુંગળાયલા દમે તેણી ઓરડામાંથી બહાર પડી. પણ અદીના ગયા પછી દિલમાં ઉભરાતો કહેર મીઠુ ઉપર ખાલી કર્યાં વગર કેટીને ચાલ્યું નહિ.

"મીઠુ, તારી તરફથી મેં એવી આશા નહિ રાખેલી;" તોરવંત ઠસ્સાથી મીઠુને નીચી પાડવાની મકસદે કેટીએ કહ્યું. "ગરીબ બિચારા રૂસીને આટલી જલદી વિસરી જઇ, અદીને પરણવા તૈયાર બી થઇ ગઇ; અજબ છે!"

"રૂસીનો અથાગ પ્યાર હું ભુલું?" મીઠુ દુઃખથી બોલી. "એની પવિત્ર વહાલી યાદ તો મારા મનમાં સદા સચવાયલી રહેશે."

"ઓ હો! મને નહિ ખબર કે એક વિધવા પાછી પરણે તેનો મિનીંગ એમ, કે પહેલા ધણીની યાદ ને વહાલ તેણીના હૈયામાં પવિત્રાઇથી વસેછ એમ કેથો થાએછ."

મીઠુ હડબડી ગઇ. કેટી શું રૂસીની પક્ષ લઇ તેઓ સાથ બાથ ભીડવાની છેરતી શોધતી હતી? અને ત્યારે, તે સુખનો દિવસ શાંતિમાં ગુજારવા બદલ, એક ગુનેહગાર હોય તેમ તેણીને હીણતા ને તુચ્છકારતા કેટીના તે શબ્દો ફરી પરણવા કબુલ થયલી મીઠુને કોઇ આવતી આફતની યા અપશુકનની એક સીગનલ જેવા લાગ્યા.

પ્રકરણ ૧૫ મું.

બીજવરના લગન.

સર અદી મોદી અને મીઠુ તાલ્યારખાનના લગ્ન 'દરિયા મહાલ'ના એક ઓરડામાં ગુપચુપ ઉજવવામાં આવ્યાં. લગ્નની ઉજવણીમાં, છતાં

વહાલે વિખુટાં પડેલાં એ વહાલાંઓના પરમ પ્રેમ ને સુખ સિવાય એ સગનવંતા દિવસે સઘળું રોજ માફક સાદુ સુતરૂં ને સુતમસાતમ હતું.

હા, બારણે તોરણો ટંગાઇ હતી ને ઉંબરે ચૉકચાંદન થયું હતું; ઑરફનેજોમાં તેમજ સરની સ્કુલ ને બેરામજી જીજીભાઇ સ્કુલના બાળકોને ભોજન જમાડવામાં આવ્યું હતું; તે સિવાય કશી ખાણીપીણી હતી નહિ. અને ઇજન પણ પાંચ છ જણ સિવાય કોઇને કરવામાં આવ્યું હતુંજ નહિ. સાક્ષી દાખલ પણ બે મોબેદજાદાઓજ હાજર હતા.

જો લગ્નની સેસ કશાંથી બી તે દિને દીપી હોય, તો તે મીઠાં માટે કરાવેલા લીલમના એક ખરેખરા દિલપઝીર સૅટથી હતી. મુંબાઇના આગેવાન હીરાના વેપારી, કે. **વાડીયાને** ત્યાં અદીએ આ ઑરડર આપ્યો હતો. અને બ્રૅસલેટ, હાર, પૅનડંટ, ઍરીંગ, તેમજ સાડીની પીનનો સૅટ, તેની ઉમદા કારીગરી ને ફાંકડી ડીઝાઇનમાં ભલા પૅરીસના કારીગરોને લજવાવે તેવો હતો. તેવીજ ઢબનો એક આખો સૅટ, પણ મોતીનો, અદીએ કેટી માટે પણ કરાવ્યો હતો કે જેમાં આજે કેટીબી દીપીજ નિકળી હતી.

ઘણાકો એ લગ્નની વાતથી અચરત થયાં; પણ મીઠી મીઠુ પોતાની નમ્રી અને સાલેસાઇથી સૌના જીગરમાં એટલી વસી ગઇ હતી, કે ઘરમાં ભરાઇ રહેતી, કાળાં કફનમાં સજ થયલી આ શોકાતુર સુંદરીને અદી જેવા લાયક ભરથારની ઓથ ને સુખ મળવા માટે તેઓ સૌ એકે અવાજે રાજી થયાં. આપણી જાણ પ્રમાણે ફક્ત બેજ જીગરો એ દિવસે જળી જતાં હતાં—કેટી કામદીન અને ઍલીસ નવાબજંગ! સર અદી કુમારા હતા ત્યાંવેર તો ઝાંખી આશા ઉપર તેઓ બન્ને જીવ્યાં હતાં; પણ આજે બાજી તેમના હાથથી છટકી હતી. એકેકથી એકેક સરસ

એવા બે જવાનોને પોતાની જાળમાં ફસાવી શકવા જેવી મીઠુ બાંગડ બનેલી તેઓને લાગતી હતી.

લગ્નનો દિવસ નક્કી થતાંજ કેટી કામદીને નવો તેહલખો જગાડયો. ધણિધણીયાણીના સુખ વચ્ચે નડતળ મિસાલ દરિયા મહાલમાં આવી વસવા તેણીએ ધસીને સાફ ના પાડી. 'કોઝી કૉટેજ'માં એકલી રહેવા પણ તે ખુશી હતી નહિ. દુનિયામાં હવે પોતાનું પોતે ફોડી લેવાનીજ તેણીએ હઠ લીધી.

કેટીને બહેન માફક ચાહવા ને રાખવાનું જે વચન પોતે ગુલબાઇને આપ્યું હતું તેની ભોળી મીઠુએ વિગત સમજાવી; તેણીને દરેક રીતે મનાવવાને ઘણુંબી કર્યું, પણ હઠીલી કેટી એકની બે થઇ નહિ. અને ત્યારે રડમસ હાલે મીઠુએ અદીની દાદ ચાહી.

"ખુદા જાણે એના મનમાં શું બી છે!" મીઠુએ અદી આગળ ફરિયાદ કરી. "મારી તો જાણે સૅાર સાંધવા માંગતીજ નહિ; ને કમની ને અલગીજ રહેછ. તમે જરા એને સમજાવી નહિ જોવ, અદી?"

સર અદી હવે તેણીને શોધતો તેથી ગયો. શરૂઆતમાં તો બરફની તે ઠંડી દિવાલ પિગળે એવાં કશાંજ ચિન્હો જણાયાં નહિ. પણ મીઠુના મનની સમાધાની ખાતર જોઇએ તે કરતાં વધુ કાળજીથી અદીએ કેટીને સમજાવવા ને મનાવવાનું જારી રાખ્યું. પણ તે બધું ફોકટ ગયું હતે, જો પુરૂષ સહી સિફતથી તેણે હવે પાસું બદલી નવી પેરવી અજમાવી હતે નહિ તો.

"કેટી હવેથી તું મીઠુની નહિ પણ મારી બહેન છે;" તેને ભાઇતુલ્ય હેતથી કહ્યું; "અને જ્યાં સુધી તું મારી મીઠી બહેનને શોધતો કોઇ લાયક જવાન આવે નહિ, ત્યાં સુધી મારૂં ઘર જેટલું મીઠુનું તેટલુંજ તારૂં છે."

ગુલાબી તે રૂખસારા ઉપર આનંદનો રતાશ ધાઇ આવ્યો. એમ ભાઇ તરીકે તે તેણી ઉપર હેત કરતો ને ચાહ દેખાડતો રહે તેટલાં ખાતરબી તેનેથી દુર થવા કરતાં તો તે મહાલના જીવતાં જહાનમમાં રહેવું કેટીએ હજાર હિસ્સા બહેતર ધારી લીધું.

"મારી કોઇ બહેન નથી, કેટી;" તેણે લાગણીથી કહ્યું. "ને તારા જેવી એક હેતવંતી બહેન મળ્યા પછી તેને ખોવા હું રાજી નથી. મારી હૈયાતી છે ત્યાં સુધી તો તારા વાહીયાત વિચારોને હું હરગેઝ મંજુરી આપીશ નહિ."

કેટી કબુલ થઇ. અને લગ્ન પછી મીઠુની નહિ, પણ અદીની બહેન તરીકે તે 'દરિયા મહાલ'માં તેઓ સાથ રહેતી થઇ. તે કુશાદે મકાનમાં જગ્યાની તંગી તો હતીજ નહિ; એટલે હેતાળુ તે ભાઇએ કરી લીધેલી આ બહેનના સુખ સગવડ ખાતર જાતી દેખરેખ હેઠળ ચાર રૂમ્સનો એક સૅટ સુંદર રીતે સજાવી તેણીને ભેટ કર્યો. જ્યાં પરણેતરનો હક અને લાડ ભોગવવાની તેણીએ આશાની પાળ બાંધી હતી, ત્યાંજ અદી તેણી પર ભાઇનું હેત ને કોડ પુરા પાડી રહયો હતો. છતાં એ અજબ જેવું હતું કે તે વિકરાળ વાઘણનું ઝનુન પોતાના રખેવાળની આવી પ્રીતથી ઘણું સમી ગયું.

સર અદી કોઇબી કામ અધુરૂં કરતોજ નહિ. અને બહેન તરીકે કેટીને સ્વીકાર્યાં પછી, તેને કેટીને ઉપર જણાવી ગયા તેમ મોતીનો સટજ નહિ, પણ કબાટ ભરી સુંદર પોશાકો અપાવ્યા; અને તે ઉપરાંત એક સારી જેવી રકમ કેટીના નામ ઉપર ચઢાવી આપી તે જુદી.

"તારા જીવે ખાવા ખરચવા તું કોઇની ઓશિયાળી રહે તે મને ગમે નહિ;" તેણે કેટીના હાથમાં એક ચૅક બુક મુકતાં કહયું.

"તમે તો મને ઉપકારમાં દાબીને લજવી નાંખોછ, અદી;" આ નવી ભલાઇથી ખરાં મને ઓશકાતાં કેટી બોલી. પણ અદીએ એ તેણીની ઓશક હસી કાઢી. તે કયાંથીજ જાણે કે દુધ પાઇને એક સપોલ્યું તે પોતાના ઘરમાં આમ ઉછેરી રહયો હતો!

કેટીને આ રીતે મનાઇ ગયલી ને એકદિલીથી પોતા સાથ રહેતી જોઇ મીઠુના મનને અત્યંત નિરાંત વળી; અને એકબી વાદળી વગરના સુખરૂપ આકાશ નીચે સર અને લેડી મોદીના પરણ્યા સંસારના ચાર મહિના આસાન ગબડી ગયા.

એક સાંજે ફરવા જવા તૈયાર થયલી મીઠુએ પોતાની તબિયત કચવાયલી જણાવી ઘરમાંજ રહેવા માંગ્યું. જમીન ઉપર પડતાં તે પરણેતરના પગલાંને પણ પુંજતા અદીની પ્રકાશમંદ દુનિયા સુસ્ત અંધારી થઇ ગઇ. નજીવી નાદરૂસ્ત તબિયતને કારણે એમ તેને અધીરો ને હવેરો પડેલો જોવાનું ખરેજ રમુજી હતું. તેણે કોઇ મોટા ડાકટરને મુંબઇથી બોલાવી મંગાવવાની ધાંધળ કરી મુકી.

"એ શું, અદી વહાલા?" મીઠુએ હસીને કહયું. "નોકર ચાકરમાં મને ખરાબ લાગે. જા બા! અખનીને ખખની થઇ ને નકતીને સરકમ થયો તેમાં મોટો ડાકટર શું બજ્યોછ?"

"હસ ના, મારા જીવ. એમ નભરવસ રહેવાનો વખત નથી; એક તો ખરાબ રૂતુ ચાલેછ. પછી કાંઇ કામ વધે તે શું ખપનું? ટુંકેથી ડામેલું સારૂં!"

ત્યારે ઓશકથી લાલ થતા ગાલોએ, અને આશાના આનંદમાં તરતી આંખ્યોએ મીઠુએ એક ખુશ વધાઇ તેને કહી—તેમના પહેલાં ભુલકાંની તે પનોતી વધાઇ હતી!

એ પછી હેતમય તે જોડાંને ખુશ વાતચીતનો એટલો તો ખોરાક મળ્યો, કે દરવાજા ઉપર ખંખારતા ઘોડાની જોડીનો યા ખોટી થતી કેટીનો ખ્યાલ કે ફામ રાખ્યા વગર, તેઓ પોતાની ખુશ ગુફતેગોમાં રોકાયલાં બહારની દુનિયાને ભુલીજ બેઠાં. આખરેબી પણ મીઠુનેજ પેલાં સબુરીવંતા જાનવરોની નહિ, પણ અધીરી ને આકળી કેટીની યાદ થઇ. ગલમાં તસુ ઓછું પડતાં એ બાઇસાહેબનો મિજાજ બરખેલાફ થઇ જતો હતો; અને ગરવી મીઠુ તેને ટાઢી મીઠી રાખવા ઘણાક સવભોગો આપી જાણનારી ઓરત હતી.

"ને અદી ડીયર જો ખોટી થવા વાસ્તે એ વધારે રીસાયલી લાગે તો તમે જરૂર એક અડધો કલાકબી પણ એની સાથ ફરવા જરૂરજ જઇ આવજો;" મીઠુએ કહયું.

તે રમુજથી હસ્યો.

"કેટી શું એક બળા હોય તેમ શું આજે તું બીહ ધ્રુજીને બોલેછ, મારા જીવ?"

"અદી વહાલા, જરા જરામાં એની આંખમાં કાંઇ મસતીના ચમકારા ચઢી આવતા તમે શું ખરેખર નથી જોયા?" મીઠુએ અચકાતાં બચકાતાં પોતાના મનની આ ખંસયા પહેલીજ વાર પોતાના પતિને કહી. "સાચ્ચું કહુંછ ડીયર, કે મને તો તે વખતે એની આંખમાં આંખ મીલાવતાં બી જાણે ધ્રુજરાં છુટેછ!"

"તારી નાજુક તબિયતના એ ધખારાજ હશે, ડારલીંગ મને તો એવું કાંઇજ દીસતું નથી;" અદીએ એમ ધીરજ તો આપી, પણ તેના કપાળ ઉપર ચિંતાનો ચીલ્લો ચઢેલો જોવાતો હતો. "તારા જીવને જરાબી મુઝવણ છે એમ મને ખબર નહિ. તારીજ ઓજરખ્વાહીથી મેં તો એને દરેક સુખ સાથ મારી બહેન બનાવી. પણ તેથી તું મારાં જીગરને દુઃખ કે એક પળની બી મુઝવણ—"

"મારૂં સુખ તો ખુદાતાલાએ ને તું મારા જીવે જાણે સંપુર્ણ બનાવી દીધુંછ વહાલા; ને તેથી કેટી તો ફક્ત મારા સુખના સુર્યમાં એક નાનું મઇ જેવું ધાબું કોઇવાર લાગેછ;" તેના મનનો અદેસો દુર કરવા મીઠુએ તુરતજ જવાબ વાળ્યો.

પણ આજે સર મોદીના જીવને કાંઇક ખતરો ને ખટકો લાગ્યા કીધો. સમુદ્ર તીરે કેટીએ હુલડાઇથી પોતાનો પ્યાર જાહેર કર્યો તે બનાવ તે ભલા જવાને પોતાની પરણેતરને જણાવવાનું મોકુફ રાખ્યું હતું. પણ આજે મીઠુના શબ્દો તેને નભરવસપણાંથી ભડકાવવા પુરતા હતા. દરેક રીતે ચાહવા લાયક ને સોહામણી તે નાજનીન કોઇબી મરદ ગમ આડી નજરે જોતી ન હતી. પરણવાનો ખ્યાલજ તેણીએ રાખ્યો ન હોય એવું કેટીનું વર્તન યાદ થતાં, અદીને વર્ષો પહેલાંનો તે બનાવ મનમાં ફરી તાજો થયો. અને ત્યારે, જે પ્યારને તેને હુલ્લડ અને ખ્યાલી ધાર્યો હતો તે રખે કેટીના જીગરના ઉંડાણમાં વખતના વહેવા સાથ ઉતરતો રહયો હોય એ તેને ભય લાગ્યો. છતાંબી તેણી તરફથી તેને પોતાને કે તેનાં વહાલાંઓને કોઇ આફતમાં આવવું પડશે એવો કશો સંદેહ કે સોચ તે ભલાઇના ભંડારને થયો નહિ. પણ આજે કેટીને મનાવા જતાં તે ભાઇનો ઉત્સાહ કાંઇક મંદ હતો અને મન કાંઇ ઉચ્ચર હતું.

"મીઠુ આજે ફરવા આવે તેમ નથી;" તેણે આવતાં સાથ ગાડીમાં ખોટી થતી કેટીને કહ્યું. "હું પણ એની આગળજ રહેવા ધારૂંછ. અનમની છે, ને એકલી રહે તે મારો જીવ માને નહિ."

તે ચતુર ચતુરીને આજે અદીને તેણીથી અલગો ને દુર નાસતો જોઇ લેતાં વાર લાગી નહિ. ત્યારે તે વરબૈરીના રૂમમાં એ એકાએક શું બન્યું હશે કે જેથી અદીમાં આમ ફેરફાર થયો હતો? અને એ ખ્યાલે મીઠુએ કહેલા તોફાની મસતીના ચમકારા તે સુંદર આંખ્યોમાં ચમકી રહયા.

"છતી ગાડી છે; તું જરા ફરી આવ;" તેણીને ચૂપ જોઇ અદીએ કહ્યું.

"મારૂં બી આજે માથું દુ:ખેછ;" તોરથી ગાડીમાંથી ઉતરી પડતાં કેટીએ કહ્યું. "હું તો તમારા લોકને લીધેજ તૈયાર થઇ."

આ તેણીનો મિજાજ ને મરડાટ, તેણીના આવા ધખારા ને ધણક જોવાની અદીને આ પહેલીજ જોગવાઇ થતી હતી. અને મીઠુએ જે કાકલુદી કીધી હતી તેનો મર્મ અદી આસાનીથી પામી શકયો. પણ તેણીના એવા રીસાણાંને કશી મચક નહિ આપવા સામો તેથી તો તે વધતો ઠરાવમંદ થયો.

એ પછી ભાઇ બહેનના એખલાસ વચ્ચે અંતર વધતોજ ગયો. નાજુક કાન્તીની મીઠુની દેહ એ દિવસોમાં નબળીજ રહી, અને નાના ઘરમાં સુલ્લેહ સ્થાપનાર તે, ઘણુંખરૂં ઓરડામાંજ રહેતી હોવાથી, ભાઇ બહેન વચ્ચેનો આ મુંગો મીનાકિસો તેણીની જાણમાં આવ્યો નહિ.

"ગામ લોકને ત્યાં બી બચ્ચાં આવેછ મીઠુ કે તુંજ હોવાઇ નવાઇની માય થશે!" મીઠુ ઉપર થતાં ઓધણુ પાંથરણુથી જળી જતી તે

કડવાસથી હસીને મીઠાંને પજવતી. "સકલાતના સુનાબાઇ બી કાલે હસ્યાં કે એ તો પૈસા હોય એટલે જરા પાપલું થવાએજ તો!"

અને એવા અનેક મેનાંઓ મુંગે મોંઢે ગરવી મીઠાંએ ખામોશીથી તે મહીનાઓમાં સહન કરી લીધાં.

નવમી નવેમ્બરની એક ખુશનુમાં સાંજે એ દિવસની ચિંતાભરી તાવવણી પછી દરિયા મહાલના પનોતા વારેસની પધરામણીથી સૌના જીગરમાં આનંદ વ્યાપી રહયો. મુફલીસના ગરીબડાં ઝુપડામાં કે તવંગરના તાલેવંત મહેલમાં એ પનોતા પરોણાંઓ એક સરખાં આવકારદાયક છે. એમની આમદ સાથ જાણે ખુદાના ઘરથી તેના આશિષનો પ્રવાહ પણ ઘસડાઇ આવતો હોય, તેમ એક ભલા પાદશાહની પરોણાગત ખાતર પણ જે બારીક સંભાળ ન લેવાય, તે આ નાના પરોણા માટે ગરીબ કે તવંગર બધાં લેતાં રહે છે.

આવ્યો તે નિર્દોષ નાનો જીવ—અને મધુરી માતાનાં પાંસામાં પોઢેલા એ પનોતા પૂતને જોતાં તે પિતાનો હરખ ને હેત માયાં સમાયાં નહિ. મીઠુની ઓળખ ને ખરાં ચહાવાવાળાંનું મિત્ર મંડળ મોટું હતું; એટલે તેઓએ દરિયા મહાલના એ નવા પરોણા માટે વધાવાના ખુમચા ને ઝભલાં ટોપીની સેસોથી સગનવંતી શરૂઆત કરી. અને ત્યારે વહાલથી વિહલો પડતો તે પિતા પણ એ નાના ભુલકાં માટે રોજ બરોજ કાંઇ ને કાંઇ હોરી લાવતો. બચ્ચાંના ડ્રેસવાળા અને ભુલકાં માટેના રમકડાં વાળાઓ દરિયા મહાલના દરવાજા ઉપર બે આંટા વધુ મારીને તે નવા પિતાને પોતાના માલની જાણ કરી સારો વકરો કરી જતા.

બસ, તે નાના ભુલકાંની આમદથી મહાલમાં વ્યાપી રહેલી ખુશાલી અને તે હર્ષઘેલાં માતપિતાના સુખથી એકજ જીગર જળી જતું હતું. જેમ જેમ તે ભુલકું મોટું થતું ગયું અને પોતાના નિર્દોષ ચૅનચાલાથી તેઓને હરખાવતું રહયું, તેમ તેમ વિસારે પડેલી અને એકલડોકલ અતવાતી કેટીનો આત્મા ફરીને કિનામાં ઉકળતો થયો. તેણીના હાથ તે દુધમળ ગળું દાબી દેવાને કેવા ચલવલતા હતા!

બાબાનું નામ અદીએ મીઠુની મંજુરી સાથ પેશોતન રાખ્યું.

"હું તો મકું જે કાંઇ નહિ તો એટલું એ બાબાનું નામ રૂસી રાખીને મીઠુ પોતાના પહેલા ભરથાર તરફની લાગણી બતાવશે;" કેટીએ અદીના હૈયામાં દુ:ખનો ચમટો તોડવાની મકસદે કહ્યું.

"મુવાં તરફની ફરજ બજાવતાં જીવતાંને દુ:ખ લગાડવા જેવી ઉછાછળી મીઠુ નથી;" અદીએ તે ચવિત્રીની મકસદ પામી જતાં તીખાશથી કહ્યું. "ગમે તેટલી એની એવી ઇચ્છા હોયબી તોબી મારી લાગણીનો ખ્યાલ કરી મીઠુ કદી તેવી મરજી પોતાના હોઠ બહાર કાઢેજ નહિ તો!"

એમ તે ભાઇ બહેન વચ્ચે ઘસાતુંજ ચાલ્યું. હરેક એવાં નવાં છમકલાં કેટીની આગને નવું જીવન આપતાં હતાં. હવે તો શી રીતે એ કિનો વસુલવો—તે વહાલાંઓના પરમ સ્નેહ ને પ્રિતનો પ્યાલો કેમ ઉઠલાવવો—કયાં દુ:ખથી તેઓના સંસારમાં કડવાસ ભેળવો—તેના વિચાર ને પેરવીમાં અદીએજ આરાસ્તે કરાવી આપેલા રૂમમાં કલાકો સુધી બેસી કેટી વિચાર કરતી.

પોતેજ પાળી પોશી પંપાળેલું કુતરૂં હડખું થતું હતું, દુધ પાઇને ઉછારેલું સપોલ્યું નાગ બનતું હતું, તેની જાણુ વગર તે માતપિતા પોતાના

નાના પેસીને ફુઇઆયનો પડોસ નહિ પાડવા માટે વારંવાર તેણીના સહવાસનો વધતો માહવરો પાડવાની સામી કાળજી કરતાં રહયાં. પણ તે અજ્ઞાન ભુલકું જે હવે મધ જેવી મીઠી પટપટ કરતું હતું, તે કોઇ છુપી 'ઇનસ્ટીંકત'ને આધીન ફુઇઆયના હોઠની કીસો અને ઉપરના પ્યાર છતાં તેવણની સોડ સાંધવા માંગતુંજ નહિ.

"તારીજ બીક ને ખણુસીયા એનામાં સીધી ઉતરી આવીછ;" અદી હસીને મીઠુને કહેતો. અને તેઓ એ બાબે નભરવસ હસતાં; પણ ત્યારે તેઓને કયાં ખબર હતી કે વેરની વસુલાતનો વાયદો વહેલોજ પાકનાર હતો ?

એજ વખતે નાનો પેસી મહાલના બાગમાંથી તોડેલાં ફુલો કુરતાનાં ખોળામાં લઇ, આયાની પાંખડી પકડવાની કાળજીને તરછોડી, ઠુમક ઠુમક ચાલતો ને ઠોકરાતો, એકલુંજ ચાલવાની ખુશાલીમાં હસતો, મહાલ તરફ આવતો હતો.

"કયાં ચાલ્યો પેસી?" કેટી સામે થઇ, એટલે વહાલના દેખાવથી નાના પેસીને બોલાવતી ઉભી. "ઓહો! આ કેટલાં બધાં ફુલ જોઉં, આન્તીને એક આપ ની!"

"નહિ; એતો મારી મમી સારૂં છે!" પેસીએ કુરતાંનો ખોળો ચપટ કરતાં કહ્યું.

કેટી દિવાન્યત અદાએ ખડખડ હસી—કઠોર કડવાસનું કાતિલ હાસ્ય—જેનો અર્થ તે નિર્દોષ ભુલકું શાનો સમજી શકે ?

"લઇ જા બેટા;—મમી માટે લઇ જા;—તારી મમીને એવાં

બધાં ફુલો ને એ બધી તારી કાળજીની જરૂર ઘણી વહેલીજ પડશે;" તે મનસે પટપટી.

તેણી શું વમાસતી હતી? કેટીના કિનાની કટારી કયાં ઘડાતી હતી?

પ્રકરણ ૧૬ મું.

ધીમાં ઝેરની અસર.

એકલી પડેલી મીઠુ એક સાંજે કેટીને શોધતી મહેલના ઘણાક ઓરડાઓ ઢુંડી વળી. તેણી ઓરડાઓ પછી ઓરડાઓમાં ડોકયાં કરતી, ને કેટી કેટીની બુમો પાડતી ગઇ, ત્યારે છેક 'દરિયા મહાલ'ના અગીયારીવાળા ઓરડામાં અશો જરથોસ્ત સાહેબની સબી આગળ તેણીને ભારે વમાસનમાં ગીરફતાર ઉભેલી મીઠુએ જોઇ.

કેટીનો સોહામણો ચહેરો તે વેળા એક સુંદર પીકચર રજુ કરતો હતો. ગુમાની ને તકાબરીમાં સદા ઉંચું રહેતું તેણીનું સર આજે વમાસનના વમલમાં વિંટળાયલું અને ગીરફતારીમાં ગરક ગયલું જોઇ, મીઠુ દુ:ખી ને હેરત થઇ.

"કયાં બચ્ચાં પોર્યાં પરણાવવાનો વિચાર કરેછ, કેટી;" મીઠુએ કેટીની તે ગંભીરતા જેખી હોય તે હસી કાઢવાની કોશીશ કરતાં કહ્યું.

આ સમજતાંજ ઝેંણુદાર પરંદશી લોહીવાળી કેટીની આંખ્યો મીઠુ ગમી ફરી.

"તું કયારે આવી મીઠુ? મેતો તુંને આવતી સમજીબી નહિ?" કેટીએ અજબ થતાં પૂછ્યું. "હુ તો મારા મનના મુજવણભર્યાં સવાલનો

ફૂડચો કરવા મથેલી તે જરા ખબરબી મને તો પડી નહિ. કેટલા કેટલા દિવસ થયા હું મથી રહીછ, પણ જ્યારે મારૂં મન મને એક રસ્તો દાખવેછ, ત્યારે મારૂં હૈયું મને ઉલટીજ દિશાએ ઘસડેછ."

"મારી સલ્લાહ ચાલતી હોય, તો મને અજમાવી જો;" મીઠુ હસી.

"હા, મરે લાવની, એક કરતાં બે ભેજાં ભલાં;" આ વિચાર ગમ્યો હોય તેમ કેટીએ જવાબ વાળ્યો. "જોઉં વારૂં, ત્યારે મને કહી દેની કે અજ્ઞાનતા એ એક આશીર્વાદ છે એમ તું માનેછ ખરી કે?"

લેડી મોદી નિખાલેસ મને હસી પડી. તેણીની વક્કી કરતાં ઘણો સહેલ સવાલ કેટીએ રજુ કર્યો હતો.

"અરે તારૂં ભલું થાયરે તારૂં. શું ખરેખર તું એજ સવાલ ઉપર ભેજાંનું દહી કરતીતી એમ?" મીઠુએ વળતો સવાલ કીધો.

"મારે મન એ સહેલ કે હસવાસરખો સવાલ નથી, મીઠુ;" કેટીએ ફરી ગંભીર થતાં કહ્યું. "તું શું ધારેછ અજ્ઞાનતા એક આશીર્વાદ હોઇ શકે?"

"તે તો સંજોગની ઉપર આધાર રહયો;" મીઠુએ તુરતજ કહી દીધું. "એ સવાલના આજુબાજુના સંજોગો શું ને કેવા છે તે જાણ્યા વગર સામાન્ય જવાબ આપીજ કેમ શકાય?"

"એટલે?" કેટી ગુંચવાતી દેખાઇ. "તું શું 'મીન' કરેછ, મીઠુ?"

"જોની ડીયર,—જો મારા વહાલા રૂસીનું ખુન થયું ત્યારે હું બેશુદ્ધ હતે, ને એ ખુનની વાત તમે લોકે મારેથી છુપાવી હતે, તો આજે હું વધુ સુખી હતે—અને તે કેસમાં અજ્ઞાનતા એક આશીશ કહેવાતે;" મીઠુએ સમજણ પાડી.

"રૂસીના મોતનોજ દાખલો તુંને બી કયાં યાદ આવ્યો, મીઠુ;" કેટીએ કંપીને કહ્યું. "જ્યાં ત્યાંથી હું મન મોટું કરૂંછ ત્યારે તું મારો ગુંચવાડો ઑર વધારેછ."

"એટલે? મારા ભલા રૂસીના મોતની વાત ગમગીની પેદા કરે, પણ તેમાં કાંપવા જેવું તો હું કશું જોતી નથી;" મીઠુએ અજાયબી બતાવી.

"હવે એ ટાયલું જવા દે; ને મને એમ સમજાવ કે જો એક માણુસના આભાર હેઠળ તું ઘણીજ દબાયલી હોય, ને તેવાં માણુસની કોઇ અમુક અગતની વાત કોઇ અજબ સંજોગોએ તારી જાણુમાં આવે, તો તું શું કરે? પેલાં માણુસને તે વાતથી વાકેફ કરે, કે તારા દિલમાંજ દાબી રાખે?"

"અરે મારી ઘેલી, ઘેલી;" મીઠુએ સમજાવતાં કહ્યું. "સવાલ તો એ છે કે તેને જણાવવાથી કાંઇ ફાયદો થાએછ કે? કાંઇ ગેરલાભ થતો અટકાવાએછ કે? યા કોઇ નિર્દોષ તેથી બદનામ થતું બચેછ કે? એવું કાંઇબી જો થતું હોય, તો—"

"નહિ; આ કેસમાં તો વિંતી ગયલી નુકશાની કોઇજ રીતે સમી થઇ શકે તેમ નથી;" કેટીએ તુરતજ જવાબ વાળ્યો.

"વારૂ; જો તેમ હોય તો એક બીજો સવાલ ઉભો થાએછ. એ

વાત પેલાંને કહેવાથી તેને કાંઇ ત્યારે દુઃખ કે બળાપો થાએ ખરો કે ?" મીઠુએ વળતો સવાલ કર્યો.

"તેજ તો પંચાત છે. તે જાણતાં તે બિચારીને દુઃખ તો જરુર થાએ; તેથીજ તો હું એ વાત દાબી દેવા લલચાઉંછ ની !"

"ત્યારે તો તેમાંજ શાણપણ છે, કેટી;" મીઠુએ તુરત ફેંસલો કીધો. "કહેવામાં કાંઇજ જ્યારે ફાયદો કરી શકાતો નથી, સુધારાનો જ્યાં સંભવ નથી, ને સામું દુઃખજ જ્યાં વધેછ, ત્યાં તો અજ્ઞાનતાનો અંધકારજ હજાર દરજ્જે ભલો."

આ સાંભળતાં ફરી તે ઝેણદાર આંખ્યો મીઠુ તરફ ફરી.—અતી ઘણી દયા, દુઃખ, પસતાવા, ને દિલસોજીભરી નજરે તે ખુબસુરત આંખ્યો હવે મીઠુને નિહાળતી થઇ.

"એ વાત કહેવાથી ફાયદો થતો નથી એ વાત તો સાચ્ચી;" કેટીએ એક પળ એમ મીઠુ તરફ જોયા પછી રહેમવંત અવાજે આગળ ચલાવ્યું. "પણ જો તેથી એક ઉંડો ભેદ ખુલતો હોય તો ?"

આ વાકયથી મીઠુના દિલમાં અચણુચ કાંઇ અજબ ફાળ પડી આવી; તે ફાળનું કારણ યા સબબ મીઠુ સમજી શકી નહિ. તે શબ્દોથી એક કાતિલ કટારી તેના દિલમાં આરપાર ભોંકાઇ હોય તેવું અચૂક દુઃખ મીઠુને થયું.

"કેટી," તેણીએ ગુસ્સો કરી દેતાં કહ્યું; "એ તારૂં ભેદભરમમાં બોલવાનું મને કાંઇ સમજ પાડશે. તું જાણેછ એ તારા શબ્દોથી મારા જીવમાં કેવી ફાળ પડી આવીછ તે ? મને એમજ લાગેછ કે તું ખાસ મનેજ કાંઇ કહી સમજાવેછ."

કેટી ઉઠી. અત્યંત માયાથી મીઠુનો બરડો પસવાડી, હેતના આવ-ભાવથી તેણીએ કહ્યું:

"બળ્યા જાણે; ભોળાઇમાં નાહેક ભાંગરો વાટી મેં જો કાંઇ તુંને 'અપસૅત' કીધી હોય તો ડીયર માફ કર; એ વાતજ તું ભુલી જા! તું કહેછ તેમ અજ્ઞાનતાનો આશીર્વાદજ ભલો છે એમ હવે હું બી માનુંછ."

પણ લેડી મોદીના જીવને તેથી રાહાત મળી નહિ.

"માણસના દિલમાં વસવસો ને ખતરો ઉભો કરી, પછી તેને અજ્ઞાનતાના આશીશ સાથ જીવવા કહેવું એ હિચકારાનું કામ છે, કેટી. મને એવા આશીશ જોઇતા નથી—જે બી તુંને કહેવાનું છે તે સાફ ખુલ્લું કહી દે; હું તે સમજવા તૈયાર છું;" મીઠુએ લગાર રિસાયલી અદાએ મિજાજમાં કહ્યું.

"તું ખાલી વહેમાયછ ને મારી ઉપર ગુસ્સે થાએછ;" કેટી દયામણો દેખાવ કરી બોલી ઉઠી; ને પછી વધુ કાંઇજ કહેવા કે બોલવા રાજી ન હોય તેમ કાંઇ પડી ખરી ચોપડી લઇ તે વાંચવા પડી ગઇ.

પણ જ્યારે મનથી મુંજાયલી અને ગુસ્સાથી ગુંગળાયલી મીઠુ લગાર દસ્સામાંજ તે ઓરડો છોડી ચાલતી થઇ, કે તુરત કેટી મનથી બબડતી સમજાઇ:

"હા—આજે ને હવેજ કિનાનો મિઠાશ મારા જીવને તર કરેછ. મારા કિનાની કટારીથી મીઠુનું કલેજું મેં કેવી સિફતથી કાપ્યુંછ; હા, હા!"

કમજાત કમબખ્ત કેટી કામદીન સાચ્ચુંજ બોલતી હતી. કારણ ઉપલી વાતચીત પછી સઘળાં સુખ છતાં, મીઠુના મનની શાંતિ લુંટાઇ

ગઇ હતી. "તેથી એક ઉંડો ભેદ ખુલતો હોય તો?" એ કેટીના શબ્દો તેણી ગમે તેટલી કોશીશ છતાં મનમાંથી કાઢી નાખી શકી નહિ; અને એ માર્મિક શબ્દો ઉકળાવવા યા વિસરવાની જેમ મીઠુ વધુ કોશીશ કરતી, તેમ તેણીના મનની મુજવણુ ને ગુંચવાડો ઓછો થવાને બદલે વધતાં.

"જ્યાં છે ત્યાં મારા વહાલા રૂસીના ખુનનો ભેદ એ કાંઇ જાણેછ;" મીઠુ પોતાના મનને સમજાવતી. "પણુ તેમ હોય બી તો એમ એ છુપાવતી કાં હોશે? જે હોય તે બધું ભસી દેતી હોયની!"

પણુ મનમાં મુજાયા કરતી આપણી સહનસીલ મીઠુએ એમ છતાં એ બાબે અદીને કહેવાની આનાકાનીજ કીધી. અદીએ જો જાણ્યું હોત તો મીઠુને આ રીતે બેચેન ને બેકરાર કરવા માટે કેટી ઉપર ઝાડ તોડી પાડયાં હોતે; પણુ નાહેક અદીને રંજીદા કરવા મીઠુને ગમ્યું નહિ; અને તેથી કેટીની આ ભેદી વર્તણુક મુંગે મોંઢે ખમ્યાજ કીધી. અને આ રીતે પ્રેમમાં લપટાયલું તે જોડું, જોકે કેટી માટે જુદી જુદી રીતે વમાસનમાં પડયું હતું, છતાં બન્નેએ સંસાર સુખના પહેલા નિયમનોજ ભંગ કીધો, અને એકએક આગળ પોતાનું દિલ ખુલ્લું કરતાં અચકાયાં.

વસવસા ને બેચેનીના આમ બે ત્રણુ અઠવાડિયાં મીઠુએ મુંગે મોંઢે ખેંચી તો કાઢ્યાં; પણુ એક સવારે થયલી વાતચીત પછી મીઠુને લાગ્યું કે મારીકુટીને પણુ કેટી પાસ તે ભેદી શબ્દોનો અર્થ જાણ્યા સિવાય હવે તેણી માટે સુખની એક પળબી ગુજારવી અશક્ત હતી.

એક દિન તેઓ નાસતાની ટેબલ ઉપર હતાં, ત્યારે વાંદરામાં વર્ષોથી રહેતા એક અપંગ જરથોસ્તી, ફલીબા ધામટ ઘડીપળ હોવાની ખબર મળી.

"રૂસીની તો એ બિચારા ગરીબ ડોસા ઉપર કાંઇ અજબ માયા હતી, ને માસિક મોસાળો એ પોતા તરફથી તેવણને મોકલતો તો;" અદીએ કાંઇ અટવટ સાથ કહ્યું. "બિચારાને કાંઇ કશું થાય તો ચાર દહાડાનો ખરચ આપુનેજ ઉપાડી લેવો જોઇશે."

"હા; રૂસી હોતે તો એટલું તો જરૂરજ કરતે;" મીઠુએ ગમગીન અવાજે કહ્યું.

"મુંગે મોઢે એ મરનારે તો ગરીબોની એટલી દાદ લીધીછ કે બોલ્યે વાત નહિ. એ તો હવે હવે બધું જણાએછ;" અદીએ કહ્યું.

"અરે હારે શેઠ," હવે મનચુ કારભારી વચમાં હોમાયો. "એક બી ગરીબ કુટુંબ એવું નહિ હતું, કે જેને બે પૈસા મરનારે પુછ્યા નહિ હોય; એક હાતમ દિલનો શેઠ ઉતો."

"ને તે છતાં વાંદરામાંજ કોઇ ઘાતકી હાથોએ એ બિચારાનું ખુન થયું;" લેડી મોદીએ શોકાતુર આંખ્યોએ યાદ કર્યું.

"હા;" દિલસોજીથી દાઝી અદીએ ઉમેર્યું. "પણ આપણો રૂસી કોઇ દુશ્મનના હાથે માર્યો ગયો હોય એમ હું માનતો નથી."

"એટલે? તમે ત્યારે શું ધારોછ કોઇ દોસ્તે એવણનું ખુન કીધુંછ, એમ?" કેટી ઠઠ્ઠાનું હસવું દાબી બોલી પડી. અને ફરી મીઠુએ તેણીના આંખના પેલા ચમકારા જોયા, કે જેથી તેણી સદા ડરતી હતી. પણ અદીનું એ ઉપર ધ્યાન ખેંચાયું નહિ.

"ખુદાજ જાણેછ કે કોણ કમબખ્ત હાથોએ એ ભલા મારા કઝનને ઠાર કીધો હોશે;" પોતાના વિચારમાંજ લીન રહી અદીએ કહ્યું. "પણ ખુદાના ઇનસાફથી એ મુજી કદીબી બચવાનો તો નથીજ."

"બેશક નહિંજ;" જાણે અદીનેજ કહી સમજાવવા માંગતી હોય તેમ કેટીએ કહ્યું.

અદીએ એ શબ્દોમાં કેટીની રૂસી તરફની અચુક ફિદાગીરી સમાયલી જોઇ, અને તેથી જ્યારે તે મનમાં ખુશી થયો, ત્યારે મીઠુનો સંદેહ ને શક મજબુત થતાં રહયાં.

"હવે તો એની ફૂંટ પકડવીજ પડશે. અદી જાણે રૂસીના દુસ્મન હોયની તેમ રૂસીની વાત નિકળતાં એ મારા અદી ઉપર શાની ડોળા ધુરકેછ?" મીઠુ મનસે વમાસવા પડી. "હવે તડ ને ફડ કર્યાં વગર છુટકોજ નથી."

"મારાં ઝેરની અસર સાબુત થતી જાએછ;" મીઠુનો ઉતરેલો ચહેરો ને શંકાશીલ આંખ્યો જોઇ કેટી મનમાં મગન થતાં બબડવા લાગી. "તક બરાબર હાથ આવીછ. આવી જાવ—લેડી મોદી—કેટી કામદીન તારાં તકદીર સાથ ટક્કર જીળવા તૈયાર છે!"

આખરે તે સાંજે અદી બહાર સધાવ્યા પછી મીઠુએજ પાછી તે વાત છેડી.

"કેટી, છેલ્લા થોડા વખતની તારી વર્તણુક ને તારા મોધમ ટીક્કાથી તું મને ઘણીજ દુઃખી કરતી રહીછ; અને તેથી આજે તારી તરફથી એ માટેનો ખરો ખુલાસો મેળવ્યા વગર હું રહેવાની નથી."

"હું તુંને દુઃખી કરૂં, તારા આટલા ઉપકારો પછી?" કેટીએ અચરતી બતાવી. "ખુદા સાહેદ છે કે સામી હું તો તુંને દુઃખથી બચાવવાજ સદા આતુર રહુંછ."

"દુઃખ કે આફતનો ઓળાબી ખુદાની મહેરથી મારા સંસાર પર પડયો નથી;" મીઠુએ ખરેખર શુકરાના કરતાં કહયું. "ને તેથીજ હું જાણવા માંગુંછ કે ત્યારે તું એવું તે શું દુઃખ મારી ઉપર આવી પડવાની ફિકર રાખેછ તે તો કહે!"

"પણ હું તે કહેવા માંગતી નહિ હોવું તો?"

"ખોદા ખાતર કેટી, હવે એ ભાંજગડ છોડ. તારા હોઠો નથી બોલતા તેટલી તારી આંખો તારાં મનમાં કાંઇ છે એમ રોજ મને કહી રહીછ;" મીઠુએ પતામણી શરૂ કીધી; "ને બસ મને કુદરતી કાંઇ બસારત થાએછ કે રૂસીના મોતની કાંઇ બાતમી તું ધરાવેછ."

"જે વાત છુપાવવા મેં મારા હોઠોને સિવેલા રાખ્યા તે વાત મારી આંખોમાંથી તું વાંચી શકી હોય તો હું દિલગીર છું, ડીયર;" એકદમ લાચાર થઇ ગઇ હોય તેમ કગલી પડતાં કેટીએ કહ્યું. "તારાં માતપિતાના મારી ઉપરના હજારો હેશાનોને હું નિમકહરામ કદી થનાર નથી; અને મીઠુ મારી, તારી તરફના મારા અડાગ પ્યારમાં મારેથી કાંઇ તુંને વસવસો ઉપજે તેવું બોલાઇ જવાયું હોય તો મને માફ કર."

"કેટી, તું મને દિવાની કરી મુકશે;" સીરફ નાચારીથી રડી પડતાં મીઠુ બોલી. "તું ખરો મુદદો જણાવ્યા વગર ભલતીસલતી વાતો કરી સામું મારૂં મન ગુંચવાવેછ. મને તારી ફિકર કે બાતમી જેબી હોય તે ખુલાસાથી કહી દે."

છુપા તે દુશ્મને મીઠુના ધ્રુજતા હાથો દોસ્તીના આવભાવથી તેણીને હિમ્મત આપવાને પોતાના હાથોમાં લીધા.

"મીઠુ મારી, આપણા બહેસ્તી માયના પ્યારાં નામથી હાથ જોડીને માંગુછ કે તું એ વાત મને ના પુછ; તે નહિ જાણવાનુંજ તારાં મનની શાંતિ માટે બહેતર છે;" કેટી કરગરીને કહેવા લાગી. "હવેથી નહિ મારી આંખ કે નહિ મારા હોઠ તુંને એ વાતની યાદ દેવાડશે. બસ બધું ભુલી જા, ને એ વાતજ મનમાંથી કાઢી નાખ."

એજ વખતે અદીનો અવાજ મીઠુને પુકારતો સમજાયો; અને તેઓ બન્ને ચમકયાં.

"ઉપર ઓરડામાં જઇ જરા શાંત થઇ જા, મીઠુ ડીયર;" કેટીએ સુચવ્યું. "તારો રડમસ ચહેરો જોઈ અદી નાહેક દુ:ખી થશે."

અદીને ખાતર હસતું મોંઢું કરવા પોતાના ઓરડાના એકાંતમાં શંકાશીલ પગલે મીઠુ ચાલી જતી હતી, ત્યારે કેટી ફત્તેહનું હસી.

મીઠુનું નામ પોકારતો અદીનો સાદ પાછો કાન ઉપર પડતાંજ કેટી મનસે બબડવા લાગી:

"એટલાંમાંજ શું અકળાયછ; બિરાદર,—ચાહવું છે ખોદાનું, તો એના કરતાં સો ગણા તલાટ સાથ મીઠુ વાસ્તે પુકારવાનો વખત તો હવે પછી આવશે."

પ્રકરણ ૧૭ મું.

શિયાળ અને ઘેટું.

"તું કયાં હતી મીઠુ ?" ફીક્કા હોઠોએ ફીકકું હસતી મીઠુ સામી થતાં અદીએ પૂછ્યું. "એક નવી ખબર આપવા તુંને કયારનો શોધુંછ. ટાંટયા બી તુટી ગયા." પછીથી તે બોલતો તુરત અટકી ગયો. તેના મોં ઉપરનો આનંદ ઉડી ગયો હતો. "શું છે, જીગર, કાંઇ ઉદાસ છે ?" તેણે ફિકરથી પૂછ્યું.

"નહિ રે !" પત્નિએ દુઃખ નહિ આપવા થકી વાત ઉડાવી. "માથું સખત દુઃખેછ. આંખ ઉઘાડવા બી ગમતી નહિ. પણ એ નવી ખબર શું છે, અદી ?"

"તારો ફીક્કો ચહેરો જોઇને આ ખબરની વાત કહેવાનું તો મન થતુંજ નથી;" અદીએ ચિંતાથી કહ્યું. "ખરેખર, ફક્ત માથુંજ દુઃખેછ, જીવ ?"

સરિયામ જુઠું કહી પ્રેમાળ તે પતિને ઠગવાનું મીઠુનું જીગર ચાલ્યું નહિ. વહાલથી પોતાના હાથો તેના હાથોમાં મુકી તેણીએ પૂછ્યું, "બઇરાની જીજ્ઞાસા ઉશ્કેરી તેને તોવાવવાની બુરી ટેવ તમુને છે જો. બોલોની ! અદી શું છે એ ખબર ?"

"ઘણીક વાર મન થાયછ કે એ બધી હેજગારી ને ચિંતામાંથી મોકળો થઇ જાઉં;" અદી બોલ્યો. "જાહેર જિંદગીમાં ઝીપલાવ્યું, એટલે તેની જોખમદારીમાંથી છુટાતું નથી."

મીઠું હસતું મીઠુની મુછોપર રમી રહ્યું.

"તમે ભુલીજ જાઓછ કે એ તમારી ખબરનું ધડ કે પૂછડું તમે મને કહ્યું નથી."

"સ્ટેન્ડર્ડ બેંકની કલકત્તાની શાખા પર દરોરો પડવાની વકી રખાએછ, ને ડીરેકટરની બોર્ડના ચૅરમેન તરીકે તાકીદે ઉપડી આવવાનો મને તાર મળ્યોછ. પ્રજાનો લાભ ને સગવડ સાચવતી તે એક સંસ્થા છે, છતાં તેને તોડી પાડવાની વેતરણ કરનારા દુસ્મનો પ્રજામાંજ મળી આવેછ, એ ખરી કમનસીબી છે;" અદીએ તે ખબરના સંક્ષેપમાં કહ્યું.

"ને કયારે સિધારવા ધારોછ?" મીઠુએ અચરતીથી પૂછ્યું.

"આજે રાતેજ ડીયર;" અદીએ કહ્યું. "તું સારીકાની હોય, ને રજા આપે તો!"

આવતી આફતથી હચમચી રહેલો મીઠુનો આત્મા તેને રોકવા ચાહતો હતો; પણ દિલાવર દિલે અને હસતે મુખે, તેણીના હોડોએ તેને સિધારવાની પરવાનગી આપી.

"પેસી," તે સાંજે અદીએ પોતાના નાના ભુલકાંને પાંસામાં લઇને કહ્યું, "પપા બહાર ગામ જાયછ, તેટલાં તું હયાં પપાનું બધું કામ કરશેની?"

"ઓ યછ;" તે નાના ભુલકાંએ છાતી કાઢીને કહ્યું.

"ખરેખર? પપાનું કયું કામ પહેલું કરશે વારૂ?" અદીએ તેના મીઠા હોડો કીસોથી ભરી દેતાં પૂછ્યું.

"મમીને જોવછ, ને એવણુની આધલનો આધલ રહેવછ;" અને નાના પેસીના એ જવાબથી તે માતપિતા પેટ પકડીને હસ્યાં.

અરે, પોતાની ગેરહાજરીમાં તેના ઘર પર શું વિઘ્ન વિતનાર હતું, તેની સર મોદીને તે પળે જાણ હોત, તો જાહેર જિંદગીની જોખમદારી કે પોતાની લાડકવાઇ સંસ્થાની કફોડી સ્થિતિ છતે, મીઠુની પડખે રહેવાને તે જરા પણ આંચકી ખાતે ખરો ?

તેની ઇસારત મળતાં ગાડીના પૈડાં ગબડવાં શરૂ થયાં. તેમાંથી ડોકાવતો અને રૂમાલ હિલાવતો અદી હજી પુરો ગોઠવાયો પણ હતો નહિ, પણ તેજી તે ઘોડાઓને તેને મહેલથી દુર ઘસડી જતો જોઇને પોતે અદીથી સદા માટે છુટી પડતી હોય, એવો ભયંકર ખ્યાલ મીઠુને થયો, અને તે સમેત તેણીના ધ્રુજતા હોઠોમાંથી અદીના નામની એક ચીસ નિકળી ગઇ.

અકળાયલો અદી ચાલતી ગાડીએ ઉતરી પડી મહેલ તરફ ધસ્યો; પણ એ અરસામાં પળ વાર ખોહી દીધેલો સુધલો મીઠુએ પાછો મેળવી લીધો હતો. પોતાની નબળાઇ વાસતે ઝંખવાણી થયલી, તેને સામી મળવા તેણી મહેલની થોડીક સીડીઓ ઉતરી ગઇ.

તેણીએ કેતું ચાહયું કે પોતાના ઓરડાના એકાંતમાં તેણે તેડી જઇ, તેણી કેટી બાબે પોતાને થતા ખતરા વીશે તેનું મત પૂછી લે. પણ ઓશક—અણખોદભરી આંખ્યોની ઓશક—એ ભલા ઇરાવની વચમાં આવી. જ્યારે તેણીના હૃદયમાં ફિકર જડ ઘાલી બેઠી હતી, ત્યારે હોટોમાંથી તો પ્યારનાજ શબ્દો બહાર પડયા.

"એક કીસ, અદી જાન," તેણીએ કહ્યું. "બીજી એક કીસ, ને પછી સિધાર."

તે ભરથારે એ માંગણીમાં કશુંજ અસાધારણ જોયું નહી. તે ઉંચો

આકાર કીસની એ નવાજેશ કરવા હેતથી વાંકો વળ્યો, અને એ તેણીની તલબ વાસ્તે હરખાતાં હૈયે કહ્યું:

"મારી મીઠુ તારા હોઠોના મિઠાશ વાસ્તે એક નહિ, એકસો કીસબી પુરતી નથી; ફક્ત તે આપવા વખત ફાજલ નથી."

અને ગાડી ચુકવાની ફિકરે તે ફરીને છુટેલા તીરની પેઠે મહેલની સીડીઓ ઉતરી જઇ, બીજી વાર ગાડીમાં ગોઠવાયો. આ વાર શેઠની અધીરાઇ પામી ગયલાં તે તેજી જાનવરો મીઠુના નિકળી પડતાં નેત્રોની કદર કર્યાં વગર, મહેલનો વિશાળ કંપાઉન્ડ એક ક્ષણવારમાં વટાવી ગયાં.

અદી વગર એક અઠવાડિયું કેટી સાથ ગુજારવાનું હતું એ ખ્યાલે મહેલની સીડીઓ પાછી ચઢતી મીઠુને એકાદ સોનેરી પિંજરાંમાં પુરાતી હોય એવી ખણુસ્યા થઇ. નાના પેસીને પોતાની ગોદમાં વધતો દાબ્યા પછીજ, વરંડાના રોણુકદાર મેરાભમાં બધાંથી અલગ ઉભેલી કેટી તરફ તેણીએ ફિકરની એક નજર નાખી. પણ પેલું મસતાની હસવું આજ રાત્રે તેણીના હોઠો પર નાચતું જણાયું નહિ. તેણીની આંખો પણ તે વર વહુના વિયોગથી મીઠુ માટે પ્રેમ અને દિલસોજીમાં ડગમગતી દેખાઇ.

મીઠુ હેરત રહી. પવન માફક રંગ બદલતી કેટી તેણી માટે બાઝે વખત એક ઉખ્યાણું થઇ પડતી; અને આજે નાના પેસીને પારણામાં પોઢાડવા લઇ ગઇ ત્યારે, મીઠુને એ મુશ્કેલ ઉખ્યાણું તે નાના ભુલકાં પાસ ઉકળાવવાનું મન થયું. તેના નિર્દોષ બોલો તેણીની મનની શંકાઓના ખુદાઇ જવાબો ગણાવા જોઇએ, એમ એક માતાના પ્યારથી તેણી માનતી હતી.

"પેસી પુતને કેટી આન્તી નહિ ગમતી?" તેણીએ પૂછ્યું.

"ગમેછ. બધાં ગમેછ, પણ પપા સૌથી ઘણુા ગમેછ;" તે ઉધરતાં ભુલકાંએ જવાબ આપ્યો.

"ને કેટી આન્તી?" મમીએ ઉલટપાલટ પરિક્ષા લીધી.

"તમુને ગમેછ?" નિર્દોષ તે ભુલકાંએ નિર્દોષતામાં માતાની વળતી તપાસ લીધી. "મમા, આન્તીને તમે સાસરે કાંય નહિ મોકલી દેતાં?"

"આન્તી સાસરે જાય, તો પેસીને સોહવાય?" મીઠુએ ક્રોસ એક્ષામ ચાલુજ રાખી.

"એ યછ," પેસીનો તે માનિતો ફ્રેઝ હતો. ખરાં મનની રાજીનું 'હા' કહેવા વાસતે તે એજ વાકયનો ઉપ્યોગ કરતો.

મીઠુના મનનો ખટકો તે નિર્દોષ ભુલકાં સાથની આ વાતચીતથી કશોજ કમી થયો નહિ. આખા દિવસનું થાકેલું તે બાળક વહેલુંજ પોઢી ગયું; પણ તે તેના પારણાં પાસ વિચારમાં ગરક ગયલી બેસી રહી.

"એ અમારી દોસ્ત છે કે દુસ્મન?" તે પોતાનેજ પૂછતી રહી. મનની આંખોએ તે કેટીનું કપટભર્યું હસવું ને આંખમાંની મસતી નિહાળતી રહી હતી. પણ તેણીનું જીગર, મરતી માતાના છેલ્લા શબ્દોની, અને પોતે તેણીને આપેલાં વચનની યાદ કરાવતાં રહયાં. મીઠુને અજબ જેવું લાગ્યું કે તે રાત્રે તેણીના વિચારો અદી પછવાડે નહિ, તેટલા કેટી પાછળ કેમ દોડતા હતા. અદી સિધાર્યો હતો, ને કેટી સાથ એક અઠવાડિયું તેણીને કાઢવાનું હતું. તે દોસ્ત પુરવાર થશે કે દુસ્મન?

જાણે મીઠુના મનની આ વમાસનના જવાબમાં હોય તેમ, દોસ્તીનો દસ્ત લંબાવતી કેટીજ ઓરડામાં દાખલ થઇ.

"પેસી પોઢયો ?" તેણીએ આવતાં સાથ બહેન તુલ્ય કાળજી ને હેતથી પૂછયું. "વાંચવાનું લઇને ઓરડામાં જતી હતી, તેટલાં લાગ્યું કે અદી વગર તુંને બી આજે એકાંત લાગતું હશે, તેથી જરા ટાયલાં માયે' કરીને હયાંજ આવી."

"સારૂંજ થયું આવી તો, કેટી. હુંજ તારી પાસ આવવાનું અડધું મન કરી રહી હતી;" મીઠુએ તાતેલાં લોખંડ પરજ હથોડા મારવાની તક હાથ કીધી. "તે દહાડેની અધુરી રહેલી આપણી વાત પછી મારા જીવને જરાબી ચેન નથી. ને અદી નથી તેટલાં નિરાંતે એ વાત મને કહી દેવા હું તારી પાસ માંગી લઉંછ. કેટી, તું મને ખરેખર ચાહતી હોય તો કહી દે—જે હોય તે કહી દે. તું કહેછ કે તે ખબરથી હું દુઃખી થવશ, પણ શકમાં ચાલુ સબડવાના જેવી બુરી બીજી કોઇજ આફત નથી, એ તું જાણતી નથી."

"તું પાછી એજ વાત કાઢવાની છે એમ જાણુતે તો તારા ઓરડામાં પગ મુકતેજ નહિ;" કેટીએ દુઃખી દેમાગે લાચારી બતાવી. "મારામાં વિશ્વાસ રાખ, મારી બહેન; હું કાંઇ તારાં બુરામાં નથી. ને જે હું જાણુંછ, તે જેમ તુંને તેમ કોઇને પણ કહેવાની નથી."

"તુંને એ વાત કહેવીજ નહિ હતી, તો તારા પેટમાં કાંઇ છે એમ જણાઇ આવે એવા એસારાઓ નહિ કરવાની કાળજી રાખવી જોઇતી હતી;" મીઠુ કડવાસથી બોલી. "તારીજ ભુલને લીધે મારાં સુખિયારાં મનની શાંતિ લુંટાઇ ગઇછ, ને તું જો એ વાત નહિ કહેવાની

અજીદાઇ કરશે, તો હું એમજ માનશ કેટી, કે મારા સુખી જીવને દુઃખી કરવા વાસ્તે તું ખાખસુસ તેમ કરેછ."

કેટીની આંખમાં આંસુ ઝલઝલી રહયાં. તે વડીલ બહેનના આવા કડવા સખુનો લોહીના ગોટ સાથ ગળી જતી હોય તેમ તેણીએ એક લાંબો શ્વાસ ખેંચ્યો.

"માફ કર, કેટી," ભલી મીઠુ કેટીને તેણીના બોલવાનું ઓછું આવેલું જોઇ મનાવી લેતાં બોલી. "હું જાણુંછ માઇ ભેજુંજ હમણા ઠેકાણે નથી. સ્વભાવ હાથમાંજ રહેતો નથી. ને જ્યાં વેર તું મોઢું ખોલી મને એ ભરમ કહેશે નહિ, ત્યાં વેર બહારથી સુખી છતાં બાતેનમાં હું દુઃખી, બાવરી ને બેચેન રહેવશ."

"તારી જીદ આગળ હું હારૂંછ, મીઠુ;" કેટીએ રડમસ હાલે કહ્યું. "જો મારી બહેન કરૂં હજી બી મારૂં માન, ને એટલી મારી ગફલતી ભુલી જા. જો હાથે કરીને કાંય સેતા જીવ પર સંતાપ હોરેછ?"

"તારી એ વાતને રૂશીના મોત સાથ લાગતું વળગતું છે કે નહિ?" તેણીને કાકલુદીથી અર્ધ ડગમગેલી મીઠુએ પૂછ્યું. "એટલોજ પહેલાં જવાબ દેની જોઉ?"

"હા;" કેટીએ આનાકાની કરતાં કહ્યું.

"એજ ભેદ સાથ અદીને બી કોઇ રીતે સંબંધ છે એવી મને ખાણુસ્યા થાયછ, તે બી ખરી છે?" મીઠુએ બીજો સવાલ પૂછ્યો.

કેટીએ હાથો નીચે કીધા. તેણીની આંખ્યો મીઠુ માટે અપાર પ્રીત ને દિલસોજીના ગરમ આંસુઓ સાલતી હતી.

"મીઠુ મારી બહેન, બસ; વધુ મને ના પૂછ;" ડચકાંઓ ખાતી કેટીનો દયામનો અવાજ આવ્યો. "એનો કંઇ સારો સાર આવવાનો નથી. મને મગેટીને મારી પાસ તું બોલાવેછ તો ખરી, પણ તે જાણ્યા પછી તારી જીજ્ઞાસા વાસ્તે તું પસ્તાસે; અને ત્યારે મને બદનામ ના કરતી."

"મેં અધુરૂં એટલું સમજ્યુંછ કેટી," મીઠુએ અધીરાઇથી કહ્યું, "કે પુરૂં સમજવા હવે તો એક ઘડી બી મને ખોટી કરતી ના."

"એજ તારી જીદ છે?" કેટીએ હજી આનાકાની કરી. "મારૂં માન મીઠુ તું પસતાસે, હં?"

"બસ બહેન, બસ;" મીઠુએ કરાજીથી કહ્યું. "તારી ચેતવણી ને સલાહ છતાં ઉપરવારી થઇને મારી પસંદગી મેં કરી લીધીછ; હવે તું ઢીલ ના કર."

"હું હારી ને તું જીતી;" કેટીએ કહ્યું. અને ભારે ભેદની તે વાત કહેવા તથા સમજવાને તેઓએ પોતપોતાની ખુરસીઓ વધતી આગળ ખેંચી.

"તુંને હવે જે કહુંછ તે મેં કેમ ને કયાંથી જાણ્યું એ નામ નિશાન હું હરગેઝ આપવાની નથી એટલું યાદ રાખજે, મીઠુ."

"હું તુંને તે પૂછવાની બી નથી;" મીઠુ અધીરી થઇ. "ભલેને કાળા ચોરે તુંને કહ્યું. તું રૂશીના મોત બાબે શું જાણેછ, અને એ ભેદ સાથ અદીમે સંબંધ કયાંથી હોય તેજ ખુલાસો કર, એટલે બસ."

"મીઠુ, ત્યારે સમજ;" ગંભીર, દયાવંત અવાજે કેટીએ કહ્યું. "રૂશીનું જે દિવસે ખુન થયું, તે દિવસે અદી બહારગામ નહિ, મુંબઇમાં—ખુદ વાંદરામાંજ—હતો. એને નજરો નજર જોનાર માણુસ સોગંદ પર એમ કહેવા તૈયાર છે."

આ ભેદ વાસ્તે તેણીએ આટલા દિવસોની શંકા સહી હતી. ખેર—કેટીના ભેદમાં એજ દમ હતો તેજ શુક્રાના! મીઠુએ હવે તેથી ટાઢે પેટે જવાબ વાળ્યોઃ—

"અદી મારી આગળ કોઇ દિન એમ બોલ્યા નથી;" મીઠુએ નભરવસ કહ્યું. "પણુ એકબારગી એવન મુંબાઇમાં હતા એમ માન્યે, તોબી એની હાજરીને ને રૂસીના મોતના ભેદને સંબંધ શું હોઇ શકે?"

"મેં બી ડીટેકટીવને એમજ પૂછ્યું;" કેટીએ બોલી દીધું, અને તુરત જીભ કરડી.

"ડીટેકટીવ?" મીઠુના કાન ઉભા થયા. તેણીનાં જીગરમાં નવી ફાળો ને ખ્યાલો ધસ્યા આવ્યા.

"મુઇ હું; જે નહિ કહેવાનું તેજ પહેલું બોલી પડું છ;" કેટીએ ખસિયાણે મોંઢે કહ્યું. "તું ગભરાતી ના, મીઠુ; પણુ બે ચાર ડીટેકટીવો એ કેસ પર હજી મંડેલા છે, ને તેમાંના એક સાથ અચાનક મને ઓળખ થઇ."

"પછી?" મીઠુના હોડો એટલુંજ બોલી શકયા.

"એ લોક તો કેથા જબરા ખનખોદયા;" કેટીએ વાત આગળ ચલાવી. "તકરાર કરે ને એજ કરે, કે સર મોદીને છુપાછુપ આવવાનું કારણુ શું હોય? અદી છુપાછુપ આવેછ, મહેલમાં પોતાના આવવાની

ખબર અગાઉથી કે તે વખતેબી કોઇને આપતા નથી, ને તેજ રાત્રે રૂસીનુ ખુન થાયછ!"

"અદી આવ્યા હોય એજ અવલમાં તો હું માનતી નહિ. પણ કામ કાજે—કાંઇ પોતાના અંગત કામ કાજે—આવ્યાબી હોય, તો તેથી એ ડીટેકટીવ કહેવા શું માંગેછ?"

"એ લોક તો બધુંજ ઉલટું વમાસે; ને કાંઇ તરેહવાર સાંધાઓ સાંધી જાણે;" કેટીએ કહ્યું. "એતો—એતો અદી પરજ વહેમાયછ. એની દલીલ ને એની તકરારો તું સમજે, તો તારાબી મારી માફક હોંશકોશજ ઉડી જાય."

મીઠુના હોંશકોશ ખરેજ તે વખતે ઉડી ગયા. પોલીસના ફાંટા, અને તેઓના નીચ હાથમાં મુકાયલી ભારે સત્તા તેણી જાણતી હતી.

એ કોઇ પુઠે લાગેલો મુદઇ, અદી નિર્દોષ છતાં, તેને હેરાન કરવાની સત્તા ધરાવતો હતો. ખરેજ કેટીના જીવની હબત હવે મીઠુ સમજી શકી. અને નાહક તેણી પર ખોટા શકો લઇ જવા માટે તે અત્યારે ખરાં મને પસતાઇ. કેવી દિલસોજ, કેટલું તેઓના ભલાંમાં ભલું માનનારી ને તેઓના દુઃખે દાઝનારી તે હોવી જોઇએ? અને તે છતાં, તરેહવાર શંકાઓ લઇ જઇને, પોતે જે ગેરઇનસાફ તેણીને કર્યો હતો, તેનો પુરેપુરો ખંગ વાળી આપવાને મીઠુએ ઘણેક મહીને આજે પહેલીજ વાર કેટીને આગલાં હેતની એક કીસ લીધી.

"મારી ગરીબ કેટી! ને એ બધું સમજી આવીને, તું એકલી એકલીજ મુંજ્યા કીધી. અદીને તું મારા જેટલી પિછાનતી હતે તો તેની દરેક દલીલનો રદીઓ આપી, તેનું જુઠું મોંહુ કે દિનનું તું સદાબરૂં બંધ કરી શકતે."

"મને નહિ ખબર મીઠુ, કે તું એટલી હિમ્મતવાન છે;" બહેને કહ્યું. "એ ડીટકટીવે મને પોતાની દલીલોથી એવી માહાત કીધી, કે કોઇ બી ઘડીએ ચોકઠું બેસાડીને ઇનસાફની લટકતી તલવાર એ મુવો અદીના માથા પર ઉગામશે તો આપણું શું થશે, તેની ધસકેજ હું તો હવેરી થઇ ગઇ. ને તારેથી એ બધું છુપાવવા ગઇ, તેમ તારી ખફગીમાં બી આવી. આજે રાત્રે એ મુવાએ બધું કહ્યું તે કહી દઇને પેટ ખાલી કરશ, પછી કેટલે મહીને નિરાંતની ઉંઘે ઉંઘાવશ."

મીઠુ—ગરીબડું ઘેટું—કેટી જેવાં શિયાળની લુચ્ચાઇને તે કયાંથીજ પામે? અદીની નિર્દોષતામાં બેશક બેગુમાનીથી માનવાવાળી તે બાવફા તો પેલા ડીટકટીવની દલીલોને બેરીસ્ટર સહી ચાલાકીથી માહાત કરવા વાસ્તે ખાત્રી ભરેલી હતી. હસ્તે ચહેરે તેણી એ ભેદ આગળ સમજવા તૈયાર થઇ. અને તેણીની એ ભોળાઇ ને મુખાંઇ પર તે લુચ્ચું શિયાળ, કેટી મોં મતમતાવીને હસતી હતી.

પ્રકરણ ૧૮ મું.

સર મોદીની શકમંદ હિલચાલ.

એક ચંદની રાત્રે, તેના ઉંચા મિનાર અને ગોળ ગુંબજો નીચે, 'દરિયા મહાલ' એક વિશાળ પંથરાયલા બરફના ડુંગર જેવો લાગતો હતો. રોનકદાર સ્થંભો ઉપર ઉઠાવેલી સુંદર કારિગીરીની આ હવેલીની લગોલગ, સર પેશોતનના લોભનો કિલ્લો પણ ચણતો ગયો હતો. ઍલીસને પોતાના પિતાની કરોડોની રીત સાથે એ મહેલની રાજ કરતી રાણી બનાવવા બુલંદતાલેના તે બુઝરોગ બેરોનેટે અનીખના તારા તોડયા હતા,

છતાં તે ધનાધર શેઠિયો જો સ્વર્ગમાંથી આજે મહેલના ' એક રૂમ ' માં ડોકાવી શકે તો ? ચલકતી ખુબસુરતી અને કરોડોની વારેસ ઍલીસની જગ્યાએ, નર્મિની નુરાંની ધરાવતો મીઠુનો ફીરેસ્તાઇ ચહેરો બિરાજતો જોઇ, તે લોભિયા જીવના લોભને પણ શું પુરતો સંતોષ નહિ મળે ?

એક રાણીના વૈભવ વાસતે બાંધ્યો ને શણગાર્યો હોય તેવો આ ' એક રૂમ ' નો ઠઠેરો હતો. મહેલના માણસો તે ઓરડાને દરબારના દબદબાભર્યાં નામે બોલાવતાં હતાં. હયાંથીજ મીઠુ પોતાના મોટા ઘર ખટલાનો કારભાર ચલાવતી ને હુકમો આપતી હતી. અને હયાંજ તે ચંદની રાત્રે અદીના અપરાધીપણાની દલીલો સમજી લઇ, તેની તરફથી વકીલાત કરવા મખમલી સિંહાસન પર બેઠેલી તે પરણેતરમાં શેકશપીયરે ચીતારેલી પોરસ્યાનોજ ટેક અને સ્વાભિમાન જોવાતાં હતાં !

" એક ડીટેકટીવની આંખ કયાં કયાંબી જોતી હશે ?" કુટીએ પોતાનું પેટ ખાલી કરતાં તે રાત્રે કહ્યું. " યાદ છે મીઠુ, મુંબઇ ગયલી તું એક સાંજે પેલી બે આંખથી બીધેલી ને ધ્રુજતી મહેલમાં આવીતી તે ?"

" હા;" સિંહાસન પરથી જવાબ મળ્યો.

" હવે તું માનેછ, પેલા ડીટેકટીવના કહેવા પ્રમાણે તે તો અદીજ હતા. તું સ્ટેશન પરથી નિકળી ત્યારથી તારા ઓળા માફક કહેજે એવણ તારી પુઠે પડયા હતા."

"નહિ, હું નહિ માનતી;" અદીની પરણેતરે કહ્યું. "પણ હું એ આંખોથી બીધેલી મહેલમાં આવી, એમ ડીટેકટીવને અવલમાં કહ્યું કોણે?"

"હું—હું—" કેટીએ ગભરાતાં કહ્યું. "તું એમ ધારેછ કે મારાં વહાલાંઓની મુંડી હુંજ દુશ્મનના હાથમાં આપુંછ? તું મને હજી અવિશ્વાસથીજ જોયછ, મીઠુ?"

"તેમ ધારતી ના કેટી. તું હમણા મારે મન કેટી નહિ, પણ પિંજરામાં ઉભેલો અદી વિરૂદ્ધનો એક સાક્ષી છે; ને તારી ઉલટપાલટ તપાસ પરથીજ કયા લુલા પાયા પર એ ડીટેકટીવે પોતાનો માચડો ઉભો કીધોછ તે સમજી શકાય."

"એ આંખોથી બીધેલી તું આવી એમ એ ડીટેકટીવ જાણતો હતો નહિ;" મીઠુના જવાબથી સંતોષ પામીને કેટીએ ખુલાસો કીધો. "તારા બોળા માફક તે દિવસે અદી તારી પુઠે પડયા હતા, એમ નજરે નજર જોનાર એક સાક્ષી તેની પાસ મોજુદ છે, એમજ તેને તો કહ્યું. તે પરથી મને તુરત તું એ આંખોથી બીધેલી આવેલી તે યાદ આવ્યું, ને સામું મેંજ તેને ગભરાટમાં કહી દીધું."

મીઠુ હસી.

"કેટી એવા તારા ગભરાટથી અંજાણપણે દુશ્મનનાજ હાથમાં નિર્દોષીની ગરદન તું હડસેલી આપેછ. હશે; એ સાક્ષીબી ખરો છે એમ તકરાર ખાતર આપણે માની લીધું, તેથી એ પુરવાર શું કરવા માંગેછ?"

"મેં બી તેને એ સવાલ તો કીધો—પણ આપણું પાકી આવે

તેમ હસીને, મુવો કહેજે 'અમે અધુરા મુદ્દા લઇને પુરવારી આપતા નથી. વખતવારે બધું પુરવાર કરશું.' પછી કહેજે, 'તે દિવસે સર મોદીએ પહેરેલી અજબ ઢપની શેપશાપ વગરના તાલક અને મસમોટી ક્ષીમવાળી ટોપીની વિગત મને મળીછ. હવે જો એ ટોપીનો પત્તો લાગે, યા સર મોદીના કબજામાંથી અમને તે કોઇ લાવી આપે તો—' અને એમ બોલીને મુવો તો મલકમલક મને જોઇને હસે;" કેટીએ ડગાયલા અવાજે કહ્યું. "સારૂંજ થયું; ખુદાએ આપણા ઘેર પર ઘી પુર્યું, કે ત્યારે મેં એવી કોઇ ટોપી અદી પાસ જોયલીજ નહિ. નહિ તો જરૂર કાંઇ મારી ભોળાઇમાં બફાટ કરી નાખતે."

"અદી પાસ એવી ટોપી કોઇ છેજ નહિ."

"મેં બી એમજ કહીને મુવાને હરકાટી કાઢયો. પણ થોડા દહાડા પછી શું મારો ગભરાટ? અદીના ગરમ કપડાંની ત્રંક સફા કરવા મંચુએ ઉઘાડી, ને એ બધાં કપડાં બ્રશ કરતોતો, તેટલાં એજ આબાદ તેને કહેલી તેજ ટોપી તેમાંથી નિકળી!"

"એક મેકરની ને એક સ્ટફની હઝારો ટોપીઓ મારકેટમાં આવે, ને તે સર મોદી કે મી૦ મોદી ખરીદે, ત્યારે તો જેટલાની જુની ત્રંકો-માંથી એવી ટોપી નિકળે તે બધાજ તે દહાડે મારી પુઠે પડેલા હોવા જોઇએ;" મીઠુએ તુરત બચાવ કીધો.

"પણ મીઠુ એ ટોપી કંઇ ઠોકબંધ ટોપીઓ જેવી ટોપીજ નથી;" કેટીએ ફિકરથી કહ્યું. "ખાસ સિવાડી હોય, ને કોઇ બહારગામના ચાંચ્યા દરજીએ શેપશાપ વગરનું સુપડું સિવ્યું હોય તેવી જોતાં સાથ ઓળખાઇ આવેછ. ગમે તો તું તારી ખાતરી કર."

મધ્ય રાત થવા આવી હતી. અને એ સમય બુઢ્ઢાંઓના વિચાર પ્રમાણે, સાંકળે બાંધેલો સેતાન આખો દિન સાંકળ ચુસી ચુસીને પાતળી કરી શકી છુટો થઇ, આ ફાની દુનિયા પર પા ઘડીની પાદશાહી ભોગવવા આવતો કહેવાય છે. અને તેમજ હશે; કારણ સિહા સુરતનાં એ ઇનસાનનાં દુશ્મનની આમદથી હોય તેમ, એ વખતે મીહુના ચહેરા પરની નુરાની તથા તેણીની આંખોમાંનું તેજ નષ્ટ થઇ જતું જોવાયું. ટેક અને સ્વાભિમાન, જેથી તેણીનું શૌભાગ્યવંતું કપાળ એક પળ અગાઉ ઝલેહભર્યું દિપતું હતું, તે નિરાશાની છાંયા ને શંકાના ઓળામાં જંખવાણું મારી ગયલું જણાયું.

"તું ત્રંક ખોલીને એ ટોપી તારી નજરે જો; ને પછી મને જે ગભરાટ થયો તે તુંને નહિ થાય, તો મારો હાથ કલમ કરી આપું;" તેણીને ચુપ જોઇને કેટીએ ફરીને કહ્યું.

"કેટી!" દુ:ખમય અવાજે મીહુ બોલી, "એ ડીટકટીવની પક્ષમાં એટલી તુંને મનાઇ ગયલી જોઇને હું હેરત થાઉંછ. તે ઈંધાણી આપેછ તેજ એ ટોપી હોય, તો તેવી ટોપી અદી સાચવેજ શું કામ? મને તો એ બધું કોઇ ભુખરીબારસનું બાઇ આદમીઓને બીવરાવી પૈસા ઓકાવવાનું તરકટ લાગેછ."

"હોય બી, તું કહેછ તે બી ખરૂં લાગેછ;" કેટીએ વિચારપુર્વક જવાબ આપ્યો. "ત્યારે તું ધારેછ મીહુ, કે અદી મુંબઇ આવ્યાજ નથી. તારી પુઠે પડેલો પેલો ઓળો, ને તેની બે આંખો અદીની હતીજ નહિ?"

"જરા બી શક વગર! મને તો એમાં કાંઇજ વજુદ જણાતું નથી.

અદી આયાબી હોય, તો ત્યારે નહિ પણ હમણા તો કોઇ દિવસ વાત નિકળતાં મને કહે ખરા ની ?"

"જો તું ચીરડાતી ના, મીઠુ, પણ મારાથી તો એ મુવાનું મલક-મલક હસવાનું, ને આંખના પળકારા મારીને કીધેલી એની વાત વિસરાતી નથી;" કેટીએ કાલાવાલા કરીને માંગી લીધું. "આપણી મનપતીજ વાસતે તું અદીને નહિ પૂછાવી જોય ? જીવ જાય તોબી અદી જુઠું તો કહેવા કે લખવાનાજ નહિ. એવણ ના લખે તો બસ; આપણો જીવ નિરાંત. પછી વાંદરાની ખાડી ભરાય તેટલા ડીટકટીવો ભલે આવે ને મલકમલક હસે. આપણી કઇ બલાને ?"

મીઠુ એક મિનિટ ડગમગી. પણ એટલા અવિશ્વાસ વાસતે પણ તે શુદ્ધ ને સાચ્ચા ભરથારની તેણી ગુનેહગાર કાં થાય ?

"એટલું કર, ડીયર. કદાચ એ મુવો જે બધી મોઘમ ધમકી ને એસારા કરતો હતો તેની અડધી બી અસર તારા પર મારા બોલવાની થઇ નહિ હોય," કેટીએ કાકલુદી કીધી, "કે તારા મનમાં ફિકર નહિ હોય, તોબી મારા મનની શાંતિ ખાતર એટલો એનો હા—ના નો જવાબ મંગાવ."

"તું એવું ધુજરાપણું બતાવીને સામી મને નરવસ કરેછ, કેટી;" મીઠુએ કહ્યું. "પેટનો ખાડો પુરવા શાહને ચોર, ને ચોરને શાહ ઠોકી આપવાનો તો એ લોકનો ધંધોજ પડયો. તેથી શું મારા શાહ જેવા સરતાજનો હું અવિશ્વાસ કરૂં ?"

"ત્યારે તો હું લાચાર છું;" કેટીએ નાચારી જાહેર કરી. "એ મુવા બોરકાં માથાના કલાઇગરને દુમ હીલાવીને હસતો તેં જોયો નથી; મેં જોયોછ. તારી લાગણી દુઃખાય કરીને હું બોલી નહિ. પણ એક દહાડો તો છેક પવારે ગયો, ને કહેજે, 'રૂસી શેઠનું ખુન ભલે થયું કે મીઠીબાઇ વિધવા થઇ, ને સર સાહેબ કુંવારા પરદેશ પડેલા હતા તે પરણીને ઠર પડયા.'"

દુશ્મનના હલ્લા સામે કોટ મિસાલ ખડી રહેલી મીઠુનું અંતઃકરણ આ આક્ષેપના તેઓ બન્ને ગુનેહગાર હતાં એમ ઠોકા મારીને કહી રહ્યું. રૂસીના મોતેજ તેમના સુખનો માર્ગ મોકળો થયો હતો એ યાદ તેણીના સુખના મિઠાશમાં એકલી કડવાશ હતી. એ માર્ગ મોકળો કરનારા ખુની હાથો અદીના હતા એમ કેટી કહેવા માંગતી હતી એવો તે સદાચરણી નારને સ્વપ્નો પણ થયો નહિ.

"અનાથ્યાને ગામની પંચાત!—હું સમજીજ નહિ શકતી, કેટી, કે એ ચુગલીખોરની ચાવાચાવી તું કેમ ને કયાં બેસીને સમજી આવી."

"મારી ઉપર કાંઇ આફત આવવાની છે એમ કોઇ તુંને કહે તો તે જાણવા ને તેનો ઇલાજ કરવા તું આકળી નહિ પડે?" કેટીએ ગુસ્સો કીધો. "અદીની બપાઇ મમાઇ ઉપર ખુનનીજ ધાડ એ મુવો લાવવા માગે, ને હું ટાઢે પેટે ઘરમાં બેસું? મારૂં કલેજું એવું પત્થરનું નથી."

"ખુનની ધાડ? એ શું બકેછ, કેટી?" મીઠુના નેણ ગુસ્સામાં જામેલાં જોવાયાં. પણ તે નિર્દોષ જીગરમાં આ કાતિલ વાકયો કશીજ કારમી અસર કરી શકયાં નહિ.

"લે; મુવાં પિંજતાં પિંજતાં કલાકો થયા, ને અસ્તો ધીરે રહીને

પૂછેછ કે એ શું બકેછ? હું ત્યારે ત્યારની તુંને કહી શું રહીછ?" કેટી છછણી પડી. "રૂસીનું ખુન થાએછ—અદી તેજ સવારે વાંદરા ખાતે છે એમ એને નજરે જોનાર સાક્ષીઓ કહેછ. તે છુપાછુપ આવેછ ને છુપાછુપ ચાલી જાએછ. પેલી ત્રંકમાંની ટોપીથી એની 'આઇડૅનટીટી' નો પૂરાવો જો એ મુવાઓને મળે, તો પછી એ લોકને શું છે? ઠાપી ઠોકીને નફ્ટ જેવાઓ ઠોકીજ બેસાડે કે તમો બેઉ રૂસીના મરણ પછી પરણ્યાં એટલે પરણવાને વરેજ અદીએ રૂસીની નડતળ વચમાંથી દુર કીધી."

મીઠુ હબતાયલી, વમાસન કરતી, ચૂપ બેઠી.

"કેવું ભયાનક તરકટ! પણ મીઠુ, અદી નિર્દોષ છે પછી શું છે? પેલો જેમ તેને દોષિત ઠરાવાના પૂરાવા ઢુંડી રહયો હતો, તેમ શું અદીની નિર્દોષતાના પૂરાવા ખંતથી એકઠા કરવાની આપણી ફરજ નથી?" તેણીને ચૂપ જોઇ કેટીએ ચીંગારી મુકી. "કાલાવાલા કરીને કહુંછ કે જરા એને લખીને પૂછાવ કે તે સવારે એ મુંબાઇ હતો એમ સમજ્યુંછ તે વાત ખરી કે ખોટી એટલું પૂછાવવામાં તારૂં જાએછ શું?" કેટીએ ફરીને ચૂપકીદી તોડી.

"એ પર હું આજની રાત વિચાર કરશ, કેટી;" મીઠુએ ગુંચવાયલાં મને કહ્યું. "અદીના કાલે આવનારાં કાગળની વાર જોઇએ—કદાચ રોકાવાનું થાય એમ લખતાતા. જો આવવાનું ઢીલમાં પડશે તો હું ધારૂંછ કે તારી સલ્લાહ પ્રમાણે એટલું પૂછાવેલું સારૂં."

સર અદી મોદીની પૂઠે પડેલો એ પેટનો પુંજારી ડીટકટીવ કોણ હશે? અદીની શકમંદ હિલચાલોની તેણે મેળવેલી બાતમી શું ખોટી હતી? કે અડગ વિશ્વાસથી પ્રેમઘેલા તે પતિને ચાહનારી પતિવ્રત મીઠુ

પ્રેમ અંધાપામાં ખરૂં જોઇ શકવા સમર્થ ન હતી ? કિનાબાજ કેટીની નવી બાજી શું હતી ? શું દોસતીની હમાજોરમાં લંબાવેલા તેણીના હાથોમાં કિનાની કટારી છુપાયલી હતી ?

પ્રકરણ ૧૯ મું.

પતિ પત્ની વચ્ચે પત્રવહેવાર.

મીઠુ ઉઠી. બામદાદના પહેલા પ્રકાશ સાથ તે જાગી, બલકે બિછાનામાંથી બાહેર પડી. ગઇ રાતની કેટી સાથની ગુફતેગો પછી તે ઉંઘી શકેજ શાની ? તેણીના મનને કેટીની વિગતોના ખરાંપણાની ખાત્રી હજીએ મળી નહતી. છતાં ડગડગાથી તે ડામાડોલ બેશક થયું હતું. અને એવા આશાના ઉછાળા જો જીવને સતાવતા હોય તો જીવને મીઠી નિંદની શાંતિ હોયજ કેવી ? તે આખી રાત મીડાંએ 'હા' કે 'ના' એ નક્કી કરવા ઉપરજ કાઢી હતી. સમજદારી અદી આવે ત્યાં તક મન મારી થોભી જવાને તેણીને કહેતી હતી; ત્યારે જીજ્ઞાસા મનની વ્યાકુળતા સમાવવા ને કાગળથી ખબર મેળવવા તેણીને ઉસ્કેરતી હતી. કેટીના કહેવા મુજબ રૂસીના દુઃખદાયક મરણ વખતે અદી ખુદ વાંદરામાંજ છુપાછુપ આવ્યો હતો, અને તેથી એ છુપી મુલાકાત ને રૂસીના ભેદી મરણનો સંબંધ સાંધીને તે ડીટકટીવે પોતાનો સઘળો કેસ ઉભો કર્યો હતો. ત્યારે શું મીઠુની ફરજ નહિ હતી કે એ છુપી મુલાકાતની ગપ બિલકુલ નાપાયાદાર હોવાની ખાતરી તેણી અદી તરફથી લખાવી મંગાવે ?

એજ ઠરાવ ઉપર આવેલી તે બડી ફજર ઉઠી, અને તેને પોતાના બેડરૂમની બારીના ઝાંખા ઉજાશમાં એક કાગળ અદી ઉપર લખી કાઢયો.

એક સહેજ પણ ફિકર મીઠુને હતી નહિ. હોયજ શાની? રૂસીના મરણને દિવસે મુંબઇમાં હોવાનો અદીનો ઇનકાર અને પેલા ડીટેકટીવનો આખો માચડો થાહોમ તુટી પડશે, એમ વિશ્વાસપુર્વક માનીને તે પ્રેમની પુતળીએ નીચલો કાગળ ચીતરી માર્યો.

" અદી મારા ડીયરૅસ્ટ,

એક સવાલનો જવાબ આપવાનું હું તમો પાસથી માંગી લેઉંછ. એ સવાલ પુછવાનું કારણ હું પછીથી વિગતે લખીશ. મને જણાવશો જાની, કે બિચારા રૂસીનું ખુન થયું તે દિવસે યા તેની આગળપાછળના દિવસો ઉપર તમે વાંદરે યા મુંબઇમાં હતા કે? મારા જાન, તમારા 'હા' 'ના'ના જવાબની કાગને ડોળે રાહ જોતી,

તારી વહાલી પરણેતર
મીઠુ."

સાહસકર્મનો પસ્તાવો તે કામ આટોપી રહયા પછીજ થાય છે. તેમ તે કાગળ ટપાલખાતાંને સ્વાધીન થયા પછીજ સેંકડો સુબેહ ને અંદેસા લેડી મોદીના મનમાં ધસ્યા રહયા. ટુંકા ટચ કાગળથી રખે અદી મનમાં માઠું લઇ જાય! એકલો અટુલો પરદેશમાં રખે તે મુંજાય! એ તે વહાલી પરણેતરની પહેલી અટવટ થઇ પડી. અને ત્યારબાદ કેટીનું સમજવા ને તેના કહયા મુજબ ચાલવા માટે તે પોતાને ઠપકો દેવા પડી. પણ આયંદા જે થયું તે બહેતરજ થયું હતું, એમ તે પરણેતરને લાગ્યું. કેટી કહેતી હતી તેમ જ્યાં વહાલા અદીનું નામજ નાહેકની બદનામીમાં

આવતું હતું, તો પછી તે બાબે પગલાં ભરવામાં ઢીલ થવા દેવી સલાહ-કારક કેમ કહેવાય ?

અધીરાઇના તવલાત વચ્ચે લાચારીથી ધીરજ ધરી, અદીના જવાબ માટે ખોટી થતી મીઠુના દિવસો નિકળતા ન હતા. કંગાળ લાંબી રાતો પૂરી થવાની તે રાહ જોતી; તો તેની પાછળ તેટલાજ બેચેન કલાકોની સવાર વિતાડવી વધુ કઠણુ લાગતી. આખર વકી રાખેલા દિવસે તે જવાબ આવ્યો, જે ઉખેડતાં તેણીના ધ્રુજતાં આંગળાંઓએ આજે થોડીક સૅકન્ડ વધુજ લીધી. પછી ઉચકાતા દમે તેણીએ વાંચવું શરૂ કીધું.

"ડારલીંગ મારી,

એ તેં શું ડુંગર ખણ્યો ને ઉંદર શોધ્યો? પહેલે તો તારો સવા-લજ મને ગુંચવાવેછ. અમુક દિવસો ઉપર હું કયાં હતો તે જાણવાની આટલી અગત્યતા ને ઉતાવળ શું હોય, તેજ હું જોતો નથી તેનું કેમ? જે કાગળમાં પ્યારના મીઠા પટપટારા ને પ્રેમના પનોતા શબ્દો વાંચવા હું આતુર બેસું, તે કાગળોમાં એવા જીજ્ઞાસુ સવાલો પુછવાનું મારી મીઠી મુરતી મીઠુના મગજમાં મુકનારજ કોણ છે?

કરિયાતાં જેવાં તારાં કડવાં કાગળ છતાં મારી મીઠી કીસ મોકલવાનું મન રોકી શકતો નથી. જોયું આમો માટીડાનું મોટું મન? આ કાગળ લંબાણુ હોવાની આશા તો તેં રાખીજ નહિ હોય? તાકીદના જવાબ ટુંકાજ હોવા જોઇએ, એટલે આજે તો ઉતાવળમાં તુંને ને મારા ભુલ-કાંને મીઠી કીસો મોકલી મારી યાદ આપતો,

સદા તારો અદી."

મીઠુએ દબાતી છાતીએ તે કાગળ ફરી ફરીથી વાંચ્યો. તે પત્રથી

તેણીને મળેલી નિરાશા શબ્દોથી વર્ણવવી મુશ્કેલ હતી. અદીએ તો તે કાગળ હસવા મશ્કરીમાં કાઢી નાખ્યો હતો. પણ તેના કાગળનો અર્થ ખુલ્લો હતો. "હા" ખુલ્લું લખવાની નામરજીને કારણે, 'ના' ઉડાવનારી રીતે તેમાં છુપાયલો હતો. જો તે મુંબઇમાં નહિજ હતે, તો તો તે સાફસાફ તેમ જણાવી દેતે. "હું તે વખતે તો માઇસોર હતો તે તો તું જાણેછ," એવા ખુલ્લા શબ્દોમાં તેને પોતાની હાજરીનો ઇનકાર કરવો હતો. એવીજ કોઇ રીતે તે મુંબઇ હોવાની વાતને હસી કાઢી, તેનો અસ્વિકાર કરશે એમ મીઠુને આશા હતી. તેના પ્યારભર્યાં કાગજને બદલે માત્ર એક કાપલી અદીના પ્રિય અક્ષરથી લખાયલી—"હું મુંબઇમાં હતો નહિ"ની એકજ લીટી—મીઠુને આજે કેવી આવકારદાયક થઇ હોત? નિરાશાથી હારી ખાઇ ગયલી તે પરણેતરે આખરે તે પત્ર કેટીના વિશ્વાસુ હાથોમાં સપુરત કરી, તેણીની સલાહ લેવાનું દરૂસ્ત વિચાર્યું. ગભરાતી—અકરાતી, અચકાતી—ઓશકાતી, કેટીએ તે કાગળ મીઠુના હાથમાંથી લીધો, વાંચ્યો, ને એક નિસાસા સાથ તે ફરીને મીઠુને સપુરત કર્યો.

"તુંજ ખરી પડી;" કેટીએ કહ્યું. "સચ્ચાઇ મુકી ખોટું લખવા એ અચકાયોછ, ને તારા સવાલને સિફતથી ઉડાવી દીધોછ. 'ના'એ લખી શકતો નથી; ને 'હા' લખવા એ માંગતો નથી. એના આ જવાબથી હું નિરાશ થઇછ, પણ અજબ થતી નથી."

"ત્યારે હવે મારે શું કરવું?" મીઠુએ તે દિલસોજ દોસ્તથી ફરીને દાદ ચાહી. "હું શું કરૂં?"

"તારી જગ્યાએ હું હોઉં તો શું કરૂં તે હું જાણુંછ; પણ તું તો ધ્રુજરી છે ને તુંને તેથી મારી સલાહ રૂચવાની નથી."

"હું હિમ્મત રાખીશ, કેટી;" મીઠુએ ધ્રુજતા અવાજે કહ્યું. "રૂચે કે નહિ રૂચે તારી સલાહ સિવાય હાલમાં મને તો કાંઇજ સુજવાનું નથી."

કેટીની આંખોમાં ફત્તેહના ચમકારા ચમકી રહયા; અને તે કિન્નાના કિરણો ફેંકી રહી હતી. પોતાના દુઃખમાં ડુબેલી મીઠુને હવે કેટીને તપાસવાની જ્યારે આંખ્યોજ હતી નહિ, ત્યારે ઢોંગી દિલસોજીથી મીઠુને ભમાવવા પોતાની બાજી પુરતી રમી પરવારેલી કેટી, આજે પોતાના ખરાં સ્વરૂપમાં ફરી જાહેર નહિ થઇ શકવા વાસ્તે છુટથી દમ લેતી થઇ.

"તારી જગ્યાએ હું તો આ પ્રમાણે એક કાગળ તતરાવી કાઢું;" તેણીએ આંખ્યો ચુંચી કરી વિચારપુર્વક સલાહ આપવાનો દંભ કીધો. "'મારાં ગંભીર કાગળનો જવાબ હસવા મસ્કેરીમાં વાળવાનું તમને લાજમ હતું નહિ. મારા પ્યારા અદી, તમારી પાસ હું આજીજીથી માંગી લેઉંછ કે મારા સવાલનો સીધો સાદો જવાબ આપો, કે એ દિવસો ઉપર તમે વાંદરે હતા યા નહિ; અને જો હોવો તો કાંય. એટલાજ જવાબની રાહ જોતી, મીઠુ.'"

"એમ લખવાનું છેકજ તોડછોડભર્યું ને કડક લાગશે, કેટી;" મીઠુએ અચકાતાં કહ્યું.

"તે બધાંનો કાંહ વિચાર કરેછ," કેટીએ તોરથી કહ્યું. "તારે જ્યાં ત્યાંથીબી સચ્ચાઇજ મેળવવી હોય, તો એટલું લખ; ને નહિ તો મુંગી બેસ. મેં તો તુને કહ્યુંતુંજની કે મારી સલાહ તુંને નહિ રૂચે ?"

"તું જો એમજ ધારતી હોય તો લખશ, કેટી; એમજ લખશ;" મીઠુએ હિમ્મત એકઠી કરી કેટીની સલાહ અનુસાર ચાલવાનો વિચાર

કરતાં કહ્યું. અને તેજ બપોરે કેટીના કહેવા મુજબનો પત્ર કલકત્તા મેલમાં રવાનાબી થયો.

અને ત્યાર પછી પાછી આગલી ઈંતેજારી ને અધીરાઇની આગ, આગલાજ શકો ને ફિકરો, અગાઉનીજ નાસીપાસી ને નિરાશા ફરીને તાજાં થયાં. મીઠુને લાગ્યું કે કોઇના પંજામાં ફસી પડી હોય ને છુટવાના ફોકટના ફાંફાં મારતી હોય તેવી તેણીની હાલત હતી. તે પંજો તેનોજ હતો, કે જેની પાસ પોતાની ગુંગળાયલી હાલતમાં તેણીએ દાદ ચાહી હતી એમ કશોજ શોચ તે બાપડીને થયો નહિ. કયાંથીજ થાય? હરેક પાત્ર ખેળવામાં કુશળ કેટી માટે મીઠુને રમાડી લેવાનું કામ તો બચ્ચાંની રમત હતી.

* * * *

વેળાસર મીઠુના કાગળનો જવાબ ફરી વળ્યો—ટુંકો, લુખો, અને કડક. મીઠુપર લખતી વખતની અદીની હમેશની મીઠાશ ને રમુજી ઢબ આજે પળટાઇ ગયલી સ્પષ્ટ જોવાતી હતી.

"એજ બાબદનું પોંજન તું ફરીને કરશે એમ મેં ધાર્યું'તું નહિ, મીઠુ;" તે લખતો હતો. "તારી આવી ચાવાચાવીથી મારૂં મન અત્યંત રંજીસ થયુંછ. તેં એવો કાગળ લખ્યો એ ખ્યાલથીજ મને તો કાંઇ થાએછ.

પણ જયારે તુંને મારૂં કાગળ નહિ, મારી કીસ નહિ, પણ તારા સવાલના જવાબનીજ હોંશ છે, તો મારો જવાબ 'હા' છે. હા, રૂસીના

ખુનના દિવસે હું વાંદરે હતો, પણ તેજ દિને બપોરે હું મુંબઇ છોડી ગયો હતો. એ બાબે મેં ખસુસ તુંને કહેવાનું દરૂસ્ત ધાર્યું તું નહિ. એ વખતે હું મુંબઇ કાં આવ્યો હતો તે જાણવાનીજ જ્યારે જીદ તું કરેછ, ત્યારેજ ન છુટકે જણાઉંછ, કે મારી ડેરકના ખાનામાં રૂપેરી ચાંપની એક નોટબુક છે તે કાઢી એ તારીખની મારી નોટ વાંચવે ખુલાસો મળશે. ચાવી કબાટના ખાનામાંજ છે.

અદી."

આ જવાબથી તે વહાલી પરણેતરના પાણીજ મરી ગયાં. તે હતીજ ખવાસે નરમ અને પોચી; અને જ્યારે અદી આમ લખતો હતો, ત્યારે તો બેશક મુંબઇ આવવા માટેના વજુદદાર કારણો તેને નોટબુકમાં નોંધ્યાં હશેજ. હવે તેણી પસતાવા લાગી કે કેટીની સુચનાથી ખણખોદભર્યાં કાગળો લખીને તેણી પોતાના પતિની નજરમાં શું હદવગરની હલકી પડી ન હતી?

"તારી સુજે મારૂં મોત થયું;" મીઠુએ અદીનો કાગળ આપતાં કહ્યું. "મને હવે મારા અદીને મોઢું બતાવવાનું બી ભારી પડશે!"

અદીના જવાબથી સંતોષીત થયલી મીઠુની બકરી હવે પહાડ ઉપર ચઢી હતી; જ્યારે કેટીના ચહેરા ઉપરની સુરખી ઉડી જઇ તે ઝંખવાણો પડી ગયલો જણાતો હતો.

"એતો માટીડા એમજ સતા થાય;" તે સ્ત્રી નારદમુની એમ છતાં હિમ્મત રાખી બોલી. "એનો ભેદ તેં જાણી લીધો એટલે એ ખાઉંકરડું બને નહિ તો બીજું શું કરે? વાંક તો વળી બાપેદાદે એનોજ છે. ગમે તે કારણે મુંબઇ આવ્યો હોય, પણ તે કાંઇ બૈરી થતીથી છુપાવવાનું હોય?"

"બધીજ વાત માટીડાઓ ભેરી થતીને કહે, તો કાલનો દુકાળ આજ પડે;" મીઠુ હસી. "મજબુત કારણુસર એક ધણીને કોઇ ચીજ નહિ કહેવાનો દરેક હક છે; અને તેના ઉપર આંધળો ઇતબાર રાખવાની પરણેતરની ફરજ છે."

"તું એવી એવી ફરજોની મુરતી છે એજ અદીનું સુભાગ્ય છે તો;" કસરવેજ ફેટીએ ચૅસ્ટાથી કહ્યું—પણ તે વખતે ફેટીનો ચહેરો ગુસ્સાથી કાળો ઠણુક થઇ ગયો હતો; તે હોઠો પ્રેસમાં દાબ્યા હોય તેમ ઉજળા ફક મારેલા અકેકપર દ્રઢતાથી દબાયલા હતા.

"જોની, મીઠુ," જરા વારે તેણીએ નરમાશથી કહ્યું, "તું કહેછ તે બધું રાસ્ત વ દરૂસ્ત છે; પણ ક્યારે? જ્યારે માણુસ ઇનસાન મટી ફરેસ્તા બને ત્યારે! સમજી? જો ભવિષનો ભય નહિ હતે, તો હુંબી તુંને એમજ કહેતે કે એના સખુન ઉપર ઇતબાર કર, ને એની ખાનગી બાબદમાં ખણુખોડ ના કર. પણ આજે તો હું તુંને વિનવીને, ફરજ માનીને, પગે પડીને કહુંછ કે એ ભેદ અધુરો મુકતી ના. અદી કાંય આવ્યો હતો તે કારણુ જાણી તૈયાર રહયા વગર જંપીને બેસવું આપણુને સજાવાર નથી. મીઠુ, તારા સરતાજના જાનની ફિકર રાખ; એ ભલા મરદની ભલાઇનો વિચાર કર; ને એમ નભરવસ ના રહે."

"એના જાન પરથી જોખમ ઓવાર્યો!" મીઠુ ફીક્કી મારી જઇ બોલી ઉઠી. "તું શું હજીબી અદી ઉપરજ શક રાખેછ, ને મુવા પેલા ફીરેકટીવનું માનેછ, એમ?"

"આનાકાની સાથ હવે તો મને મોહું ઉંઘાડવુંજ પડેછ, મીઠુ, ને જે બોલો બોલવા કરતાં હું મરવાનું પસંદ કરતે તે તારે ખાતર બોલવાજ પડેછ;" ને એમ બોલતાં તે ફરેબી ફીરેસ્તાનો સોહામણો

ચહેરો તેણીના નાજુક ખંભા ઉપર ઢલી પડયો. તેણીની આંખોમાં પાપી ઇનસાનો માટે દુનિયાભરની દયા પ્રગટી નિકળેલી દેખાઇ. "જ્યારે લોકને અદીના એમ છુપાં આવ્યાંની ખબર પડશે, ત્યારે મીઠુ બધાં એમજ કહેશે, કે રૂસીનું ખુન કરવા યા કરાવવાની મકસદેજ અદી મુંબઇ આવ્યા, ને તુંને પરણી બેઠા."

મીઠુના ગળામાંથી ગુંગળાટભર્યુ એક દુઃખનું ડચકું બાહેર પડયું.

"ઓ ખોદા, અમો નિર્દોષોપર આ શું આફ્ત!"

"અલબત; " તેજ કમીના અવાજે પાછી કસરેવજી ચલાવી. "તું ને હું બેઉ અદીના શબ્દો ઉપર ઇતબાર રાખશું, ને જેબી કારણ લખેલું વાંચશું તેજ માનશું. પણ લોક? મારી તો ખાતરી છે કે લોક તો એની આબરૂના બોટે બોટાં પીખશે. સંજોગો બી બધાં બધાજ એ બિચારાની વિરૂદ્ધ જાએછની! મહીનાઓ પરદેશ વસતો એ મુંબઇ આવે, તે કોઇને જણાવે નહિ; તેજ વખતે રૂસીનું ખુન થાય, ને પછી એ તુંને પરણી જાય!"

"પણ રૂસી સાથના મારાં લગ્નની અગાઉનાજ એત્રણ તો મને ચાહતાતા; ને રૂસીના મરણ પછી મને પરણ્યા તેમાં—"

"તું તો ગાફેલજ રહી ગઇ જો, મીઠુ!" કેટીએ તુરતજ તરારો મુકયો. "તમો વચ્ચેની એ આગલી વાત જો લોકે જાણીછ તો તો પૂરાજ બાર વાગે; ને નહિ ઉલટું તું તેમ કહીને કાંટાનું કટેસર કરશે. યાદ છેની જુરીમાં બી એમજ કહેવાયલું તે, કે ખુનની મકસદ જણાઇ નથી; જો મકસદ જણાય તો ખુનીનો પત્તો મળે!"

"તેથી શું?" મીઠુએ નિકળી પડતી આંખોએ પૂછ્યું.

"તેથી એમજ કે એ આદમીનું ખુન કરવા સારૂ પ્યાર કરતાં વધુ મજબુત ને મુસ્તકીમ બીજું શું કારણુ હોઇ શકે?" નાતરસ તે નાજનીને મીઠુની લાગણીની સહેજ બી દરકાર કરવાની હવે પરવા બી રાખી નહિ. "પ્યારની અદેખાઇમાં અદીએ પોતાના કઝીનનું ખુન કીધું એમ લોકને માનતાં શું વાર લાગવાની છે?"

"સારી દુનિયા ભલેને એમ કહે—મારા અદી એ અજીમ અપરાધ વાસ્તે બેગુનાહ છે એમ હું તો માનુંછ; ને મરતાં તુલીક બી માનશ."

"માન, બેલાશક માન, દિકરા; હું કાંઇ તુંને ના કહુંછ. અદીની નિર્દોષતામાં સામું તું નહિ માને તો હું અજબ થાઉં!" ચપલાઇખોર ચાપલુસીથી કેટીએ મુદ્દાની વાત પકડતાં કહ્યું. "આપણે નહિજ માનશું; પણ અદીના આવવાનું કારણુ આપણે જાણુતાં હોઇએ તો આપણા હાથમાં બોલનારાંની મુડી રહેશેની? તોજ એ મુવાંના મોઢાં સીવી શકશુંની?"

"લાવની હમણાજ જઇને એની નોંધપોથી શોધી લાઉં;" મીઠુએ એકાએક ઉમંગ પકડયો.

"હમણા નહિ, મીઠુ, હમણા નહિ. રાતના સઉ સુઇ ગયા પછી—" કેટીએ ચેતવણી આપી. "મરમાણુસના ઘરમાં ચકચાર થઇ જતાં વાર લાગે નહિ."

એ થોડા કલાકની ઢીલ માટે હવે મીઠુ અધીરી થઇ નહિ. પણ વાંચનારા સાહેબો તો અજબ થતાજ હશે, કે એ એકલો ભેદ શું હશે કે જે અદીએ તેણીથી છુપાવવાનું વાજબી વિચાર્યું હતું. પોતાના મનના સંતોષ માટેજ નહિ, પણ તેના મુદઇઓની મુડી દાબવા કેટીના કહેવાથી મીઠુ પોતાના ધણીના ઓરડાની ઝડતી લેવા તૈયાર થઇ હતી. એ ઝડતીમાં મીઠુને શું જડશે?

પ્રકરણ ૨૦ મું.

નોંધપોથીની શોધમાં.

પોતાને બાર સફરી વહાણો સહીસલામત આવી પહોંચ્યાં હોય, એટલો હર્ષ તે સાંજે કામદીનની કેટીને હરખાવતો હતો. એ તેજ સાંજ હતી, કે જેની રાત્રીના અંધારા કલાકો પોતાના ખાવિંદની મરજી વિરૂદ્ધ તેનો ભેદ સાચવતી પેલી નોંધપોથી શોધવા ને વાંચવા માટે મીઠુએ નક્કી કરી રાખ્યા હતા.

સરેસ્તા મુજબ તે પોતાના ભુલકાંને લઇને ફરવા ગઇ હતી. અને જોકે પેસીના મીઠા પટપટારા પર તેણીના કાનો ચોંટેલા હતા, પણ મન તો નોંધપોથીમાં શું વિગત સમાયલી હશે તેની અટકળો કરવામાં પરોવાયલું હતું.

ત્યારે ભેળ લોહીની રૂસો—રથેસ્તાર કેટી મહેલમાં હર્ષઘેલી પોતાના ઓરડામાં ગંધાયલી એકલી આંટા મારતી હતી. અમોએ ઉપર કહ્યું તેમ સફરી વહાણો તેણીને બાર સલામત આવી પહોંચ્યાં હોય, એટલો આનંદ તે કિનાબાજ જીગરમાં ઉરપુર વહેતો હતો.

કિનાની કિસ્તિની એ કસરવેજ કેપટન આજે હેંકરાઇમાં મુછ્યાં મરડી, તકદીરના તોફાનમાંથી પોતાના નાવને સલામત કિનારે પહોંચતું જોઇ શકતી હતી. એટલે તે નહિ કેમ હરખાય ? “ પ્યારનો પ્યાલો એના હોઠ આગળ ધરી હું કરગરતી ઉભી, ત્યારે અધીરી તોડછોડથી મને ટવળતી મુકી એ રૂડા પરદેશ સિધાર્યા, ” તે ઉકલાતી છાતીએ સ્વાગત બોલતાં સમજાઇ. “ હવે મેં રડેલાં એકેક આંસુ બદલ એની આંખમાંથી દશ આંસુ ટપકતાં થશે; તુટેલાં જીગરમાંથી મેં કાઢેલા એકેક નિસાસા બદલ એને તેવા દશ નાખવા પડશે. ”

તે એ પછી ચોકસાઇથી પોતાના રૂમમાંથી બહાર નિકળી. સમી સાંજના એકાંત વખતે નોકર નફરોની આવનજાવન વગર મહેલ પણ પગલાં વગરનો ઉજ્જડ અને શાંત બની ગયો હતો. તેણી ઉતાવળે પગલે અદીના ઓરડા તરફ વળી, અને સંભાળથી રૂમનું બારણું પોતા પાછળ ખેંચીને પરાયા મરદના ઓરડામાં તે બેધડક પેઠી.

પા કલાક ઉપર કેટી તે ઓરડામાં રોકાઇ રહયા પછી, પહેલાં જેટલીજ ચોકસાઇથી બહાર પડી. એ વખતે તેણીનો ચહેરો ફીકકો અને પગલાં ઢીલાં હતાં. ધીમી ઠંડીના લખલખાંથી પોતાના નાજુક બદનને બચાવવા તેણીએ સાડી ખભાં આસપાસ ખેંચી હતી, કે જે ધરેલી સોડવાળો હાથ પણ નખ સુધી સફેદ મારી ગયલો ને ધ્રુજતો હતો.

તે ખરૂંજ વિચિત્ર પ્રાણી હતું—એ કેટી. ભરતી અને ઓટ મિસાલ, તેણીના ચહેરામાં રતાશ ધાઇ આવતો, ને સમાઇ જતો. પુર બહારમાં નિકળેલા આફતાબ માફક કિનામાં પ્રકાશમંદ થયલી આંખો બાઝે વખત જોવા વાસતે અસહય થઇ પડતી, તો કોઇક વાર આથમતા સુર્યની નરમી ને બલિહારીનો તે ભાસ કરાવતી.

એજ મુજબ તે રાતના દરિયા મહાલમાં ખાણાની ટેબલને મીઠુ સાથ ઇનસાફ આપવા બેઠેલી કેટી જુદાજ બહારમાં બિરાજતી હતી. મોણું ચંચેરતી મીઠુ તરફ ફેરવેલી તેણીની આંખોમાં કિનાનું તેજ નહિ, દિલસોજીની નરમી પ્રકાશતી હતી. હસતા તેણીના હોઠો ફત્તેહની ફુગરાઇમાં ફૂટેલા નહિ, મગર ઉત્તેજન ને આશાનું હાસ્ય હસવા ઉઘરેલા હોય, એવો અભ્યાસ કરાવતા.

"બીલકુલ નકામી—બધાજ વાસતે બીલકુલ નકામી;" ખાણું પુરૂં થયું, ને માણસો ઓરડામાંથી બહાર ગયા પછી, કેટીએ કહ્યું. "એક કલાક દેખાવને ખાતર બી જરાબી તો જરા હસ્યે, બોલ્યે, ને વાતચીત કર્યે ? ખાણું કયારે પુરૂં થાય ને માણસો પતે, તેની અધીરતા કોઇબી તારામાં સ્પષ્ટ જોઇ શકે."

મીઠુએ પોતાના એ ઓછાંપણા માટે અધીરાઇનો એક ઉંડો નિસાસો નાખ્યો. જે હતી તે એ. વર્ષોના સંસ્કારની કેળવાયલી મતિનું તે એક પુતળું હતું—તેણી પોતાને બદલી કે બીજી થઇજ કેમ શકે ?

"રહેવા દે ડીયર. તારૂં મન ડગમગતું હોય તો બેલાશક હજી બી વાત જવા દે;" અને એમ બોલતી કેટીની આંખો મીઠુનું ભિતર વાંચતી હતી. "તું એમ ધ્રુજેછ ધપકેછ, ને નિસાસા નાખેછ, તે મારો જીવ તો બળી જાયછ."

"અદીના જીવના જોખમનીજ તું ફિકર આપેછ તો પછી, એ નોંધબુક શોધવા વગર બીજો છુટકોજ નથી, કેટી ડીયર," મીઠુએ કહ્યું.

"ખુદા જાણે એવું તે શું લખેલું હશે," કેટીએ ધ્રુજતી છાતીને પકડતાં વસવસો બતાવ્યો. "જોજે હાં મીઠુ—માટીડા મનીખની આગલી પાછલી કાંઇ બી હોય—તું રખે ભોળી ગુલનો ભાગ ભજવતી !"

મીઠુના ફીક્કા હોઠો મગરૂરીમાં હસ્યા. તે નોંધપોથીમાં અદીના ઉમરાવીપણા ને ઉંચ ખવાસનીજ કાંઇ નોંધ સચવાયલી હશે, નીચ ઇનસાન્યતની કે કમીની ખાસિયતની નહિજ, એ તે મીઠી પરણેતરની માન્યતા હતી;—માન્યતા, જેને નજદીકની મિનિટોમાં મરણતોલ માર પડવાનો હતો.

તે ઓરડો સેંકડો પ્યારી યાદો વાસ્તે મીઠુને મન પવિત્ર હતો, જેનું બારણું ઉઘાડતાં તેણીનું જીગર અણધારી ફિકરો ને વસવસાએ ધ્રુજી ઉઠયું.

ઓરતનું એંટાલપણું આબાદ કરી બજાવી અદીની નજરમાં હલકી પડવા વાસ્તે મીઠુના મનને પસ્તાવો થયો ખરો; પણ તેથી નોંધપોથીની તલાસ કરવાનું કામ પડતું મેલવા તેણી મન મનાવી શકી નહી.

"તું એકલીજ હવે તો કામે વળગ;" ઓરડામાં પેસતાં કેટીએ કહ્યું. "તારા સિવાયના બીજા હાથો ને બીજી આંખોને અદીની એ ખાનગી મિરાસને હાથ લગાડવાનો હક નથી."

કેવો નાજુક લાગણીઓનો વિચારવંત ઠરાવ? વખાણ અને પસંદગીની પાનછેરી હીલવીને ચાવીનો જુમખો ખણખણાવતી, અદીના ભેદને પોતાના પેટાખાનામાં ગળી બેઠેલી નાની ડેસ્ક તરફ તેણી ફરી. અદીની નાની ડેસ્કને હવે પોતાના શેઠનો ભેદ જાળવવાનું અશકય થઇ પડયું.

પહેલું ખાનું ખુલ્યું અને બંધ થયું. એજ ખાનાની પાસે એક નાની ટ્રે સાથનો પહોળો ખાંચો હતો. મીઠુએ તે ઉંચકી, અને નીચલા ખંડમાં ડોકયું કીધું.

"સમકલી આય પિસ્તોલ જોઇ કે? કંઇ 'રૅર કયુરીયો' હશે;" તે ખંડમાંથી એક નાની પિસ્તોલ બહાર કાઢી ઉલટભરી અજાયબીથી તપાસતી મીઠુ બોલી.

"પિસ્તોલ?" કેટીએ ગભરાટથી પૂછ્યું. "મુકી દે મીઠુ, એ નહેસ્ત ચીજ પાછી અંદર નાખી દે."

"તારી સાથ વસતાં માહરો જન્મ ગયો કેટી," મીઠુએ હસીને કહ્યું, "પણ મને મળતા અજાયબીના આંચકા કમી થતા નથી. બહેસ્તી પપા સાથ જે ખભે બંદુક મારીને શિકારે જતી હતી, જેને પિસ્તોલ ને ઍરગનનો પરવાનો અપાવા વાસ્તે રૂસીને કાંઇ કાંઇ ભરભલામણ ને ખાયા ખુશામદ કરવી પડેલી, તેજ કેટી આજે આય રમકડાંથી બીહે?"

"બિનકેળવાયલા હાથોમાં એવી ચીજ સલામતીભરેલી નથી," કેટીએ કહ્યું. "પિસ્તોલ ભરેલી હોય કરીને મારો જીવ ઉડી ગયો."

મીઠુના હૈયામાં ઉપકાર અને આંખોમા હેત ઉભરાઇ આવ્યાં. તે પરાઇ જણી તેણી વાસ્તે કેટલી કાળજીમંદ બની, વહાલથી વીહલી પડતી હતી? મીઠુને લાગ્યું કે માતાના મરણ પછી એ દુધ બહેન તેણીની માતા-નોજ વગ રાખતી અને તેના માતપિતાનું પાળ્યું પરોજન આપતી થઇ હતી.

તેણીએ તે ધાસ્તીભર્યું હથિયાર તેની જગ્યાએ સંભાળથી ફરીને ગોઠવ્યું. "હવે તો જીવ ઠર્યોની?" દગાખોર તે દુશ્મનને સાચો મિત્ર ગણતી મીઠુએ ખરાં મને પૂછ્યું.

એ પછી થોડાક ખાનાઓ ઉઘાડ બંધ થવાના અવાજ સિવાય સઘળું શાંત હતું. ખાના પછવાડે ખાના ઉંધાં ચતાં કરતી મીઠુના હાથો

ધ્રુજતા હતા; જ્યારે કેટીનું હૈયું ખાતેનમાં ઉઠી રહ્યું હતું. હાર ને જીતની બાજીનો એ છેલ્લો દાવ હતો; કારણ માથે ધરતી ઉઠાવી રહેલી તે મરવા યા મારવાને આજે તૈયાર થઇને બેઠી હતી.

તેજ વખતે ડેસ્કને તળે ઉપર કરતી મીઠુના હાથો અરી ગયા હોય તેમ, ઉઘાડ બંધ થતાં ખાનાની હિલચાલ એકદમ બંધ પડી. હયાંથી ત્યાં ડોકયાં ખોસતી તેણી પત્થરનું પુતળું બની ગઇ હોય તેમ સ્થિર ઉભી. તેણીની મીઠી આંખો લખોટા હોય તે રવેશે બહાર ખેંચાઇ આવેલી ને સ્થિર તે ડેસ્કને ટીકતી હતી. બીજીજ પળે ડેસ્કના ઢાંકણાને પકડેલી પકડ ઢીલી થતાં એક અવાજ સાથ ડેસ્કનું ઢાંકણું બંધ થઇ ગયું; અને ભય-ભેગી દુઃખની એક કીકિઆરી પાડીને મીઠુનો નાજુક આકાર ભોંય પર પછડાયો.

એ બધું વરણવાને વખત લાગે છે, જે સઘળું આંખના પળકારામાં બની ગયું હતું.

"તુંને જી રે મીઠુ," ભોંય પર પછડાયલી મીઠુ પાસ કેટી દોડી પહોંચીને બોલી. "શું છે મમલાં, ડેસ્કમાં કાંઇ મુવું જનજનાવર જોયું કે?"

મીઠુની આંખો કેટી તરફ બિનજોવે જોતી હતી.

તે ચહેરાના ફીકાસ અને અસાવધપણામાં પણ તે પર પંથરાયલી આજીજીથી હેતાળુ હૈયાના કોઇ દુશ્મનનું જીગર દયા ને દિલસોજીમાં નરમ બન્યું હોત, પણ કેટીના પથ્થરના કલેજાં પરથી એ પવિત્ર પ્રવાહ બિન અસર ગબડી ગયો.

"જા બા મીઠુ, કાંઇ બોલ તો ખરી;" તેણીએ ફરીથી પૂછ્યું. "કંઇ જનજનાવર ડસ્યું, કે વિચ્છુ કાનકચુરો કંઇ જોઇને બીધી?"

ધીમેથી હવે હોંશિયારીની કાંતિ મીઠુના ચહેરા પર પ્રગટતી જણાઇ. એક ઝટકાથી તે ઉઠી ભોંય પર બેસી ગઇ, અને ડેસ્કનું ઢાંકણું પોતાના ધ્રુજતા હાથોએ ચપટ પકડયું.

"નહિ કેટી, ડેસ્ક ઉઘાડતી ના;" મીઠુના હોઠો ઉડી જતા હતા. "મારા ધણીની મતાને હાથ લગાડતી ના. ખબરદાર!"

"મીઠુ મીઠુ દીકરા," તે અંજાણી અમ્માએ અજાયબીથી પૂછયું. "એમ ફાટું ફાટું શું બકેછ. તું શાથી બીધી તે તો મને બરાબર કહે."

"મારે કંઇજ કહેવું નથી. મેં જે જોયું તે જોયું. કોઇને તે સાથ કામ નથી;" તે ઉશ્કેરાયલી બોલી. "ઓ કેટી, મારી બહેન, તુંને મારી ખરીજ કદર હોય તો કાંઇ લાવીને મને પાઇ દે ને મને મરવા દે."

"હા, હું લાઉંછ—એક ગરમ ગરમ કોફીનું કપ. તુંને મરવા દેવા નહિ, પણ હોંશિયાર કરવા;" કેટીએ તુરત જવાબ આપ્યો. "માણસો બી સુઇ ગયાંછ એટલે મને હાથે બનાવતા જરા વાર લાગશે. તું એકલી બેસવા બીહતી તો નથી ની?"

મીઠુના જવાબ પર કેટીની બાજીનો આધાર હતો. એટલે ઉંદર પર ટાંપેલી બિલાડીની અદાએ રશ્યન તે રિંછ પોતાના ભક્ષને તપાસતી થોભી.

મીઠુએ ડેસ્કનું ઢાંકણું વધુ જોરથી પકડયું, અને અંદરના પેલા ખાના તરફ ધ્રુજતી આંગળી ઉગામી.

"એના ભેદ સાથ હું એકલી રહેવા માંગતી નથી;" ડઘાયલી મીઠુએ કરગરીને કહ્યું. "હું—હું—એકલી રહેવાની નથી."

કેટીની આંખોમાં ગભરાટ સ્પષ્ટ જણાતો હતો. વકી વિરૂદ્ધનો મીઠુનો

જવાબ, પોતાના હોઠો વચ્ચે પકડેલા દાંતોમાં તે પીસી નાખતી હોય તેમ તે કરકરતા જણાયા.

"લે તારે હાથ ખસાડ ને અંદર શું છે તે મને જોવા દે કે કાંઇ ઉપાય સુઝે;" કેટીએ ધરપચ કીધી. "આપણી ફિકરો ખરી પડે તેવો કાંઇ પુરાવો જોયો શું? તેમ હોય તો—"

"જરરારાખી નહિ;" મીઠુના હોઠો હસ્યા. "તે શું ધખારો? હું ધારૂંછ મને જરા તરસ લાગીછ, તે એક કપ કોફી બનાવી લાવશે તો મને ગમશે."

તેણી તુરત ઉઠી. બસ એજ જવાબની ગણતરીબાજ કેટીએ ઉમેદ કરી હતી. "જરા મોડું થશે અં, બીહતી ના."

તે ભોળીભાલી બ્હેન કરતાં જરા વધુ વહેમીલી કોઇને, કેટી ખસુસ કરીને તેણીને એકલી છોડવા માંગતી હતી એમ પામી જવાનું સહેલું થતે. પોતાના ભક્ષને તેનાજ ખોરાકથી એમ ફ્રરજે કરવાને તે મુકી જતી હતી. પોતાની ગેરહાજરીનો લાભ લઇ, મીઠુ તેણીના હાથો પર રમી જશે એ માટે હવે કેટીને કશોજ સંદેહ રહયો નહિ.

તે ગઇ. રૂમનું બારણું તેણી પછવાડે બંધ થતાં, લેડી મોદીનું ભવ્ય શિર ખુરશીના આસાન પર ઢળી પડયું. અને બારણાને કાન દઇને ઉભેલી કેટીએ તેણીને બોલતાં સમજી.

"પરવર મારી લાજ રાખ! મને માર, ને એને ઉગાર!" પણ તે ફ્રરજમાં શુરી એક સતી હતી; એટલે નબળાઇને ઝાઝો વાર વશ રહી

નહિ. એક લડવૈયાની હિમ્મત અને ઉલટ સાથ તે ઉઠી, અને પોતાના ઓરડાના બારણાને અંદરથી કળ દીધી. ધણીના રક્ષણ અર્થે લડાયક બખ્તર તે કોમળ કાયાને પહેરવાનાં હતાં; ને તેના ભારના ખ્યાલે તેણીનું નાજુક બદન દબાઇ જતું હતું.

"ઓ ખુદા એ ચીજોને આંગળાથી બી અડકવા પહેલાં હું ખુશીથી મારો હાથ કાપી નાખું;" તે કમકમતી બોલી. "પણ અદીને ખાતર મારે એ બધું હયાંથી ઉડાવવું જોઇશે, સંતાડવું પડશે." બીહતા જીવે ને ડગમગતાં દિલે મીઠુએ તે ડેસ્ક બીજી મરતબા ખોલી; અને મુવેલા ઉંદરને પુછડી વાટે પકડે તેમ, પેલા ઉઘાડા રહી ગયલાં ખાનામાંથી વળ ખાઇને પડેલું એક ગોળ ગુંછળું તેણીએ બહાર ખેંચી કાઢયું.

એક સ્કાર્ફ, જેના છેડાઓ પર 'ટૅસલ્સ' લટકતા હતા—કેશ્મીરી સીલ્ક પર ભરત ભરેલો એક સુંદર સ્કાર્ફ, જેમાં હીરા અને માણેકથી મઢેલો એક બ્રોચ ચળકતો હતો.

એ તેજ સ્કાર્ફ હતો, જે ફરજની દેવી મીઠુએ પોતાના પરણ્યા ખાવિંદને પ્રીતથી નહિ, તો કદરથી વિંટાળ્યો હતો. એ તેજ સ્કાર્ફ હતો, જે બંધાવીને બહેસ્તી રૂશી હસતો ને હસાવતો ઘરમાંથી વિદાય થયો હતો. એ તેજ સ્કાર્ફ હતો જે જે રાત્રે મરનાર રૂશીનું ખુન થયું ત્યારે તેના ગળાં પરથી ગુમ થયો હતો. તે ખુની હાથોએ એ સ્કાર્ફને એવી ઉતાવળી બેદરકારીથી ખેંચી કાઢેલો હોવો જોઇએ, કે તેને પીન કીધેલા ભાગમાં મોટું ગાબડું પડેલું આજે જોવાતું હતું.

અભાગી મીઠુ તે સ્કાર્ફ ટીકતી હતી, ત્યારે ભલા રૂશીની સાથ ગુજારેલી તે યાદગાર સાંજનું પ્રેમભર્યું ચિત્ર તેણીની નજર સામે ખડું થયું.

અને ફરજમાં પુરી છતાં પ્યારમાં અધુરી તે પરણેતરની આંખોમાં દુઃખના ઝળઝળ્યાં ભરાઇ આવ્યાં.

"સ્કાર્ફ ને પીન મળે તો ખુની પકડાય," એમ મીઠુ અનેક વાર કહેતી હતી; અને હવે તેણીએ પોતેજ એ ચીજોનો પત્તો મેળવ્યો. પોતાના પહેલા ધણીના ખુનના પુરાવા બીજવરના ઓરડામાંથી પોતેજ જડતી લઇને ઢુંડી કાઢયા હતા. આ ન ધારેલા મામલાએ મીઠુ ફિકરથી ફાટી ગઇ હતી. તેણીનો હાલ હેરાન પરેશાન જેવો બન્યો હતો. પણ તે પળો દયા ને દિલસોજી ચાહતાં બેસી રહેવાની ન હતી—પણ કામ કરવાની હતી એ મીઠુ ભૂલી ગઇ નહિ. પેલું ગોળ ગુંછળું પોતાની સોડમાં સંતાડી લઇ, અદીના ગુનાહના આ મુંગા સાક્ષીઓને પોતાના ઓરડામાં છુપાવવાને હરણીની ઉતાવળે તેણી દોડી, ને તેનીજ ચપળાઇથી તે છુપાવીને તેણી અદીવાળા ઓરડામાં પાછી ફરી, ખુરસી પર હાંફતી બેઠી. બધી ઉતાવળ મીઠુએ બિનફેકરમાંજ કીધી હતી. એટલું કામ પુરૂં કરવાને પુરતો વખત આપવાનું કેટીના લાભમાંજ હતું. તે ચીજો પોતાના ઓરડામાં સંતાડીને મીઠુ પાછી ફરે તે જોવા ને ખાતરી કરવા, તેણી બાજુમાંજ છુપાયલી હતી.

"લે દીકરા મઝાની સ્ત્રોંગ કીધીછ;" મીઠુને ડગડગો ન થાય તેમ વખત વિતાડીને ગરમ કોફીના કપ સાથ ઓરડામાં આવેલી કેટીએ કહ્યું. "તું ગરમ ગરમ પી લે તેટલાં તારી રજા હોય તો હું ડેસ્ક જોઉં."

મીઠુએ આ વાર કશોજ વાંધો ઉઠાવ્યો નહિ. કેટીના મનની શંકા દુર કરવા વાસ્તે લોખંડી નસોની પોતે બનેલી હોય તેમ, તેણીએ તે વધારાનો સિતમ સબુરીથી સહન કર્યો.

"શું બન્યુંછ; ડેસ્કમાં તો કાંઇજ નથી. પેલી પિસ્તોલ ડોળા ધુરકેછ તેજ—" ડેસ્ક બાપડી આજે વધનમાં પડી હતી. મીઠુની ગણતરી

પ્રમાણે ત્રીજીવાર, પણ કેટી સત્ય કહે તો આ ચોથી વાર, તે સુંઘાતી હતી. કેટીએ તે રમકડાં જેવી પિસ્તોલ બહાર કાઢી. અને તે મુંગા હથિયાર પર જબરી કરી કાંઇ જુબાની મેળવી શકાતી હોય તો મેળવવાની તેણીએ ઇચ્છા દરશાવી.

"કોઇ છુપો અવાજ મને કહેછે કે" મીઠુને ચુપ જોઇને કેટીએ શરૂ કીધું, "એજ નિર્દોષ દેખાતી પિસ્તોલ અસરાફ રૂશી તરફ ટીકાઇ હતી. એજ લોખંડી રાક્ષસે તારા પહેલા ધણીનું લોહી પીધું હતું. જુરીમાં પડેલી જુબાનીમાં પણ એક પૉકેટ પિસ્તોલથી કોઇ હિચકારા હાથોએ તેનું ખુન કીધેલું કહેવાયું હતું."

"તારી જબાં સંભાળ કેટી;" મીઠુએ જેમ તેમ હિમ્મત એકઠી કરીને કહ્યું. "જો એ પિસ્તોલ મારા અદીની હોય તો રૂશીનું લોહી પીવા પહેલાં તે ભઠ્ઠીમાં ગળાઇ ગઇ હોતે."

તેણીનું બોલવું સાંભળ્યું હોયજ નહિ તેમ મીઠુની મુદાઇએ આગળ ચલાવ્યું, "ઉપર કોઇનો મોનોગ્રામ બી છે;" કેટીએ અવાચી ખાધી. "અદીએ આપણને સાવ હંબગ કીધાં. નોંધપોથી શોધવા આવ્યાં તેનો પત્તો નથી, ને આય ગુંચાગુંચા જેવી કોઇના મોનોગ્રામની પિસ્તોલ જોઇને મને તો ધધરીને તાપ થઇ આવેછ."

મીણના પુતળાં માફક સ્થિર બેઠેલી તે બહેનનો બીધેલી હરણી જેવો ચહેરો જોવામાં પણ કેટીને મઝા મળતી હતી. કિનાનો અધુરો પ્યાલો મોં મટમતાવીને પીવાય તેવો હાલ સ્વાદદાર લાગતો હતો, તો જ્યારે તે ઉરપુર ભરાશે, ત્યારે તેની લેહેજતના ખ્યાલે તો કેટીના મોંમાં પાણી છુટયાં.

"હું તો ઘોંટલો લઉં છું મીઠુ," કેટીએ ત્રીજી વાર અવાચી

બાધી. "તુંને ઉંઘ નહિ આવે તો પિસ્તોલ પરનો મોનોગ્રામ ઉકેળવા બેસજે; નરી ભૂલભૂલામરી છે, જે ઉકેળતાં સહેજે સોહવાઇ જશે."

એમ બોલતાં તેણીએ તે પિસ્તોલ મીઠુના લાચાર હાથોમાં સેરવી દીધી; અને મરણતોલ ઘાયલ થયલા પોતાના શિકારને તે ભયભીત ગુફામાં પોતાના ભરથારની તે પૉકેટ પિસ્તોલ સાથ એકલી છોડી, કામદીનની કેટી નચિંતાઇથી ઉંઘાવા બહાર પડી!

પ્રકરણ ૨૧ મું.

જવાબદાર પતિ—જડજ પતિ.

કામદીનની કેટી ઠંડા કલેજાંએ કામ લેનારી ને હિસાબી ગણતરીથી સટ્ટો ખેલનારી ખેલાડી હતી. મીઠુને રગેરગથી ઓળખતી એ માઝન-દરાન પેલા ભેદોથી ભરપુર ભયાનક ઓરડામાં તેણીને વગર મતલબે એમ એકલી મુકી ગઇ હતી નહિ. દુઃખોથી દબાયલી ને શંકામાં સપડાયલી મીઠુ, પ્યાર ઉપર ફરજને સરસાઇ આપીને પોતે ધારી રાખેલાજ નિર્ણય ઉપર આવશે, અને તે ઠરાવ અમલમાં મુકવા ઉતાવળી પણ બનશે એમ કેટી ચોક્કસપણે માનતી હતી. અને હૈયે આ રીતની નેહ હતી કરીનેજ જ્યારે કેટી પેલા ઓરડામાંથી બહાર પડી ત્યારે પેચદાર માર્મિક હસવું કેટીના હોઠો પર રમતું હતું.

"આજથી તારી સાથનો મારો હિસાબ પતી જશે;" તેણી મનસે વમાસતાં બોલી. "ને થોડું હજી જે માંગું બાકી છે તે કાલ સવાર સુધીમાં તો તુંજ ચુકવી આપશે."

એ રવેશે, મીઠુની તે મુદઇ ઠંડા કલેજાં ને ગણતરીથી પોતાના પલાનો રચતી રહી હતી, ત્યારે ભોળી મીઠુ ભાનભુલી બનીને એકલી પડવા વાસ્તે મનથી શુક્રગુજાર થઇ, પોતાનું ભવિષ્ય ઘડવાને ઉતાવળા વિચારો કરવા પડી.

ચકભમ થતું મગજ મહત્વના આ ઐયામમાં કામ તે શું કરે? હૃદયના ધપકારા, મનના ગુંચવાડા, ને શકના બળતરાં વચ્ચે ઝોંકા ખાતી મીઠુ સમજી ન શકી કે તેણીની દુનિયા બદલાઇ જતી હતી, યા તે પોતે પાગલ થતી જતી હતી.

આજની પોતાની સ્થિતિની યાદ આવતાં તેણીના હાડેહાડ ફરીને ધ્રુજી ઉઠ્યાં. ધણીની જવાબદારીના ચુકાદામાં ધણિયાણીને જડજના આસન પર બેસવું પડે, એ નશીબના ક્રુર ઠઠ્ઠા નહિ તો બીજું શું?

"તું મારો નિગેહબાન થા, મારી યારીએ આવ!" તેણી લાચાર હાલે પરવર પાસ માંગતી રહી. "ઓ ખોદાવંદ, ખરો માર્ગ અખત્યાર કરવામાં તું મને મદદગાર થા!"

તે પરણેતરે ખ્યાલ કર્યો કે અત્યાર તક અદીની વિરૂદ્ધ જતા દરેક શક ને હરેક પુરાવા તોડી પાડનાર વકીલ તેણી બની હતી; પણ આજે તો તેની જવાબદારીનો તેને એક ન્યાયાધીશ તરીકે તોલ કરવાનો હતો. મીઠી મીઠુ માટે તે કડવું કારજ હતું—અશકય તેટલુંજ અણગમતું. પણ તે બજાવવા સિવાય બીજો ઉપાય હતો નહિ. અને તેથી બહારથી કાંઇ સ્થિરતા અને ધૈર્ય ધરીને તે પ્યારી પરણેતર પતિની વિરૂદ્ધ જતી જુબાનીઓનું વજુદ ને વજન જોખવા બેઠી.

પ્યારની ચશમો ઉપર ઇનસાફનો કડક ચશમો ચઢાવ્યો કે આગળ જે ધોળું દીસતું હતું, તે સઘળું હાલે કાળુંજ જણાવા લાગ્યું. તેની

વિરૂદ્ધ જતો પહેલો મુદ્દોજ એટલો મજબુત ને મક્કમ હતો, કે અદીનો કેસ અવલમાંજ લુલો બની જતો જોઇને તે જડજ-ભારજાનું ભેજું ભમી આવ્યું.

નનામો ને છુપો તે મુંબઇ શું કામ આવ્યો ? રૂશીના મરણ પછી બી તેની જાણ શા વાસ્તે કોઇને થવા દીધી નહિ ? સ્ટેશનથી બંગલા સુધી તેને પૂઠે પડેલો જોનાર સાક્ષીઓ કેટી કહેતી હતી કે હાજર હતા. જો એક સાધારણ માણસને હડબડાવવાને એ કેફિઅત પૂરતી થઇ પડે, તો પ્યારી તે પત્નિની સ્થિતિ શું હોઇ શકે ? એ ઉપરાંત બીજા પુરાવા બી મોજુદ હતા—પુરાવા જે કોઇ પણ કોર્ટ અદીના ગુનાહની પુરવારી પ્રત્યે પુરતા ધારે. અને તે પુરાવાનો ખ્યાલ કરતાંજ અભાગણી મીઠુને તેનું મગજ નવી મુસ્કેલીઓમાં ધસડી ગયું. પોતાના ઓરડામાં છુપાવેલી એ અજીમ ગુનાહની ગવાહી સવારૂં પડે તે પહેલાં સલામત સ્થાને સંતાડવાનું હજી તેણીના જીવ ઉપર સસરયા કરતું હતું.

મીઠુ શું કરે ને શું રહેવા દે ? વખત ટુંક હતો, અને એ નાના અરસામાં તેણીને કરવાનું ધણું હતું. પણ પેલા પુરાવાઓને સલામત જગ્યાએ સંતાડવાનું કામ પહેલું કરી નાખવાને લથડતે પગલે તેણી પોતાના ઓરડામાં જવા ઉઠી. પેલાં નહેસ્ત ચિથરાંને અડકવાનું મીઠુના જીવપર આવતું હતું. પણ જ્યાં અદીના જાનની સલામતીનોજ સવાલ આવતો હતો, ત્યાં મીઠુની આનાકાની ઝાઝીવાર ટકી શકી નહિ.

અણગમતું કામ આટોપવુંજ હોય તો તેનો વહેલોજ નિકાલ કરવાનું ઠીક હતું એમ વિચાર કરી મીઠુ ઉઠી. પણ આખા મહેલમાં એકે જગા એવી સલામત તેણીએ જોઇ નહિ. એક સલામત માર્ગ હતો, અને તે આ દલીદ્ર ચીજોને ચુલામાં હોમાવી દેવાનો હતો; પણ મીઠુ એ સચકાર વાસ્તે હિમ્મત એકઠી કરી શકી નહિ. તે વસ્તુઓ જાણે કબરમાંથી જીવતા

થઇને ઉઠી આવેલા સાક્ષીઓ હોય, યા કોઇ ગેબી હાથોએ નિર્જીવ તે પદાર્થમાં જીવ મુકયો હોય તેમ, મીઠુ વહેમથી ડરતી ને પાછી હઠતી રહી.

હાથમાં પડેલા આ પુરાવાનો નિકાલ કરવાનું મુશ્કેલ જોઇને, તન મનથી થાકેલી મીઠુને લાગ્યું કે તેણીનું કિસમત પલટાયું હતું, બદબખ્તીના સિતારા તેણીની પુઠે પડયા હતા. તે એમ હિમ્મત હારતી હતી, ત્યારે પોતાની માતાની કબાટમાં એક અજબ કરામતનું ચોરખાનું હતું એમ તેણીને યાદ થઇ. વર્ષોથી તે તો વપરાસ વગર પડેલું હતું, જે અજબ સંજોગો વચ્ચે આજે મીઠુએ ખોલ્યું. શરૂઆતમાં તો તે છુપી ચાંપે તે અધીરી પરણેતરને ઘણી હંફાવી; પણ આખર ખંતીલા હાથો આગળ તે હાર્યું; અને પેલો કેશમીરી સ્કાર્ફ ને તે માંહેલી હીરાજડીત પીન કમકમતા હાથોએ મીઠુએ અંદર નાખી; પછી તુરત તે ફાલકું તેની અસલ જગ્યાએ ગોઠવી દીધું.

"હયાં એ ચિથરૂં સદાકાળ સબડશે;" તેણીએ મનસે સધ્ધિયારો લીધો. પણ તેણીની બીજી મુઝવણ ગુંચવણો તો હજી ઉભીજ હતી.

એ તો બતકરાર ખરૂં હતું કે ગુંચવાડા ને મુઝવણો ઘણીજ હતી; છતાં તે થકી લેવા પડનારા આંકરા ઇલાજોના ખ્યાલે બાપડી મીઠુના જીગરમાં દુઃખની વળો આવવા માંડી. એક નિશ્ચયપર મીઠુ અત્યાર આગમજ આવી ઉભી હતી—હવે જિંદગીમાં કદી બી અદીની રૂબરૂ ન થવાનો તે નિર્ણય હતો. જે હાથોએ રૂસીનો ભોળો જીવ લીધો હતો, તે હાથોએ પ્યાર કરવાનો હક ગુમાવ્યો હતો. હવે તેણી કદીબી તેની સાથ રહી શકે એમ હતુંજ નહિ.

"ઇનસાફની કચેરીમાં ને ઇનસાનની ખલકમાં તે બેગુનાહ ફરશે, મગર ખુદાની દરગાહમાં તો એ એક અજીમ ગુનાહનો ગુનેહગાર રહેશેજ;" એ તે જડજ પરણેતરનો ચુકાદો હતો. "તો પછી મારે એની સાથ વસવું લાજમ કેમ કહેવાય."

તે બે વહાલાંઓ વચ્ચેનો પ્યાર કાચ્ચો યા તકલીદી હતો નહિ; અને જેને તેણી સદ્દગુણનું સ્વરૂપ અને એક નમુનેદાર નરેશેર જાણતી હતી, તેને એક અજીમ ગુનાહ માટે તોબેશ કરતો ને તોબા પોકારતો પોતાના પગ પાસે પડેલો જોવા પહેલાં, કોઇબી મોતે મરવા મીઠુ હજારવાર ખુશી સાથ તૈયાર હતી.

એવા સંજોગોમાં એકજ રસ્તો તેણીને દેખાયો; અને તે અદીની જિંદગીમાંથી ઉચ્ચાઉચ્ચ હઠી જઇ, ઘરબારના વૈભવ તજી, એકલવાઇ જિંદગીમાં યાહોમ ઝીપલાવવાનો હતો.

એ તે પરણેતરના અકળાતા જીવનો ઉપચાર હતો. પણ જ્યારે માવિતર તરીકે અભાગી મીઠુ એ નિર્ણયનું પરિણામ આંકવા બેઠી, ત્યારે છતી માએ એક પુરા નાના વહાલા પેસીને મા વાસ્તે રડતો મુકી જવાની ક્રુર સરજત પર તે મીઠી માતા લોહીના આંસુઓ રડી.

"ઓ દયાના દાતાર, મારાજ પ્યાર થકી વહાલો અદી આ ગુનાહનો તકસીરવાર બન્યોછ—ઓ મારેજ ખાતર, મારેજ લીધે!" અદીનો બચાવ તે મનને તેમજ પરવરને કહી સમજાવતી રડવા બેઠી. "અવિચારે મેં રૂસીને હા કહ્યું તે મારાં બેફામ પગલાંનું એ બધું પરિણામ છે. ઓ ખુદા, તો મુંગા મારથી **મને** મારજે, **એને** નહિ!"

તે આખી રાત બંદગી કરવામાં ને ઠરાવો ઘડવામાં વિતી ગઇ. પણ પોર ફાટવા પહેલાં સવારે આરંભવા ધારેલો ઠરાવ અમલમાં મેલવા થકી, મીઠુ બિદાર થઇ. પોતાના ભખઇ ગયલા ચહેરાને ઠીકઠાક કરવાનું કામ

આટોપી લીધા કેડે, અકારી થયલી યાદોવાળા તે ઓરડાપર છેલ્લી એક નજર નાંખવાની દરકાર કર્યાં કે થોભ્યા વગર મક્કમ પગલે કેટીના ઓરડામાં તેણી દાખલ થઇ. સેતાનનો તે સાગરીદ, મક્કારે માહદેવ કેટી નિંદ્રાદેવીની મીઠી ગોદમાં લહેરથી પોઢેલી હતી.

આખર પણ તે એક અબળા હતી—સુખ અને સગવડમાં, પ્યાર અને પનાહમાં પળાવા વાસ્તે સરજાયલી પુતળી! એટલે ખુશાલ આરામ કરતી પોતાની બહેનપણીની સુખવાસી સ્થિતિ સાથ પોતાના હવે પછીના હાલનો મુકાબલો કરતાં, પોતાના નિશ્ચયને ફરજથી વળવાના લોભમાં તેણી એક પળ ડગમગી ગઇ. આંધાધુંધીની એક પળ—પણ પછી મક્કમતાથી તે પહેલીજ વાર આજે કરડી ને અદેખી બની.

"કેટી ઉઠની તો!" નર્મી કે મિઠાશ વગરના સાદે મીઠુએ કહ્યું. "સારી રાતથી હું જીવતાં જહાન્નમમાં જીવુંછ ને તું કરારે ઉંધાયછ?"

મીઠુનો દુઃખથી અધીરો થયલો અવાજ સમજતાં કેટી પગભર થઇ.

"શું છે?" તેણીએ વિસરભવપણાના ચરત કરીને પૂછ્યું. "સવારૂં નથી પડયું તેટલાં સુફયાણી પેલી નોંધપોથીના રોદરા પાછા? કેવી મને ભર ઉંધમાથી જગાડી."

"ભર ઉંધ? તારી ભર ઉંધમાંથી થોડીક બી હવે પછીથી મારે ફાળે આવે તો બસ!" મીઠુના દિલમાં ઉભરાતી અદેખાઇનો પડઘો તેણીના અવાજમાં હતો. "આય મકાનમાં રહેવાનું હવે મને પાળવતું નથી. હું અહીંથી જાઉંછ—જતી રહુંછ."

"જાએછ? જતી રહેછ?" ચમકતી આંખો ઢોંગી અજાયબીમાં ઉંધાડીને કેટી કામદીને પૂછ્યું.

"હું ક્યાં જાઉંછ, ને ક્યાં ઠર પડશ તે કાંઇજ નક્કી નથી—પણ આ ઘર આજેજ, હવરેજ હું છોડી જાઉંછ એ તો નક્કીજ છે."

એ સમજતાંજ કેટી બિછાનામાં વધતી ખડી બેઠી, અને પોતા સામે ઉભેલા ફીક્કા ચહેરામાં ધારીધારીને જોવા લાગી.

"તું શું બકેછ તે કાંઇ સમજેછ કે, મીઠુ?" તેણીએ મીઠુની મક્કમતાની આંકણી કરવા પૂછ્યું. "તારો ધણી ઘરમાં નહિ ત્યારે શું ધુંજારો મારા જીવ પર કાઢેછ, મીઠુ. કાંઇ વાત છે! હીરાનું ઘરબાર ને સુખસંપ મુકીને ક્યાં જવાની છે? ઘેલી મારી, એવો ખ્યાલ તારા મગજમાં લાવવાનો કાંઇ સબબ તો સમજાવ."

"એ સબબ હું તુંને કહી શકતી નથી. પણ મુસ્તકીમ કારણ ને પુખ્ત વિચાર વગર હું એ પગલું ભરતી નથી. જે વાત હું જાણુંછ તે જાણ્યા પછી, સુખ ને વૈભવ મારે વાસ્તે રહેતાં નથી."

"હું રાતે સુવા ગઇ પછી તેં કાંઇ નવું શોધ્યું, એમ? શું કાંઇ નવો ભેદ મળ્યો કે?" તેણીના જવાના સંસારાનો સુંધાર હવેજ મળતો હોય એમ દેખાડવા કેટીએ આ સવાલો કીધા.

"નહિ; તું ગયા પછી કાંઇજ નવો પત્તો મળ્યો નથી. અને હવે સવાલની વધુ પતીજ કરવાની હું અગત બી જોતી નથી;" મીઠુએ હવે મુદ્દા પર આવવાની અધીરાઇથી કહ્યું. "તું મારી દુઃખસુખની સદાની એકલવાઇ બહેન છે ને તેથી ઘરબાર તજવાનો મારો ઇરાદો તુંને જણાવ્યા વગર જવા મને ગમ્યું નહિ. અદી પાછા આવે ત્યારે—" અને એક ડચકું ભારે કોશીશ છતાં તે કોમળ ગળામાંથી બહાર પડ્યું, "ત્યારે એને તુંને ગમે તે કહેજે; માણસોને પણ ગમે તે ખુલાસો કરજે; મારે મન હવે એ બધું સરખું છે—ફોકટ છે."

"પણ મારી મીઠુ," સુખદુઃખની તે બહેને તેને યાદ આપી, "નાના પેસીનો કાંઇ વિચાર કીધો ? એ નિર્દોષ ભુલકાંનું શું ?"

"કેટી, દરેકની જિંદગીમાં એક વખત એવો આવેછ કે જ્યારે પારકાંની દખલ તેમને ગમતી નથી. તે સમો, તે સ્થિતિ આજે મારાં થયાંછ. મને કાંઇજ પૂછ ના; ને હું બોલું એટલુંજ સમજી લે."

"અરે શું વાત લાવીછ?" કેવીએક છેડાતી હોય તેમ રોસો કરતાં કેટીએ કહ્યું. "મને તો તારૂં પગલું ઘણુંજ ગેરડાહપણભર્યું લાગેછ."

"હોશે; પણ પારકાંનાં મત લઇને પગલું ભરવાનો મારો સંજોગ નથી;" કેટીને વધુ બોલતી અટકાવતાં મીઠુએ કહ્યું. અને પછી તે મીઠી આંખ્યોમાંથી સરી પડતાં આંસુના દરિયાવ વચ્ચે વધાર્યું, "કેટી, મારી બહેન, આજે છેવટની તુંને સલામ. આજે આપણા વચ્ચેના બચપણથી બાજેલા પ્યારની યાદ આપી મારા એક પુરાં બચ્ચાં, મારા પેસીનું પાંખરૂં હું તુંને સોંપવાજ તારી આગળ આવીછ. આજથી તું એની આન્ટી નહિ, પણ એની માયજ થજે; એને જોજે, સાચવજે. કેટી, મને એકજ વચન આપ કે એને ખાતર તું મહેલમાંજ રહેશે; ને તારૂંજ બચ્ચું હોય તેમ છતી માયે મા વગરના થતા મારા મીઠા પેસીને તું સાચવશે."

વિશ્વાસપુર્વક વહાલથી સોંપાયલું એ કિંમતી ટ્રસ્ટ કેટીએ થોડી આનાકાની દેખાડીને બાપજી કીધું.

"તારા દુઃખી જીવને સુખ આપવા ખાતર, મારી મીઠુ, હું કબુલુંછ—વચનથી બંધાઉંછ;" અને મીઠુના ખભાં ઉપર ડોક નાંખી તેબી

રડવા પડી. "પણુ, મીઠુ, મારી બહેન, હજી બી માન, જરા બી સમજ, મને ખુલાસો તો કર. તારી જિંદગીમાં કાંઇ બી વાંકુંચુકું થયું હોય તો સમું કરવાની મને તક આપ; ઓ મીઠુ, મોઢું ખોલી બોલતો ખરી કે તું કાંય જાએછ."

"ફરજ!" દુઃખના ડચકાં વચ્ચે એકજ બોલ તેણી બોલી શકી. "આજની મારી સ્થિતિ મારી પોતાની, મારી એકલીની ભૂલને આભારી છે, એમ યાદ રાખજે; બીજું કોઇ કોઇજ તેને માટે જોખમદાર કે તકસીરવાર નથી."

અને એ સાંભળતાં દુઃખના ડચકાંથી મીઠુનુંજ નહિ પણ કેટીનું તનદરોસ્ત તન પણ બધું ઉંચકાઇ ઉંચકાઇ જતું હતું.

ખરેખરી ફરેબની હુરી!

પ્રકરણ ૨૨ મું.

મહેલમાં તુરયાંરાજ.

તાજો તખતની એક ધણેતર ધણિયાણી આજે રાવણ્યા રાજ છોડી વનવાસ વેઠવા જતી હતી; પણ ઉગતા આફતાબ માટે તે કોઇજ રીતે અસાધારણ બનાવ નહિ હોય તેમ, સવારનો પોર પોતાની ખુશનુમાં બલિહારીમાં ફાટતો થયો. એ આકાશી કુબલાની નુરમંદ રોશનીને મહેલની મોટી બારીઓના રંગીન કાચો ઝીલી લેતા, અને તે આરાસ્તે ઓરડાઓનો અંધકાર ધીમે ધીમે હઠાડતા ગયા.

પણ ધારવા કરતાં મીઠુને મહેલમાં જ્યાદા રોકાવું પડયું. જવાનો વખત નજીક આવ્યો તેમ કડવા ઝેર થઇ પડેલા મહેલના ઓરડા અને રાચરચીલાં પણ પોતાની શેઠાણીને તેણીનો ઠરાવ ફેરવવા કાકલુદીનાં આજીજી સારતાં હોય તેમ મીઠુને લાગ્યું. હા, તે માત્ર પ્યારા ઘરોબા અને લાંબા પરિચયનું પરિણામ હતું; છતાં મીઠુ તેથી ખંચાઇ.

તેણી અદીને એક લાઇન પણ લખ્યા વગર ચાલી જનાર હતી, પણ થોડા છેવટના શબ્દો લખી તેને બોધમમાં ચેતાવવાનું ધણીને તજી જતી તે પરણેતરને દરોબસ્ત લાગ્યું. તેણીનું માતુશ્રી જીગર નાના પેસીને છેલ્લી એક કીસની આખેરી સલામ કરવા થકી તલપતું થયું. આ બન્ને આખેરી ફરજો દુઃખભરી હતી; છતાં તે દુઃખ સેવી લેવાનુંજ મહેલની તે શેઠાણીએ પસંદ કર્યું.

પ્યાર એવોજ રહે છે. બળવાન પ્યારે જો કષ્ટની કદી બી પરવા કીધી હતે, તો આ દુનિયા તેના નાયક અને નાયકીઓ વગર રસ વિનાની થઇ પડતે; અને તેના સંસ્કાર ને શિક્ષણ થંભ થઇને ઉભાં હતે. પ્યારના એ ભોગો દુનિયાના બોધક હોય છે. તેમનો અથાગ પ્યાર અને શુરવીરતા આપણાંમાં છુપી રહેલી પ્યારની નાની લાગણીઓ અને બાહદુરીઓને બહાર લાવે છે.

"તમારૂં ઘર હું છોડી ગઇછ એ ખબર તમને નવાઇભરી નહિજ લાગશે, અદી;" મીઠુએ અદી ઉપર લખ્યું હતું. "અભાગ્યા તે દિવસે તમો મુંબઇ કાં આવ્યા હતા ને તમે શું કીધું તે મેં જાણ્યું છે. તે જાણ્યા પછી તમારૂં વહાલ વધુ વાર કબુલ રાખવા મારૂં અંતઃકરણ મને ના પાડે છે. એટલાજ ખાતર મારી બાકીની જિંદગી હું ખુદાના ચરણમાં ગુજારીશ; કારણ તેના સિવા તારાં પાપનો ભારે બોજ ખમવાને મને સમર્થ કરનાર બીજું કોઇ કે કાંઇજ નથી. મીઠુ."

હવે છેલ્લું એક જીગરતોડ કામ નાના પેસીને ઉંઘમાંજ મળી લેવાનું હતું. અને તે પનોતા પૂતના પારણા પાસ જતાં તે માતાના જીવમાં દુઃખના દરિયાજ દોહવાયા. તે ઉંઘતાં પ્યારાં ભુલકાંના પારણા પાસ તે ઘુંટણે પડી.

પોતાનાં પ્યારાં ભુલકાંને મોતમાં છોડી જતી માવતરને, મરણ પછી બહેસતની એક હુરી તરીકે તે જનેતા જીવની પાસબાની કરવાની આશા હોય છે; પણ પેસીના પારણા આગળ ઘુંટણિયે પડેલી આ મીઠી માવતરને તેટલી બી આશા રહી હતી નહિ. તેણીને મન તો આ જુદાઇ મોતથી બી બદતર હતી.

"મારા મીઠા પૂત—મારા પેસી," બેઅટકાવ આજુંઓ વરસાવતી બેબાખરી મીઠુ બડબડી, "તુંને એમ છોડી જવા માટે મારાં બચ્ચાં તારી માવતરના પ્યારને તું ઓછો જાણતો ના. હું તો જાઉંછ, પણ તું—મારા બચ્ચાં—તું—તારા પપાના રાહબર ફરેસ્તા તરીકે રહેજે. તેની કંગાળ જિંદગીમાં ખુશાલી ને આશાનું કિરણ તું થાય એજ આશાએ હું—હું—તુંને આજે છોડી જાઉંછ."

તેનેજ મીઠુના ચીરાતાં જીગરની કદર થાય, જેને પોતાનાં પ્યારાં બચ્ચાંને ખોહ્યું હોય; યા પોતાથી છુટું કીધાના દુઃખનો અનુભવ થયો હોય. તે બેબાખરી માતાએ લોહીના આંસુથી ભિંજાયલી આંખ્યો ને સુક્કા તસ હોઠો સાથ નાના પેસીના સુવાળાં ગાળો ને રેશમી જુલફાંદાર વાળો કીસીઓથી ભર્યાં, ત્યારે તેણીનું નાજુક બદન ડચકાંઓથી ધ્રુજતું હતું.

"છેલ્લી સલામ, પેસી—મારા પેસી—મારાં એક પુરાં વહાલાં બચ્ચાં તુંને સલામ! ઓ મારાં બચ્ચાં, ખુદા તું નિર્દોષ ભુલકાં તથા દુઃખિયારી હું પરણેતરને જોય, અને પ્યારા આપણા પપા પર દયા કરે!"

*

પણ મીઠુના સઘળા ટવળાટ છતાં પેસી તો મીઠી ઉંઘે ઉંઘીજ રહયો. અને તે ઠીકજ થયું. કારણ તે ભુલકાંનો મમા વિશેનો ટવળાટ જો મીઠુના જોવામાં આવતે, તો તેણીના દ્રઢ નિશ્ચય છતાં મીઠુ પોતાના બચ્ચાંને એમ પરાયાંની કદર ઉપર છોડી જવા હરગેઝ પગ ઉપાડતે નહિ. નાના પેસી પરથી નજર ખસેડવાનું ને પીઠ મરડવાનું સહેલ થયું નહિ. મીઠુ તરસતી આંખ્યોએ નાના પેસીને ટીકતી ઉભી હતી, તેટલાં પેસીની આયા રોઝામીન ત્યાં આવી પુગી.

"બાઇ, ફરવા જાએછ?" મીઠુને સવારને પોર તૈયાર થયલી જોઇ આયાએ પૂછયું. "ચાહ તોસ્ત લઇ આઉં?"

"નહિ, રોઝામીન;" બાઇએ જવાબ દીધો. "હું જરૂરના કામે બહાર જાઉંછ. કયારે પાછી આવશ, કે કેટલો વખત રોકાવશ તે બી ખબર નથી."

"પણ કપડાં તો લીધાં નથી;" તેણીને સપોતે દપોતે જોઇ આયાએ અચરતી બતાવી.

"હમણાં નહિ. કપડાં ને બીજું બધું કેટીબાઇ પછવાડેથી મોકલશે;' મીઠુએ હવે ઓરડામાંથી બહાર પડવાની અધીરાઇ કરતાં કહ્યું.

એ પછી તે આયા પેસીના ઓરડામાં પોતાને કામે વળગી, અને 'દરિયા મહાલ'ની શેઠાણી તે પનોતું પ્યારૂં છાપરૂં છોડી ગઇ, કે જ્યાં જિંદગીનું ઉતમ સુખ, તેટલુંજ એક ઓરતને ફાળે આવતું દાવાનળ દુઃખ તેણીએ સોસ્યું હતું.

"મીઠુબાઇ સવારની બહાર ગઇછ તે તુંને કહી ગઇછ કે, કેટીબાઇ?" આયા રોઝામીને પૂછયું.

"હા;" કેટીએ મોઘમ જવાબ કર્યો. "જરૂરના કામે એવણને એમ જવું પડયુંછ. પણ જોની, તું તો એવણની ઘણીજ માનિતી છે, તેથી એ બાબે માણસોમાં વધુ ચાવાચીવી થવા દેતી ના."

પણ એ બોલતી વખતે ફત્તેહની ખુશાલીમાં ખુલી નિકળેલો કેટીનો ચહેરો જોઇ મીઠુની તે આયા ડઘાઇને કેટીને ટીકટીજ ઉભી.

"શું છે, કેટીબાઇ, મારી બાઇ કાંઇ દુ:ખી છે?" તે વફાદાર નોકરે કાળજીથી પૂછ્યું.

"તારી બાઇ દુ:ખી હોવાનું હું તો કાંઇજ જાણતી નથી;" નફીકરો જવાબ મળ્યો.

"મારી બાઇ રડમસ જેવી ગઇ તે મેં જોયું; પણ કેટીબાઇ તારૂં મોહડું કાંય આજે ખુશાલ લાગેછ?"

"હું ખુશાલ હોઉં કે દિલગીર તેની સાથ તુંને કાંઇ કામ નથી;" કેટીએ ગરૂરીથી ઉત્તર વાળ્યો. "હલકાં માણસો સાથ એવી તકરારમાં હું ઉતરતી નથી."

રોઝામીન ખભરેલી બાહાર પડી. આજે તેણી હમેશથી ચાર ચાશની વધુજ કેટી તરફ અવિશ્વાસથી જોતી થઇ.

"કાંઇ એનુંજ કામ લાગેછ;" તે બડબડી. "મહેલમાં હુકમ કરવાનો મળશે તેથી હસઇ હસઇ જવાતું હોશે."

તે દિવસે મહેલમાં માણસોની મોટી ફોજ તરફથી કેટીના અનેકવાર

પૂછાવ્યા વગર સવાલના જવાબમાં કશુંજ અસાધારણ બન્યું ન હોય તેમ રોઝામીનને આપેલોજ ઉત્તર તે ઠંડી બેદરકારીથી સર્વને કહી સમજાવતી.

"જોજો તો ખરાં, તમુને બધાંને કેમ છરીની ધારપર ચલાઉંછ તે!" નવી શેઠાણીએ વમાસ્યું. "આખર હકદારે પોતાનો હક મેળવ્યોછ, ને મારા સાચ્ચા પ્યારની ચોર રસ્તે રઝલતી થઇછ. અરે, હવે તો મારો દાવ છે. એના ધણીની ને પોયાંની ખબરઅંતર વાસ્તે હું એને એક હરફ વગર હવે ટવળાવશ, મોહતાજ રાખશ."

'દરિયા મહાલ'ની રાજગાદી પર બેસતી નવી ઠકરાણીએ ઉપલો ઢંઢેરો જાહેર કીધો. નાના પેસીનો ચાહ મેળવી તેની મારફતે તેના પિતા-પર પોતાનો છાપ પાડવાની કેટીની ગણતરી હતી, એટલે તે નાના ભુલકાં સાથ તેણીએ અણહદ નાખતીથી કામ લીધું.

"તું ગુડ બૉય નહિ થશે ને રડ્યા કરશે તો મમી આવશે ત્યારે દિલગીર થશે;" અને તે નાનો જીવ મમીને દિલગીર નહિ કરવા ખાતર આંખમાં ભરાઇ આવતાં દવ જેવાં આંસુઓ દાબવાની મરદાની કોશીશ કરતો, જે જોવાનું ઘણુંજ દયાજનક થઇ પડતું.

"મમા જલદીજ આવશે, ડીયર;" પેસીના સવાલના જવાબમાં કેટી ફરી ફરીને કહેતી; અને નાનો પેસી તે ઉપર આશા રાખી થોભતો.

પણ તે મોટા ઘરખટલામાં પહેલેજ દીને ખળભળાટ જામી રહયો. બપોરના ખાણા પછી માણસો એકઠાં મળતાં સૌએ રોઝામીનને ઘેરી લીધી.

"ઓ મરે રોઝામીન, એ પેલી ચીચવાતી ચૅન ક્યાંવેર રાંધણીનાં

સુંધારા લેવાની ને વરદી આપવાની છે?" ચોખું નિખ્ખું રાંધવા રહેલાં નાલ્લીબાઇ પહેલાં હોમાયાં. એની સાથ કાંઇ મારો પાતલો ઝાઝા દીન ફાવે નહિ! તારી બાઇ થતી કયાં ગઇછ; વહેલી આવશે કેની?

"કાંઇ જરૂરના કામે ગઇછ. કોઇએ તાકીદે તેડી હોય તેટલી ઉતાવળમાં ગઇ, ને કયાં જાએછ કે કયારે આવશે તે કાંઇજ બોલી નહિ;" રોઝામીને ખુલાસો આપ્યો.

"તુંને ખબર નહિ હોય, પણ પેલી બધું જાણેછ. એ ના કહે તો શું થયું?" નાલ્લીબાઇએ રદિયો આપ્યો. "સૌ પાંસરૂં ઉતરે તો ભલે ભલું; પણ આપરૂં તો માથું પહેલેથીજ થણુકયુંછ. કાંઇ સુંગારા સારા નથી, યાદ રાખજો!"

અને એકથાં મળેલાં મહેલના નોકરો નાલ્લીબાઇના એ રદિયા ઉપર ગંભીરતાનું માથું ધુણાવી સૌ મનને ચાહતી અટકલો કરવાં પડયાં.

એમ મહેલમાં ધણી વગરના ઢોર સુનાં જેવો કારોબાર હતો, ત્યારે મહેલની શેઠાણી કયાં હતી?

પ્રકરણ ૨૩ સું.

અનાથોનું આશ્રમ.

જીવ સતોસતની રેસમાં ઉતરી હોય તેવી ઝડપે લેડી મોદી મહેલથી સ્ટેશનનો લાંબો ટપ્પો પાંઉ પ્યાદા કાપી ગઇ. તે કશાજ ઠરાવ ઉપર આવી હતી નહિ. મહેલમાંથી નિકળી નાસવા સિવાય હાલતો તે અભાગી ઓરતને કોઇજ બીજી પરવા હતી નહિ. વાંદરાના સ્ટેશન પર

પહોંચી ત્યારે મુંબઇ જતી એક લોકલ પ્લૅટફૉર્મ ઉપર ધુંવો કાઢતી ઉભેલી હતી. કયાં જવું તેનો નિર્ણય તે કરી શકી નહિ. મુંબઇ જવા વગર કોઇપણ 'રૂત' તે લઇ શકે એમ હતું નહિ. અગર હોત તોએ જાણીતા ચહેરાઓ ને ઓળખપિછાનનાંઓથી સો ગાઉ દુરજ ભાગવાનો મીઠુનો ઠરાવ હતો; એટલે ટિકિટ લઇ એક ફરસ્ત કલાસ કમપાર્ટમૅન્ટમાં મીઠુ ચઢી બેઠી.

હદ થઇ હતી!—સંકટ સહન કરવાની શક્તિની પણ સીમા હોય છે. અને નાજુક એક નારી જોતાં, મીઠુએ અણુહદ સોસ્યું હતું. ગરીબાઇ દુનિયાનું માહ બુરૂં સંકટ ગણાય છે. પણ કરોડોની તે ધણિયાણી આજે એક મુફલસમાં મુફલસ કુંટુંબ સાથ પોતાની સરજત એકબી આંચકી વગર બદલવા તૈયાર થાત! નાના પરિવારને જોગવવાના સંકટ ને મુઝવણ, કે તેમને ભૂખે ટવળતાં જોવાનું દુઃખ અપાર કહેવાય છે. પણ અભાગી મીઠુ મોઢી સામે ખડા થયલા દુઃખના ડુંગરો આગળ એ બધું નમાલું ને નિર્થક દેખાશે. આંખ્યો મીચીને નરમ કુશનપર અઢેલાઇ, મીઠુ પોતાનાં મગજને શાંત કરવાની મિથ્યા કોશીશ કરતી હતી. પણ જ્યાં જવાળા જાગતાં હતા, ત્યાં એક લોટા પાણીએ શું સાર્થક થાય?

પ્યારને આજસુધી તે ખુદાઇ બક્ષીસ ધારતી હતી. પણ એજ પ્યારને ખાતર તેનો સરતાજ ધણી એક માહ ગુનાહનો તકસીરવાર બન્યો હતો—એજ પ્યારને ખાતર ભાઇથી આલે કઝીનને જબેહ કરી, તેની પરણેતરને તે પચાવી બેસવાની શોખાઇ કરી શકયો હતો. દુનિયાઇ મોહનું મિથ્યાપણું આ રીતે અનુભવી ચુકેલી મીઠુએ ચાહ્યું, કે પરવર પોતાની ગોદમાં તેણીને તેડી લેવાની મહેર ફરમાવે! ત્રેન એકદમ થમી ઉભી ત્યારેજ અદીની પરણેતર દુઃખની પોતાની સમાધીમાંથી સજાગરૂ થઇ.

કોલાબાના તરમીનસ ઉપર ટ્રેન આવી પહોંચી હતી. કાંઇ જહેમતથી પ્લૅટફૉર્મ ઉપર ઉતરી, મીઠુએ ચાલવા માડયું. તે અજબ થઇ. આકાશ ને જમીન એક થતાં તેણીને જણાયાં—આંખ આગળ લાલ ચિંગારીઓ ઉડતી જોઇને મીઠુ અચરત થઇ. પણ જરાવારે અચરતી ને વમાસન કરવાનું ભાન પણ તેણીના ભેજાને રહ્યું નહિ.

એક કલાક પછી લેડી મોદીને મીસીસ ગ્રીનના અનાથ અબળા આશ્રમના સુઘડ બિછાનામાં સુવાડવામાં આવી. એ તો એક એતેફાકજ થયો હતો. જે ટ્રેનમાં લેડી મોદી વાંદરાથી ચઢી તે વિરાર લોકલ હતી, અને તેમાં એ આશ્રમની લેડી સુપરીન્ટૅન્ડંત, મીસીસ ગ્રીન સૅકન્ડ કલાસમાં બેઠેલી હતી. તેણીએ મીઠુને ટિકિટ લઇને ફરસ્ત કલાસમાં બેસતી જોઇ; અને દીસતી સભ્ય ને ખાનદાની આ ઓરતના ચહેરા ઉપરથીજ મીસીસ ગ્રીન પામી ગઇ, કે તેણી ઉપર કોઇ જબુન આફત આવી પડી હતી; અને તેથી આ પરમાર્થી બાઇનું જીગર જળી ગયું.

દાદારેજ દાદ લઇ, આ પરમાર્થી સ્ત્રીને એકલવાઇ દુખિયારી મીઠુની પુઠે પાડી હોય, તેમ સ્ટેશનથી બહાર તે તો વહેલી નિકળી ગઇ હોત; પણ બની શકે તો મીઠુને મદદ થવાના નેક ઇરાદાથી તે રોકાઇ; જે પ્રસંગોપાતજ થયું.

કોલાબાના સ્ટેશન પરથી બહાર નિકળી, દરિયા તરફ મીઠુ લથર પથર બેબાખરી જેવી જતી હતી, ત્યારે મીસીસ ગ્રોને તેણીને મદદ કરવાની ઑફર કરવાનો વિચાર કીધો. પણ તેટલાં તો મીઠુએ ચાલતાં

ચાલતાં એક લપેરો ખાધો, અને મીસીસ ગ્રીન તદ્દન નજીક હતાં કરી, તેણી મીસીસ ગ્રીનના પરમાર્થી હાથોમાં બેહોશ તુટી પડી.

કોલાબા મધે એ ભલી ગ્રીનનું અનાર્થ અબળાઓ માટેનું આશ્રમ હતું, જ્યાં સંસાર દુખિયારી સુંદરીઓ સ્નેહભાવથી સચવાતી હતી. હયાં આઇતાં મિષ્ટાન ને બાંધેલા પગારોની હરામખોરીને ઉત્તેજન આપનારી સખાવત થતી ન હતી. પણ જેઓને દુનિયાએ તજ્યાં હોય, યા જેઓએ દુનિયા તજી હોય તેમને સંઘરવા ને આપબળપર આધાર રાખી આબરૂ ઇજતમાં રહેવાની જોગવાઇ કરી આપનારૂં તે એક ખાતું હતું.

રસતે જતાં રાહદારીની મદદ સાથ તેણીએ બેહોશ થયલી મીઠુને ટેક્ષીમાં બેસાડી, અને પોતાના 'હોમ' તરફ હંકરાવી ગઇ. એ રીતે લોકચર્ચા ને પોલીસ ચુંથણાનો ભોગ થતી ઉગરી, અને પોતાના જેવીજ દુખિયારી દયાવંત બહેનો વચ્ચે લેડી મોદી અનાયાસે આવી પડી.

મીઠુની બેહોશી ધાસ્તીભરી માંદગીનું એક મુળ હતું. તેજ આશ્રમમાં શિખેલી ત્રેન્ડ નર્સના હાથમાં મીઠુનો કેસ સોંપવામાં આવ્યો. ડૉ૰ બ્રેડી જે અગતને વખતે આ આશ્રમને મુફતની સેવા આપતો એક ભલો ઈંગ્રેજ તબીબ હતો, તેને બોલાવી મંગાવવામાં આવ્યો. અને હોશિયારીમાં આવતાં, અર્ધ બેભાન મીઠુએ તેને ઈંગ્રેજીમાં આપેલા જવાબો પરથી તેણીની કેળવણી ને ખાનદાન વાસ્તે તેમને કશો શક રહયો નહિ.

ડૉ૰ બ્રેડીએ તેણીને તપાસ્યા પછી મોં કુમળાવ્યું.

"બ્રેન ફીવર;" ડૉ૰ બ્રેડીએ કહ્યું. "ને મને ભય છે કે આ પારસી લેડીનો કેસ તમો સર્વને ભારે જહેમત આપશે. ઘણીજ ખરાબ જાતની બ્રેન ફીવર છે."

"મારા આશ્રમ માટે એ સખાવતી કોમને કરેલી અપીલ કોઇ દીન ખાલી ગઇ નથી. અને તેજ કોમનું એક મૅમબર આજે પોતાની ખરી હાજતમાં તેનો લાભ લેછ એ મારો સંતોષ છે;" ભલી મીસીસ ગ્રીને કહ્યું. "અમો બધાંજ એ પુવર લેડી માટે અમારાથી બનતું કરશું."

લેડી મોદીને એ રવેશે જે ભયંકર બિમારીએ પોતાની લોખંડી પકડમાં પકડી હતી, તે સાથ મોત જીવતની લડત લડવાની થઇ. ડાક્તરના કહેવા મુજબ બધો આધાર તેણીની મજબુત કાઠી ને આયુષ્ય ઉપર હતો; કારણ જેમ દહાડાઓ જતા ગયા તેમ જિંદગીની દોરી એટલી તો કટાતી ગઇ, કે કોઇ બી મિનિટે તે તુટી જવાની ધાસ્તી રહેતી હતી.

એમ કંટાળાભરી તાસવીસના કેટલા દિવસો તેણીએ ગુજાર્યાં તેની ખબર કે શુદ્ધ ભલી મીઠુને તો કયાંથીજ હોય? ભર ઉંઘમાં એક ભયંકાર સ્વપ્નું જોતી હોવાનુંજ તેણી તો સમજતી હતી, કે જેમાંથી જાગવાનું હજાર ગણું જાલીમ તેણીને લાગ્યું.

કાંઇ સમજદાની સાથ તેણી સજાગરૂ થઇ!

તે એક વરસાદવાળી સાંજ હતી, અને બારીના છજીયાં જે પતરાંનાં હતાં તે ઉપર મેઘરાજની થતી વૃષ્ટિના અવાજથી તેણી ચમકી ઉઠી. મહેલમાંથી બહાર નિકળી ત્યારે એપ્રીલ મહીનાનો તપોતો હતો. જેથી આજનો વરસાદ મીઠુને મન કમોસમનો હતો.

"તમને ઠીક લાગેછ-ની?" એક માયાળુ અવાજે પૂછ્યું.

"શું હું ઘણી સીક હતી?" દર્દીએ વમાસણુથી વળતો સવાલ કીધો.

"હા; પણ હવે તો સારાં થયાંછ;" ખુશ અવાજે જવાબ મળ્યો.

હવે લેડી મોદીએ પોતાને કુમળો ચહેરો તે ઓરડામાં આમ તેમ નજર કરવા ફેરવ્યો.

"શું હું લાંબો વખત સીક હતી? શું આ કમોસમનો વરસાદ છે, કે વરસાદની રૂતુ? મને તો એપ્રીલ મહીનો ચાલતો યાદ છે;" અજબ થતાં મીઠુએ પૂછ્યું.

"તમો લાંબો વખતવેર માંદગીની બેહોશીમાં હતાં;" નર્સે ગંભીર ચહેરે કહ્યું. સીકનૅસ તેના તરેહવાર રૂપ ને તબક્કામાં જોવાને તે તેવાયલી હતી, એટલે મીઠુની ખાલી આંખો જોઇને તે ચેતી ગઇ, કે તેમાં હોંશ હતી—યાદદાસ્ત નહિ.

"તમારી પર કાંઇ ભારે દુઃખ આવી પડયુંતું, જેથી તમે એ બુરી તાપે પટકાઇ પડયાં;" નર્સે મીઠુની પરિક્ષા લેવા ખાતર પૂછ્યું.

"કોણ જાણે," મીઠુએ જવાબ દીધો. અને પછીથી ડૉકટરના સવાલના જવાબોમાં પણ 'કોણ જાણે' સિવાય બીજો કશોજ ઉત્તર તેઓ પોતાનાં એ માનિતાં ને ગરવાં 'પેશન્ટ' તરફથી મેળવી શકયાં નહિ. તેઓએ તેણીનું નામ પૂછ્યું, તેણી પરણેલી હતી કે, કાંઇ બચ્ચું છોકરૂં હતું કે, વિગેરે સાધારણ સવાલો પૂછી જોયા; પણ 'કોણ જાણે' ના જવાબ વતરોગ બીજો કશો જવાબ મીઠુએ વાળ્યો નહિ.

ડૉ૦ બ્રેડીએ દર્દીને વધુ નહિ પજવવાની સલાહ આપી. શરીરમાં શક્તિ આવતાં આપમેળે મગજને પણ પુષ્ટિ આવશે, અને યાદદાસ્ત પાછી ફરશે, એ તેનું મત હતું. પણ વધુ નહિ પજવવાના ઇરાદાથી એકલી મુકેલી તે બિમાર, ગઇગુજરીની યાદ તાજી કરવા રાત ને દીન એક કરતી રહી.

નામ અને ખાનદાન, પતિ ને પુત્ર સઘળું ભુલાઇ ગયું હતું; માત્ર ગઇગુજરીની એકજ યાદ તે બિમાર મન જાળવી શકયું હતું—અને તે એક કેશમીરી શૅાલ ને પીન હતી. એ ચીજોની કાં ઉંઘતાં, કાં જાગતાં તેણીને યાદ થતી રહી; અને પોતાની જિંદગીમાં શું ભાગ એ ચીજોએ ભજવ્યો હતો તે સઘળું વિસરી ગયલી હોવાથી, એ યાદથી તે બેજાર થતી હતી.

"શાનો ચાલુ વિચાર કરોછ, ડીયર ? એમ વિચાર કર્યાં કરોછ કરી તમારાં કપાળપર હમેશ કંટાળાનો ચિલ્લો ચઢેલો રહેછ;" તે ભલી નર્સે એક દિવસ કાળજીથી પૂછયું.

"એક સ્કાર્ફ ને પીન નથી ખસતાં મારી આંખ આગળથી, કે નથી જતાં મારાં ભેંજામાંથી;" માહુએ કંટાળેલા અવાજે કહ્યું.

"એજ ચીજો વાસ્તે તું તાપની જુમમાં પણ બોલ્યા કરતી હતી;" નર્સે કહ્યું.

"એમ ? હમણા બી એ ચીજો મારી આંખ આગળ હું બરાબર જોઉંછ;" દયામણે અવાજે તે દર્દીએ કહ્યું. "એ બેઉ ચીજો કોઇ સલામત જગ્યાએ મેં મુકીછ એ તો મને બરાબર યાદ છે."

"કયાં મુકીતી તે યાદ કરોની ત્યારે ?" નર્સે યાદદાસ્તને મદદ આપવાની કોશીશ કીધી.

"કોણ જાણે ?" તુરત દર્દીએ જવાબ વાળ્યો. "કેથે મુકીને પછી બારણું બંધ કીધુંતું એમ બરાબર મને યાદ છે."

એ ગુંચવણુ એક બિમારને દિવાનું બનાવવા પુરતી હતી. અને એના એજ વિચારે બેજાર બનેલી મીઠુને એવોજ કાંઇ ખ્યાલ આવતાં દુ:ખની એક ચીસ સાથ તે બન્ને હાથ જોડી કહેતી, "ઓ મારા ખોદા, રહેમ કરી મને મોત આપ, યાતો આ દિવાનિઅતથી મને બચાવ!"

"પણ તેણીની આ પ્રાર્થના પરમેશ્વર સમજે તે પહેલાં ઘણાક દિવસો પસાર થઇ ગયા. ધારવા કરતાં પણ ઘણીજ ધીમે બિમારને શક્તિ મેળવતી જોઇ, ડૉ૦ બ્રેડી તરેહવાર ટૉનીકો અજમાવીને થાકયા. પછી તેવણે મીસીસ ગ્રીન આગળ ફરી મોં કુમળાવ્યું.

"એ સ્કાર્ફ ને પીનના વિચારમાં એ બિચારી દિવાની થાય, અગર ગરઇને માર્ગે લાગે;" તેણે કહ્યું. "નબળાઇ દીન જતે વધતીજ જાએછ."

ભલી મીસીસ ગ્રીન એ વખતે એક નાની ભુલકીને સીવવાનું શિખવતી હતી. આજ સુધી બિમારના ઓરડાઓમાંથી આ નાના બાળકોને તેઓએ દુરજ રાખ્યાં હતાં; પણ આજે મીસીસ ગ્રીન તે નાના ભુલકાંને મીઠુ સાથ પિછાન કરાવવા તે ઓરડામાં લઇ ગઇ.

જુન મહીનાની તે એક રળિયામણી સાંજ હતી, કે જ્યારે નાની ડોરાને લઇ મીસીસ ગ્રીન લેડી મોદીના ઓરડામાં આવી. બૅાબ કીધેલા બાલમાં, ત્યુનીક પેહેલી તે ગલગોટા જેવી નાની ડોરા, છોકરી કરતાં છોકરો વધારે લાગતી હતી.

"મીસીસ ગ્રીન કહેછ કે તમે સીક છેઓ, તે હું તમારી સાથ વાત કરવા આવીછ;" નાની ડોરાએ કહ્યું. "તમને ગમતું હોય તો—"

ડોરાનો નિર્દોષ પટપટારો એક પળ ગાફેલ બનીને મીઠુએ સમજ્યા

કીધો. બીજીજ સેકન્ડે નાતવાન હાથોએ તેણીએ તે ધીમરાં જેવાં બચ્ચાંને અજબ જોરથી ઉંચકી લઇને પોતાના હૈયાં સરખું ચાંપ્યું; જ્યારે મોતી સમ આંસુઓ મીઠુની આંખોમાંથી સરી પડયાં.

મીસીસ ગ્રીને તે ભુલકાંને નીચે ઉતારી લીધું. મીઠુએ ગુમાવેલી યાદ પાછી ગોતી કાઢી હતી એમ તે પાહવરદી ને પાક ઓરતને પામી જતાં વાર લાગી નહિ.

"સારૂંજ થયું કે હું ડોરાને લાવી;" તે બોલી. "એ ભુલકાંએ તમારી ગયલી યાદ પાછી મેળવી આપીછ એમ જોઇને હું ખુશી છું."

"હા, મીસીસ ગ્રીન; દુઃખભરી તે યાદો આખર તાજી થઇછ. પણ મહેરબાની કરી મને તે વાસ્તે કાંઇજ પૂછતાં ના—મારૂં નામ બી નહિ, હાં કે!" મીઠુએ આજીજીથી માંગી લીધું. "હું કશુંજ કહી શકું એમ નથી."

"ખણુખોદ કરવી એ મારો ધારોજ નથી, ડીયર;" મીસીસ ગ્રીને તેણીને સધ્યારો આપ્યો. "એ યાદ તુંને વહેલી સાજી થવા ઉલટ આપે તેજ બસ છે."

ડૉ૰ બ્રેડીને બી એ ખુશ ખબર તે દર્દીના ઓરડામાં જાય તે પહેલાં આપવામાં આવી.

"ડાકટર, મને ઘણુંજ તાકીદનું કામ છે; હું આ આશ્રમ જલદી છોડી જઇ શકું એટલી શક્તિ મને જલદી મેળવી નહિ આપો?" મીઠુએ ડાક્તરના આવતાંજ આજીજી કીધી.

"કબુલ;" બ્રેડીએ રાજી થઇને કહ્યું. "તમે પુરતી સંભાળ લેશો ને કહું તેમ કરશો, તો થોડા દહાડામાં પાછાં ટટાર કરી આપવાનું કામ મારૂં!"

અને ડોકટર બ્રેડીએ પોતાનો બોલ પાળ્યો. મીઠુ મહીનાઓ સુધી નહિ થયલી તેટલી દર દિવસે ટટાર થતી ચાલી.

"મેં જબરી ભૂલ કીધી. એ સ્કાર્ફ ને પીન મારે ચુલામાંજ હોમાવવાં હતાં;" મીઠુના બિમાર મગજમાં હવે બસ એજ ધખારો ભરાયો હતો.

કોઇ બી ભોગે—પોતે જણાઇ આવવાનો યા પકડાઇ જવાનો ભય પણ હોરીને—મહેલમાં જઇ એ નાશકારક પુરાવાઓ પોતાના કબજામાં લીધા વગર મીઠુના જીવને ન જપ હતી, કે ન ચેન. તે પુરાવાઓનો નાશ થાય નહિ, ત્યાં ટક અદીના જાનની સલામતી હતી નહિ એમ જાણતાંજ, ભલી તે પ્રિયા તે માટે હદ વિનાની આતુર બની.

પાછી ટટાર થઇ જવાની મીઠુની ઉલટ જોઇને તેઓ સઘળાં હેરત રહયાં. તેઓ કયાંથી જાણે કે ફક્ત પોતાના ધણીના પાપના પુરાવાઓનો નાશ કરવા ખાતરજ મીઠુ પોતાના નાજુક તનને ટટાર કરવા ઇચ્છતી હતી?

પ્રકરણ ૨૪ મું.

સર મોદી સંતાપમાં.

જિંદગીમાં જવલે બનતા સંજોગોનું એ એક ચોઘડિયું થયું કે કલકત્તામાં ધારવા કરતાં ઝાઝું રોકાયલા સર મોદીએ આખર પોતાની લંબાયલી વીઝીટ ટુંકી કરવાનું ને તાકીદે મુંબઇ ઉપડવાનુ મન કર્યું. નહિ કે તેને ત્યાં જુદાં જુદાં 'ફન્કશન્સ'માં હાજરી આપવા કહેલી બધી રોકાણો પુરી થઇ હતી, કે નહિ તો તેને પોતાનું કામ પણ સંતોષકારક હાર પાડયું હતું. પણ એ સર્વ પડતું નાખીને પણ સર મોદી મુંબઇનો રસ્તો પકડવાને તત્તપર થયો, કારણ તેનું દિલ ઉચ્ચર થયું હતું.

લેડી મોદીના છેલ્લાં બે કાગજોએ તેને ઘણો વસવસો કરાવ્યો હતો, અને કોઇ અણધારી ફિકર તેના ઉમરાવી દિલમાં ઘર કરી બેઠી હતી. એનો અર્થ તે ઉકળાવી શકયો નહિ.

એમ છતાં મુંબઇ પહોંચતાં જે સનાનના સમાચાર સમજવાની તેની સરજત થવાની હતી તેથી બીલકુલ બેખબર હોવાથી, પોતાની પ્રિયા અને પોતા વચ્ચેનું એ નાનુ છમકલું કાગજ પત્ર કરતાં તેની હાજરીથી વહેલું હોલવી દેવાની તે ભલા ભરથારે ખાત્રી ને ઉલટ રાખી.

સર મોદીની આમદાનીની વધાઇથી મહેલના નોકરોમાં ઉલટ પંથરાઇ હતી. શેઠ સાથ પોતાની ભલી બાઇ પણ આવતી હોવાનું તેઓએ કોઇના પણ કહ્યા વગર ધારી લીધુંજ હતું. તે એખલી બીજે કેથે હોય, કે રહે કયાં? દરિયા માહલમાં ભજાતા કરૂણારસ એ નાટકની એકજ જીવને જાંણ હતી. પણ ન તો તે પત્થરનું જીગર દયાથી પિગળ્યું, કે ન તો ઘરે આવતા અદીની થનારી અવસ્થા થકી તેણીને પસતાવાનો કોઇ ચમટો તુટયો. સુખનો સુર્ય હવે તેણીને શિર પ્રકાશતો હતો—રાહુની દશા તેણીના દુશ્મનોની બેઠી હતી.

નાના પેસીને પાંખડીએ વળગાડી અદીને સ્ટેશન પર લેવા ગયલી કેટીનું ધડ હવામાં ઉંચકાયલું હતું; આંખો ખુશીમાં ચમકતી હતી, અને પગો ચપળ પગલે ચાલતા હતા. તેના પ્યારને ઠોકરનાર તે પુરૂષને તેની પરણેતર તેનો આશરો તજી ગઇ હતી તેની વધામણી કહેવાનું તેણીએ પોતાને હાથ રાખ્યું હતું.

કિનાની છુરીમાંથી વહેતું લોહીનું ટીપે ટીપું કેટી કામદીનના કસાઇ. ફેફસાંનું પોષણ હતું. અને તેનો સ્વાદ સહેજે ટાલી દેવા તેણી રાજી જણાઇ નહિ.

અદીએ તે માસી ભાણેજને સામે આવતાં જોયાં તેવો તે ત્રેનમાંથી તુરત બહાર કુદયો. દુરથી આવતા તે બે આકારોને તેણે તો મીઠુ અને પેસી તરીકે ધારી લીધા હતા, ને પોતાની આંખોએ કરેલી ઠગાઇ માલમ પડી ત્યારે, નિરાશાનો એક જબુંન આંચકો તેને લાગ્યો.

"તું છે કેટી?" તેણે પૂછ્યું. "મીઠુ કયાં છે?"

તેમની આસપાસ ફુંકતી ધીમા પવનની લહેકી, ઝાડનાં હીલતાં પાતરાં અને મરડાતી ડાળો, તેમજ નાના પેસીની આંખો વળતરમાં તે પિતાને પૂછતી હતી કે "મારી મમ્મી કયાં છે?"

કેટીએ તેનો તે સીધો સવાલ ઉડાવ્યો. "જરા પેસીને તો રમાડો! બિચારૂં બચ્ચું સવારનું પપા આવવાના હરખમાં છે. મીઠુની વાત આપણે પછી કરશું."

"શું ત્યારે મીઠુ નથી આવવાની એમ?" તેણે અજાયબીથી પૂછ્યું.

"હું નહિ ધારતી. પણ તમે પેસીને એક કીસબી આપી નથી. જરા બચ્ચાંને પાંસામાં તો લેવ."

સર મોદીએ પોતાના વારસ પૂતને હેતથી હવે ઉપાડયો. અને તેના નિર્દોષ ચહેરાને એક હેતની કીસ આપી.

"મમ્મી કયાં છે?" નાના પેસીએ પોતાના હાથો પપા આસપાસ વહાલથી વિંટાલીને પૂછ્યું.

બાપ બેટા ચુપકીદીમાં એક બીજાને જોતા હતા. કયાં, ખરેજ કયાં હતી તે વહાલી માવતર ને પરણેતર?

"મમ્મી ઓય આવતાં હશે, બાબુ;" સર મોદીએ ફિકરોને ખંખારી કાઢી કહ્યું. "પપીને ટવળાવવાનું મમ્મીને આજે મન થયુંછ. પણ પપા, ને પપાનો પેસી એકલા મઝા કરશે. પારખ જોવું, પપા પેસીને વરે શું શું લાવ્યા હશે?"

પેતાના નાના જીગરમાં તેની માલેકીની થવા ઇચ્છેલી અનેક ચીજોનો એક નાનો જેવો મેળો પેસીના બાળ મનમાં પંથરાઇ ગયો. પણ જરા વારે એ રમત પરથી પણ તે બાપ બેટાનું મન પેલાજ સવાલ પર પાછું ફર્યું. "મમ્મી કયાં છે?"

અદી હવે મુઝવણમાં ચઢેલાં ભવાં સાથ મીસ કામદીન તરફ ફર્યો.

"એ તે કાંઇ મશકેરીની વાત છે, કેટી?" તેણે કહ્યું. "પેસી કાં એનો એજ સવાલ પૂછેછ? મીઠુ ઘરમાં છે કે નહિ?"

હવે તેણીની જીતનો સમો આવ્યો.

"પેસી ડીયર, જઇને થોડા સોજાં ફુલ પપા વાસતે તોડી લાવ;" પેસીને એ મસે તેણી દુર કાઢતી હતી એમ જોઇને અદીના મિજાજની કમાન સહેજ છટકી.

"હું ધાંકપીછાને ધિક્કારૂંછ;" અદી મોદીએ ચીરડાટ બતાવ્યો. "આજની તારી ભેદભરી વર્તણુંકથી મને સામો ખીજવાટ ઉપજેછ. મીઠુ કયાં ગઇછ? ઘરમાં છે કે નહિ તે હું જાણવા માગુંછ."

"હું બી તેજ કહેવા માગુંછ;" તેનું પાકી ને પલેથર થાય તેમ

કેટી ધીરેથી બોલી. "પણ કહેવાની જીભ ઉપડતી નથી, કારણ તે ખબર તુંને દુ:ખ ઉપજાવનારી થશે એમ હું જાણુંછ."

"ત્યારે તો જે કહેવું હોય તે મને ઝડપથી કહે;" અદીના ભવાં ફરી જામ્યાં.

પણ તેને આવતા શક ને થતી અકળામણની તે પળોમાંની એકેક માટે કેટીને સોનામોહર ખરચવી પડતે, તોપણ તેથી મળતા સંતોષની કિંમત તરીકે તેણી તે સસતીજ ગણતે!

"તમુને મીઠુનો કાગજ નથી મળ્યો?" તેણીએ પૂછયું. "એક કાગજ એને તમારી પર લખ્યો તો ખરો."

"મને કશો કાગજ મળ્યો નથી;" અધીરો જવાબ મળ્યો.

"ઘણુંજ અજબ જેવું;" તેણીએ તેનું જાસતી ગેરવ્યું. "હું તો એ બાબદ કંઇ બોલવા ચાહતી નથી. બીજાં કોઇને પૂછીને તમને જે જાણવું હોય તે જાણી લેશો તો મહેરબાની."

તે તોરથી તરો થયો. "હું કાંઇ બાયલો કે હિચકારો નથી;" તેણે કહ્યું. "બઇરાંસડી દયાના દેખાવ નીચે તું નાહક મને ઘાતકીપણે રીબાવેછ."

"ભલાઇના બદલામાં અપજશ મેળવવાની મને નવાઇ નથી;" ઠંડે કલેજે કેટીએ કહ્યું. "મારૂં તો એ ખમીરજ થઇ ગયુંછ."

"જોની કેટી, વાત એમ છે," હવે અદી કંઇક ખસિયાણો થયો, ને તેથી ઠંડો પડી બોલ્યો, "કે મીઠુને કાન કાંઇ ચોક્કસ ગપ આવીછ, ને તેથી જરા એનું મન કચવાયલું હોય એમ છેલ્લાં એના કાગજ પરથી મને લાગેછ. અને તેજ વખતે તું મીઠુ વાસ્તે એમ ભેદ ભરમમાં બોલે,

ત્યારે મારી ધીરજ રહેતી નથી. એને મને સ્ટેશનપર લેવા આવવું જોઇતું હતું."

"આશાજ તેવી રાખો ના, અદી. મીઠુ તો તમારૂં ઘર ને બચ્ચું છોડીને ચાલી ગઇછ."

"ચાલી ગઇ? મારૂં ઘર ને મારૂં બચ્ચું છોડી ગઇ?" અદી મહા મહેનતે બોલી શકયો. "કેટી, ખુદા ખાતર તું મને દુઃખથી દિવાનો કરવા નહિ ચાહતી હોય તો વધુ ખુલાસાથી બોલ."

તે મરદાની માટી પાતરાં પેરે ધ્રુજી. તેનો સામળો સોહામણો ચહેરો ડચકાં ખાતાં બચ્ચાં પેરે ચળવળી રહયો. છતાં તેના એ દુઃખનાં તરફડિયાં ટુકાં કરવાં કેટીએ પોતાની એક નાની આંગળી પણ હલાવી નહિ.

"એ વતરોગ બીજી મને કશી માહિતી નથી;" તેણીએ કહ્યું. "મીઠુ ઘણી દુઃખી ને બેચેન કેટલા દહાડા સુધી રહી; મેં તો એને ઘણું બી પૂછ્યું, પણ એને મને પોતાના વિશ્વાસમાં લેવા સાફ ના પાડી. ગઇ તે દહાડે સવારના મારા ઓરડામાં આવી, ને મને કહેજે મેં અદી પર બી લખેલું છે, ને મારા જવાનું કારણ એવણ સમજશે. મને કાંઇજ બીજો ખુલાસો આપ્યો નહિ. બસ અંતે પડીને પેસીને ખાતર મહેલમાં રહેવાનું ને કોઇ બી સંજોગોમાં પેસીને એકલો નહિ મુકવાનું મારી પાસે વચન માગ્યું; ને મારૂં વચન પાળવા મને હરહરતા સોગંદ નાખ્યા."

"પણ એ ગઇ કયાં?" વિસ્મય પામેલા તે વરે ફરીથી પૂછ્યું.

"મને તેનો શું ખ્યાલ હોય? એ તો કહેજે મેં કાગજ લખ્યુંછ, ને અદી સમજશે;" તેણીએ નિર્દોષતાનો દેખાવ કીધો. "હું તો એમજ સમજી કે તમો બન્ને વચ્ચેની કંઇ સમજુતી પ્રમાણે મીઠુ કેથે જતી હશે."

"કેટી, તું શું એમ કહેવા માગેછ, કે તુંને એવું સમજાવીને મારી મીઠુ કાંઇ બી ખુલાસો આપ્યા કે કારણ જણાંવ્યા વગર મારૂં ઘર, મારૂં બચ્ચું છોડી ગઇ?

"જે હકીકત બની તે મેં તમુંને કહી. મારી તરફના કાંઇ બી ટીકા ઉમેરવા હું માંગતી નથી."

"આફતભર્યો એ તો સિતમ થયો;" તે પુકારી ઉઠયો. "લોક નિંદા, છાપા છાપી; વળી મહેલના નોકર નફરો—તેઓ શું ધારતાં હશે?"

"નોકર નફરોને તો મેં એમજ સમજાવ્યુંછ, કે અગતના કામે મીઠુને જવું થયુંછ. હવે તમને એકલા આવેલા જોઇને, એઓ કદાચ ચકચાર કરે ખરા."

"અજબ જેવું! મીઠુ ગઇ; ને નહિ તું યા નહિ કોઇ જાણતું યા કહેતું કે કયાં ગઇ, ને કાંય ગઇ?"

"પેસીને કંઇ બી સંજોગમાં એકલા નહિ મુકવાના મીઠુએ મારી પાસ સોગંદ લેવાડયા, તે સિવાય બીજો કશો ખુલાસો એને મને આપ્યો નહિ. પણ કદાચ મીઠુએ લખેલો કાગળ તમારા ઓરડામાં હશે. તમે હવે આવશો એમ ધારીને એને તે પોસ્ટ નહિ બી કરાવ્યો હોય."

"સારી યાદ આપી;" તે કાંઇક આશાવંત બોલ્યો. "કાગળથી બધો ખુલાસો મળશે. પણ કેટી આય વાતનો સંસારો વટીક બહાર જવા

દેવો નહિ. આવ્યા વગર એ રહેવાની નથી; ને તેટલાં આપણને બનાવતી એકાદ ખુલાસો જાહેર કરવો ને જારી રાખવો જોઇશે. મેં બી મુર્ખ જેવાએ એનું કાગળ વાંચીને ખુલાસો મેળવવાનું મુકીને કયારનું તારી સાથ નકામું માથું ઝીકયું."

પેસી તથા કેટીને પાછળ છોડીને મહેલનો ધણી મહેલ તરફ ફર્યો. પણ પછીથી તે મીઠા ચહેરાની માહબુબ વગર જલદીજ એક કંગાળ ઝુપડીથી બી બદતર દરિદ્ર ને સુનો તેને તે થઇ પડયો.

પ્રકરણ ૨૫ મું.

મીઠુનો પત્તો મળતો નથી.

સર અદી મોદીને ગુંચવણ ને મુંઝવણ, શક ને ફિકરના વા વાગતા હતા.

એક ઉમદા ખાસિયતની ગુણસુંદરી તરીકે તેને મીઠુને સદા ઓળખી હતી; અને તેથી ચુપાચુપ તેણીના એમ ચાલી જવાથી તેને ઘણો ગુંચવાડો ઉપજયો. તેની તરફના તેણીના પ્યાર માટે તેને વસવસો થાયજ શાનો? એવો કશો ધખારો યા શક લઇ જવાને શુભાગ્યે અદીની પરણેતરે એક કારણ તેને આપ્યું હતું નહિ.

મહેલમાં પોતે એકલો જવા તે મનથી ઘણો ખંચાયો. મીઠુની ગેર-હાજરીથી થતું દુઃખ માણસ ચાકરો વગેર નજરે જોઇ લઇ તેને દિલ-સોજી યા અચરતીથી ટીકે, એ તેના કાંકેલ જીવને અસહ્ય જણાયું. પણ એ સઘળી નડતળો વિંતાવી, પોતાનું અને મીઠુનું નામ જાળવવાનો દૃઢ

ઇરાદો કરીને, તે મહેલનો ધણી મહેલના નોકર નફરોની રૂબરૂ થવા કાંઇક ધ્રુજરા પગે મહેલમાં પેઠો.

મુરતમાંજ આયા રોઝામીન તેની સામે થઇ.

"શેઠ, બાઇ તારી સાથે નહિ આવી?" તેણીએ જોતાંની સાથેજ પૂછ્યું; અને પોતાની પરણેતરને ખાતર કાંઇ પાત્યું ગોઠવવાની સર અદીને ફરજ પડી.

"બાઇથી હમણા અવાય તેમ નથી, રોઝામીન;" પોતાનો સાદ હમેશ જેવોજ રાખવાની ભારે કોશીશ વચ્ચે અદીએ અરાવ્યું. "બીજાં એ ત્રણ અઠવાઢિયાં બી કદાચ રોકાઇ રહેવું પડે."

એ જવાબ પછી આયા રોઝામીનને વધુ કાંઇ બી ખબર મળવાની આશા રહી નહિ; એટલે અજાયબીના ડોળા ચઢાવી, તેણી વિદાય થાય નહિ થાય, તેટલાં પેલાં નાલ્લીબાઇજ એક પગની સાડી પહેરી શેઠની સામે થયાં. નામે નાના એ નાલ્લીબાઇ આંગે ખાસ્સાં મોટાં હતાં, અને બધાં નોકરોમાં પોતે એકલાં પારસી હોવાથી, સર્વનું ઉપરીપણું પોતેજ અંગીકાર કરી લીધું હતું. વિવેકને ભંગે પણ શેઠ શેઠાણી સાથે જ્યાદા ઘેરીતાં બારીતાં થવાનો તેવણને અભખરો હતો; અને તેજ નાલ્લીબાઇને આવતાં જોઇને, એ કનવારખોરાં બાઇના સવાલોના જવાબ આપવા પડે તે પહેલાં સર અદીએ સુકાન પોતાનાજ હાથમાં રાખવાનું દરૂસ્ત ધાર્યું; અને જે શરૂઆતના થોડાક શબ્દો તે બોલ્યો તે એ ભલા શેઠના પોતાની પત્નીના ગુમ થવાથી જખમી થયલાં જીગરમાંથી નિકળતા હતા, એમ નભરવસ નાલ્લીબાઇના રૂવાંને પણ ખબર થઇ નહિ.

"મીઠીબાઇ બીજાં એ ત્રણ અઠવાડિયાં સુધી આવી શકશે નહિ,

નાલ્લીબાઇ;" અદીએજ શરૂ કીધું, "ને તેટલાં કેટીબાઇજ કારભારનો જુમ્મો પોતાને શિર રાખશે."

આ સમજતાંજ નાલ્લીબાઇએ તો મેલા સદરાએ પોતાનું ગળતું નાક લુછયું. તેવણને શેઠના હુકમથી જે ખોટું લાગું તે બતાવ્યા વગર રાંધણીના પોતાના આસન ઉપર પાછું ફરતાં તો મહેતાજીએ શિખવ્યું હતુંજ નહિ.

"ખાસડું મારો તો આ મારૂં સર હાજર છે, બાવા," તેવણે કહ્યું, "પણ કેટીબાઇનો કારોબાર અહીં ચાલવાનો હોય તો એક ઘડી હું થોભવાની નથી."

પણ પોતાનાજ દુ:ખમાં પડેલા અદીએ તેણીના શબ્દો ભાગ્યેજ સમજ્યા હતા. પોતાના દુ:ખ સિવાય બીજું કાંઇ સમજવા જેવી આજે તેની સ્થિતિજ કયાં હતી? તે વખતમાં જો કોઇ રાજનોએ રાજપાટ ખોહયાં હતે, યા ધરતીકંપમાં શહેરો ગરક ગયાં હતે, તોપણ બિન ચેતવણીએ જે આફત તેને ડોળા ધુરકતી હતી તેની આગળ એ બનાવો દમ વગરનાજ તે ગણતે.

એટલે પોતે શુંબી પૂછતો હતો તેનું કાંઇબી ધક રાખ્યા વગર અદીએ પૂછયું, "શું કહ્યું નાલ્લીબાઇ? કેટીબાઇનો કારોબાર હોય તો તમો નહિ રહો? કાંય વારૂં?"

નાલ્લી બાઇએ શેઠના એ સવાલથી પોતાનું મોટું આંગ શરમમાં વાંકું ચુકું કરી નાંખ્યું. "બાવા, તમારી ને મીઠીબાઇની મહેરબાની છે

સ્ત્રી ઉપયોગી પુસ્તકોનું લીસ્ટ.

		રૂ.	આ.
અમર ચારિત્ર ભાગ ૧ થી ૪...		૧૬	૦
સરસ્વતિચંદ્ર ભાગ ૧ થી ૪...		૧૨	૧૨
સતિધર્મ પતિસેવા ભા. ૧—૨.		૫	૮
પતિવૃતા સતિઓ (સચિત્ર)		૩	૮
ઝાંસીની રાણી ...	...	૩	૦
ગુજરાતની જુની વાર્તા	...	૩	૦
પૃથુરાજ ચૌહાણ અને ચંદબરદાઈ.		૩	૦
સતી મંડળ ભાગ ૧—૨	...	૭	૦
ત્રીરત્ન ગીતા ...	...	૧	૮
સ્ત્રી હીત શિક્ષક ...	...	૪	૦

ને આપુને ઘરના મનીખ જેવાં ગણો તે આપણાથી પડી રહેવાય; બાકી એ પોરી તો હુબી આયા બોયની પંક્તિની હોવું તેમ ગણકારે નહિ, એટલે પછી દરવંદ મનીખમાં મારૂં પટ શું રહે?"

"ત્યારે તો બાઇ આવે તેટલાં તમે તમારૂંજ હાણી લેજો; પછી બસની?" અદીએ ટુંકું કરતાં કહ્યું. પણ કેટી તરફના નાલ્લીબાઇના અણગમાએ, કેટી તરફની મીઠુની તેમજ નાના પેસીની કમપ્રીતિ ને અણગમાની અદીને યાદ કરાવી.

છતાં આજે અદીનું મગજ બીજી ત્રીજી ઉપર વિચાર કરવાને પરવારતું હતું નહિ. તેને એક ગુપ્ત ભેદ ઉકલાવવામાં પોતાનું મન પરોવવાનું હતું—મીઠુ તેનું ઘર ને બાળક કાં છોડી ગઇ હતી તે તેને શોધવાનું હતું. તે પોતાના ઓરડામાં ગયો, જ્યાં તે મીઠુ તરફથી કાંઇ કાગળ મેળવવાની વક્કી રાખતો હતો. તે પ્રિય હાથે લખાયલો રૂક્કો તેને પોતાની ડૅસ્ક ઉપર એક પેપર વેટ નીચે દબાયલો મળ્યો.

"હવે કાંઇ ખુલાસો ને સબ્બારો મળશે," ઇંતેજારીથી એનવેલપ ખોલતાં અદી બોલ્યો; "ને ચાહવું છે ખુદાનું તો મારી ફિકરો બધી ખોટી ઠરશે."

પછી તેણે તે કાગળ વાંચ્યો. અજાયબી ને નિરાશાથી તેનો ચહેરો જર્દ મારી ગયો. તેણી શું કહેવા માંગતી હતી? ઘરબાર તજી જવાનું કારણ જણાવ્યા વગર, જાણે તે કારણથી વાકેફ હોય તેમ તેણી લખી ગઇ હતી. તેના ગુનાહની તેણી તોજેશ કરે? તેનો ગુનાહ શું? આ કાગળ ભેદ ખુલનારો નહિ પણ વધુ ગુંચવાડો ઉભો કરનારોજ નિવડયો. પોતે તેણીની લાગણી દુ:ખવવાને તો કોઇજ કારણ આપેલું તે યાદ કરી શકયો નહિ. ત્યારે તેણીને કારણ શું મળ્યું હોય?

હવે તે શું કરે? કાગજ ઉપર બાંધેલી આશા ફોકટ ગઇલી જોઇ, તે નિરૂપાય ને નાચાર થઇ ગયો. મીઠુને શોધે? પોલીસમાં ખબર આપવાનો યા ન્યુસમાં જાહેર ખબર છપાવવાનો ખ્યાલ થયો ખરો; પણ તે તો તેને ખભાં હલાવી ખંખેરી નાખ્યો. એ વાત બનેજ કેમ? જો તે જાતે પોતાના અથાગ પ્યારની તીવ્ર લાગણી સાથ તેણીનો પત્તો મેળવી શકે નહિ, તો પછી પરાયાંઓ પાસ એથી બળવાન બીજું સાધન મીઠુની ભાળ મેળવવાનું શું હોય?

તે રાત્રે કેટીને ફરી તરેહવાર સવાલો પૂછી અદીએ બેજાર કીધી; પણ કેટી કાંઇજ જાસતી કહી શકી નહિ. સામું તેણીના બોલોથી તો મીઠુની નાસભાગને વધતું સિહા રૂપ મળતું. તેણી જે કાંઇ ઇલાજ કે ઉપાય સુચવતી તે મીઠુના નામને જાહેરમાં એટલી તો હીણપસતીમાં મુકનારો જણાતો, કે પછીથી અદી તો ખરાં મને ઇચ્છવા લાગ્યો, કે સુચના આપવા કેટી મોં ઉઘાડે તેના કરતાં મુંગીજ રહે. પણ કેટી બોલે યા ન બોલે, મીઠુની નાસભાગનો ભેદ તો કોઇજ રીતે ઓછો થયો નહિ.

બીજા ત્રણ દિવસો મીઠુની કશીબી ભાળ મળ્યા વગરના પસાર થઇ ગયા, કે જે દરમિયાન અદીની બેતાબી હદ વિનાની વધી ગઇ. એકલા હાથે તેને મીઠુના ઓરડાઓની કબાટ ને ખાના ખોલી માર્યાં—તેમાં પડેલાં કાગજો કે કાપલીઓમાંની એકબી તેણીનો પત્તો મેળવવાની હુંફમાં વાંચ્યા વગર તેને રહેવા દીધી નહિ. પણ મીઠુ જેમ તે વહાલાંઓની હસતીમાંથી હઠી ગઇ હતી, તેમ પોતે ચાલી જવાનો ભેદબી કાળજીથી નષ્ટ કરી ગઇ હોય એવો સઘળો મામલો જણાયો.

"કેટી," એક સવારે અદી કરાજીથી બોલ્યો, "બિનઆશ, એના આવવાની આશા રાખતો, હાથ જોડી, હું કયાંવેર બેસી રહું?

ક્યાંવેર આ સંતાપ સુબુરીથી ખમું? બહેતર કે એવી મારી જિંદગીનો આંકો આવે, કે એની જુદાઇના ટવળાટથી છુટું."

અદીના એ ઉકાળા કેટી માટે નવો અનુભવ હતો. મીઠુની ન છાજતી ચાલ થકી તેણી સામે ખીજવાટના બખાળા કાઢે એ તેની મરદાની મગરૂરીના ટેકને ઘટતું ને પ્રસંગોપાત ગણાય. પણ હયાં તો સર મોદી મરવાની વાત કરતો હતો! અદીનું મોત? એ ભયાનક ભયની પોતાના પલાનો રચતી વખતે કેટીએ ગણતરી કરી હતી નહિ. દિવસો જતાં પોતાની સરજતને આધીન થઇને, મીઠુનો ખ્યાલ તે વિસરવા માંડશે એ કેટીની વક્કી હતી. વળી અભાગી મીઠુ આવા સંજોગોમાં લાંબો વખત જીવે એબી અસંભવિત હતું. અને ત્યારે, મીઠુના મોત પછી, ધીરે સાસ્તે અદીનો પ્યાર મેળવવા, અને તેની પરણેતર બની "દરિયા મહાલ" માં હુકુમત ચલાવવાની પોતાની આગળી મુરાદ નવે રસ્તે ફળીભૂત કરવાની કેટીએ બાજી રચી રાખી હતી. પણ હવારો અદીજ મીઠુ મરે તે અગાઉ સ્વર્ગધામ પહોંચ્યો તો? કેટી કામદીન ખરે મને ગભરાઇ.

"તમે કેથેબી સિધારો," ગભરાટની મારી તેણીએ સુચવ્યું. "મહેલમાંતો જ્યાર ત્યાર તમને મીઠુની યાદ થયાજ કરેછ."

"પણ હું એની યાદ ભુલવા માંગતો નથી—હું એને શોધવા માંગુંછ, આ ભેદને પામવા માંગુંછ."

"તે બધુંબી મહેલમાં બેસી રહેવાથી તો બનવાનુંજ નથી;" કેટીએ જરા મિજાજ ખોહયો. "મુંબઇ જાવો, ત્યાં શોધો. પુને જાવો, કેથેબી જાવો, જ્યાં એ ગઇ ને રહી હોય એવો તમુને સંભવ જણાતો હોય!"

"મારી ગરીબ મીઠુ! એ બિચારીનું તો કોઇ સઢીમીતી કે સગું સ્નેહીબી નથી જ્યાં જાય કે રહે. આ ઘર સિવાય એનો કેથે આશરો નથી, ને ખુદા જાણે એ કયાંબી હાડમારીમાં પડી હશે."

આ વાત પછી થોડા દિવસમાં સર મોદી જુદે જુદે મથકે મીઠુની શોધ જાતે કરવા જવા ઉપડયો. પોતે ખાનગી ડીટેકટીવો બી રોકયા; ભેદી જાહેર ખબર પણ આપી જોઇ; જોકે ઘરમાં એ બધાં વિશેનો એક શબ્દ બી કોઇને કહેવામાં આવ્યો હતો નહિ. પણ શેઠ બાઇને મળવા જતા હતા એવી ખબર મહેલમાં અનાયાસે ચાલી રહી.

કેટીનો કિન્નો કોઇજ રીતે ખાલી જતો ન હતો. એકને તેણીએ સંતાપ ને હાડમારીમાં ન મોતના મોતે મરવા મોકલી આપી હતી—બીજો તેણીની ધારણાથી પણ જ્યાદા દુઃખની તાસવીસમાં ટણાતો ટવળતો હતો.

અદી જતી વખત મીઠુની કોઇબી ખબર મહેલમાં પહોંચે તો પોતાને જુદે જુદે વખતે જુદે જુદે ઠેકાણે તાર આપવાની સુચના કેટીને આપી ગયો હતો. ભોળો તે? મીઠુના મોત સિવાયની બીજી કોઇબી ખબર મેળવવાની કામદીનની કેટીને થોડીજ પરવા હતી. અગર તેવી કોઇ ખબર મળે તોએ કેટી અદીને તે પહોંચાડે ખરી કે?

પ્રકરણ ૨૬ મું.

એ અતરાપી ઓરત કોણ છે?

બે મહીના ઉપરની નિરાશજનક રખડ પછી, તને કાહેલી ને મને દુઃખિયારો સર મોદી પોતાના ધનાધર મહેલમાં પાછો ફર્યો. તે મુંબઇથી પુના, બેંગલોર, ઉતી, માહબળેશ્વર વિગેરે હરેક જગ્યાઓ પર જઇ આવ્યો હતો, જ્યાં એકાદ હોટલમાં મીઠુને ઉતરેલી સમજવાની ઉલટ દરેક નવાં શહેરમાં તેને બરપા થતી. પણ કહેંથી તે પોતાની ગુમાવેલી પરણેતરનો પત્તો પામ્યો નહિ.

વાંદરા ખાતેના પોતાના મહેલમાં તે પાછો ફર્યો, ત્યારે તેને એટલો ઉદાસ ને કુબળો જોઇને કેટી ખરે મને બેચેન બની. તેને પેસી માટે પણ પરપૂછ કરવાની પરવા કીધી નહિ; ન તો નોકર નફરોને સરેસ્તાની વિવેકથી બે બોલ કહેવા તે થોભ્યો. તેને જિંદગીજ અકારી કીધી હતી. અને બધેથી હારેલા એક કમનશીબ ઇનસાન જેવો તેનો અવતાર જણાયો.

"પત્તો લાગતોજ નહિ, કેટી;" તેને તેણી આગળ દિલની નામુરાદી કહી. "જ્યાં જ્યાં બી કોઇ એકલી ઓરત હોટલમાં રહેતી હોવાની ખબર મળતી ત્યાં ત્યાં દોડી પુગ્યો; પણ હયાંથી નિકળ્યો તે કરતાં વધારેજ નામુરાદ પામેલો પાછો ફર્યોછ. ન્યુસપેપરોમાં શહેરે શહેર આપેલી મોઘમ જાહેરખબરનો બી એક જવાબ નથી—ક ડીટેકટીવો વટીક કાંઇ પરિણામ લાવી શકયા નથી."

અને તેના આવા હાલ જોઇ, દયાથી નહિ પણ ધાસ્તીથી કેટીને ઠંડીના લખલખાં ચઢી આવ્યાં. રખે તેણીની ફત્તેહ, યાને લેડી મોદી બનવાની મુરાદ તેના અણધાર્યાં મરણથી ખોરંબે પડે?

અદીના પાછા ફરવા સાથ તબિયતના બિગાડને કારણે ડાકટરોની સલાહથી લેડી મોદી લાંબો વખત ઉતી ખાતે રહેવાની વાત એક અવાજે બોલાવા લાગી. અને સર મોદીએ એ વાતને ખરી તરીકે પોતાની ચુપકીદીથી આગળ વધવા દીધી. જિજ્ઞાસુ જીવો અને કનવારખોર ડોકટોના કંટાળામાંથી બચી જઇ એટલાથી તેને કાંઇ દમ ખાવાનો વખત મળે એમ હતું. તે જાણતો હતો કે એ ખોટી વાતના ઓઠાં હેઠળ મીઠુની ગેરહાજરીને વધુવાર છુપાવવાનું અશકય થઇ પડશે. પણ જ્યાં સુધી તે વહાલું નામ લોક જીભલીથી બચાવી શકાય, ત્યાં વેર તો બહારગામની વાતને ખરાપણાંનું જોશ આપવાનો તેને મનથી મનસુબો કીધો.

વ્યાકુળ મન સિવાય બીજા કશા સ્વભાવમાં સર મોદી કવચીતજ હવે જણાતો. પણ આજની રાતે તો તેના મનની સ્થિતિ હદ વિનાની અશાંત હતી.

અગિયાર વાગી ગયા હતા. જુન મહીનો પુરો થઇ જુલાઇ માસના સખત ચોમાસાં સાથની સરદ હવા બહારથી, બંધ બારીઓમાંથી, ધીમી કીકિઆરી મારતી સમજતાં અદીને તે મીઠુના દુઃખની ચીચિયારીઓ હોય તેમ લાગતું.

આયંદા ઓરડામાં એકલું રહેવાનું છેક અસહય થઇ પડયું; એટલે તે પોતાના નાના ભુલકાંને શોધતો તેના ઓરડામાં ગયો. પેસી ભર ઉંઘમાં પોઢેલો હતો. તેના ઓરડાની એક બારી અડધી ઉઘાડી હતી, તે જોઇ અદી બંધ કરવા તે તરફ ગયો.

તેને બારી પરના બ્લુ સીલ્ક અને લેસના પડદા ખસેડીને ગગન તરફ નજર કીધી—તે વાંદળાઓથી ઘેરાયલું ને કાળું ઠનક થઇ ગયું હતું. આવી તોફાની ને કાળી કીલ રાત્રે વહાલી મીઠુ ઘરબાર વગર કયાં ભટ-

કતી હશે, તેનો આશરો છોડી ગયલી તે કોણને આશરે હશે, એ વિચારો તેને મુંજવી રહયા હતા. તેના ગુનાહની માફી ચાહવા, તેણી ઇશ્વરને ચરણે પોતાની જિંદગી ગુજારવાનું લખી ગઇ હતી. શું ગુનાહની તે મીઠી માશુક તેણે તકસીરવાર ધારતી હશે? એ વિચાર પર તે ભરથારે પોતાનું મગજ અનેકવાર ઘસી કાઢયું હતું, પણ કશાજ મનપતિજ જવાબથી તે પોતે પોતાને સંતોષી શકયો નહિ. અંતે કંટાળી, બારી સંભાળથી બંધ કરી, પોઢેલા પેસીના કપાળ ઉપર કીસ કરી, આંખમાં આંસુ સાથ અદી તે ઓરડો છોડી જતો હતો, ત્યારે તેજ વખતે એક પાતળો આકાર ઘરના ઓઠામાંથી થઇને કનઝરવેટરીમાં છુપાયો. બારીએ ઉભેલા અદીના અંદર જવાનીજ રાહ જોતો હોય, તેમ ઘણા વખતનો તે બાગના એક મોટા ઝાડ પાછળ છુપાઇ રહયો હતો.

મહેલના દરેક ઓરડામાં જવા આવવાના રસતા જાણતો હોય તેમ, તે સીધો સડસડાટ જતો હતો. કોઇ હિમ્મતવાન ચોર, યા જીવ ઉપર આવેલો લુટારૂ હોય તેવાં શૂરાતનપણું ને સાવચેતી તેનામાં જોવાતાં હતાં.

ખાવાના ઓરડાનું બારણું કનઝરવેટરીમાં ઉઘડતું હતું; અને તે ઘણુંખરૂં ઉઘાડુંજ રહેતું હોવાથી પેલો આકાર ખાવાના ઓરડામાં કોઇનું પણ ધ્યાન ખેંચ્યા વગર દાખલ થયો. મહેલના બીજા ઓરડાઓ ને તે રૂમની વચમાંની પહોળી પૅસેજમાં એક 'હાઉન્ડ' ચોકી ભરતો બેઠો હતો. પેલા આકારને જોતાંજ તે જંગી પ્રાણી પોતાના પગો ઉપર ઉભું થયું; અને પેલો આકાર તેની આગળ ઘુંટણે બેસી ગયો.

"તું મને ઓળખેછ, કીંગ," પેલા આકારે કહ્યું, "તેથી આ ઘરમાં એક ચોરની કાની દાખલ થવાનું કારણ તું જો ચેતી શકયો હોય, તો એક અવાજથી પણ મારી હાજરીની ચેતવણી આપતો ના."

એટલું કહી, તે આકાર વધ્યો; અને તેના ખુલાસાથી જાણે સંતોષ પામ્યો હોય તેમ, કીંગ પોતાની જગા ઉપર પાછો ચોકી કરતો ચુપ બેઠો.

પેસેજના નાકાપરના એક ગોળ દાદર પરથી તે આકાર મીઠુના ઓરડામાં દાખલ થયો.

તે ઓરડામાં તમામ અંધકાર હતો. અને એવાં અંધારાંમાંજ તતોસ્તો પેલો આકાર મીઠુના વપડાસની અસલી પોખાલ કબાટ તરફ હવે ગયો. ગજવાંમાંની એક કુંચી લગાડી તેને તે કબાટ ખોલી. પછી તે કબાટનું નીચલું ભારી ફાલકું ખસેડતાં કેટલોક વખત નિકળી ગયો. તે પછી તેના ચોરખાનામાંથી કાંઇ ચીજ તે આકારે બહાર ખેંચી કાઢી, ને તેને પોતાની છાતી આગળ છુપાવી દીધી.

"શુક્ર ખુદા, શુક્ર તારા!" પરવરની શુક્ર ગુજારીમાં હાથો ઉંચા કરીને પેલો આકાર બોલતો સમજાયો.

તે આકાર એ કામ પુરૂં કરે તે આગમજ તેણીના ઉંચે ધરેલા હાથો કોઇએ પછવાડેથી પકડી લીધા, અને એક અવાજ ગંભીર તેટલો કરડો પૂછતો સમજાયો.

"તું કોણ છે?" તેને પૂછયું. ને પછી તે આકારને બરાબર જોઇ તે અચરત થયો. "એક અતરાપી ઓરત, ને આ ઓરડામાં? કહે તું કોણ છે, ને હયાં શું કરતીતી?"

તે આકાર ચુપ ઉભો. અંધકારમાં પણ તેને પેલા અવાજને ઓળખ્યો હતો; જ્યારે તે તો તેણીને એક અતરાપી ઓરતજ ધારતો હતો.

"વિયોગ ને વખત પોતાની અસર એક પુરૂષની યાદદાસ્ત પર એટલી ઝડપથી પાડી શકેછ," અતરાપી તે ઓરતે મનથી વમાસ્યું, "કે હું પોતે એટલી બધી બદલાઇ ગઇછ?"

"તું કોણ છે?" ફરી તેજ સવાલ; અને આ વખત તે ઓરતે પોતાનું નમી ગયલું સર તેની સામું ધર્યું; અને વિસમયતા ને ચુપકીદી વચ્ચે એક પળ તે બન્ને એકમેકને જોઇ રહ્યાં.

કહે, વાંચનાર, આ અતરાપી ઓરત કોણ હતી?

પ્રકરણ ૨૭ સું.

"મારી વિરૂદ્ધ તારૂં મન કોણે ભંભેર્યુ?"

સ્થિર અને ચૂપ એક બીજાંને જોતાં તેઓ એક પળ ઉભાં.

"બોલ બાઇ," અદીએ માંદગીથી તવાઇ ગયલા તે કરને જોરથી હલાવતાં પુછ્યું, "કે કોઇ બીજા નહિ ને આ ઓરડામાં તું કાંય આવીછ?" અને જ્યારે તેને એમ સવાલ પુછ્યો ત્યારે બી ઓળખની ગવાહી તેની આંખ્યોમાં જણાઇ નહિ.

અદીના અવાજમાં અપમાન ને દુ:ખનો કડવાસ હતો, જે નીચી મૂઢીએ કાનો ઉંચા રાખી તેણી સમજતી હતી. તે ઓરડો તેને કેટલો વહાલો હતો, તે તેના અવાજ અને શબ્દોથી ખુલ્લું જણાતું હતું. તેને મન તે ઓરડો તેણીની પવિત્ર યાદની પરેસતારી કરવાનું એક મંદિર હતું.

"મને જવા દેવ, હું તમારાં ખુરાંમાં નથી;" નહિ સમજાય તેવા ધીમા અવાજે તે અબળાએ કહ્યું.

"નહિ;" અદીએ ઠરાવથી જવાબ વાળ્યો. "તું કોણ છે, ને હયાં શું કામ આવીછ તેની પાકી ખાતરી મેળવ્યા વગર હયાંથી તુંને જવા દેવામાં આવશે નહિ."

પછી વળતા કોઇ બી જવાબ માટે થોભ્યા વગર, તે ઓરડામાંથી બહાર પડયો, જે વખતે પોતા પાછળ બારણું બંધ કરવાની અદીએ સંભાળ લીધી.

તે કયાં જતો હતો?

માત્ર એક બત્તી લાવવા. જ્યારે તે પાછો ફર્યો ત્યારે જવલેજ પાંચ મિનિટ પસાર થઇ હોય—પણ તે પાંચ પળમાં સેંકડો ફિકરમંદ તુરંગો ને વસવસાથી ઓરડામાં કેદ પડેલી તે અબળા બાવરી બની ગઇ. બત્તી લઇ અંદર આવતાં સાથ અદીએ સમાલથી ઓરડાનું બારણું પાછું અંદરથી બંધ કર્યું; ને રખે બુજાઇ જાય કરી કૉરનરમાંની એક ડ્રેસીંગ ટેબલ ઉપર તે બત્તી મુકી.

પછી લાઇટને પીઠ આપી ઉભેલા તે આકારને તેને બત્તી ગમ ફેરવ્યો. લેવાયલા તે ચહેરા ઉપર લૅમ્પની લાઇટ હવે સીધી પડતી હતી—ફીકકો સોરાયલો તે ચહેરો જીવતી મીઠુ કરતાં મીઠુના ભૂત જેવો વધુ લાગતો હતો.

"કોણ મીઠુ—મારી મીઠુ—ઓ ખોદા, મીઠુ આ શું?"

તેણીએ બી હવે પોતાના ધણી ગમ જોયું, જેને આ જગતમાં ફરી જોવાની ઇચ્છા કે આશા તેણીએ રાખી હતી નહિ.

"મને હાથ ના લગાડો," તે કમકમીને બોલી. "આપણા વચ્ચેનો પાપનો દાઘ ભુલતા ના."

ઓચીંતી તેટલીજ વિચિત્ર રીતની તેણીની હાજરીથી અદી એટલો તો વિસ્મય પામ્યો હતો કે તેણીના શબ્દોપર ધ્યાન લગાડવાને પણ તે હજી પુરો સાવધાન હતો નહિ.

"મીઠુ, એ બધાંની કાંઇ મતલબ સમજ પડે?" હજીબી હરણફાળ થતાં અદીએ પુછ્યું. "તારાં પોતાનાં ઘરમાં અંધારી રાતે ચોરની કાની ભરાતાં આવવાનું કાંઇ કારણ?"

એક રાણીને છાજતા દમામથી તેણીએ તેને ચૂપ કરવાને અધીરાઇના હાથો હલાવ્યા.

"સાંભલો—", કોઇ ન સમજે વાસ્તે ઘણાજ ડબાયલા અવાજે બોલતાં મીઠુએ ખુલાસો કીધો. "આ ઘર મારૂં નથી. હવે કદી તે મારૂં થશે નહિ. તમારાં પાપે મહેલનો આ ઉંબર વટીક ઓળંગવાને હું બાતલ થઇછ."

અર્થ વગરના એજ મતલબના શબ્દો તેને પેલાં કાગળમાં પણ વાંચ્યા હતા—લગભગ મોંઢે કીધા હતા. ને આજે પાછા તેજ બોલો તે સમજતો હતો. પણ તેનો મીનીંગ તો તેણી કોઇ પરદેશી ભાષા બોલતી હોય તેવોજ ગુપ્ત આજે પણ તેને લાગ્યો. પછી એકાએક તેની નજર પેલી ઉઘાડી કબાટ તરફ પડી.

"વારૂં, પણ એટલું તો સમજાવ કે કબાટમાં એવું તે શું હતું કે જે લેવા તુંને રાતની વખતે ચોરની કાની અહીં આવવું પડયું?" અને

આ સવાલ પુછતાં અદીના અવાજમાં આજીજી નહિ પણ ગુસ્સો સ્પષ્ટ સમજાતો હતો.

મીઠુએ પોતાની છાતી આગલ છુપાવેલાં પેલાં સ્કાર્ફ ને પીન તેની સામે ધર્યાં.

"જ્યાં સુધી આ ચીજોની હસતી હયાં હતી, ત્યાંવેર મારા જીવને જપ પડી નહિ; એ નેશ ચીજો નષ્ટ કરવા ને જળાવી કાઢવા લઇ જવા મને આવવું પડયું. બસ હવે મને જવા દે—ફરીથી આ ઘરમાં હું પગ મુકીશ નહિ."

"મારા ખુદા!" અને મીઠુએ કમકમાટથી અદીને પોતાથી દુર ખસતો જોયો. "એ ચીજો તારી પાસ કયાંથી આવી? તારી—તારી કબાટમાં તે કોણે મુકી?"

"મેં મુકી!" મીઠુએ હિમ્મતથી કહ્યું. અને ફરીથી તે બન્ને એક બીજાને ટીકી રહયાં.

"તું શું બોલેછ તેનો તુંને ખ્યાલ છે, મીઠુ?" અદીએ અકળાઇને પુછયું. "તારા ધણીના ખુનના પુરાવા, જેની ઉપર ખુનીનો પત્તો મળવાનો આધાર, તે પુરાવા તારી કબાટમાં છુપાવ્યા?—તારા કબજામાં એ ચીજો આવી કયાંથી?"

"ઢોંગ છોડો અદી. એ ચીજો મારા કબજામાં કયાંથી આવી તે તમે સારી રીતે જાણોછ."

"મારા ખોદા, મારા ખોદા, મને તો આજે પહેલીજ વાર આ ભયાનક ખ્યાલનો ભાસ થાયછ;" ખરાં જીગરથી કમકમતાં અદીએ કહ્યું. "શું—શું એ બનવાજોગ છે કે તે કમકમાટભર્યાં ખુનમાં તા-ત-તારો હાથ હતો ?"

મીઠુએ કડવાસથી મોંહ કુમલાવ્યું.

"એ ખુન તમારે સિર છે—મારે નહિ!"

"મ-મ-મારે સિર?" તે વધુ કમકમી ઉઠયો. "તારી તરફના મારા દિવાના પ્યાર છતાં ખુદાનો ઉપકાર કે રૂસીના મોત માટે હું બેગુનાહ છું."

"બસ—ખામોશ! તારીજ પિસ્તોલે, તારાજ હાથે ખુન કરવા છતાં આ ઢોંગની જરૂર શું છે?" બેગુનાહ હોવાના અદીના શબ્દો સમજી તપી ઉઠતાં મીઠુએ કહ્યું. "તારી ડૅસ્કમાં નોંધબુક શોધતાં, આ પુરાવાબી મને તેમાંથી મલ્યાંછ."

"શું?" દાંત કચકચાવી અદીએ ગુસ્સો દાબી દેતાં કહ્યું. "તારા સિવાય બીજો કોઇ મને ગુનેહગાર કહે તો હું જમની કાની તેની પૂથે પડું; પણ તુંને—તુંને હું શું કરૂં?" તેને તકસીરવાર ગણતી મીઠુના શબ્દો ને તેણીએ આપેલી વિગતથી હદબહાર ગુંચવાતાં અદી બોલ્યો. "તું કહેછ કે આ નેસ ચીજો મારી ડૅસ્કમાંથી મળી; તે બનેજ કેમ? મેં ત્યાં તે કદીબી જોઇ નથી, તો ત્યાં તે આવી કેમ?" મેં કદીબી એ ચીજો જોઇ વટીક નથી—જોકે અદીના ખુનની તપાસ અર્થે ડીટકટીવોની બારીક જાસતેજોમાં એ સ્કાર્ફ ને પીન એટલાં તો

ચરચાયાં હતાં, કે આજે પહેલીજ વાર તે જોતાં સાથબી મેં એ તેજ સ્કાર્ફ ને પીન હતાં એમ તુરત ધારી લીધું."

"બસ, સતા ના થાવો! એ ચીજો ઉપરાંત બીજા તમારી વિરૂધ જતા પુરાવાઓ પણ મારી જાણમાં આવ્યાછ."

"કહે—કહે—જે સઘળું તારા પેટમાં હોય તે કહે!" અદીએ નિસાસો નાંખ્યો. "મને ખુની માની લેવામાં મારી પરણેતર કેટલી વાજબી હતી તેજ હુંબી જાણુવા માંગુંછ."

"કોઇનેબી જાણ કરાવ્યા વગર તમે મુંબઇ આવ્યા; ને જે દિને ખુન થયું તે દિને તમે ખુદ વાંદરે હતા, એ વાત ખરી કે ખોટી?"

"ખરી; પણ ફેર એટલોજ કે ખુન થયું તે સવારે હું વાંદરે હતો, જ્યારે તેજ બપોરના તો હું વાંદરેથી ઉપડીબી ગયો હતો;" અદીએ આકળા પડી જવાબ વાળ્યો.

"તમે મુંબઇ કાંય આવ્યાતા?" તેણીની શંકા જેવી ને તેવીજ હતી.

"તને મારી નોંધબુક મળી ની? ત્યાં મેં એ મુલાકાતનું કારણ લખ્યુંછ તે વાંચ્યું કેની?"

"નહિ; ડૅસ્કમાં તમારી નોંધબુક ઘણી શોધી, છતાં તે કાંઇ હાથ લાગી નહિ. પણ તેને બદલે આ ચીજો મળી."

"ઓ ખોદા, આ શું ગજબ?" અદીથી બોલી દેવાયું. "આ અવર ચીજો હું પાછું કહુંછ કે મારી ડૅસ્કમાં મેં મુકી નથી; ને અજબ જેવું છે કે મારા હાથે ખાનામાં મુકેલી મારી નોંધબુક તુંને નહિ મળી, ને આ ચીજો મળી!"

"મેં મારા હાથે ડૅસ્ક ઉઘાડી, ને તેમાંથી આ ચીજો કાઢી; હવે અજાયબી કયાં રહી?" મીઠુએ પોતાની પોઇન્ટ પકડી રાખી.

"મીઠુ, માન મીઠુ, કે અદીના ખુનનો હું તારા જેટલોજ બેગુનાહ છું;" અદીએ સોગંદ ખાતી ઢબે કહ્યું.

"ત્યારે પણ આ ચીજો તમારી ડૅસ્કમાં આવી કેમ?" મીઠુએ હવે જરા નરમીથી પુછયું. દયા તેણીના દિલમાં ઉશ્કેરાવા લાગી હતી.

"કોઇએ ખાસ મકસદ સર આ બધું કીધું હોય એ બનવાજોગ છે. આપણે બન્ને એક બીજાને ગુનેહગાર ધારે એવો પ્લૉટ કોઇએ આબાદ રચેલો લાગેછ. બાકી ખુન મેં કીધું નથી—ખુનને દિવસે બપોર પછી હું હયાં હતો નહિ. સમજ, મારી મીઠુ, પ્યારી મીઠુ, કે તારા ચહેરાના દુરથી દરશન કરવાજ હું કમબખ્ત છેક માઇસોર વેરથી ઘસડાઇ આવ્યો હતો, કારણ તુંને એકવાર ફરીથી જોયા વગર પરદેશ વેઠવાનું મને અશકય થઇ પડયું. મને લાગ્યું કે મારી નજરેનજર તુંને રૂસી સાથ સુખથી ગોઠવાયલી એકવાર જોયા પછી મારી એકલવાઇ જિંદગીનો બોજ કાંઇ કમી થશે; ને જિંદગીની ફરજોમાં કાંઇ ઉમંગ ધરાવવાનું મને જોમ મળશે. મેં તમો બેઉને એકમેકના પ્યારમાં સુખી જોયાં, અને તે જોઇ ફરીને મેં દેશવતો પસંદ કીધો. ને ઓ ખોદા, તે બધું છતાં તેં—ઓ તેં મને ખુની માન્યો!"

"હા, મેં માન્યું;" મીઠુએ કબુલ્યું. "પૂખ્ત વિચાર ને ગંભીર ધ્યાન પુગાડયા પછી મને લાગ્યું કે તમને ગુનેહગાર નહિ માનવા એ ઇન્સાફની આંખ ઉપર પ્યારના પાટા બાંધવા જેવુંજ હતું. પૂરાવા તમારી વિરૂદ્ધ જાએછ એ શું તમે જોઇ શકતા નથી, અદી?"

"હા; થોડે દરજ્જે પુરાવા પરથી મને ખુની ધારવામાં તું વાજબી

હતી ખરી;" તેણે ધચુપચુ અવાજે કહ્યું. "તારા હાથમાં આ નેસ ચીજો જોઇ મેં બી તુંનેજ એક પળ એ કરપીણુ કામની કરનાર માની લીધી કની? પણુ કહે મીઠુ, મારી વિરૂદ્ધ તારા કાન પહેલે ભંભેરનાર કોણુ હતું? એ કાતિલ ઝેરથી તારૂં મન મારી તરફથી કોણે ને કેમ ઉતાર્યું? આપણુંને **મોહબતે મોહતાજ** રાખવાની આ પેરવી કોણે રચી?"

મીઠુએ કશો જવાબ દીધો નહિ; તેણી કાંઇ ગંભીર વમાસણમાં ઉભી.

"ના મુંજા, મીઠુ; મારા સવાલનો હુંજ જવાબ આપીશ. તુંને એ બધું કહેનાર આપણી કેટીજ હતી, ની?"

"હા," મીઠુથી બોલી દેવાયું. "પણ તમે તે કેમ જાણ્યું અદી?"

"મેં ધાર્યું તુંજ!" અદીએ ગંભીર અવાજે કહ્યું. "હવે આ વાત આપણે આગળ લંબાવ્યે તે પહેલાં, કે તુંને મને તકસીરવાર ધારવા માટે ઠપકો આપું તે અગાઉ, મીઠુ, આપણા સંસારને **મોહબતે મોહતાજ** રાખવાનો એ પોરીનો ફાંકો હું હયાંજ તોડીશ. હું કેટીને હયાં લાઉંછ, ને તારાં મોઢાં ઉપર એ ઓરતને મને ગુનેહગાર યા બેગુનાહ પુરવાર કરવો પડશે."

કામદીનની કેટી, કયાં છે તારો કિન્નો?

પ્રકરણ ૨૮ મું.

ખરો ખુની કોણ?

અદી સાથ ઓરડાના ઉંબરમાં પગ મુકતાં સાથ મીસ કામદીનને અજાયબીનો એક આંચકો લાગ્યો! ત્યાં મીઠુને બેઠેલી જોઇ લેવાને તેણીની ચગરી આંખો માટે રોશણી પૂરતી હતી; પણ ચકોર છતાં પોતાના મનનું સમાધાન કરી લેતાં આ વાર કેટીને કાંઇ વાર લાગી.

“ઓ મારી બહેન, મારી મીઠુ, તું કયારે આવી?” મીઠુને હમણાજ જોઇ હોય તેમ વહાલથી તેને ભેટવા તે ઉતાવળે મીઠુ ગમ પહોંચી; પણ અદી તેમની વચમાં કોટની એક દિવાલ પેરે આડો ઉભો.

“એ બધાં હેતપ્રિતના અલઇયાં ભલઇયાં કેટલાં સાચાં છે તે આજે પુરવાર થઇ જશે;” અદીએ એક જડજની કઠોરતા ને કરડાઇથી કહ્યું. સર મોદીની બોલવાની તએહ આવી હતીજ નહિ. ને આજે તેને એમ બોલતો સમજી તે બન્ને બહેનો કોઇ ત્રાહિત પુરૂષ આગળ સાક્ષીના પિંજરાંમાં ઉભાં હોય તેમ ઠઠરી ગયાં.

“કેટી કામદીન, મને લાગેછ કે અમે તુંને પાળવામાં અમારા ઘરમાં એક બેવફા દુશ્મનને ઉછેર્યો. અમે તુંને બહેન તરીકે ચાહી, જયારે તું તો આખો વખત કેથી અમારા સુખ ને સંસારનું સત્યાનાશ વાળવાજ પેરવીઓ રચતી રહી હતી.”

તે શું ને કેટલું જાણુતો હતો તે જાણી લેવા કેટીએ પોતાની આંખો ઉંચકી; અને એજ વખતે પેલાં સ્કાર્ફ ને પીન અદીએ પોતાના હાથમાં લીધાં, જે જોતાં કેટીના પાણી મરી ગયાં.

"તેં તો મને કહ્યું કે તું આ ઘેરબાર સદાનું છોડી જાએછ; મીઠુ તેં મને ઠગીછ;" તેણીએ મીઠુ સાથ હવે વીંજોરૂ લીધું. "મરતાં પાછી આવવાની નહિ હતી, ત્યારે નફ્ટ નાકે ઘસડાઇ કાં આવી?"

"મીઠુ સાથ વાત પછી કરજો, મીસ કામદીન;" અદીએ સખ્તાઇમાં સહેજ પણ ઢીલાપણું આવવા દીધું નહિ. "હાલ તો તમને મારાજ સવાલના જવાબો આપવા પડશે. તમારૂં જુઠાણું ને સીપલાત હવે મારી આગળ ચાલવાના નથી; અને તમારેજ મોઢે હવે ખરૂંનરૂં કરાવ્યા વગર બી હું રહેનાર નથી. સમજ્યાં?"

"તમે એમ તકાજાથી શાની મારી સાથ વાત કરોછ?" કેટીએ હવે વળતું પાણી બતાવ્યું.

"કારણ હું જાણુંછ કે તમે મારા માન ને ચાહને લાયક નથી; કારણ હું જાણુંછ કે મારી પરણેતરના કાન ભંભેરનાર કસરવેજ કોણ છે; કારણ કે હું જાણુંછ કે મારી ડૅસ્કમાંથી નોંધબુક કાઢી લેનાર કોણ છે. ખુનના આ પુરાવા મારી ડૅસ્કમાં મુકનારબી તુંજ છે એમબી હું જાણુંછ; ને હવે હું જાણવા માંગુંછ કે એ સ્કાર્ફ ને પીન તારા હાથમાં કયાંથી આવ્યાં?"

આ બધું તે મુદ્દા વગર ફક્ત શક ઉપરથી બોલતો હોય એમ કેટીને કશો ખ્યાલ ગયો નહિ. ખાતર જમાં કરે એવા અવાજમાં તે એક પછી એક ગુનાહની ટેપ તેણી ઉપર મારતો રહયો. એ બધી ઉપર ટપકેની અટકળ માત્ર હતી, એમ તેણીનું ગુનેહગાર જીગર માની શકયું નહિ. ઘટીત ગુસ્સામાં પણ ગંભીર શાંતિથી બોલતા તે ઉંચાં આકારમાં કેટીએ પોતાનો ઇનસાફ તોળનાર જડજને જોયો, અને જિંદગીમાં આજ પહેલીજ વાર તેણીના હોઠો હુંપદના ફફડાતમાં ફફડવાનું ભુલી ગયા.

"હું જાણુંછ, ને જે નથી જાણતો તે બાબે સુંધારાં લેવા પુરતો શક મને પડેલો છે;" તે ઠઠરાવનારા અવાજે બોલ્યો. "મેં એ ખુન કીધુંછ એમ માને તે ખાતરજ હું તે દિવસે વાંદરે હતો એમ તેં મીઠુને જણાવ્યું. ખરૂં કેની?

"હા" નો જવાબ હોઠો બોલ્યા ખરા; પણ તે કરતાં વધુ સ્પષ્ટ તેણીનો ચહેરોજ તે જવાબ કહેતો હતો.

"મને ગુનેહગાર માની, મીઠુ મારૂં ઘર તજી જાય તો તું જેમ **મોહબતે મોહતાજ** રહી, તેમ તું મને પણ વળતી **મોહબતે મોહતાજ** કરે એ કિન્નાખોર ખ્યાલેજ તેં આ બધું કીધુંની?"

જવાબમાં પાછો તે નાનો 'હા' મળ્યો.

સીકનૅસથી સોરાઇ ગયલી મીઠુ તો ડાચું વકાસી અજાયબીમાં ગરકાવ ગયલી ત્યાં બેસીજ રહી. છેલ્લા સવાલ જવાબથી ધાસતીની કંપારી તેણીના દિલમાંથી પસાર થઇ ગઇ. કસરેવજી કીચલમાં કેટલા સુખી પ્યારોની કબર આ પ્રમાણે ઉભી થતી હશે?

"તમારી કાંઇ ભુલ હશે, અદી;" તે ભોલીભાલી મીઠુએ અજાયબીમાં હવે કહી આપ્યું. "એનું મારી ઉપર એટલું હેત છે કે આપણું સુખ ભાંગવાં એ એમ કરે એ હું કદી માનું નહિ."

અને ત્યારે વર્ષોથી **મોહબતે મોહતાજ** રહેલી કેટીને હવે નિરાશામાં વાધણનું વીર આવ્યું. પ્યારને ખાતર એક આખો અવતાર તેણીએ બગાડયો હતો; તે મીઠી ગોદ માટે જિંદગીભર તેણીએ વલખાં માર્યાં હતાં; અને તે છતાં આયંદા જ્યારે તે બધાનું પરીણામ મિંડામાંજ આવતું હતું, આખર સુધીબી તેણી જ્યારે **મોહબતે મોહતાજ**

રહેનાર હતી, ત્યારે ઉછાછળી તે ઓરતને હવે કશાંની પરવા કે દરકાર રહી નહિ; અને પોતાનાં ખરાં સ્વરૂપમાં મીઠુ આગળ જાહેર થવાને તે હિમ્મતથી છુટી થઇ.

"હું તુંને ચાહું?" તે કડવાસથી બોલી. "નહિ, મેં તુંને કદી ચાહી નથી, ને આજેબી ચાહતી નથી. બચપણુથીજ હું તુંને ધિક્કારતી આવીછ; કારણુ બધાંનીજ તું બચગીથી માનીતી હતી. તારા અદીને હું ચાહતીતી ને તેને બી તેં મારી પાસથી જ્યારે ચોરી લીધો, ત્યારે તો મારો ધિક્કાર મારા કિન્નામાં ફરી ગયો, ને હું વધતી તારી તરફ ઝનુની બની."

"ચૂપી જા, કેટી! ઉશકેરણીમાં તું તારૂં પોતાનું માન ગુમાવેછ;" મીઠુ ડઘાયલી વચ્ચે પડી. "તું હુસ્યારીમાં એમ કદી બોલે નહિ!"

"બસ, તારી ફિરિસ્યારી છોડ, ને મારૂં સમજી લે. જિંદગીભર મેં આ માણસને ચાહયોછ; જો એને મારા પ્યારનો સ્વીકાર કર્યો હોત, તો હું આજે એક નમુનેદાર અબળા બનતે—તારા કરતાં કોઇજ રીતે ઓછી ઉતરતે નહિ. પણ એને મારા પ્યારને એક નહિ અનેકવાર ઠોકરે માર્યો;" ને આટલું બોલી તે હસી—સમજતાં દિલ ધ્રુજી ઉઠે તેવું દિવાનું હાસ્ય તેણી હસી.

"આ માણસ તુંનેજ ચાહતોતો એમ તુંને બી પહેલે ખબર હતી નહિ, ને હુંબી તે જોઇ શકી નહિ. પહેલેજ જો જણાયું હતે, તો રૂસીને તું કબુલ કરતે નહિ. પ્યાર વગરના તારાં આ પહેલાં લગ્નની મોહકાણ

જો; આંખ ઉઘાડીને જો. એ તારી ભુલથી અદીની મોહબતે મોહતાજ હું થઇ, ને તારા ધણીના મોતની ખુની બની."

સર ને લેડી મોદી આ નધારેલો એકરાર સમજી દબાઇજ ગયાં. શું ખરો ખુનીજ તેઓની સામે ખડો ઉભો હતો, એમ? શું કેટીના નાજુક હાથો આ પાપી કામ કરી શકયા હતા?

એ કેમ માની શકાય?

પ્રકરણ ૨૯ મું.

ખરો ભેદ ખુલે છે.

કેટીનો તે વખતનો દેખાવ તેઓ કદી બી ભુલી જઇ શકયાં નહિ.

તેણીની ચળકતી રસ્યન આંખોમાં આજે અંગારના ભભુકા પજરતા હતા; તે સુંદર ચહેરો કહેર ને ઝનુનથી વળ ખાઇ ગયો હતો. અને ખ્યાલી કે ખ્વાબ જોતી સ્વપનવત સ્થિતિમાં હોય, યા કોઇ બુરી શક્તિનાં દબાણમાં દબાઇ હોય, તેમ હવામાં ડોળા ફાડી ટીકતી તેણી ઉભી હતી.

"એને મને ઠપકા ને શિખામણથી દિવાની બનાવી," આંગળી વાટે અદીને તકસીરવાર બતાવતાં તેણીએ બોલવું પાછું શરૂ કીધું; "ને ત્યારથી હું દિવાનીજ રહી. સ્ત્રીની લજ્જા બાજુ મુકી, મેં મારો પ્યાર એના પગ પાસે ધર્યો—તું ત્યારે રૂસીની પરણેતર હતી. એ ચાહતે તો મને સુખી કરી શકતે; પણ નહિ. એને મારો પ્યાર ઠોકરે માર્યો; મને શિખામણ ને બોધ દેવા બેઠો. તે દિનથી એના મોંઢા ઉપર મારા કિન્નાનો કરાર મેં ખુદાને બાર નોંધાવ્યો. મેં તમુને છુટાં પાડવાના સોગંદ લીધાતા, ને મેં તેમ કીધું—તમને છુટાં પાડયાં ને મારૂં વેર વસુલ્યું. હા,

તમે પાછાં એક થયાંછ—" તેણી દાંત પીસી હવે બોલવા લાગી, "પણ તમો વચ્ચેનો આગલો વિશ્વાસ, આગલો પ્યાર—! તેની તો હવે આશાજ નથી;" ને તેણી ખડખડ હસવા બેઠી.

તેઓ બેમાંથી કોઇ બી કાંઇ બોલે તેની તક આપતી કેટી અતરે થોભી. મીઠુની તો વાચાજ ગુમ થઇ બેઠી. અદીએ કેટીના તે પ્યાર વિશે કશોજ ઇસારો તેણી આગળ કીધો હતો નહિ, એટલે આ અજાયબીના આંચકાથી તે તો હબતીજ ગઇ. આટલો આટલો વખત થયાં તે એક દિવાની કિન્નાખોર સાથ વસી હતી—દિવાની જે સાત શાણુંને સલાહ ને શાણ આપતી હતી. પણ સાબુત તે ભેજાંમાં કેડે એક સ્નાયુ વધું ઢીલું યા તાઇટ થયું હતું, એમ આજે એક વૈદજ નહિ, પણ વૈતરો પણ કહી શકે એમ હતું.

"એ મારા કિન્નાની તાલ આખર બેઠી. પ્યારનો તરસ્યો આ આદમી છુપો તુંને જોવા માઇસોર વેરથી ધસડાઇ આવ્યો. જોકે છુપો સોહાંગ સજીને એ આવેલો, છતાં પ્યારથી તરસતી મારી આંખ્યોએ એને પકડી પાડયો. ફરીથી તે દીને મેં એને સાચ્ચા પ્યારથી મારો થવા વિનવ્યો; પણ ફોકટ. તે પેલા તારા રૂસીનું ખુન થયું તે સવાર હતી. મેં તેને તે મુંબાઇ હોય ત્યાં વેર મને મળતો રહેવાની અરજ કીધી, ત્યારે એને મને કહ્યું કે તે બીજીજ સવારે ઉપડી જનાર હતો. તે રાત્રે હું આપણાં પાડોશણ આગળ જનાર હતી કરી, મેં રાતે મને દરિયા આગળના બાજટ આગળ મળવાનું ઍપોઇંટમેંટ કીધું. આ હિચકારા હરામીએ જો તે નહિ મળી શકશે એમ કહ્યું હતે, તો રૂસીનું ખુન થતે નહિ. રૂસીના ખુન માટે ખરો જવાબદાર તેથી એજ છે;" ફરી અદી તરફ આંગળી કરી, ડોળા કાઢી, ઝનુની કેટીએ રસીયન લોહીની ગવાહી આપી.

કેટી અતરે થોભી; અને તે ઓરડામાં સીહા ચૂપકી વ્યાપી રહી. કેટીના એકરારનો એક હરફ પણ સાંભળવાનું રખે ચુકી જવાય કરી મીઠુએ તો જાણે દમ લેવાનું પણ મોકુફ કીધું હતું; જ્યારે આ દિવાની કેટીએ ભલા ને ગરવા રૂસીનું ખુન શા સબબે કીધું હતું તે જાણવા અદી કાંઇ ઓછો ઈતેજાર હતો નહિ.

"મેં નક્કીજ કીધું હતું," દમ ખાઇ કેટીએજ આગળ ચલાવ્યું, "કે જો એ હિચકારો મને તે રાત્રે પાછો શિખામણ દે, યા મારો પ્યાર હસી કાઢે તો એને મારવો—જાનથી મારવો. બતાવેલા બાજટ આગળ હું અધોં એક કલાક ઉભી હોવશ; પણ એનો પત્તો પાયો નહિ.

"એ વખતે ખુન—ખુન મારા જીગરમાં હતું; અને એનાજ મોનો-ગ્રામ વાળી એક નાની પિસ્તોલ, જે નેમ મારવાની હરીફાઇ વખતે એને મને વર્ષાં ઉપર આપી હતી, તે મારી છાતી ઉપર એક બોજા માફક બેઠી હતી. ધીમે પગલે મેં આગળ ચાલવા માંડયું, અને ત્યાં દુરના એક લૅમ્પ પોસ્ટ આગળથી મેં એક આકાર ઝડપી પગલે ચાલી જતો જોયો.

"એજ, આબાદ એજ! મેં ધાર્યું કે તે એજ હિચકારો હતો, જે મને જોઇ નાસી જવાની કોશીશમાં હતો. તે મહેલ તરફ જતો હતો—ને મને લાગ્યું કે તારીજ છુપી મુલાકાતે તે મહેલમાં જતો હતો, ને તેથીજ ખાસ રાતના મળવાનું હા કહી તેને મને ત્યાં રોકી રાખી હતી.

"આ ખ્યાલ થતાંજ મારૂં લોહી ઉશકેરાઇ આવ્યું; હું અદેખી આંધળી બની, ને કિન્નાબાજ હું—શરાબની નિશામાં છાકટ બની હોઉં તેમ, તેની પૂઠે ગઇ, ને દુરથી મેં આબાદ 'એમ' લીધી. મારા પ્યારને તર-છોડનાર, બીજીને પ્યાર કરવા જીવે તેના કરતાં મુવેલોજ બહેતર!

"તે આકાર એક ચીસ સાથ જ્યારે ભોંય ઉપર પડયો, ત્યારે આ સ્કાર્ફનો એક છેડો ઉડતો મને દેખાયો. તે જોઇ હું વધુ ઉશકેરાઇ. તારો સ્કાર્ફ એના ગળાં આસપાસ તમારા પ્યારની ઇધાણી તરીકે મોતમાં બી વિંટલાયલો હું જોઇ શકી નહિ. છાકટ હાલતમાંજ હું તે મુડદા આગળ જવાની હિમ્મત કરી શકી હોવશ. મેં તે સ્કાર્ફ છોડયો નહિ, પણ તેના ગળામાંથી ગોયા ખુંચવી લીધો, જેમ કરતાં પીનથી પકડાયલા ભાગનું એક મોટું ગાબરૂં નિકળ્યું.

"જમીન પર ઉંધા પડેલા તે આકારને મેં સહેજ ચત્તો કીધો—એક છેલ્લી નજરે જોવા! પણ આ નાપાકને બદલે રૂસીની આંખો મારી તરફ દયા ને રહેમથી જોતી હતી."

તે પાછી થોભી; કારણ દીગમુઢ બેઠેલી મીઠુના મુખમાંથી આખર દુઃખની એક કીકિઆરી નિકળી પડી; તે બધી ગઇગુજરી વાતોથી તે ફૅન્ટ થઇ જાય તેમ લાગ્યું. વીહલો પડેલો અદી ઉઠયો, અને ધીરજના સખુનો કહી તેને પ્યારથી પોતાના પાંસાંમાં લીધી.

"મેં હજી પુરૂં કીધું નથી;" કેટીએ ચૅષ્ટાથી કહ્યું. "મીઠીબાઇ માય, ફૅન્ટ થવાનું કાલ ઉપર રાખી આજે તો જરા સમજી લેવ."

"મારી જિંદગીમાં હું કદી ફૅન્ટ થઇ નથી; પણ—પણ—" આંસુ વગરનું એક દુઃખનું ડચકું ખાતાં મીઠુ બોલી, "પણ નહિ સમજેલું આજે તું સમજાવેછ, નહિ કરવાના ભયભીત કામો કીધેલાં તું કબુલેછ તે સમજીને હું તો ધાસતીથી મરી જાઉંછ."

"માણુસ કાંઇ એમ ફુલની માફક કરમઇ કે મરી જતાં નથી;' મજાકથી હસીને કેટીએ કહ્યું. "તેમ હોતે તો પ્યાર ને દુ:ખના હાંદેશાચે મારી આંખો કે દીનની વિંચાઇ ગઇ હતે!"

ભેલ લોહીની તે પોરીની બેહયા બાહિમ્મતપર સર મોદી મુંગા ફિટ કારથી ગુંગળાતો હતો; પણ કેટીને બચગીથી પિછાનતી ને ચાહતી મી. દયાથી દાઝીને મુંગે મોંઢે બોલી:

"દિવાની—ખરેજ બિચારી દિવાની થઇછ."

પ્રકરણ ૩૦ મું.

પાપ પત્યું.

"કેમ કાંગલાંમાય, જીવ હવે હોશિયાર થયો?" હેતવંતી કાળજીથ મીઠુને અઢેલવાં 'કુશન' ને સુંઘાડવા સેંટ લાવી, પ્યારથી તેણી ઉપ: વાંકા વળેલા અદીના ધરાંપરાં જોઇ ન શકવાથી કેટી બોલી; "તેમ હોય તો મારૂં રસિલું દાસતાન હું આગળ ચલાવું."

અદીએ મીઠુની પાસે સોફા ઉપર બેઠક લીધી. કેટી તરફનો તેનો ગુસ્સે ને ધિક્કાર વધતાં જતાં હતાં; જ્યારે રૂસીનો ખરો ખુની સરકશીનું શિર ઉગામી સામે ઉભો હતો. પણ મીઠુ? અદીને ખુની ધાર્યો હતો ત્યારે તેને જેમ કાયદાની ચુંગાલમાંથી તેણીએ બચાવ્યો હતો, તેમ કેટીનેબી બચાવવા તેણીનું દયાળુ દિલ અદીને આરજુ કરતું હતું; મોહબ્બતે મોહતાજ રહેલી કેટી, જે અધર્મ ઉપર ઉતરી પડી હતી, તે દરગુજર કરવા મીઠુની આંખ્યો અદીને મુંગી અપીલ કરતી હતી.

"ભલા રૂસીના મોતની હું જવાબદાર છું; પણ તે છતાંબી તારા કરતાં વધુ સુરખરા મોંઢે એને પેલી જહાનમાં મળવાની મને ઉમેદ છે;" કાંકણી મીઠુનું નરમ દિલ આ તાનાથી નવેસર વિંધતાં કેટીએ ચલાવ્યું. "એનું ખુન તો મારી એક ભૂલનું પરિણામ હતું—એક ભૂલ કે જેના અંજામમાં હું ગુનેહગાર ઠરી, ને વચમાં તું ખાતી ગઇ;" અને ફરી એક વાર પેલું દિવાનું હાસ્ય મીઠુના ઓરડામાં વાગી રહ્યું.

"રૂસી આ જેહાનથી કુચ કરી ગયો કે સર અદીનો પરદેશાવતો બંધ પડયો, ને લોકે લાજે વરસી વિંતાડી, તમે પરણી બેઠાં. મેં એ બધું થવા દીધું; કારણ તે વખતે મારો કિન્નો ઉંઘતો હતો—મરી ગયો તો નહિ. અદી ને તું છુટાં પડે તેનીજ રાહ જોતી, તક શોધતી, હું થોભી. એ કલકતે ગયો કે એની વિરૂધ મેં તારા કાન ભંભેરવા શરૂ કીધા; ને તું કાચા કાનની મુર્ખીએ મારૂં બધું કહેલું માન્યું, જેથી મારૂં કામ આસાન થયું;" ને એમ બોલી તિરસ્કારથી તેણીએ મીઠુ ઉપર શરમ નાખી. "પ્રીત!" કેટીએજ આગળ ચલાવ્યું. "પ્યાર તારો કેટલો ને કેવો છે તેની તો પરીક્ષા થઇ ગઇ. પોતાનેજ હાથે પ્યારની ઘોર ખોડી, આજે પાછી પતિના પાંસાંમાં તો ભરાઇછ, પણ એજ ધણી કાલે તારી નજરમાં ગુનેહગાર ખુની હતો, ની?"

કાચાકાનની પરણેતર મીઠુ લાજથી વાંકી વળી ગઇ. કેટી સત્ય કહેતી હતી. સરતાજ ધણીને તેહકીક વગર એક ખુનનો દોષિત ગણ્યા પછી તેના પાંસાંમાં ભરાવાનો તેણીને હક ન હતો એમ મીઠુને લાગ્યું; અને સંભવિત તે અદીથી સહેજ અળગી પણ થઇ.

કેટીએ હવે સર મોદી ગમ એક કટાક્ષભરી નજર ફેંકી.

"તમો બન્નેનું સુખ સદાનું ભાંગવાનો મારો તાગડો સરંજામ ઉતર્યો

હતે; પણ આ બધા પ્લૉટમાં મારો હાથ હતો એમ તમે કેમ ને કોણથી જાણ્યું તે હું જાણતી નથી, કે જાણવાની પરવા પણ કરતી નથી. હું રૂસીના ખુનની તકસીરવાર છું; ને હવે એ વાત ભલે સારી દુનિયા જાણે મને તેની દરકાર નથી;" છેકજ છેલ્લે પાટલે બેસતાં કેટીએ કહ્યું. અને ગરૂરીમાં તતણખાર તેણી અદીને 'ડીફાઇ' કરતી ઉભી!

"તમારી મરજીમાં આવે તેમ મારૂં કરો; ગમે તો સિપાઇ સપરા બોલાવી મારૂં પાંખરૂં તે લોકના હાથમાં આપો; ચાહવો તો મને સુળી ઉપર ચઢાવો!—જીવવું કે મરવું મને હવે સો સરખુંજ છે."

"નહિ, નહિ," મીઠુ દઘાયલા દબાયલા અવાજે બોલી ઉઠી. "મારી મુઇ માયને એને સંભાળવા ને સાચવવાનું મેં વચન આપ્યુંછ. એવું કાંઇજ થવા દેતા ના, અદી. હુંજ મારી બહેનને પોલીસના હવાલામાં આપું? કદી નહિ."

"મીઠુ ડીયર, તું ના ગભરા. કિન્નો લેવા યા દુઃખ દેવા હું પોતે બી ઇચ્છતો નથી. ઇનસાનનો ઇનસાફ ખુદાને હાથ છે. મહેર કે માફી, સજા કે ઇનસાફનો આપનાર તે એકલોજ છે;" વાયજી આપતા ધર્મગુરૂના ગંભીર અવાજે સર મોદીએ કહ્યું. "કેટી કામદીન, તે તકસીરની તોબેશ તારે અત્યાર આગમજ કરવી જોઇતી હતી, પણ હજી મોડું થયું નથી—"

"તોબેશ ને તોબાહમાં હું માનતી નથી;" કેટીએ તુરતજ મિજાજમાં જવાબ વાળ્યો. "એવા ધર્મ ને નીતિના બોધ મારે સમજવા નથી."

ભેળ લોહીની કેટીની ધર્મ આસ્થાનો પાયો ઢીલો હતો, બલકે

કાચો હતો. જેમના સંસ્કાર ને લોહીમાં પુર્વજન્મના પાપના ડાઘ પડેલા હોય, તેમને માટે પ્રભુની મદદ, મહેર, ને માફીથી બીજો કયો વધુ ઉત્તમ ધર્મ હોઇ શકે? તે કિરતાર લાચાર આદમનો પાસબાન, રાહભુલેલા રાહદારીઓનો ભોમિયો છે. અને ખાકી ઇનસાન જ્યારે દયાના ઉંચ તબક્કાઓ દાખવી શકે છે, ત્યારે દયાના તે ભંડારની મહેર ને માયા કોણ માપી શકે?

લેડી મોદીએ દિલસોજ ગભરાટથી પોતાના હાથો કેટી તરફ મદદમાં પહોળા કીધા.

"એમ ના બોલ, કેટી;" તેણીએ રડી દીધું. "તારૂં હૈયું હાથે કરીને તું પત્થરનું કરેછ, ને મને હેબતથી મારી નાંખેછ."

"બસ કર, મીઠુ. એવી તારી વાયજી યા લાહેરીમાં મને ઉલટ પડતી નથી;" કેટીએ કંટાળો ખાઇ કડવાસથી કહ્યું. "સર મોદી, હવે તમારા ચુકાદાની ખોટી છે. રૂસી તાલ્યારખાનનું ખુન મેં કીધુંછ એ મારા એકરાર પછી તમે શું કરવા માંગોછ? મારે કાયદાની ચુંગાલનાં ચુંથણા સહેવવાનાં છે, યા મારે સુંજ્યું કરવા હું છુટી છું?"

"ચાહે ત્યાં જા, ચાહે તે કર. આ ઘરમાં હવે તારૂં કામ નથી;" સર મોદીએ ચુકાદો આપ્યો.

"ઠીક છે ત્યારે; કાલે સવારને પહોર નોકર નફરો ઉઠે તે અગાઉ હું ચાલી જઇશ. તમારાં જેવાં હિંચકારાંઓ સાથ મારૂં કામ નથી!"

અને સોફા ઉપર બેઠેલાં પોતાનાં મહેરબાન પાલણહારો પર પીઠ ફેરવી, એક છેલ્લી નજર કે શબ્દ વગર, એક વખત પાછળ જોવાની બી દરકાર કર્યાં વિના, કેટી કામદીન તે ઓરડાની બહાર પડી.

આંસુનો ધોધ મીઠુના ગાલો ઉપર સરી પડયો. "ખુદા એનો નેગેહબાન થાય!" તેણીએ ખરાં મને ઇચ્છયું.

ભલાંથી ભલુંજ થઇ શકે છે. દુ:ખી પાપીઓના દુ:ખ અને વિપત્તિમાં હમશરિક થનારાં એવાં હમદીનો બુરાઇ કદી કરી જાણતાંજ નથી.

પ્રકરણ ૩૧ મું.

સુખી સેવત.

વિખુટાં પડેલાં તે વહાલાંઓ પ્રીત, પ્રેમ ને વહાલમાં પાછાં જોડાયાં.

પોતાના હીરાતોલના ધણીને કીધેલાં ગેરઇનસાફ માટે મીઠુએ હજારો માફી ચાહી; જ્યારે ભોળાપામાં ભોળવાયલી તે વહાલી પરણેતરનો હાલ અવતાર જોઇ અદીએ વળતી કદર ને કાળજી કીધી.

"મને કહે મારા જાન, મારી વહાલી, કે તું આટલો આટલો વખત કયાં હતી, ને તારા આ હાલ કેમ પડી ગયા;" ચિંતા ને બિમારીથી સોરાઇ ગયલા મીઠુના ફીક્કા ચહેરાને—વિયોગ પછીથી—હેતભરી કીસોથી ભરતાં તેને પૂછયું.

મીઠુએ મીસીસ ગ્રીનની ભલાઇ કહેવી શરૂ કીધી; અને તે સાંભળ્યા પછી કદર ને કાળજીથી અદીએ ફરી તે વહાલીને પોતાની ગોદમાં લઇ, કાંઇ મીઠું મીઠું કહી સંભળાવ્યું. વળી બહારવણુની સવારે રૂપ્યા ૨૫૦૦૦ની નાદર રકમ મીસીસ ગ્રીનના અનાથ આશ્રમમાં મોકલવા કબુલ્યું તે જુદું.

તે પરગજુ બાઇના પરમાર્થ ને માયાની કેફિઅત કહી રહેતાં મીઠુ ઉઠી. ગઇ ત્યારે તો નાના પેસીને ઉંઘમાંજ પડેલો તેણી મુકી ગઇ હતી; પણ હમણાં તો તે માતાએ પોતાના ભુલકાંનો હરખ જોવાં તેને નિંદમાંથી જગાડયો. મમાના પાંસામાં ભરાયલું તે નાનું ગુલગુલ્યું એ મીઠી માવતરને સદાની ખોહવાની અણી ઉપર હતું એમ યાદ કરતાં અદીની મરદાની આંખો ભીની થઇ. ગુમાયલી માતાને પોતાનાં પારણા આગળ ઉભેલી જોઇ, હર્ષ ઘેલા પેસીને આનંદથી ફરી ને ફરી તે માવતરને વળગતો જોવાનું ખરેજ રમુજી હતું.

ત્યાર પછી તેઓએ એક મતે આ કસોટીના વખતની શંકાઓ ને દુઃખ પોતા વચ્ચે દાટી દેવાનો કસદ કીધો.

જતી વખતે એક શબ્દ—માફી કે પસતાવાના છેલ્લા થોડા સખુન—કેટી જરૂર કહેશે, એવી મીઠુને આશા હતી; પણ બહારવણુની સવારે જ્યારે તેણી એક ત્રંકમાં પોતાના થોડાંક કપડાં માલીના માથાં ઉપર ઉંચકાવી બહાર પડી, ત્યારેબી કપટ ને ઝનુન સિવાય તેણીની આંખમાં બીજું કશું જોવાયું નહિ; તે નાના હોઠોમાંથી એક શબ્દ બી બહાર પડયો નહિ; ને તે જોતી મીઠુ ડધાઇને ઉભી !

એ રવેશે કેટી તેઓની જિંદગીમાંથી સદાની ગુમ થઇ—કે જેઓના ઉપકારનો બદલો તેણીએ અપકારમાં વ્યાજ સીકકે વાળ્યો હતો, જેઓના

ઘરમાં પળાઇને તેઓના સંસાર સુખનો પાયો તેણીએ હચમચાવી મુકયો હતો.

સવારને પહોર શેઠાણી આવી પુગ્યાંની ખબરથી 'દરિયા મહાલ'માં ખુશાલી વ્યાપી રહી. મોડી ત્રેનમાં તે પાછી ફરી હતી, અને તેઓ બધાં ઉંઘતાં હતાં ત્યારે સર મોદીએ તેણીને ઘરમાં લીધી હોવી જોઇએ, એમ ધારીને તે બિચારાં નાહક પોતાના મનથી ખસિયાણાં ને શરમિંદગાં થયાં.

અને દુઃખનાં એક વંટોળિયાના સપાટાએ વેરવિખેર થઇ ગયલું તે નાનું કુટુંબ પ્રેમના શિતળ છાયાંમાં આજે પાછું મળ્યું ને એક થયું હતું.

* * * *

ઉપલા બનાવને ત્રણ આખાં વર્ષ વહી વિંતી ગયાં હતાં.

'દરિયા મહાલ'માં વસતું તે હેતવંતુ વહાલું જોડું સુખ સંપ ને હેત પ્રીતમાં પોતાના નાના પેસી સાથ ઘણાજ વહાલથી વાંદરે વસતું રહયું, ને તે માટીબઇઅરને જોઇ સર્વ અદેખાઇ કરતાં રહયાં.

મીઠી મીઠુ આખાં વાંદરાંનીજ નહિ, પણ મુંબઇની પણ માનિતી શેઠાણી બની ગઇ હતી, અને દોલત ને ખુબસુરતીથી તેણી તવંગરોમાં જેટલી પંકાતી હતી, તેટલીજ પોતાના મીઠા માયાળુ સ્વભાવથી ગરીબોની તે પ્રિય થઇ પડી હતી. તે બન્ને માટી બઇઅરની સખાવત બહોળી હતી; અને ગરીબો તેથી પોતાના રાહબર મદદગારો માફકજ તે બન્નેને પુંજતાં હતાં. નાનો પેસી પણ માતપિતા જેવોજ દયાળુ ને માયાળુ નિકળતો હતો, એ તેમનો મોટો હરખ ને સંતોષ હતો.

* * * *

એ અરસામાં કામદીનની કેટી મહાલમાંથી બહાર પડેલી, ગોયા

દુનિયામાંથી પણ ઓછી થઇ હતી. ત્રણ વર્ષ બાદ જ્યારે તેણીની હસતી લગભગ ભુલાવા આવી હતી, ત્યારે આખું યુરોપ એક કોઇ નાટકકાર ખુબસુરતીની વખાણ ગાવાની હરીફાઇમાં ઉતરી ગયું હતું. તે કોઇ 'ઇસટર્ન બ્યુટી' તરીકે નાટકી દુનિયાની દેવી તરીકેજ પુંજાતી હતી; અને તેણીની કરૂણારસ જિંદગીના દાસતાન, નાટકની કળામાં તેણીએ મેળવેલી કમાલ, એક બેગમ જેવો તેણીનો ઠસ્સો ને ઠાઠ, વિગેરેના હેવાલોથી વેલાતના પેપરો ભરચક આવતાં હતાં. એ પેપરોમાં કેટલાંક તેણીને વીસમી સદીની કલીયોપૅત્રા કહેતાં હતાં, કારણ તેઓની જાણ મુજબ આ નાટકી દેવીની એકલી ઉમેદ ને મોજ જુવાન્યાઓને પોતાની પ્રીતમાં ફસાવી, તેઓના પ્યાર સાથ તરેહવાર રમત રમી, તેઓને દિવાના બનાવી, પછી તેઓના પ્યારને તે સંગદિલ સુંદરી તુચ્છકારતી હતી; અને ભલા ભલાઓ તેના ભોગ બની ખુવાર થયલા, એટલુંજ નહિ પણ આપઘાત કરી મુવેલા પણ સમજાયા હતા. તેણીના મોંઢામાંથી પોતા ઉપર પ્યારમાં પડેલા કોઇને પાયમાલ થયલો યા મુવેલો જાણતાં એકજ વાકય હમેશ નિકળતો કેઃ "**મોહબતે મોહતાજ** મર્દોને કરવા, એજ મારી જિંદગીની એકલી મોજ છે." આ બધા હેવાલો મુંબઇના છાપામાં બી કોઇ કદાચ આવતા, જ્યારે સર મોદી ને મીઠુએ તે વેલાતના મેગેઝીનોમાં વાંચ્યા હતા. પણ એક દીન લન્ડનના 'ઇલસત્રેટેડ વીકલી'માં એ સંગદિલ સુંદરીની છબી જોઇ, મીઠુ હેરત થઇ ગઇ.

નાટકી ઠાઠમાં સજાયલી, પશ્ચિમ-પુર્વની ભેળ ખુબસુરતીવાળો તે ચહેરો જોઇને તેણીના જીગરમાં એક દુઃખનો ચમટો તુટ્યો. બેગમના ઠાઠમાં

રહી, મર્દોને '**મોહબતે મોહતાજ**' રાખવામાં મોજ માનનાર તે દેવી, કોઇજ નહિ પણ **અદીએ** આપેલા ૪૦૦૦૦ સાથ રસીયા જઇ રહેલી, તેણીનીજ બહેન કેટી કામદીન હતી.

મીઠુ એ જોઇ ઉદાસ ને દુઃખી બની. અદીએ પોતાની વહાલી પરણેતરની ઉદાસીનું કારણ જાણ્યું ત્યારે તે એકજ સખ્યારો તે વહાલીને આપી શકયો.

"મીઠુ મારી ડીયરૅસ્ત, તું શું કામ ઉદાસ રહેછ? એ તો બહેતરજ થયુંછ કે હિંદુસ્તાન છોડી એ અબળા પોતાના માદરવતન ફરીછ. કેટીમાં પારસી ખમીર કે જરથોસ્તી જુસ્સો જોવાતો હતોજ નહિ. અને એવા પરદેશી કચરાના કોહાતથી પારસી કોમ બચેલીજ ભલી."

અફસોસ! અદી ખરૂંજ કહેતો હતો.

* * * *

આજે પેરીની નવજોતનો બખતાવાર દિવસ છે.

'દરિયા મહાલ' માં ધામધુમ કદી નહિ જોવાયલી તેવી આજે જોવાય છે. આખું વાંદરાજ નહિ, પણ મુંબાઇના ધપધપ્યાંઓ પણ બધાં હાજર થનાર છે; અને વધુ ખુશાલી તો એ છે કે સર અદી મોદીને મુંબઇની સરકારે ધારાસભાનો સભાસદ નિમ્યો છે.

ખુદ ગવરનરનું બૅંડ આજે ત્યાં મીઠા શરોદે પરોણાઓને રીજવે છે; અને ખુદ મુંબઇના હાકેમ ને તેવણના મહેરદાર વટીક આજ આ નવજોતમાં હાજર થનાર છે. પણ તેવા વખતે બી સર ને લેડી મોદી ગરીબોને

ભુલ્યાં નથી. તવંગરો સાથ એકેએક ગરીબોને ઇજન છે; અને મીઠુ પોતે તે બધાંને ખાસ તેડાં કરવા ઘરેઘર દિવસોથી જઇ આવી છે.

પણ આ બધા ઠાઠમાઠમાં એક બીજું પંખેરૂં બી પાછું લાંબે વખતે નજર પડે છે, ને તે આપણી ઍલીસ નવાબજંગ છે. શિકાર સપડાવવાની બાજીમાં નિષ્ફળ નિવડેલી તેણી, યુરોપ–અમેરીકા ને ચીન–જાપાનની મુસાફરીએથી એ દીન ઉપરજ પાછી ફરી છે, ને આ નવજોતમાં હાજર છે; પણ ત્યાં બી કોઇ બીલ્લુ સપડાવાજ પેરવી કરે છે.

અને આ સુખી સેવટ સાથ પ્રિય વાંચક, આજની નવજોતની ધામધુમમાં તુંને હાજર થવું હોય, તો આ ઇજન તારે માટે બી પુરતું છે; જરૂર બિરાજજે. મીઠુ ને અદી ખુશીજ થશે એમ ખાતરી આપવાની કાંઇ અગત છે?

સમાપ્ત.

૪૨ વર્ષના અનુભવી – ૧૮૮૫ માં સ્થપાયલી

દરેક જાતના વાજીંત્રો માટે પ્રખ્યાત દુકાન.

કોઇબી વાજીંત્ર બાહેરથી ખરીદવા અગાઉ જરૂર અમારે ત્યાં પધારશોજી.



એક ટ્રાયલ આપજો, અને જરૂરજ તમો અમારા સદાના ઘરાક થશોજી.

સ્વીસ તેમજ હીઝ માસ્તરઝ વૉઇસ રૅકોર્ડસ સ્ટૉકમાં મળશેજી.

હાથના તેમજ પગના ફૂંકડા **હારમોન્યમ, ઑરગન, સીતાર, દિલરૂબા**

વી૦ સસ્તા છતાં ટકાઉ બનાવનાર તરીકે અમો મશ્હુર છીએ.

ટ્યુનીંગ અને રીપૅરીંગ એ તો ખાસ અમારી સ્પેશ્યાલીટી છે.

વળી તે સાથ

પીઆનો, વાયોલીન, મૅનડોલીન તેમજ બીજાં દરેક વાજીંત્રોનો

મોટો સ્ટોક હરહમેશ અમારે ત્યાં જોશો.

અમારૂ કામ જરૂર મનપસંદ માલમ પડશેજી.

જેમ્સ મેન્યુફૅકચરીંગ કું૦

ટેલીગ્રાફીક સરનામું | હેડ ઑફીસ...૪૦૭, કાલબાદેવી રોડ. | ટેલીફોન નાં૦

OPERAPHONE | શો રૂમ......૪૨૨, કાલબાદેવી રોડ. | ૨૨૮૭૪.

ચરનીરોડ પર જુની ને જાણીતી રેશમી કાપડની દુકાન ફક્ત અમારીજ છે.

કારણ

એક વાર અમારી દુકાનનો માલ જોયા પછી, ભાવ સર-ખાવ્યા પછી, તમો પોતે બી કદી બાહેરથી ખરીદી કરશો નહિજ.

અમારો
અનુભવ પાકટ છે.
અમારા ભાવ મધ્યમ છે.
દરેક માલ ઘરખમજ રાખયે છીએ વેરાયટી ને ડીઝાઇનમાં અમો બીન હરીફ છીએ.

તેથીજ દરેક કોમની બાનુઓ પોતાની રેશમી કાપડની ખરીદી ફક્ત અમારીજ દુકાનેથી કરવાનું પસંદ કરે છે.

જાતી દેખરેખ હેઠલ, નજર સામે કારીગરો બેસાડી, ઉંચું કસબ કામ કરાવવા માટે અમો પ્રખ્યાત છીએ. જરા પ્લીઝ અમારા નમુના જોઇ જશોજી.

વૅલવેટની સાડી તેમજ ચુંદરીઓ એક એકથી સરસ કલર ને ડીઝાઇનમાં, છે. જરૂર જોઇ જશોજી.

માંગો તે ચીજો રેશમી કાપડમાં, ને તે બી તરેહવાર વેરાયટીમાં આખા ચરનીરોડ પર **ફક્ત અમારે** ત્યાંજ તમને મળશે.

ડોકયું જરૂર કરશોજી.

અમારે ત્યાં મારેલો ફેરો રોજબી આવશો તોબી ગવાશેજ.

જરૂર પધારશોજી.

પધારો

પીરોજશાહ બી. ભાથેના કું॰

૪-૫, એનદરૂસ બીલ્ડીંગ, ન્યુ ચરનીરોડ, મુંબઇ.